(૯) અદેય

# પશુપાલનનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ

ડૉ. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી
ડૉ. આશા સિદ્ધરાજ સોલંકી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

પ્રકાશક
**રામલાલ ડાહ્યાભાઈ પરીખ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ – ૩૮૦ ૦૧૪

મુદ્રક
**જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ**
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ – ૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ
પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય, અમદાવાદ – ૩૮૦ ૦૧૪

કિંમત :- અઢાર રૂપિયા

માર્ચ ૧૯૮૧

# આવકાર

પશુપાલનએ પણ આદિવાસી બિન આદિવાસી સમાજોના સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસોમાં એક મહત્ત્વનું આર્થિક પાસું છે. તેનો વિશદ અભ્યાસ જે તે સમાજના સાંસ્કૃતિક જીવનનાં કેટલાંક પાસાંમાં ઉપયોગી સામગ્રી પૂરી પાડી શકે છે. આ અભ્યાસમાં પોતાની કિશોરાવસ્થામાં ગોવાળ તરીકે કામ કરનાર અને પશુપાલક સમાજનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ કરનાર સંશોધકોના પ્રત્યક્ષ અનુભવોના નિચોડનો સુભગ સમન્વય સધાયો છે અને તે રીતે આ પુસ્તક સંબંધિત ક્ષેત્રમાં એક આગવું પ્રદાન બને છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આ ક્ષેત્રના સંશોધકોને અને ખાસ કરીને અનુસ્નાતક કક્ષાના એમ. એ., એમ. ફીલ., પીએચ. ડી. ના સમાજમાનવશાસ્ત્રના વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ શકે તેવી પ્રકાશિત થતી સંશોધન શ્રેણીમાં આ પુસ્તક દ્વારા એક મહત્ત્વનો ઉમેરો થશે તેવી આશા છે.

ગુજરાતી ભાષામાં આ પ્રકારના પુસ્તકની ખોટ ઘણી છે, જે આ પ્રકાશનથી કંઈક અંશે પૂરી થશે. અંગ્રેજી સાહિત્યમાં માનવશાસ્ત્રનાં કિંમતી પુસ્તકો છે. ગુજરાતના વિદ્યાર્થીઓને અંગ્રેજી પુસ્તકોને બદલે આ પ્રકારનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાથી અંગ્રેજી ભાષાનાં પુસ્તકો પર આધાર રાખવો પડે છે તે કંઈક અંશે ઓછો થશે.

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ
૯–૩–૮૧.

**ડાહ્યાભાઈ નાયક**
કુલનાયક

# પશુપાલનનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ

[પૂછવાના પ્રશ્નો અને માહિતી એકત્રિત કરવા માટેના કેટલાક મુદ્દાઓ]

## ૧

પશુપાલનનો સમાજમાનવશાસ્ત્રીય દૃષ્ટિએ અભ્યાસ કરવા માટે અનેકગણો અવકાશ છે. પશુઓ તરફની દૃષ્ટિ પશુઉછેરપદ્ધતિઓ, તેનો ઉપયોગ, તેને રાખવાની પદ્ધતિ, તેના આર્થિક, સામાજિક, ધાર્મિક સહિત સમગ્ર સાંસ્કૃતિક જીવનમાંનાં સ્થાન વગેરે બાબતોમાં તુલનાત્મક અનેકવિધ વૈવિધ્ય વિવિધ પશુપાલક યા પશુપાલન સાથે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલા સમાજોમાં જોવા મળે છે. અને તેનો અભ્યાસ સમાજમાનવશાસ્ત્રીય અધ્યયનના આ પાસામાં અનેક રીતે ઉપયોગી સાધનસામગ્રી પૂરી પાડી શકે છે. અનેક સમાજમાનવશાસ્ત્રીઓએ પણ આ અંગે વિગતે નોંધ લીધી છે. ક્ષેત્રકાર્યના બાઈબલ યા ગીતાગ્રંથ સમા વિખ્યાત વિધ્વ-દ્જનોની સંપાદન સમિતિ દ્વારા સંપાદિત 'Notes and Querries in Anthropology'માં પણ આ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. જોકે તે થોડાંક પાનમાંના વર્ણન પૂરતું જ મહદંશે મર્યાદિત છે. અને તેમાં કેટલાંક પાસાં ખચીત ઉમેરી શકાય તેમ છે.

અમારા અધ્યયન હેઠળના આદિવાસી સમાજના સાંસ્કૃતિકજીવનનાં વિવિધ પાસાંના સંદર્ભમાં, જે તે જાતિના માહિતીદર્શકો પાસેથી વિગતવાર માહિતી એકત્રિત કરવા માટે અમે એક વિગતવાર મુદ્દા-સૂચિ બનાવી હતી. પશુપાલન પણ તેમાં એક મહત્ત્વનું પાસું હતું. આ મુદ્દા-સૂચિના આધારે કેટલાંક પાસાંમાં ઊંડાણથી વિગતો એકત્રિત કરી શકાઈ હતી. અમારા કેટલાક સંશોધક મિત્રોએ આ જ મુદ્દા-સૂચિ અન્ય સમાજના તત્ સંબંધિત અભ્યાસમાં અન્ય સંશોધકોને પણ ઠીક ઠીક ઉપયોગી થઈ પડે તેવું સૂચન કરતાં તેને પ્રગટ કરવાનું અમે ઉચિત માન્યું છે. આ મુદ્દા-સૂચિમાં રહી ગયેલાં પાસાં અંગે, પ્રશ્નોના સ્વરૂપ અંગે, તેની માંડણીસંરચના અંગે, યા તત્ સંબંધિત કોઈ પણ બાબત અંગે મળનાર સૂચનોને મુદ્દા-સૂચિકર્તાઓ સાભાર સહર્ષ સ્વીકારશે.

અહીં સામાન્ય રીતે પશુપાલનના વ્યવસાયમાં 'ઢોર' યા 'માલ'માં જેનો સમાવેશ થાય છે તેવાં કેટલાંક પ્રાણીઓ – બકરાં, ઘેટાં, ગાય, ભેંસ તેમ જ ઘોડા તથા ઊંટ–વગેરેના ઉછેરની સાથે સંબંધિત કેટલાંક પાસાં અંગે વિગતવાર નિર્દેશ કરીશું. આ ઉપરાંત, ગુજરાતમાં પણ આર્થિક યા આહારવિષયક દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કેટલીક જ્ઞાતિઓ કે જાતિઓ દ્વારા ભૂંડ, ગધેડાં, સસલાં વગેરે પ્રાણીઓ અને સંરક્ષણના હેતુસર અથવા શોખપૂર્તિ અર્થે કૂતરાં, બિલાડાં, વ. પણ પાળવામાં આવે છે. પણ આ પાળેલાં પ્રાણીઓને આ ચર્ચા પૂરતાં સભાનપણે બાકાત રાખ્યાં છે.

આ ચર્ચામાં કેટલાંક પાસાં ઉપર ઉલ્લેખિત સર્વ પશુઓમાં લગભગ સમાન જણાયાં હોય ત્યાં પુનરાવર્તન ટાળવાના આશયથી અને સંક્ષેપીકરણના આશયથી મહદંશે એકીસાથે ચર્ચ્યાં છે. તો કેટલીક બાબતોમાં, અમુક પાસાંમાં અમુક પ્રાણીના ઉછેરના સંદર્ભમાં સંબંધિત પાસાંમાં

થોડુંક વધુ વિગતોમાં જવાનું ઉચિત જણાયું હોય ત્યાં તે પ્રાણીના ઉછેર અંગે ચર્ચામાં અલગ નિર્દેશ કરવામાં આવ્યો છે. અલબત્ત, સંખ્યાબંધ પાસાંમાં એક પ્રાણીના ઉછેરની સાથેનો કોઈ મુદ્દો ચર્ચાયો હોય ત્યારે અન્ય પ્રાણીના ઉછેરની સાથે સંબંધિત મુદ્દો ચર્ચતી વખતે પુનરાવર્તન ટાળવાના આશયથી તેનો નિર્દેશ કરવાનું કેટલીક વાર ટાળ્યું પણ છે. કેટલીક વાર તુલનાત્મક અગત્ય ધરાવતા સમાન મુદ્દાઓ જુદાં જુદાં કેટલાંક પ્રાણીઓમાં એકીસાથે પણ ચર્ચ્યા છે.

અધ્યયન હેઠળના સમાજનું પશુપાલન તરફનું વલણ નોંધવું. અન્ય વ્યવસાયોની તુલનામાં તે પશુપાલનને કઈ રીતે નિહાળે છે અને તેના તે દૃષ્ટિકોણ પાછળનાં કારણો વગેરે પણ વિગતે નોંધવાં. અધ્યયન હેઠળનો સમાજ ખેતીને વધારે અઘરો વ્યવસાય લેખે છે કે પશુપાલનને? જો તે માત્ર ખેતી કરતો હોય તો તેના પશુપાલનના વ્યવસાય તરફના અને માત્ર પશુપાલન કરતો હોય તો ખેતીના વ્યવસાય તરફના વલણને પણ નોંધવું. બંને મિશ્ર વ્યવસાય હોય તો કોને સવિશેષ પ્રાધાન્ય આપે છે અને શા માટે તે પણ નોંધવું. પશુપાલનમાં વિવિધ પશુઓને તે કઈ દૃષ્ટિએ નિહાળે છે તે પણ નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં જો પશુપાલન થતું હોય તો અન્ય પ્રાણીઓની તુલનામાં અમુક પશુઓના ઉછેર તરફ સવિશેષ ઝોક જો જોવા મળતો હોય તો તે નોંધવું. તેવા ઝોક માટે જવાબદાર બાબતો પણ વિગતે નોંધવી. જો અમુક પ્રાણીઓના ઉછેર તરફ અધ્યયન હેઠળનો સમાજ ઉદાસીનતા સેવતો હોય તો તેનાં કારણો નોંધવાં.

આવાં પ્રાણીઓના ઉછેરમાં પ્રમાણમાં અલ્પ વળતર, અલ્પ ઉપયોગિતા યા તેના ભરણ-પોષણ યા સાચવણી માટેની જરૂરી સાધનસામગ્રી, ઘાસચારા, પાણી વગેરેની સગવડનો અભાવ યા તેના માટે લેવી પડતી કાળજી માટેની જરૂરી માનવશક્તિનો અભાવ યા તેનાં છાણ-વાસીદું વગેરેને માટેની સગવડનો અભાવ વગેરે બાબતો જો જવાબદાર હોય તો તે પણ વિગતે નોંધવું. કુટુંબના સાંસ્કૃતિક માળખામાં જુદાં જુદાં પ્રાણીઓની આર્થિક અગત્યતા તેમ જ ઉપયોગિતાની દૃષ્ટિએ સ્થાન અને માન અંગેની વિગતો નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં વિવિધ પશુઓનો ઉછેર શા માટે થાય છે તે વિગતે નોંધવું. તે માંસ માટે, દૂધ માટે, ઊન માટે, ખાતર માટે, માત્ર પ્રતિષ્ઠા ખાતર, અમુક પ્રાણીઓ(દા. ત. ઊંટ, ઘોડા)નો સવારીમાં ઉપયોગ કરવા માટે, આર્થિક ઉપાર્જનના એક સાધન તરીકે યા ઉપરનામાંથી એક કરતાં વધુ હેતુસર અને સમગ્ર જીવનપદ્ધતિ તરીકે પણ હોઈ શકે. અન્યત્ર કયાં કયાં કયો કયો સમાજ કયાં કયાં પશુઓ પાળે છે તે અંગેની અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોની જાણકારીની પણ વિગતો મેળવવી. આવા અન્ય સમાજોનો એક યા બીજા પશુના પાલન તરફ જો ઓછો યા વત્તો ઝોક હોય યા અમુક જ પશુને તેઓ પાળતા હોય તો તે પણ વિગતે નોંધવું. આવા અમુક પશુના પાલનને લીધે જ અધ્યયન હેઠળના સમાજનું તે સમાજ તરફ પૂર્વગ્રહયુક્ત, તિરસ્કારયુક્ત યા આદરયુકત વલણ જો ઊભું થયેલું જણાય તો તે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં વિવિધ પ્રાણીઓના ઉછેરના સમગ્ર માનવજાતના ક્રમ અંગે સમાજમાં કોઈ માન્યતા છે ખરી? અધ્યયન હેઠળના સમાજમાં પ્રાણીઉછેરના ક્રમ અંગે પણ કોઈ માન્યતા હોય તો તે વિગતવાર નોંધવી. આવી માન્યતા અમુક સમાજો પૂરતી યા માત્ર અમુક જ પ્રાણીઓ પૂરતી જો મર્યાદિત હોય તો તે પણ વિગતે નોંધવી.

આ અંગે અધ્યયન હેઠળના સમાજના યા અન્ય સમાજના કોઈ લોકસાહિત્યમાં નિર્દેશો હોય તો તે નોંધવા. અધ્યયન હેઠાળના સમાજમાં પહેલાં આ સર્વ પ્રાણીઓ જંગલી જ હતાં પણ



કાળે કરીને આ સમાજ દ્વારા પાળવામાં આવ્યાં તે પ્રકારના ભાવવાળી પણ કોઈક દંતકથા હોય તો તે વિગતે નોંધવી. આવાં પ્રાણીઓના અધ્યયન હેઠળના સમાજના સાંસ્કૃતિક જીવનમાંના તુલનાત્મક સ્થાન અંગેના કોઈ નિર્દેશો હોય તો તે પણ મેળવવા. તે જ રીતે આ પ્રાણીઓના દૂધની યા તેની પાસેથી લેવાતી સેવા (દા.ત. બળદનો ખેતીમાં, ઘોડાનો સવારીમાં ઉપયોગ વ.) અંગે પણ જો કોઈક કિંવદંતીઓ વ. હોય તો તે પણ વિગતવાર નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં ગાય-ભેંસ અને બકરાં-ઘેટાંના ઉછેર અંગેના તુલનાત્મક ખ્યાલોને, સાંસ્કૃતિક પરંપરાઓ તેમ જ તેમની ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિકાઓના સંદર્ભમાં વિગતવાર નોંધવા. દા.ત. હિંદુઓમાં ગાયની વ્યક્તિના અવસાન પછીની યાત્રામાં વૈતરણી નદી પાર કરનાર તરીકેની કલ્પના, ભેંસ અને યમરાજના વાહનની કલ્પના; તે જ રીતે ઉપયોગિતાના સ્તર પર બળદોનો ખેતીમાં સવિશેષ ઉપયોગ અને પાડાની કેટલાક સમાજોમાં પરંપરાગત સમાજ-વ્યવસ્થામાં તદ્દન નિરુપયોગિતા. ઘેટી, બકરી, ગાય, ભેંસ, ઊંટડી અને ઘોડીના દૂધ અંગેના પરંપરાગત સમાજના ખ્યાલો; ઘેટાં, બકરાં, ગાય, ભેંસ, ઊંટના છાણના ગુણધર્મો વ. અંગેના પરંપરાગત ખ્યાલો; ઘેટાં, બકરાં, ગાય-ભેંસ, ઘોડા, ઊંટની પ્રકૃતિ અને વિવિધ ઋતુઓમાંનાં તેમનાં અનુકૂલન, પાણી અને ખોરાકનું પ્રમાણ, વ. બાબતો અંગેના ખ્યાલો પણ વિગતે નોંધવા.

જાતવાન પશુની પરખ માટે તેનું માથું, ચહેરો, આંખ, કાન, શીંગડાં, ગર્દન, છાતી, ખાંધ, પગ, ખરી, ધડ, પીઠ, પાંસળીઓ, નાભિ, પૂંઠ, કમર, બગલ, પૂંછડી, ચામડી, વ. શારીરિક અંગોના દેખાવ અંગે અધ્યયન હેઠળના સમાજમાં ખાસ જે કંઈ ખ્યાલો પ્રવર્તતા હોય તે વિગતવાર નોંધવા. વિવિધ પશુઓના સારાનરસાપણાની સાથે તેના સમગ્ર શારીરિક બાંધાને યા કોઈક અંગને જો સાંકળવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું.

પશુસંવર્ધન માટે પસંદગીમાં, પશુના બાહ્ય દેખાવને કેવુંક મહત્ત્વ આપવામાં આવે છે તે વિગતે નોંધવું. જાનવરના બાંધાને અમુક કાર્યશક્તિ માટેની યોગ્યતા તરીકે ખપાવવામાં આવે છે? બાહ્ય દેખાવ જે તે પશુનો વધારે ભાવ ઉપજાવવામાં સહાયભૂત થશે તેવો ખ્યાલ પણ અધ્યયન હેઠળના સમાજમાં પ્રવર્તે છે ખરો? અધ્યયન હેઠળના સમાજમાં વિવિધ પશુઓમાં સગોત્રીય સંવર્ધન અને બહિર્વંશસંવર્ધનની વિવિધ રીતોની વિગતે માહિતી મેળવવી. વિવિધ પશુઓના ઉછેર અને પ્રજનનમાં બાહ્ય વાતાવરણ કેટકેટલે અંશે જવાબદાર હોય છે તે અંગે અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનાં નિરીક્ષણ વિગતવાર નોંધવાં. તે જ રીતે અમુક ઋતુમાં — શિયાળા, ચોમાસા કે ઉનાળામાં — અમુક પ્રકારનાં પાળેલાં પશુઓ સવિશેષ ફળતાં હોય કે તેનો પ્રજનનદર ઊંચો હોય તો તે પણ વિગતવાર નોંધવું. બાહ્ય વાતાવરણની — પશુના ખોરાક-પાણી લેવા પર અને દૂધના પ્રમાણ પર પડતી અસરો અંગેનાં માહિતીદર્શકોનાં નિરીક્ષણ પણ વિગતે નોંધવાં.

જે જાતોમાં દૂધ ઉત્પાદન થતું હોય તેમાં પણ જો શરીરની અમુક લાક્ષણિકતાઓને દૂધ સાથે અમુક નસલમાં પરંપરાગત રીતે જો સાંકળવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવું. દા. ત. માદાના વજન અને દૂધ ઉત્પાદનને, માદાના શરીરની લંબાઈ અને દૂધ ઉત્પાદનને, શરીરના ઘેરાવાને અને દૂધ ઉત્પાદનને, શરીરની પહોળાઈ અને દૂધ ઉત્પાદનને, ખભા સુધીની ઊંચાઈને અને દૂધ ઉત્પાદનને યા આવા અન્ય કોઈ લક્ષણને અને દૂધ ઉત્પાદનને જો કોઈ સંબંધ હોવાની અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ માન્યતાઓ પ્રવર્તતી હોય તો તે વિગતવાર

નોંધવી. તે જ રીતે ભાર વહન કરતાં કે ખેંચતાં પશુઓ – બળદ, ઘોડા, ઊંટ, પાડા વગેરે – માટે પણ તેમના ઉપયોગના વિશિષ્ટ સંદર્ભમાં અનુભવાધારિત અન્ય કોઈ વિશિષ્ટ લક્ષણો જો દર્શાવવામાં આવતાં હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી.

પશુસુધારણા અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો મેળવવા. પશુસુધારણામાં સરકારી રાહે જો કોઈ પ્રયાસો થતા હોય તો તે અંગે અધ્યયન હેઠળના સમાજના અભિગમ–વલણ અંગેનો ખ્યાલ મેળવવો.

અધ્યયન હેઠળના સમાજનાં સઘન તપાસ હેઠળનાં ગામોમાં કે કુટુંબોમાં પશુસંવર્ધન-સંરક્ષણ સુધારણાના વિવિધ કાર્યક્રમો(દા. ત. સુધરેલી ઓલાદ માટેના સારા સાંઢ કે કૃત્રિમ વીર્યદાનના કાર્યક્રમો, ખસીકરણના કાર્યક્રમો, વિવિધ રસીઓ યા ઈંજેક્ષનની પશુદવાખાના મારફતે થતી સગવડો)નો લાભ વાસ્તવિક રીતે કેટકેટલો લેવાયો છે યા મળે છે તે અંગેની વિવિધ પાસાંવાર વિગતવાર માહિતી એકત્રિત કરવી. આના અવેજમાં વિવિધ પાસાંવાર અધ્યયન હેઠળના સમાજમાં પ્રણાલિકાગત રીતે લેવાતા ઉપાયોને પણ વિગતવાર નોંધવા. ઉપરોક્ત વિવિધ પાસાંના સંદર્ભમાંના સરકારી કાર્યક્રમોનો લાભ લેવામાં તેમને નડતી મુશ્કેલીઓ, અવરોધો વ.નો પણ વિગતવાર ખ્યાલ મેળવવો. આ અંગેના વિવિધ સરકારી કાર્યક્રમો અંગેના તેમના અભિપ્રાયો, ખ્યાલો, વલણો અને આ કાર્યક્રમો તેમને અનુકૂળ આવે તેમ કઈ રીતે મૂકી શકાય તે અંગેનાં, સૂચનો ભલામણો વગેરે પણ વિગતવાર મેળવવાં.

અધ્યયન હેઠળના સમાજમાં વેચાણલાયક પશુધનમાં શું શું રાખવામાં આવે છે? ઘેટાં, બકરાં, ગાયો, ભેંસો, ઊંટ — આ બધાંમાંથી સામાન્ય રીતે વધુ શું રાખવાની પ્રથા છે? સૌથી પહેલી પસંદગી કોને અપાય છે? શા માટે? પસંદગીનો જે ઉત્તર મળે એમાં માહિતીદર્શકની પોતાની માત્ર વ્યક્તિગત પસંદગી જ ન હોય તે જોવું. બધાને અમુક પ્રાણીનો ઉછેર જ પસંદ આવતો હોય તે છતાં સ્થાનિક પરિસ્થિતિ જ એવી હોય કે જેમાં અમુક અન્ય પ્રાણી ઉછેરવું પડતું હોય તો તે પણ નોંધવું.

અધ્યયન હેઠળના સમાજનો પાળેલાં પશુઓના વેચાણ તરફનો અભિગમ પણ મેળવવો. જો અધ્યયન હેઠળના સમાજમાં પાળેલાં પશુઓ વેચાય નહીં તે પ્રકારનો આદર્શ જો જોવા મળતો હોય તો તેનું પ્રત્યક્ષ પાલન કેટલે અંશે થાય છે તે પણ નોંધવું. પાળેલાં પશુઓમાંથી અમુક પ્રકારનાં યા અમુક પશુઓ માટે જો આ પ્રકારની માન્યતા પ્રવર્તતી હોય તો તે નોંધવું. તેની આવી માન્યતા પાછળ કુટુંબની સિદ્ધિ યા સદ્ભાગ્ય ચાલી જાય તે પ્રકારની કોઈક માન્યતા જો કામ કરતી હોય તો તે પણ નોંધવું.

સામાજિક-સાંસ્કૃતિક રીતે થતી ફેરબદલી સિવાય અધ્યયન હેઠળના સમાજમાં પશુધન વેચવાની પ્રથા ન હોય એમ પણ બને યા અમુક પ્રકારનાં પશુઓ ન વેચાતાં હોય યા અમુક પશુઓને માટે કુટુંબના કોઈ સભ્યને ખાસ લાગણી હોય તેના લીધે તેનું વેચાણ ન થવા દે યા કેટલાક અત્યંત અનિવાર્ય સંજોગોમાં બહુ જ આનાકાનીપૂર્વક તે થવા દે એવું પણ બને. આવી સર્વ બાબતોને વિગતવાર નોંધવી. પશુવેચાણની માત્રા પણ દરેક પશુપાલક સમાજદીઠ તેમ જ પશુવર્ગદીઠ પણ જુદી હોઈ શકે. આવા અડોશપડોશના અન્ય પશુપાલક સમાજની તુલનામાં અધ્યયન હેઠળના સમાજના પશુ વેચાણ-પ્રમાણ અંગેની વિગતો પણ મેળવી શકાય. અધ્યયન હેઠળના સમાજમાં સઘન તપાસ હેઠળના ગામમાં કે સઘન તપાસ હેઠળનાં કુટુંબોમાં વર્ષ દરમિયાન



થયેલા વેચાણ અંગેની વિગતો એકત્રિત થઈ શકે. આવું વેચાણ કપરા દુષ્કાળના વર્ષમાં કેટલીક વાર વિશેષ હોઈ શકે. સામાન્ય વર્ષમાં થોડું ઓછું. એટલે આવું વેચાણ પાણી, ઘાસચારા વગેરેની છતની દૃષ્ટિએ સરેરાશ કક્ષાનું વર્ષ હોય તેનું લેવું.

ઘેટાં, બકરાં, ગાયો, ભેંસો, ઘોડા, ઊંટ વગેરેમાંથી અમુક પ્રાણીઓની સાથે અધ્યયન હેઠળના સમાજમાં સવિશેષ પ્રતિષ્ઠા પણ સંકળાયેલી હોય તો તે નોંધવું. તમારો માલ કેટલો છે? એવો જો કોઈ પ્રશ્ન પૂછવામાં આવે તો તેના જવાબમાં જો અમુક જ પ્રાણીઓનો પ્રત્યુત્તરમાં ઉલ્લેખ થતો હોય અને બીજાનો ન થતો હોય તો તે સ્પષ્ટપણે નોંધવું. આવા પ્રત્યુત્તરમાં જો અમુક પ્રાણીઓનો – દા. ત. ગાયો, ઘેટાં કે બકરાંનો — પ્રથમ ઉલ્લેખ થતો હોય અને બાકીનાંઓનો પાછળથી ઉલ્લેખ થતો હોય તો તે પણ નોંધી શકાય. તે જ રીતે માલમાં લવારાં, વાછરડાં યા પાડો કે એવાં કોઈ પ્રાણીઓનો સમાવેશ ન કરવામાં આવતો હોય તો તે પણ વિગતવાર નોંધવું. તેના આર્થિક જીવનના સંદર્ભમાં, પશુપાલન તરફનો અધ્યયન હેઠળના સમાજનો દૃષ્ટિકોણ પણ મેળવવો. કેટલાક પશુપાલક સમાજમાં તેને ખૂબ મહત્ત્વની મૂડી માનવામાં આવે છે. અધ્યયન હેઠળના સમાજમાં તેને મૂડી માનવામાં આવે છે ખરી? તેના કુદરતી ઉમેરાની સાથે તેના વારસા માટેની લોન અને વ્યાજ મેળવવા માટેની ખાસ પદ્ધતિ પણ હોઈ શકે. પશુઓની વિવિધ પ્રકારે થતી ફેરબદલીમાંની બધી જ ગણતરીઓ અને તેના સ્વરૂપ અંગેની વિગતો મેળવવી. તેના બદલામાં મળતી સેવાઓનો પણ વિગતે નિર્દેશ કરવો.

કુટુંબની સંચિત મૂડીનું રોકાણ જો પશુધનમાં થતું હોય તો તે નોંધવું. આવા રોકાણમાં એક પ્રકારનાં પશુ કરતાં અન્ય પ્રકારને જો સવિશેષ પસંદગી અપાતી હોય તો તે પણ નોંધવું. પશુધનની વૃદ્ધિ કે વિશેષ સાચવણીને લક્ષમાં રાખીને જો અન્ય સ્વરૂપે તે રોકાણ કરવામાં આવતું હોય તો તે પણ નોંધવું. દા. ત. ઢોરઉછેરને લક્ષમાં રાખીને સવિશેષ જમીનનું સંપાદન કરવામાં મૂડીરોકાણ થતું હોય યા તેની સાચવણી માટે રહેઠાણ તૈયાર કરવામાં રોકાણ થાય વગેરે. અધ્યયન હેઠળના સમાજમાં કુટુંબની મિલકતની ગણતરી માટેનાં પરંપરાગત ધોરણો પણ સમજવાં. સામાન્ય રીતે આવા કિંમતના અંદાજમાં જે તે પ્રાણીની જાતિ અને તેની પ્રજનનશક્તિ પણ મહત્ત્વની હોય છે. પ્રાણીઓના વંશની માલિકી અંગે અને વારસા અંગે કોઈ ખાસ નિયમો હોય તો તે વિગતે નોંધવા.

પશુઓ પરના માલિકી યા ઉપયોગના હક અંગેની વિગતો વિગતવાર નોંધવી. પશુ વ્યક્તિગત માલિકીની વસ્તુ ગણાય કે પછી કુટુંબ કે વંશ જૂથના વડીલની ઈચ્છા પ્રમાણે તેનો ઉપયોગ કરવા દેવાય? અમુક પશુઓને કુટુંબના અમુક સભ્યોની વ્યક્તિગત માલિકીનાં માનવામાં આવતાં હોય તો તે પણ નોંધવું.

વારસાની પદ્ધતિ અંગેનાં અધ્યયન હેઠળના સમાજનાં અર્થઘટન નોંધવાં. આ અર્થઘટનના સંદર્ભમાં નક્કર કિસ્સાઓ પણ નોંધવા. તે મિલકતના પ્રકાર તેમ જ વારસની જાતિ પર પણ આધારિત હોઈ શકે. અમુક વારસાહક માત્ર સ્ત્રી કે પુરુષ વંશજને જ જતો હોય તો તે પણ વિગતે નોંધવું. મિલકતવિભાજન વખતે સામાન્ય રીતે કઈ રીતે કુટુંબના સભ્યોમાં પશુઓની મિલકતનું વિભાજન થાય છે તે પણ વિગતવાર નોંધવું. જો અધ્યયન હેઠળના સમાજમાં કન્યાદાનમાં યા અન્ય કોઈ રીતે પોતાના પિયરમાંથી અમુક પશુઓ આપવાનો જો રિવાજ હોય તો મિલકતવિભાજન વખતે તે સ્ત્રી અને તેનાં બાળકોના ભાગે જ આવે? જો સ્ત્રીને તેની

શોક્ય હોય અને તેનાં પણ સંતાનો હોય તો તેવા સંજોગોમાં ખાસ કરીને આવાં પશુઓની તેના વંશજોને વહેંચણી કઈ રીતે થાય તે વિગતે નોંધવું. જો પિયરમાંથી મળેલાં જે તે પશુઓ જીવતાં રહ્યાં હોય ત્યાં સુધી વિભાજન વખતે જે તે સ્ત્રી અને તેનાં સંતાનો પૂરતાં જ તે અલગ રાખવામાં આવતાં હોય પણ જો પશુઓની વંશવૃદ્ધિ વિશેષ થઈ હોય અને લાંબા સમયે આવો વિભાજનનો પ્રશ્ન આવ્યો હોય તો તેવા સંજોગોમાં એકથી વધુ સહપત્નીઓનાં સમગ્ર સંતાનોમાં જો તેની વહેંચણી થતી હોય તો તે પણ વિગતવાર નોંધવું. છૂટાછેડાના કિસ્સાઓમાં આવાં પશુઓનું શું થાય? એ કોની પાસે રહે? તે અંગેની વિગતો પણ વિગતવાર નોંધવી. જો લગ્નમાં વધૂમૂલ્ય સ્વરૂપે પણ જો પશુ અપાતાં હોય તો તે પણ નોંધવું. આવી વધૂમૂલ્ય ચુકવણીમાં માત્ર અમુક જ પ્રકારનાં પશુઓનો સમાવેશ થતો હોય અને અન્યનો ન થતો હોય તો તે પણ વિગતવાર નોંધવું. પરંપરાગત રીતે પશુઓમાં જો વધૂમૂલ્યની ચુકવણી થતી હોય તો તે અંગેના તેમના લોકસાહિત્યમાં પણ જો કોઈ નિર્દેશો મળતા હોય તો તે વિગતે નોંધવા. આવા વધૂમૂલ્યની લગ્ન પહેલાં અમુક પશુઓમાં જો ચુકવણી કરવી પડતી હોય તો તે નોંધવું. અધ્યયન હેઠળના સમાજના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં પળાતાં પશુઓનો વિનિમય, વ્યવહારમાં કેટલો ઉપયોગી છે તે ખૂબ જ વિગતવાર નોંધવું. કેટલીક વાર કેટલાક દેવાની ફેડણી અને કોઈક મારામારી યા અન્ય ઝઘડાઓના ચુકાદામાં વળતરની ચુકવણી પણ પશુઓમાં કરવામાં આવતી હોય તો તે નોંધવું. અલબત્ત, તેમાં વળતર મેળવનાર વ્યક્તિના નુકસાનની ગણતરી ઘણી વાર રોકડ રકમમાં કરવામાં આવતી હોય છે. અને જે તે વ્યક્તિ જો રોકડ રકમમાં ચુકવણી કરી શકે તેમ ન હોય તો તેવા સંજોગોમાં તેના પશુધનમાંથી તેના દેવાની રકમની ચુકવણી પેટે અમુક પશુઓ લેવામાં આવતાં હોય છે. એટલે તેવું જો હોય તો તે પણ વિગતવાર નોંધવું. અધ્યયન હેઠળના પશુપાલક સમાજમાં જો કુદરતી આપત્તિમાં એક વ્યક્તિનું સમગ્ર પશુધન જો નાશ પામે તો તે સંજોગોમાં તેનાં સગાંસંબંધી, કુટુંબીઓ યા ગ્રામજનો જો અમુક નાનાં યા મોટાં પશુ ઉછીનાં યા ભેટ સ્વરૂપે આપીને યા તો દાતા વ્યક્તિઓનાં પશુઓને ચારવાના બદલામાં નિયત સમયે અમુક પશુઓ આપીને તેને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સહાયભૂત થતાં હોય તો તે વિગતો પણ નોંધવી. આવી સહાયનાં પ્રત્યક્ષ ઉદાહરણો તેમ જ તેની સામાન્ય શરતો તથા તેનું પાલન વગેરેની વિગતો પણ મેળવવી.

જુદાં જુદાં પ્રાણીઓનાં નામ શા માટે, કઈ રીતે પાડવામાં આવે છે તેનાં ઉદાહરણો નોંધવાં. આવાં નામોથી જે તે પ્રાણીને કઈ રીતે ટેવાવવામાં આવે છે? જો કોઈ પ્રાણીઓનો સંદર્ભશબ્દ અને સંબોધનશબ્દ અલગ અલગ હોય તો તે નોંધવું. આવાં પ્રાણીઓને જે નામ આપવામાં આવે તે નામથી બોલાવવામાં આવે તો તે સાંભળે ખરાં? જો હરાયું ઢોર ખેતરમાં પેસતું હોય અને તેને આ નામથી વારવામાં આવે અને જો તે અટકતું હોય તો તે નોંધવું. આવાં નામો અને સામાન્ય રીતે જે તે જાતિના સભ્યો માટે વપરાતાં નામોમાં જો કોઈ સામ્ય હોય તો તે નોંધવું. આવાં નામોનો પણ ઈતિહાસ હોય તો તે નોંધવો. જુદાં જુદાં જે નામો પાડવામાં આવે તે બધાં નામો બકરાં-ઘેટાં વગેરેમાં વર્ગવાર જુદાં હોય તો તે નોંધવું.

આવાં નામો પાડવામાં પશુનાં શીંગનો આકાર, શરીરનો રંગ, કાન યા આંચળનો પ્રકાર, તેનું કદ, તેની માતાનો વારસો વગેરેની સાથે પણ સંબંધ હોય તેવાં જે ઉદાહરણો હોય તે માહિતીદર્શક પાસેથી એકત્રિત કરવાં. આખા ટોળાને પણ નામ અપાતું હોય તો તે નોંધવું. અને આ નામથી ઘેટાં કે બકરાં પરિચિત હોય તો તે નોંધવું. ટોળાને અને તેમાંનાં બકરાં-ઘેટાં વગેરેને



ઓળખવા માટેની વિશિષ્ટ નિશાનીઓ વગેરેનો વિગતે ઉલ્લેખ કરવો. કોઈ પણ છૂટું પડેલું ઘેટું બકરું યા અન્ય પ્રાણી પોતાના ટોળામાં શેને આધારે પહોંચે છે તે અંગેનું માહિતીદર્શકોનું મંતવ્ય નોંધવું.

પળાતાં પ્રાણીઓમાંથી જો કોઈનો અધ્યયન હેઠળના સમાજ દ્વારા આહારમાં ઉપયોગ થતો હોય તો તે અંગેની સર્વ વિગતો ખૂબ વિગતે નોંધવી. આવાં પ્રાણીઓમાંથી કેટલાક ભાગનો આહારમાં ઉપયોગ ન કરવામાં આવતો હોય તો તે પણ વિગતે નોંધવું. અમુક પ્રાણીઓનો સામાન્ય સંજોગમાં નહીં પણ કપરા દુષ્કાળના સંજોગોમાં જ નછૂટકે આહારમાં ઉપયોગ કરવામાં આવ્યો હોવાના વાસ્તવિક કિસ્સા કે કિંવદંતીઓ પણ અધ્યયન હેઠળના સમાજમાં જો પ્રવર્તતી હોય તો તે વિગતે નોંધવી.

દરેક પ્રાણીવર્ગને કઈ રીતે રાખવામાં, ખાવામાં, ઉછેરવામાં આવે તેનું વિગતે વર્ણન કરવું. પાલતુ પ્રાણીઓના જંગલી પશુઓ તેમ જ રોગોથી સંરક્ષણ માટે લેવાતી કાળજી અંગેની વિગતો પણ વિગતવાર નોંધવી. આ પ્રાણીઓ અધ્યયન હેઠળના સમાજના સંરક્ષણમાં કોઈક રીતે ભાગ ભજવતાં હોય તો તે વિગતો પણ નોંધવી. અધ્યયન હેઠળના સમાજના કુટુંબના સભ્યોની ઉદરપૂર્તિમાં તેઓ કોઈક રીતે સહાયભૂત થતાં હોય તો તે વિગતે નોંધવું. અમુક વર્ગના પ્રાણીની સારસંભાળ લેવી તે અમુક વર્ગ, જ્ઞાતિ કે જાતિનો ખાસ અધિકાર કે ફરજ હોય તો તે પણ ખાસ નોંધવું. અન્ય વર્ગ, જાતિ કે જ્ઞાતિના તેમના ઉછેર પર કોઈક નિષેધ યા અવરોધ હોય તો તે નોંધવા અને તેના પ્રત્યક્ષ વ્યવહારમાંના પાલન અંગેની વિગતો પણ નોંધવી. જો સ્ત્રીઓને અમુક પશુઓના પાલનમાં અમુક ભૂમિકા ન જ સોંપાતી હોય તો તેનાં કારણો સહિત સંબંધિત વિગતો એકત્રિત કરવી.

પશુઉછેરમાં કોઈક જંગલી જાતોને પકડીને, પલોટીને પાળવામાં આવતી હોય તો તેને પકડવાની, પલોટવાની, પાળવાની સમગ્ર પ્રક્રિયાઓને ખૂબ જ વિગતવાર નોંધવી. તે જ રીતે સુપ્રજનન માટે પાળેલ માદા જંગલી નર સાથે ફળાવવામાં આવતી હોય તો તે પણ નોંધવું.

જુદાં જુદાં પ્રાણીઓને પલોટવાની જુદી જુદી બધી જ પદ્ધતિઓની, તેને માટે વપરાતાં સાધનોની અને પદ્ધતિ વગેરેની વિગતવાર નોંધ કરવી. આવી પદ્ધતિઓમાં એક કરતાં વધારે યા વધારે અઘરી કે પ્રમાણમાં સરળ પદ્ધતિઓ, જો અમુક ક્રમમાં ઉપયોગમાં લેવામાં આવતી હોય તો વિગતવાર તેનો ક્રમ પણ નોંધવો. દા. ત. બળદને અમુક જ ખાસ પ્રકારની ઘીસી( X આવા આકારની) પર એક અનુભવી બળદ સાથે તાલીમ અપાય. ઉનાળામાં ખરા તાપમાં રેતીમાં ને ધૂળ-ઢેફામાં ચલાવી પલોટવામાં આવે અને જો સીધો ન ચાલે તો તેને ફટકારવામાં આવે. બેસી જાય તો પૂછડું આમળવામાં કે કરડવામાં આવે. છાંયડે ન જવા દેવામાં આવે પણ ધૂળમાં ખરા તાપમાં બેસાડવામાં આવે. આર કરવામાં આવે. આવી જે વિગતો હોય તે વિગતવાર નોંધવી.

પાલતુ પશુઓની ચોરી, તેમાંથી થતી મારામારી, લડાઈ, જાનહાનિ, વળતર, વેર અને પાળેલાં પશુઓનાં સંરક્ષણ યા તેમ કરવાના અસામર્થ્ય યા પીછેહઠની સાથે સંકળાયેલા પાપ-પુણ્યના ખ્યાલો વગેરેને વિગતવાર નોંધવા. પશુસંક્ષરણ સાથે સંબંધિત લોકસાહિત્યને વિગતે એકત્રિત કરવું.

પાણી યા ઘાસચારાની અછતના સમયમાં, પશુપાલનાર્થે અધ્યયન હેઠળના પશુપાલક સમાજે, પાણી, ઘાસચારાની શોધમાં એક સ્થળેથી બીજે સ્થળે જો સ્થળાંતર કરવાનું હોય તો તે અંગેની સર્વ સંબંધિત વિગતો મેળવવી. દા. ત. આવાં સ્થળાંતરને શું કહેવાય? તે નિવાસથી કેટલે દૂર થાય? તેનું અગાઉનું સ્થળાંતરનું સ્થળ કોણ નક્કી કરે? કેવી રીતે કરે? તેને સર્વ સભ્યોની માન્યતા કઈ રીતે મળે? સ્થળાંતર કરનારાઓને કઈ સરકારી વિધિમાંથી પસાર થવું પડે?

સ્થળાંતરમાં સામાન્ય રીતે કોણ કોણ જાય? કઈ રીતે જાય? તેમાં આગળ જનારી ટુકડી જેવું પણ હોય ખરું? પાછળ કોણ રહે? મૂળ નિવાસસ્થાને કોણ રહે? મૂળ નિવાસસ્થાન અને સ્થળાંતરનાં સ્થાનોમાં સંબંધ કેવી રીતે રહે? આવાં અનેક સ્થળે થતાં સ્થળાંતરમાં તેઓ કઈ કઈ રીતે અનુકૂલન સાધે? સામાન્ય રીતે પશુપાલકોએ તેમ જ પશુધને કેવી કેવી મુશ્કેલીઓમાંથી પસાર થવાનું હોય છે?

સ્થળાંતરનો માર્ગ દર વર્ષે એક હોય છે કે જુદો? આ માર્ગ સામાન્ય રીતે કયાં પરિબળોને લક્ષમાં રાખીને નિયત કરવામાં આવતો હોય છે? આવા માર્ગમાં ફેરફાર કરવામાં આવતો હોય તો તે દર વર્ષે થાય છે કે કોક જ વાર? તેનાં કારણો શાં? આવા સ્થળાંતરમાં જો રોજેરોજનો પડાવ બદલાતો હોય તો તે નોંધવું. અને જો આમ ન હોય તો એક સ્થળે પડાવ નાખ્યા પછી થોડા દિવસ આસપાસમાં ફરતા હોય તો તે નોંધવું.

જો એક જ સ્થળે પડાવ નાખ્યો હોય અને ત્યાંથી આસપાસના વિસ્તારમાં એમને ફરવાનું હોય તો સામાન્ય રીતે કેટલા ચોરસ માઈલના વિસ્તારમાં ફરે? આવો પડાવ જ્યાં નાખે ત્યાં એમણે કોની પરવાનગી લેવી પડે? જ્યાં પડાવ નાખે ત્યાં સામાન્ય રીતે કઈ કઈ અનુકૂળતા જોવાય? જો કોઈના ખેતરમાં પડાવ નાખે તો, એના બદલામાં ખેડૂતોની પાસેથી શું લેવાનું હોય? કેટલું અનાજ એક રાતના બેસાડવા માટે મળે? આવા અનાજનો દર કઈ રીતે નક્કી થાય? અમુક સોની સંખ્યાના પશુધન પરથી યા અન્ય કોઈ રીતે? જે રીતે આવો દર નિયત થતો હોય તે નોંધવું. આવો દર દર રાત પરથી નક્કી થાય? શિયાળામાં, ઉનાળામાં, ચોમાસામાં એમ જુદી જુદી ઋતુમાં આના દર જુદા જુદા હોય તો તે નોંધવું. સામાન્ય રીતે આ દર કેટલા હોય તે પણ નોંધવું. ઘેટાં, બકરાં, ઉપરાંત આમાં ગાયો-ભેંસો યા ઊંટ બેસે તો તેને માટે પણ કંઈ અનાજ વગેરે મળે કે કેમ તે નોંધવું. સામાન્ય રીતે એક જ પડાવ પર કેટકેટલાં ઢોર વગેરે બેસે તે પણ શકય હોય એટલી વિગતે નોંધવું. જો આ રીતે ધણ બેસાડવાની પરવાનગીના બદલામાં પશુપાલકે ખેડૂતને કંઈ આપવું પડતું હોય તો તે પણ નોંધવું. અમુક વિસ્તારમાં ધણના પ્રવેશની સ્વીકૃતિરૂપે પશુપાલકે, જે તે વિસ્તાર કે ગામના અમુક આગેવાન યા મુખીને કે ચાલુ યા ભૂતપૂર્વ શાસકને કોઈક પરંપરાગત ભેટ કે નજરાણું ધરવું પડતું હોય તો તે પણ નોંધવું.

જે પડાવ નાખ્યો હોય ત્યાં સામાન્ય રીતે કેટકેટલા સમય માટે ટોળો બેસે? આવા પડાવ-કૅમ્પ(ડેરા)ને અધ્યયન હેઠળનો સમાજ તેની પોતાની ભાષામાં શું કહે? એનો અર્થ શો થાય? બીજા સમાજોમાં અન્ય કોઈ શબ્દો હોય તો તે વિગતવાર નોંધવા. આવા ડેરા એક સ્થળે રાખીને જો બીજે બધે સ્થળે ફરવું પડતું હોય તો સામાન્ય રીતે આવા ડેરા પર કોણ રહે? આવા ડેરા પરના માલસામાનમાં સામાન્ય રીતે શું શું રહે? આવો પડાવ એક સ્થળેથી બીજે



સ્થળે જ્યારે ખસેડવાનો હોય ત્યારે આગલો ડેરો કયાં નાખવાનો છે તે અગાઉથી નક્કી કરવામાં આવે? એને માટેનું નિયત સ્થળ અગાઉથી જઈને કોઈ જોઈ આવે યા એમ ને એમ જ આગળ નીકળી પડે? અને જ્યાં રાત થાય ત્યાં મુકામ કરે? જો એમ ને એમ જ નીકળી પડતા હોય તો, બીજો ડેરો સામાન્ય રીતે કેટલે દૂર જઈને નખાય? એક સ્થળેથી બીજે સ્થળે જ્યારે ડેરો લઈ જવાનો હોય ત્યારે ધણ અને ડેરાનો સામાન વગેરે સાથે જ નીકળે કે ધણ વહેલું યા મોડું કોઈ એક જણ લઈને નીકળી જાય અને પાછળથી બીજા કોઈક સભ્ય ઘરવખરીની ચીજવસ્તુઓ વગેરે લઈને નીકળે? જો બીજી કોઈ વ્યક્તિ આ રીતે ઘરવખરીની ચીજવસ્તુઓ લઈને પાછળથી નીકળતી હોય તો, સામાન્ય રીતે એ કોણ હોય? અને તેનો ઘરવખરી વગેરેનો બોજ ઉપાડવા માટે કયા પ્રાણીનો ઉપયોગ કરવામાં આવે? ઘોડો, ઊંટ, ગધેડાં? યા બીજા જે કોઈ પ્રાણીનો ઉપયોગ થતો હોય તે નોંધવું. આવા બોજની સાથે નાનાં બાળકો પણ ઉપર જ મૂકવામાં આવે ને? જો એમ હોય તો તે નોંધવું. આ રીતે ચારવા માટે, પતિ, પત્ની, તેનાં બાળકો વગેરે જો સાથે જ જતાં હોય તો તે પણ વિગતવાર નોંધવું. તે જ રીતે જો સામાન્ય રીતે એમાં અમુક વ્યક્તિઓ ન જતી હોય તો તે પણ વિગતે નોંધવું.

આવી રીતે ધણ ચરાવવા જ્યારે જતા હોય ત્યારે સામાન્ય રીતે કોણ કોણ સાથે નીકળે? એક જ નેસનાં બધાં જ સાથે નીકળે? એક જ શાખના હોય તે નીકળે? સગાભાઈઓ પોતાનું ધણ સાથે લઈને નીકળે? આમાં જે ખાસ કંઈ સંરચના જણાતી હોય તે વિગતે નોંધવી.

આ રીતે જો જુદી જુદી ટુકડીઓ એક જ ગામમાંથી જુદા જુદા સમયે નીકળતી હોય તો સામાન્ય રીતે ગામમાં પાછળથી સારસંભાળ વગેરે રાખવાનું કામ કોને સોંપવામાં આવે? દરેક ઘરમાંથી એકાદ વૃદ્ધ મૂળ ગામમાં રહે? યા આવા એક જ શાખ કે વંશજૂથનાં બેચાર કુટુંબોમાંથી એકાદ જણ રહે? કોઈ વાર એવું પણ બને ખરું કે જ્યારે આખું ને આખું ગામ જ સંપૂર્ણપણે ખાલી થઈ જાય? તે પણ વિગતે નોંધવું. આવા સ્થળાંતરમાં બધાં જ પશુઓને સાથે લઈ જવામાં આવે છે કે અમુક જ પ્રકારનાં પશુઓ? જો જુદા જુદા પ્રકારનાં પશુઓ જુદે જુદે સ્થળે જતાં હોય તો તે નોંધવું. ઘરડાં, અશક્ત યા તો અમુક રીતે સવિશેષ ઉપયોગી યા પ્રમાણમાં કીમતી પશુઓને આવા સ્થળાંતરમાં સામેલ ન કરવામાં આવતાં હોય અને મૂળ સ્થાને જ જો રાખવામાં આવતાં હોય તો તે પણ વિગતવાર નોંધવું. અધવચ્ચે માંદાં થતાં યા તદ્દન અશક્ત થતાં પશુઓ અંગે તેના ગોવાળો દ્વારા કરવામાં આવતી વ્યવસ્થા વિગતે નોંધવી.

આવા સ્થળાંતરના લોકસાહિત્યમાંના નિર્દેશોને વિગતે નોંધવા. આવા સ્થળાંતરકાળમાં દૂધ, ઘાસચારા, અનાજ, પાણી વગેરેની વ્યવસ્થાની સાથે સંબંધિત સર્વ વિગતો વિગતવાર નોંધવી.

સ્થળાંતર વખતે પશુસંરક્ષણ માટે કોઈક ખાસ યા વિશિષ્ટ વ્યવસ્થા ઊભી કરવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવી.

રાત્રિ દરમિયાન સામાન્ય રીતે આવે વખતે પશુ કયાં કેવી રીતે રાખવામાં આવે અને તે પદ્ધતિ તેમના મૂળ ગામમાંના નિવાસ કરતાં કઈ રીતે જુદી હોય છે તે વિગતે નોંધવું. આ

હોય છે અને કેવા જૂથમાં જાય છે તે તેમ જ તેમાં રાખવામાં આવતા સમગ્ર સામાનસરંજામ અંગે ખૂબ વિગતે માહિતી મેળવવી.

મૂળ ગામ કે નેસમાંની દરેક પ્રાણીઓની વાડની જે વિશિષ્ટતાઓ હોય તે અને જ્યારે જંગલમાં મુકામ હોય ત્યારે આ બધાં પ્રાણીઓના ટોળાને જે રીતે રાખવામાં આવતા હોય તે નોંધવું. જંગલમાં જ્યારે પડાવ હોય ત્યારે રાત્રે પ્રાણીઓની આરામ કરવાની યા બેસવાની પદ્ધતિ વગેરે અંગે પણ ખૂબ વિગતવાર નોંધ કરવી. બધાં પ્રાણીઓ ટોળે વળીને બેસે? ગોળાકારમાં બેસે? તાપણી વગેરે સળગાવવામાં આવે? સાથે કૂતરો કે આવું કોઈક સંરક્ષક પ્રાણી પણ રાખવામાં આવે? ત્યાં વાઘ, સિંહ, વરુ, ચિત્તા જેવા શિકારી પશુનો હુમલો ન થાય તે માટે શી તકેદારી લેવાય વગેરે વિગતો પણ વિગતવાર નોંધવી. આવો પડાવ જ્યાં નખાય, ત્યાં પડાવ નાખતી વખતે અને પડાવ ઉપાડતી વખતે જો કંઈક વિધિ કરવામાં આવતી હોય યા કોઈ શબ્દો જો સામાન્ય રીતે બોલાતા હોય તો તે પણ વિગતવાર નોંધવા.

જો ગાયો કે ભેંસોનું ધણ હોય તો તે અમુક રીતે બેસે અને બકરાં કે ઘેટાંનું ધણ હોય તો તે અમુક રીતે બેસતું હોય તો તે પણ વિગતે નોંધવું. આવાં જુદાં જુદાં પ્રાણીઓના ધણને મુખ્યત્વે કોનો કોનો, કયાં કયાં પ્રાણીઓનો ડર હોય તે પણ વિગતે નોંધવું.

આવા સ્થળાંતર વખતે થતી પશુ-પેદાશો — દૂધ, ઘી, માખણ, છાશ તેમ જ કેટલીક વાર માંસ — નો ઉપયોગ કઈ રીતે કરવામાં આવે યા તેની વેચાણવ્યવસ્થા કઈ રીતે કરવામાં આવે છે તે વિગતવાર નોંધવું. સામાન્ય રીતે આવા વેચાણને માટે જો કોઈક વાર સ્થાનાંતર કરવામાં આવતું હોય, યા અમુક સ્થળ પરનું તેમનું રોકાણ જો આવા વેચાણ પર જ મહદંશે આધારિત હોય તો તે પણ વિગતવાર નોંધવું. આવે સમયે જો માત્ર અમુક જ પ્રકારની પેદાશોનું વેચાણ થતું હોય તો તે પણ વિગતે નોંધવું. આવું સ્થળાંતર કોઈક વાર પશુધન વેચવા માટે જ જો થતું હોય તો તે પણ નોંધવું. ખાસ કરીને કારમા દુષ્કાળમાંની આ અંગેની સમગ્ર પરિસ્થિતિનું અલગ વર્ણન વિગતે નોંધવું.

આવા સ્થળાંતરમાં પશુધનની પેદાશનું – દૂધ, ઘી, માખણ વ.નું – વેચાણ પ્રકારમાં યા રોકડ રૂપે, જે રીતે સ્થાનિક પ્રજા સાથે થતું હોય તે નોંધવું. આવે વખતે પ્રાણીઓને જંગલમાં યા અન્યત્ર છૂટાં ચારવા ઉપરાંત ખૂટે પણ કોઈક ઘાસચારો યા ખાણ પાણી આપવાની વ્યવસ્થા જો અધ્યયન હેઠળનો સમાજ કરતો હોય તો તે પણ વિગતે નોંધવું. તે પાછળનાં કારણો પણ વિગતે નોંધવાં. સામાન્ય રીતે આવી અસ્થાઈ ઘાસ, દાણા, પાણીની વ્યવસ્થા વગેરે કઈ રીતે કરવામાં આવે છે, કઈ રીતે સાચવવામાં આવે છે તે નોંધવું. અને તે સ્થાઈ વ્યવસ્થાથી કઈ રીતે જુદી પડે છે તે વિગતવાર નોંધવું.

આવા સ્થળાંતર વખતે જે તે ધણનાં પશુઓ ખોવાઈ ન જાય તે માટે યા માલિકીની સ્પષ્ટતા માટે જો કોઈક ખાસ કાયમી યા કામચલાઉ નિશાનીઓ કરવામાં આવતી હોય તો તે વિગતે નોંધવી. અમુક વિસ્તારમાં અમુક પશુઓને ચરવાની પરવાનગી આપવામાં આવી છે તેની પ્રતીતિરૂપે જો કોઈ ખાસ નિશાનીઓ ધણ પર પણ કરવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધી શકાય. આવા ભટકતા જીવનની અધ્યયન હેઠળના પશુપાલક સમાજ, તેના સામાજિક-સાંસ્કૃતિક જીવન અને જે તે પશુપાલક વ્યક્તિઓના શરીર-બાંધા, આહાર, પહેરવેશ અને અન્ય બાબતો પર પડતી અસરોને પણ વિગતવાર નોંધવી. આવા સ્થળાંતરમાં જો પશુ-



ધનની સાથે માલવાહક યા ભારવાહક અન્ય પશુઓ યા વાહનો જો સાથે રહેતાં હોય તો તે પણ વિગતે નોંધવું. સાથે રહેતી સમગ્ર સાધનસામગ્રીના વર્ણન ઉપરાંત આવા માલવાહક પશુઓનું જૂથ ક્યારે જાય? કઈ રીતે જાય? તેમની સાથે કોણ કોણ હોય? આ જૂથના સભ્યોનો દૈનિક કાર્યક્રમ કઈ કઈ રીતે જુદો પડે વગેરે વિગતો નોંધવી. સમગ્ર પશુધનમાં આવાં માલવાહક પ્રાણીઓનું તુલનાત્મક સ્થાન વગેરે પણ વિગતે નોંધવું.

આ પ્રકારના સ્થાનાંતરમાં જો અમુક પશુ જંગલમાં રહી જવા પામ્યાં હોય અને પછી તે જંગલી જાતમાં પરિવર્તિત થઈ ગયાં હોય યા પાળેલાં પશુઓની સાથે જંગલી જાત ભળી હોવાનાં કોઈ ઉદાહરણો કિંવદંતીઓમાં યા પ્રત્યક્ષ વ્યવહારમાં જો જોવા મળતાં હોય તો તે વિગતે નોંધવાં. તેથી ઊલટાં ઉદાહરણો જો મળતાં હોય તો તે પણ નોંધવાં. પ્રાણીઓને બોલાવવા માટે વપરાતા શબ્દો, બોલ, સાદ યા સાધનો વગેરે વિગતવાર નોંધવાં. અલ્પ દુઝાળ પ્રાણીઓ વગેરે દૂધ આપી શકે તે માટે કોઈક ખાસ શબ્દો યા તેના શરીરને પંપાળવાની, થાબડવાની યા અન્ય કોઈ ક્રિયાઓ કરવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવી.

ઘેટાં, બકરાં, ગાય, ભેંસ, બળદ વગેરેનાં ચરાણમાં જે કોઈ સ્પષ્ટ ભેદો જોવા મળતા હોય તે ખૂબ જ વિગતવાર નોંધવા.

'માલ' લઈને, જ્યારે આસપાસ ઘાસ વગેરેની છત હોય ત્યારે ચારવા માટે કઈ રીતે જવાય? કોણ જાય? ચારવા માટે ઘરે જ હોય ત્યારે કોણ જાય અને બહારગામ માલ લઈને જવાનો હોય ત્યારે સામાન્ય રીતે કોણ જાય તે વિગતે નોંધવું. સામાન્ય રીતે, ગાય, બળદ, ભેંસ કે બકરાંના ટોળાને ચારવા માટે, ઘરે હોય ત્યારે કઈ પદ્ધતિ અપનાવાય? રોજ સવારે ઘાસ વગેરે ચારવા માટે વીડીમાં અથવા જંગલમાં લઈ જવાય અને સાંજે પાછા અવાય? જુદી જુદી ઋતુઓમાં જો એમને ચારવાની જુદી જુદી પદ્ધતિઓ હોય તો તે અંગે વિગતે નોંધવું. દા.ત. ચોમાસામાં ઘાસ વગેરે નજીકનાં ખેતરોમાં હોવાથી ત્યાં સઘન રીતે ચરાવાય અને શિયાળામાં દૂર દૂર જંગલ સુધી લઈ જવાં પડે અને ઉનાળામાં તો દૂરનાં અમુક ખાસ જંગલોમાં જ જો લઈ જવાની જરૂરિયાત લાગે તો તે વિગતે નોંધવું. તે જ રીતે ઉનાળામાં કે શિયાળામાં, સામાન્ય રીતે જ્યારે બહારગામ ચારવા માટે નીકળે ત્યારે એ લોકોનો જો કોઈ નિયત માર્ગ હોય તો તે નોંધવો. આવા માર્ગની સાથે સાથે એમની ગાય, ભેંસ, બકરાં કે ઘેટાંના ટોળાને ચારવાની પદ્ધતિ કઈ કઈ હોય છે તે પણ નોંધવી. દરેકની ચારવાની પદ્ધતિ એકબીજાથી કઈ કઈ રીતે જુદી પડે છે તેની પણ વિગતવાર નોંધ કરવી.

સામાન્ય રીતે જ્યારે નેસની આસપાસ ઘાસ હોય ત્યારે દરેકનું ધણ જુદું ચરતું હોય અને જ્યારે બહુ દૂર ચરાવવા માટે જવાનું હોય ત્યારે જો અમુક નજીકના સંબંધીઓનું ધણ ભેગું કરીને ચારવામાં આવતું હોય તો તે નોંધવું. આવી રીતે બધાનું ભેગું ધણ જ્યારે ચારવામાં આવે ત્યારે, પોતાની માલિકીનું ધણ હોય તેને સારો પાલો ખવડાવવાની યા સારુ ઘાસ ખવડાવવાની માનવસહજ વૃત્તિ પણ જો ગોવાળોમાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવી. અને આવું થાય તેથી ધણ ભેગું ન કરતા હોય યા ભેગું હોય તો છૂટું પાડી દેતા હોય તો તેની પણ વિગતે નોંધ કરવી. ધણ ચરાવતી વખતે આના લીધે જો કોઈ ઝઘડાઓ ઊભા થતા હોય તો તે પણ વિગતવાર નોંધવા. જો આવા ઝઘડાઓની કૌટુંબિક સંબંધો પર અસર પડતી હોય, યા આવા ઝઘડાઓ કૌટુંબિક સંબંધોને લીધે ઉપર ન આવતા હોય તો તે પણ વિગતવાર

નોંધવું. ધણ બહાર ચરાવવા માટે જતી વખતે યા નેસની આસપાસના વિસ્તારમાં ધણ ચારતી વખતે ધણ ચરાવવામાં જે કોઈ રીતે સગાઈસંબંધસાંકળ વ્યક્ત થતી હોય તે વિગતે નોંધવી.

જો ભાઈઓ ભાઈઓનાં યા અન્ય નજીકનાં સંબંધીઓનાં ઢોર ભેગાં ચરતાં હોય તો તેવે વખતે દરેક ઘરથી એક ગોવાળ જાય કે બધા ઘર વતી એક કે બે જણ જાય? આ રીતે ગોવાળ જવામાં જો વારા કરવામાં આવ્યા હોય તો એ વારા રોજના, અઠવાડિયાના કે માસના હોય તે પણ વિગતે નોંધવું.

ધણ ચરાવવા માટે સ્ત્રીઓ કે કિશોરીઓ પણ જાય? જો ન જઈ શકતી હોય તો તે શા માટે તે વિગતે નોંધવું. જો અમુક વય પછી ન જઈ શકતી હોય તો તે નોંધવું. જો ધણ લઈને બહારગામ જવાનું હોય તો તેવે વખતે અમુક તિથિએ કે વારે જવાય યા ન જવાય એ પ્રકારની શુકન-અપશુકનની જો માન્યતા હોય તો તે નોંધવી. જે વારે ન જઈ શકાતું હોય એ વારે જો જાય તો તેનાથી શું થાય એવી માન્યતા છે તે વિગતે નોંધવું.

તે જ રીતે દિવસમાં પણ વહેલી સવારે યા નમતા પહોરે જ નીકળાય યા ન નીકળાય એ પ્રકારની પણ કોઈ માન્યતા હોય તો તે નોંધવી. આવી માન્યતા જુદાં જુદાં પ્રાણીઓના ટોળા દીઠ જુદી જુદી હોય તો તે નોંધવું. જો બે જુદા જુદા ટોળાનાં પ્રાણીઓ ભેગાં થઈ જાય તો તેને છૂટાં કેવી રીતે પડાય? જ્યારે ઘણું મોટું ટોળું હોય ત્યારે દરેક પ્રાણી કઈ રીતે પારખી શકાય? દરેક માલિકનાં પ્રાણી જુદાં પાડવા માટેની જે પદ્ધતિ વાપરવામાં આવતી હોય તે વિગતવાર નોંધવી.

પશુપાલનના સંદર્ભમાં કુટુંબના જુદા જુદા સભ્યોની એકેએક ફરજો વિગતવાર નોંધવી. મા, બાપ, દીકરો, દીકરી, પુત્રવધૂ, નાનાં બાળકો વગેરે જે જે ફરજ બજાવતાં હોય તે નોંધવી. ધણ વહેલી સવારે કાઢવું, એને બહાર રોકવું, ચારવા જવું, ચારીને વિસામો આપવો, પાણી પાવું, ઢોરને નવડાવવાં યા તેના પરનાં જીવ-જંતુઓ વગેરે દૂર કરવાં, ઢોરને સાંજે પાછાં લાવવાં, ઢોરને બાંધવાં વગેરે ફરજો જો કુટુંબના જુદા જુદા સભ્યોની વચ્ચે વહેંચી નખાઈ હોય તો તે નોંધવી. આવી ફરજ-વહેંચણીમાં ખેતી અને અન્ય વ્યવસાયમાં પડેલાં કુટુંબોમાં જો ખાસ કોઈ ફેરફાર જણાતો હોય તો તે વિગતવાર નોંધવો.

ગાયો, ઘેટાં, બકરાં, ઊંટ વગેરેને રાખવાની જગ્યા – વાડાને, કોઢને – કયા કયા નામથી ઓળખવામાં આવે? દરેક પ્રાણીઓના વાડાનું જુદું જુદું નામ હોય તો તે વિગતે નોંધવું.

તે જ રીતે જો બધી જ ગાયો, ભેંસો કે અન્ય પશુઓને એક એક વાડામાં પૂરવામાં આવતાં હોય પણ એમાંની કોઈ મારકણી કે કજિયાળી ગાય, ભેંસ કે અન્ય પશુને બાંધવામાં આવતું હોય તો તેને કઈ રીતે અને કયાં બંધાય તે નોંધવું. વાડામાં જ બાંધવામાં આવે કે જુદું? એવી રીતે બાંધવામાં આવે કે જેથી તે બીજા કોઈને મારી ન શકે? – વગેરે વિગતો વિગતવાર નોંધવી. જુદાં જુદાં પ્રાણીઓને બાંધવાની જુદી જુદી ગાંઠ, રસ્સી, એના પ્રકાર વગેરે અંગે પણ ખૂબ વિગતવાર નોંધવું. બકરાં, ગાય, ભેંસ બધાંને એક જ વાડામાં એકી-સાથે છૂટાં રાખી શકાય? જો ન રાખી શકાતાં હોય તો શા માટે? કોઈક અપવાદરૂપ સંજોગો-માં જો રખાતાં હોય તો તે કયારે, કેવાં પ્રાણીઓને તે પણ વિગતે નોંધવું. ઘરે યા નેસમાં જે



રીતે આ પ્રાણીઓને બાંધવામાં આવતાં હોય યા રાખવામાં આવતાં હોય અને જ્યારે જંગલમાં ડેરો હોય ત્યારે જે રીતે રાખવામાં આવતાં હોય તે વિગતે નોંધવું.

આ જુદાં જુદાં પ્રાણીઓને ઘાસ નાખવા વગેરેની જુદી જુદી પદ્ધતિઓ હોય તો તે અંગે અરસપરસ જે જે ફેરફારો જોવા મળતા હોય તે વિગતે નોંધવા. આ પ્રાણીઓ અરસ-પરસ ગુસ્સે ભરાય, લડે, ત્યારનાં વર્તન વગેરે અંગે વિગતવાર નોંધ કરવી. દરેક પ્રાણીની અંદર અંદર અન્ય જાતિના પ્રાણી સાથે લડવાની યા જાતને બચાવવાની, એકબીજાની વહારે ધાવાની, જુદી જુદી જે કંઈ પદ્ધતિઓ હોય તે બધી જ વિગતવાર નોંધવી.

આવાં જુદાં જુદાં પ્રાણીઓના સંયુક્ત ટોળામાં અને જુદા જુદા ટોળામાં તેમ જ અમુક પ્રકારનાં માત્ર એકાદ-બે પ્રાણીઓવાળા ટોળામાં વર્તન-વ્યવહાર વગેરેમાં જે જે વૈવિધ્ય દેખાતાં હોય તે બધાં જ વિગતવાર નોંધવાં.

જુદાં જુદાં પ્રાણીઓના મિશ્ર ટોળાને સાચવવા સહેલા કે બધાં જ પ્રાણીઓના જુદા જુદા ટોળાને સાચવવા સહેલા? તે જ રીતે એક-બે યા પાંચ-સાત માલિકોના ટોળાને સાચવવા સહેલા કે સમગ્ર ગામનું પશુધન? આ અંગેનાં કારણો વિગતવાર નોંધવાં. તે અંગે પણ માહિતી-દર્શકના પોતાના અભિપ્રાય અને તે અંગેનાં કારણો વગેરેની વિગતે નોંધ કરવી. જુદાં જુદાં પ્રાણીઓની સારસંભાળ લેવામાં, લાડ લડાવવામાં, દોહવામાં, ખોરાક-ખાણ આપવામાં, ફળાવવામાં, પાણી પાવામાં, ચરાવવામાં, હેરવવા-ફેરવવામાં, બીજાં પ્રાણીઓથી અલગ યા સંયુક્ત રાખવામાં, તેમને બાંધવા ઘરની આગળનું કે પાછળનું સ્થાન નક્કી કરવામાં, ખાધેલું પચાવવામાં, વાગોળવામાં, બેસવામાં, ઊંઘવામાં, પોતાનાં સંતાનોના અને પોતાના રક્ષણમાં, પોતાની જાતની સફાઈ રાખવામાં, શરીરરચનામાં, જુદાં જુદાં સ્વભાવ-લક્ષણો ને ખાસિયતોમાં, પલોટવામાં, તેમના દુ:ખની અભિવ્યક્તિમાં અને આ ઉપરાંત અન્ય બાકી રહેતી સર્વ બાબતોમાં જોવા મળતા વૈવિધ્યને ખૂબ જ વિગતવાર નોંધવાં.

આ પ્રાણીઓનાં પોતાનાથી બળવાન અને નબળાં પ્રાણીઓ પ્રત્યેનું વલણ અને વર્તન-ઢબ પણ વિગતે નોંધવાં. આ ઉપરાંત જુદાં જુદાં પ્રાણીઓના ઉછેર અને તેમના ઘરના વિવિધ સભ્યો સાથેના આંતરસંબંધો વગેરે અંગે પણ વિગતવાર નોંધ કરવી. ગાયો, ભેંસો, બકરાં, ઘેટાં વગેરેને જો આગળ જતાં હોય તો ઊભાં રાખવાની, દોડાવવાની, પાછાં વાળવાની, કોઈ જગ્યાએ કોઈ ઊભો પાક ખાતાં હોય તો તે ખાતાં રોકવાની, લડવા માટે તૈયાર થવાની, સાવધ થવાની, લડતાં અટકાવવાની, દોડતાં હોય તો ધીમાં પાડવાની, ધીમાં ચાલતાં હોય તો ઝડપથી ચલાવવાની યા દોડાવવાની, પાણી પાવાની, પાણી પરથી દૂર ખસવાની, ઘાસ આપવાની યા ઘાસ પરથી દૂર ખસવાની, બેસાડવાની, ઉઠાડવાની, પાણીમાં પડવાની, શીંગડાં મારવાની યા શીંગડાં મારતાં અટકાવવાની, લીંડી/પોદળો કરવાની યા તેમ કરતાં અટકાવવાની, યા કોઈક અવાજ કરવાની, જે તે પ્રાણી પર ઘોડો કરવાની યા ઘોડો કરેલો હોય ત્યાંથી ઉતારવાની, દૂધ આપવાની યા દૂધ આપતાં અટકાવવાની, ધવરાવવાની યા ધવરાવતાં અટકાવવાની, ડાબી બાજુ કે જમણી બાજુ, આગળ કે પાછળ, યા સીધે રસ્તે ચાલ્યા કરવાની યા અમુક અંતરે જઈને ચરવાની, અને આવી અનેક બાબતો અંગે જો ખાસ કોઈ નિશાનીઓ, અવાજો કે શબ્દો હોય તો તે વિગતે નોંધવા.

જો ઢોર હરાયું હોય તો તેને નિયમનમાં રાખવા શું કરે? તેના ગળામાં યા અન્ય કોઈ સ્થળે જો લાકડું યા એવું કંઈ ભરાવાતું હોય યા તેના પગને કોઈ રીતે સહેજ ઓછું દોડી શકે એ રીતે જો કંઈ બાંધવામાં આવતું હોય તો તે વિગતે નોંધવું. આ રીતે ઢોરને ખોડંગાવવું તે પાપ મનાતું હોય યા યોગ્ય ન માનવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. આવી માન્યતા અમુક પ્રાણી(દા. ત. ગાય)ની બાબતમાં હોય અને અમુકની બાબતમાં ન હોય તો તે પણ વિગતે નોંધવું.

પાળેલાં પ્રાણીઓને ઘરના બીજા કોઈ સભ્યો યા ગોવાળ જે જતો હોય તે સભ્ય જો મારે તો તેને ઘરનાં વડીલો તરફથી ઠપકો અપાય યા બીજું કંઈ કરવામાં આવે? કોઈ ઘરના કિશોરે માર્યું હોય તો બદલામાં તેને મેથીપાક પીરસવામાં આવે? જો મેથીપાક પીરસવામાં આવતો હોય તો તેના ભયથી પણ કોઈ પાળેલા પશુને ન મારે એમ બને ખરું? પોતાનું પાળેલું પશુ જો અન્ય કોઈના ખેતરમાં ધૂસી ગયું હોય અને તેવે સમયે જો કોઈ ખેડૂતનો કિશોર યા યુવાન પુત્ર ગોવાળને જો મારે તો? યા જે તે પ્રાણીને જો મારે તો? તેનાં શાં પરિણામ આવે તે વિગતે નોંધવું.

પ્રાણી જો ઘાસ ખાઈ જાય યા પાકમાં ધૂસી જાય તો તેને શી શી શિક્ષા કરવામાં આવે? શેનાથી મારવામાં આવે? પથ્થરથી? લાકડીથી? ગમે તે લાકડાથી? બીજી કોઈ રીતે પણ જો તેને મારવામાં આવતું હોય તો તે નોંધવું. જો આવાં પ્રાણીને મારવામાં આવતું હોય તો કયું પ્રાણી વધારે માર સહન કરી શકે એમ મનાય? કયા પ્રાણીને સવિશેષ માર મારવામાં આવે? કયાને સૌથી ઓછો? માર સહન કરવાની માત્રા અંગેની માન્યતાના સંદર્ભમાં બધાં પ્રાણીઓનો ક્રમ નોંધવો. જો કોઈ પ્રાણીને મારવામાં આવે અને તેથી તે પ્રાણી મરી જાય યા ખોડંગાઈ જાય યા બીજું કોઈ નુકસાન થાય તો? તેવા સંજોગોમાં સામી વ્યક્તિ સાથે ઝઘડો થાય? કઈ રીતે થાય? કયા મુદ્દાઓ પર થાય? કેવી રીતે ઝઘડે? એનો નિકાલ કોણ કરે? કઈ રીતે કરે? કેટલા સમયમાં કરે? નિકાલ વખતે બંને પક્ષને સંભળાય? બંનેને સાંભળ્યા પછી ચુકાદો કોણ આપે? સામાન્ય રીતે ચુકાદો કેવો હોય? જો કોઈનાં ઢોર ઊભો મોલ ખાઈ જાય અને તેનો ચુકાદો જો પંચોએ આપવાનો હોય તો તે કઈ રીતે આપે? જેનાં ઢોર ખાઈ ગયાં હોય તેને શું આપવું પડે? જો કોઈના ઊભા મોલને નુકસાન કર્યું હોય તો તે પેટે ઢોરના માલિકે સામાન્ય રીતે શું આપવું પડે? તેમાંથી થતા ઝઘડાઓનાં થોડાંક ઉદાહરણો નોંધવાં. આવા કોઈ ઝઘડાઓ જો કોર્ટમાં ગયા હોય તો તે નોંધવા. પ્રાણીઓને માર ખવડાવવાની યા પાછળ પડવાની યા તેની સાથે અન્ય કોઈ ફરિયાદ જો ઘરમાં જ યા સંયુક્ત કુટુંબમાં જ બીજા કોઈની સામે થઈ હોય તો તેને લીધે સંયુક્ત કુટુંબના સબંધોમાં ઓટ આવે ખરી? કઈ રીતે? કેવી? કેટલા સમયમાં? જો બહુ નજીકના હોય તો આવા મુદ્દા પર તકરાર ન થાય? ભલે થોડું મનમાં લાગે પણ જો બીજું કંઈ ન થતું હોય તો તે પણ વિગતે નોંધવું. જો દૂરના હોય તો તકરાર થતી હોય તો તે નોંધવું. તે જ રીતે જો એક જ ગામના હોય તેવે વખતે યા એક જ ગોત્ર, અટકના હોય તેવે વખતે ન થતી હોય પણ અન્ય સંજોગોમાં થતી હોય તો તે વિગતે નોંધવું. જો આવાં પ્રાણીઓની મારામારીની યા ખાઈ જવાની તકરારમાં પુરુષ પોતે ન પડતા હોય અને બાળકો યા સ્ત્રીઓ જો અંદરોઅંદર ભાગ લેતાં હોય તો તે પણ



વિગતે નોંધવું. એવે વખતે છોકરાં છોકરાં અંદરોઅંદર અન્યનાં પ્રાણીઓને પોતાનું પ્રાણી જે રીતે તેણે ખોડાતું કરી નાખ્યું તે રીતનું કરી નાખવાની ધમકી આપતાં હોય તો તે નોંધવું. આવી ધમકીને જો કોઈ મન પર ન લેતું હોય યા તેવે સમયે મોટાંઓ તેને તેમ બોલતાં યા જો વાસ્તવમાં તેમ કરવાનો પ્રયાસ કરે તો તે કરતાં જો વારતાં હોય તો તેની વિગતો પણ મેળવવી. જો આવો ઝઘડો જો કોઈ બીજી જ્ઞાતિની વ્યક્તિની સાથે હોય તો તેવે વખતે અધ્યયન હેઠળના સમાજના લોકો જો એક બાજુ થતા હોય યા આવું કોઈ વર્તન સામાન્ય રીતે જોવા મળતું હોય તો તે અંગેની વિગતો મેળવવી. કોઈ પશુની પાછળ પડવું યા તેને ખાતું હોય ત્યાંથી વાળવું યા બીજું કંઈક કરવું યોગ્ય મનાતું હોય પણ જો તેને પથરો મારવો યા બીજું કંઈ કરવું જો અયોગ્ય લેખાતું હોય તો તે વિગતે નોંધવું. એમ શા માટે લેખાય છે તે પણ નોંધવું. આવું અયોગ્ય લેખાતું પથ્થર મારવાનું યા કડિયાળી ડાંગ મારવાનું કૃત્ય જો કોઈ છોકરું યા બીજી કોઈ વ્યક્તિ ગુસ્સામાં કરે તો તેની સાથે ઝઘડો કરવામાં આવતો હોય યા બીજું જે કંઈ કરવામાં આવતું હોય તે વિગતે નોંધવું. આ ઉપરાંત પણ પશુને જે જે શિક્ષાઓ વગેરે કરવામાં આવતી હોય અને તેનાં જે જે પરિણામો આવતાં હોય તે વિગતે નોંધવાં. પશુને મારવાથી પાપ લાગશે એમ જો મનાતું હોય તો તે પણ નોંધવું. અમુક પશુને મારવામાં પાપ ન લેખાતું હોય અને અમુકને મારવામાં પાપ લેખાતું હોય તો તે નોંધવું. પશુને જે કંઈ માર મારવામાં આવે છે તેની સરખામણી જ્યારે કોઈ માણસને પણ ડાંગથી યા બીજી રીતે બહુ માર મારવામાં આવ્યો હોય ત્યારે થતી હોય તો તે વિગતે નોંધવું. દા. ત. અધ્યયન હેઠળના એક સમાજમાં જો કોઈ લાકડીથી કોઈ પુરુષ કે સ્ત્રીને સખત માર મારે તો એમ કહેવાય છે કે તે 'ઢોરફાડ માર મારે છે.' આવી કોઈ પણ ઉક્તિ હોય તો તે વિગતે નોંધવી.

પશુની કઈ કઈ આમન્યા સાચવવી જોઈએ? જો તે ન સચવાય તો શું થાય એમ મનાય? દા.ત. પશુને લાત મારવા પર પ્રતિબંધ હોય તો તે શા માટે હોય છે તે નોંધવું. તે જ રીતે જો તેના પર થૂંકાય નહીં, કોગળો ન કરાય. અમુક પ્રાણી (દા.ત. ગાય) પર સવારી ન થાય, તેને ગાળ ન દેવાય, તેને રોકટોક કે ઠપકો ન અપાય, યા આવી બીજી જે કંઈ માન્યતા હોય કે ન હોય તે નોંધવી. અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ માહિતીદર્શક, આ અંગે જે કારણો આપે તે પણ વિગતે નોંધવાં. પશુને ગાળ ક્યારે દેવાય? કઈ કઈ રીતે? વાસ્તવમાં કયા શબ્દોમાં? જો કોઈ ગાળ દે તો તેને ઠપકો અપાય? કોણ આપે? આવી ગાળ સામાન્ય રીતે ક્યારે ક્યારે અને કયા કયા સંજોગોમાં દેવાય તે નોંધવું.

દરેક પ્રાણીએ પોતે શી શી આમન્યા રાખવી જોઈએ એવી અપેક્ષા રખાય? દા.ત. તેણે ઘરની રહેઠાણના મુખ્ય દરવાજાની અંદર ન આવવું જોઈએ. પરસાળમાં મૂકેલા અનાજ, ઘાસ કે ચારાપાણીમાં મોં ન નાખવું જોઈએ. કોઢમાંથી આંગણે ન ચડી જવું જોઈએ વગેરે. આવી આમન્યાનાં ધોરણો પશુ-પ્રકારવાર જુદાં જુદાં હોઈ શકે. કેટલીક વાર આવો તફાવત અમુક માત્રામાં પણ હોઈ શકે, કેટલીક વાર તેને વયજૂથની સાથે પણ સબંધ હોઈ શકે. મતલબ કે બચ્ચાં અને પુખ્ય વયનાં પશુ માટેનાં અલગ ધોરણ હોઈ શકે.

હરાયા યા બીજાનું ખાઈ જનારા ઢોરને માટે જે પૂર્વ આયોજિત પગલાં લેવાતાં હોય તે તેમ જ તેને માટે જો કંઈ ખાસ ઉક્તિઓ વપરાતી હોય તો તે વિગતવાર નોંધવી. હરાયા

ઢોરની ચરવાની, ગમે તેના ખેતરમાં નજર ચૂકવીને ઘૂસી જવાની અને ઝડપથી ખાઈ જવાની જે પદ્ધતિ હોય તે વિગતવાર નોંધવી. અને તેને અટકાવવા માટે ગળામાં યા પગ પર જો કોઈ 'ખોડું' બાંધવામાં આવતું હોય તો તે વિગતે નોંધવું.

માહિતીદર્શકની દૃષ્ટિએ હરાયા અને હરામી ઢોરના તફાવત નોંધવા અને તેમની લાક્ષણિકતાઓને વિગતવાર નોંધવી. ગાય, ઘેટાં, બકરાં, બળદ, ભેંસ અને અન્ય પ્રાણીઓની વર્ગ તરીકેની અને તેમાંનાં કેટલાંક પ્રાણીઓની જે ખાસ ખાસિયતો હોય તે અને તે ખાસિયતો માટે જો કોઈ વિશિષ્ટ કારણો પણ માહિતીદર્શકો દ્વારા અપાતાં હોય તો તે વિગતે નોંધવાં. દા.ત. ભેંસને વરસાદ બહુ ગમે. તે પાણીમાં પડી રહે પણ તડકાની રાંક હોય. બકરી વરસાદમાં થર થર કાંપે, ઘેટું ઊંધું ઊંધું ચરે. બકરી કૂંપળને પહેલી કાપે. એવી જુદી જુદી બાબતો અંગે અન્ય બધાં જ પ્રાણીઓની શક્ય હોય એટલી સવિશેષ ખાસિયતો વિગતવાર નોંધવી. માહિતીદર્શકને આ પ્રશ્નમાં વિચારવાનું હોવાથી વિશેષ સમય આપવો. તે જ રીતે એક જાતિમાંનાં જુદા જુદા પ્રકારનાં પ્રાણીઓની જુદી જુદી ખાસિયતો પણ નોંધવી દા.ત. અમુક બકરું હરાયું હોય, અમુક બકરું હંમેશાં આગળ, પાછળ કે વચ્ચે જ ચાલતું હોય, અમુક બકરું હંમેશાં બીજાં બકરાં સામે શીંગડાં ઉછાળ્યા કરતું હોય, અમુક બકરું સૌથી આગળ જઈને જ પાણી પીતું હોય, અમુક બકરું અતડું જ રહેતું હોય, અમુક બકરું રાત્રે ખૂબ બીતું હોય યા બહુ જ ઓછું બોલતું હોય તો તે વિગતે નોંધવું. એવી ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, બળદ, પાડો, પાડી, વાછડું વગેરેની લાક્ષણિકતાઓ યા વિશિષ્ટ ખાસિયતો માટે માહિતીદર્શકને વિશેષ સમય આપીને પૂછવું. આવી ખાસિયતોમાં કેટલાકની બીજાને શીંગડાં ભરાવવાની, કેટલાકની બીજાને લાત મારવાની, કેટલાકની બીજાંને જોઈને ભાંભરવાની તો કેટલાકની અજાણ્યાને જોઈને ભડકવાની, કોઈકની બીજાની સામે તાકીને જોઈ રહેવાની તો કેટલાકની કોઈકની પાસે પંપાળાવવાની તો કોઈકની ક્રોધમાં મારવા દોડી જવાની, કોઈકની વાડ ઠેકાવીને ભાગી જવાની તો કોઈકની ગળામાં કે પગે બાંધેલી રસી તોડીને ભાગી જવાની, કોઈકની જ્યાં બાંધ્યું હોય ત્યાંથી ખેંચાયા જ કરવાની તો કોઈકની પોતાને આપ્યું હોય તે નહીં પણ બીજા કોઈને આપ્યું હોય તે જ ખાવા માટે તણાવાની – આવી જાતજાતની ખાસિયતો હોય તે વિગતવાર નોંધવી. આવી ખાસિયતોની યાદી તૈયાર કરીને જો જુદાં જુદાં પ્રાણીઓને લાગુ પાડવાનું યોગ્ય લાગે તો તેમ કરવું. બધા વર્ગનાં પ્રાણીઓમાં સામાન્ય ગણાતી કેટલીક ખાસિયતો માટે જો તેમ થઈ શકે તો તે નોંધવું. પણ અન્ય અલગ પડતી ખાસિયતો માટે અલગ જ નોંધવું. આમાંની કેટલીક ખાસિયતો જો નુકસાનકારક હોય તો તેની તેના માલિક દ્વારા, જે તે પ્રાણીની નજીક જતાં ખ્યાલ આપી દેવાતો હોય તો તે વિગતે નોંધવું. અજાણ્યાને તેનો કઈ રીતે ખ્યાલ અપાય? કેટલીક વખત આવી અમુક કુખાસિયતો કે કુટેવોવાળા પ્રાણીને વેચી દેવાય ખરું? કેવી રીતે? તેની આવી ખાસિયત માટે ઓછી કિંમતે પણ વેચાય? આમ વેચાણ કરતી વખતે લેનારને આવી ખાસિયતની જાણ કરાય ખરી? જો જાણ ન થાય તો? તેનાં સંભવિત પરિણામો વગેરે અંગે પણ વિગતે નોંધવું. જુદાં જુદાં પ્રાણીની કઈ કઈ સારી અને ખરાબ ટેવો ગણવામાં આવે તે વિગતવાર નોંધવું. આવી સુટેવો-કુટેવો માટે પ્રશંસા કે નિંદા કરવામાં આવતી હોય તો તે કઈ રીતે, કયા શબ્દોમાં, કોની આગળ, કયા સંજોગોમાં, શા માટે, કોની કોની હાજરીમાં સામાન્ય રીતે કરવામાં આવે તે વિગતે નોંધવું. તેની કિંમત વગેરેમાં પડતા ફેરને પણ આ સંદર્ભમાં નોંધવો. પ્રાણીને લાડ લડાવવાના જુદા જુદા પ્રકાર વગેરે નોંધવા. દા. ત. (૧) તેને શરીરે ખંજવાળવામાં આવે. હાથ ફેરવવામાં આવે.



(૨) તેના ગળામાં ગળું ભેરવવામાં આવે. (૩) તેને બીજાં પ્રાણી કરતાં અલગ પાણી આપવામાં આવે. (૪) તેને અલગ ખાણ આપવામાં આવે યા લીલું ઘાસ આપવામાં આવે યા કોઈક ખેતરમાં તેને વહેલા અથવા પહેલા ચરવા દેવામાં આવે. (૫) તેને ખાસ નામથી બોલાવવામાં આવે, ખાસ લાડકું નામ પાડવામાં આવે. (૬) તેની ભૂલ છતાં મારવામાં ન આવે; જે સંજોગોમાં બીજાં પ્રાણીઓને મારવામાં આવતાં હોય. (૭) તેના પરનાં ગલુડાં યા અન્ય જંતુઓને તોડી પાડવામાં આવે. આ અને આવા આ ઉપરાંત લાડ લડાવવાના જે કોઈ પ્રકાર હોય તે બધા જ વિગતે નોંધવા. અમુક પ્રાણીઓ માટેનો ખાસ પક્ષપાત કઈ કઈ રીતે વ્યક્ત થાય? લાડ કરવાના આગળ ગણાવ્યા તે પ્રકાર ઉપરાંત બીજી જે જે રીતે આ ખાસ પક્ષપાત વ્યક્ત થતો હોય તેની બધી જ વિગતો મેળવવી. આવા ખાસ પક્ષપાતની અન્ય પ્રાણીઓના વર્તન પર તથા કુટુંબના અન્ય સભ્યોના વર્તનમાં પડતી અસરોનો પણ વિગતે અભ્યાસ થઈ શકે. કોઈક પ્રાણી માટેનો ખાસ પક્ષપાત અન્યને જો ન રુચતો હોય તો તે નોંધવું અને તે વર્તનમાં કઈ રીતે વ્યક્ત થાય તે પણ નોંધવું. તેઓ એ કહી દે તેનાથી ઊલટું તે પ્રાણી પ્રત્યે અણગમો વ્યક્ત કરે અથવા બીજું જે કંઈ થાય તે નોંધવું. આવા ખાસ પક્ષપાત પાછળનાં કારણોનો પણ વિગતે ઉલ્લેખ કરવો. આવાં કારણોમાં જો તે ગાય હોય તો તે કદાચ દૂધ વધારે આપતી હોય, બળદ ખેતી કરતો હોય યા આવાં બીજાં જે કોઈ કારણો આવો ખાસ પક્ષપાત ઊભો થવા પાછળ ભાગ ભજવતાં હોય તે બધાં વિગતવાર નોંધવાં. ખાસ પક્ષપાત અને લાડ લડાવવામાં જે ભેદ હોય તે પણ વિગતે નોંધવા. ખાસ પક્ષપાત અંગેની અન્ય જે કંઈ પ્રાપ્ય વિગતો હોય અને જેનો અહીં સમાવેશ નથી થયો તેવી બધી જ વિગતોને વિગતવાર મેળવવી. વિવિધ પ્રાણીઓના નિયંત્રણ માટેનાં, હળવાશથી બેસાડવા માટેનાં, દવા પાવા માટેનાં, ખસી કરવા માટેનાં, શીંગડાં કાપવા માટેનાં યા નાબૂદ કરવા માટેનાં, ઓળખવા માટેની નિશાનીઓ માટેનાં, વિવિધ પ્રકારની સારવાર માટેનાં, પ્રાણીને શાન્ત કે બેભાન બનાવવા માટેનાં વિવિધ સાધનો તેમ જ પદ્ધતિઓ વગેરે ખૂબ વિગતવાર નોંધવી. પ્રાણીની પૂછડી કાપવાની યા તેના પર કોઈ નિશાની કરવાની પ્રથાથી અધ્યયન હેઠળનો સમાજ જો પરિચિત હોય તો તે પણ વિગતે નોંધવું. વિવિધ પશુઓને એકબીજાને બોલાવવાના વિવિધ પ્રકારના અવાજો અંગેના, અધ્યયન હેઠળના સમાજના અનુભવી માહિતીદર્શકોના અભિપ્રાય વિગતવાર નોંધવા. આવા અવાજ કેવી રીતે પેદા થાય છે, કયા હેતુસર હોય છે (દા.ત. માતા વાછરડાંને ધવડાવવા માટે ભાંભરે, ભૂલી પડી ગયેલ હોય તો પોતાના ધણની શોધમાં ભાંભરે, કોઈ વાર ગુસ્સામાં બળદ તાડુકે) અને કેટલીક વાર જે તે જાતિનાં જંગલી પશુઓ (દા.ત. જંગલી ભેંસ, બકરો) અને પાળેલાં પશુઓ વચ્ચેના અવાજોમાં ભિન્નતા હોય તો તે, તેમ જ અમુક અવાજો જંગલી પશુઓ કે પાળેલાં પશુઓમાં ન જોવા મળતા હોવાનું જો નિરીક્ષણ હોય તો તે પણ નોંધવું.

પોતાનાં પાળેલાં પશુઓ કોઈ વાર સ્વપ્નમાં આવે ખરાં? જો પાળેલાં પશુઓ સ્વપ્નમાં આવતાં હોય અને તેના જો કોઈ ફલાદેશ હોય યા તેને કોઈ શુકન-અપશુકનની સાથે સાંકળવામાં આવતાં હોય તો તે વિગતવાર નોંધવું. કોઈ વાર તેને સમગ્ર પશુ યા સ્વપ્નમાં આવનાર અમુક પ્રકારના ખાસ લાડકવાયા યા સવિશેષ પક્ષપાતવાળા પશુ માટેની ખાસ લાગણીનું પ્રતીક જો માનવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું.

જો કોઈ પ્રાણી કોઈ કામ કરવાના પ્રારંભમાં યા અમુક તબક્કે જો કોઈને સામે મળે યા આડું ઊતરે તો તેથી શુકન કે અપશુકન થાય તેવી જો કોઈ માન્યતા હોય તો તે પણ

વિગતે નોંધવી. દા. ત. ગાય સામી મળે તો તે શુભ શુકન ગણાય. તે જ રીતે અમુક વયનું યા અમુક અવસ્થામાંથી પસાર થતું પ્રાણી સવિશેષ કે ઓછું શુકનવંતું મનાતું હોય તો તે નોંધવું. દા.ત. વાછરડી વિશેષ શુકનવંતી મનાય. અમુક ધાર્મિક યા સામાજિક પ્રસંગે પણ દાન આપવામાં કયા પ્રાણીનો ઉપયોગ થાય, કોનો ન થાય તે વિગતે નોંધવું.

અધ્યયન હેઠળના સમાજના વસવાટના વિસ્તારમાં થતા તેમ જ અન્યત્રથી આયાત કરવામાં આવતા વિવિધ પ્રકારના ઘાસચારાની વિગતવાર યાદી કરવી. જેમ કે ગુજરાત-સૌરાષ્ટ્રમાં સામાન્ય રીતે નીચેનાં ઘાસ વપરાશમાં લેવાતાં હોય છે : કડબ, કડબી, કનેરુ, કાળિયું, કાગડો, ખારિયું, ખેવડો, ગરોલું, ગંધારો, ઝીંઝવો, ગાંધી, ગુંડડ, ઘઉંલી, જારધારુ, ઝીંઝવો, ઝીંઝવો મોટો, દાભ, ધરફડો, ફોફલી, બરુ, ભંગોરુ, ભેર, મોશી, મોહટી, રાતડ, રોસડો, લાંપડું, વાઘનોરુ, વેલની સમેરવી, સમેરવો, સામનસોરુ, સીકલુ, સુરવાલી, સુરવાલુ, સુરસાવરણી, હરિયાળી (ધરો).

ઢોરને આપવામાં આવતાં પરંપરાગત ખાણદાણમાં શેનો શેનો સમાવેશ થાય છે તે તેમ જ તે ઢોરને ભાવવા ન ભાવવા અંગે યા તેની ઉપયોગિતા અંગે અધ્યયન હેઠળના સમાજમાં જે કંઈ ખ્યાલો પ્રવર્તતા હોય તે વિગતવાર નોંધવા. આવા ખાણદાણમાં અનેક વસ્તુઓનો ઉપયોગ થાય છે. દા. ત,. અડદ, અમૂલદાણ, કપાસિયા, કળથી, ગુવાર, ઘઉંનું કુંવર, ચોખાનું પરાળ, જુવારની કડબી (સૂંઢિયું), ડાંગરની કુશકી, તુવેરનું કોરમું, તેલનો ખોળ, બાજરીનું ઢૂંસું, મઠ, મકાઈ લીલી, મકાઈનાં સળિયાં, મહુડાં, સાગરદાણ, સાબર દાણ, સીંગનો ખોળ વગેરે.

વિવિધ ઝાડપાનના પાલાઓ પણ ખાસ કરીને ઘાસની અછતટાણે ખવડાવવામાં આવે છે. આવાં ઝાડમાં કેટલાંય ઝાડપાનનો સમાવેશ થતો હોય છે. દા.ત. અરણી, અસની, આમળાં, આટેડી, એરંડો (પાકાં પાન), ઊંબરો, ઊમ, કડાયો, કલમ, કરમદી, કરંજ, કારીખડો, કોદરા, ખાખરો, ખીમડો, ખેતરાઉ બોરડી, ખેર, ગરમાળો, ગાંગડ, ચણિયાબોર, ચેર, જાંબુ, ટીંબરવો, દૂધલો, ધાવડી, ધાવડો, ધીતી, ધ્રામણ, નેવરી, પીપળી, બહેડો, બાવળ, બોરડી, મરડા શીંગી, મવેડો, મવેડી, રાણ, રોંણ, લીમડો, વડ, વાંસ, વિકળો, શેમળો, શેવરી, સરસડો, સાજળ, સીસમ, સીસમડી, સીસધરો, હળદરવો, હાથલા.

અધ્યયન હેઠળના સમાજમાં આ બધાં યા આમાંનાં કેટલાંક, યા આ ઉપરાંતનાં પણ અન્ય કેટલાંક ઘાસના ગુણધર્મો, અને ઢોરને ભાવવા ન ભાવવા યા મજબૂતાઈ કે દૂધ આપવા ન આપવાની દૃષ્ટિએ જે કોઈ ગુણધર્મો હોવાનું મનાતું હોય તો તે વિગતવાર નોંધવું. અમુક ઘાસને અન્ય ઘાસ કરતાં જો અગ્રિમતા અપાતી હોય તો તેનાં કારણો પણ વિગતે નોંધવાં. તે જ રીતે જો કોઈ ઘાસનાં ફૂલ આવ્યા પહેલાં, ફૂલમાં હોય ત્યારે અને બી થયા પછીના ગુણધર્મોમાં અમુક ફેરફાર થતો હોવાનું અધ્યયન હેઠળના સમાજનું જો નિરીક્ષણ હોય તો તે પણ વિગતે નોંધવું. આ ઉપરાંત અન્ય કેટલાક લીલા ચારાઓ પણ કેટલીક વાર ખાસ વાવવામાં આવે છે. અધ્યયન હેઠળના સમાજમાં આવા લીલા ઘાસચારાને કેવું મહત્ત્વ આપવામાં આવે છે? લીલો ઘાસચારો કુદરતી રીતે ઉપલબ્ધ ન હોય તે વખતે, પશુઓના ઘાસચારા માટે જ જો અમુક વાવેતર કરવામાં આવતું હોય તો તે વિગતવાર નોંધવું. આવા દરેકેદરેક ઘાસચારા અંગે માહિતીદર્શકો પાસેથી, તેના સામાન્ય પરિચય ઉપરાંત, તે વાવવા માટેની જમીનનો પ્રકાર, જમીનની ખેડ, વાવણીનો સમય, વાવણી પદ્ધતિ, તેમાં વાપરવામાં આવતાં ખાતરો, સિંચાઈ, કાપણીનો સમય, પ્રકાર, જીવજંતુથી તેનું સંરક્ષણ, તેની ઊપજનું પ્રમાણ, તેના પરંપરાગત



ઉપયોગ અને અધ્યયન હેઠળના સમાજમાં આ ઘાસના પ્રચલિત ગુણદોષો વગેરે અંગેની વિગતો વિગતે નોંધવી. તદુપરાંત દરેક પાકના એકાદ એકરમાં સામાન્ય રીતે કેટલાં બી જોઈએ, કેટલા સમયે તે તૈયાર થાય, અને તે કેટલાં કયા પ્રકારનાં ઢોરને પૂરો પડી શકે વગેરે વિગતો વિગતવાર નોંધવી. આવા ઘાસચારાઓમાં, ઉતાવળી યા સૂંઢિયું, એલીફંટ ઘાસ, ઓટ, કુબાબુલ, ગીનીઘાસ, ગૂગળો, છાસટિયો, જવ, બાજરી, બારસીમ, મકાઈ, માલવણ, રજકો, શોલાપુરી શિયાળુ જુવાર વગેરે વવાતાં હોય છે. કેટલીક વાર ઢોરના ખાવા માટે જ આવા કોઈ ચારા વવાય તેનાથી અધ્યયન હેઠળનો સમાજ સાવ અજાણ જ હોય એમ પણ બને. જો તેમ હોય તો તે પણ નોંધવું. કેટલીક વાર માત્ર તાજેતરનાં વર્ષોમાં જ આવા અમુક ચારાઓ ખાસ ઢોર માટે વવાવાની શરૂઆત થઈ હોય તો તે પણ નોંધવું.

સામાન્ય રીતે વિવિધ પશુઓને અપાતાં ઘાસદાણા, દૂધ દેનાર પશુઓને આપવામાં આવતા ઘાસચારા તેમ જ દાણા, તેમ જ દૂધ આપનાર પશુઓને આપવા યોગ્ય ન લેખવામાં આવતા ઘાસચારાની વિગતે નોંધ કરવી. દા.ત. દૂધ દેનાર પશુને જુવાર, સરસવ, જવ, મકાઈ, અડદ, મગ, ચણા, મસૂર, મઠ વગેરેનો લીલો ચારો, તેમ જ ઘઉં-ચણાના ફાડા, ગુવાર, મગફળી, જવ વગેરે આપવા આવકાર્ય લેખાય છે જ્યારે મકાઈ, બાજરીનો સૂકો ચારો, ચણાનું, ગુવારનું ભૂસું, ચાવલનું પરાળ યા બાજરી, જુવાર કે મકાઈના દાણા, સૂકા રોટલા, સડેલી દાળ વગેરે ન આપવાં જોઈએ વ.. ઘાસસંચયનો હેતુ અને તેની સમગ્ર વ્યવસ્થાનું વિગતવાર વર્ણન કરવું. વિવિધ પ્રકારના ઘાસસંચયની પદ્ધતિઓને વિગતવાર નોંધવી. ઘાસની ગંજીની સમગ્ર રચના વિગતે નોંધવી. ગંજીમાં પાણી ન જાય તેમ જ ઘાસ સડી ન જાય તે માટે જે કંઈ ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોય તે નોંધવી. આવી ગંજી કોઈ પણ કરી શકે કે તેના ખાસ કસબીઓ? ગંજી કઈ રીતે તૈયાર કરે? તેમાં કઈ કઈ સામગ્રી વપરાય? ગંજી માટેના પૂળા કોઈ ખાસ જુદી રીતે બનાવવા પડે ખરા? ગંજીને બીજી કોઈ ખાસ સારવાર આપવી પડે ખરી? વ. વિગતો એકત્રિત કરવી. સાયલેજ વગેરેની પણ અધ્યયન હેઠળના સમાજને કંઈ જાણકારી હોય તો તે નોંધવી. ગંજીને કોઈ પ્રાણી કે પાલતુ પશુ પણ બહારથી ન બગાડે તેને માટે લેવામાં આવતી કાળજી અને તેની સમગ્ર પદ્ધતિનું વિગતવાર વર્ણન કરવું. તે જ રીતે વિવિધ પ્રકારનાં ઘાસ, ખડ વગેરેના સંચય, સંરક્ષણ, રાખવાની પદ્ધતિનું વિગતવાર વર્ણન કરવું. વિવિધ પ્રકારનાં ઘાસ, ખડ વગેરે ક્યારે, કેવી રીતે રખાય છે તેનું પણ વિગતવાર વર્ણન કરવું. અમુક પ્રકારનું ખડ કે ઘાસ અમુક લાડકાં કે વિશેષ પક્ષપાતવાળાં યા દુધાળ અને વ્યવસાયની દૃષ્ટિએ મહત્ત્વનાં પશુઓ– (દા. ત. ખેડૂતને માટે બળદ યા કોઈક શાહુકારનો ઘોડો)-માટે જો રખાતું હોય તો તે પણ ખાસ નોંધવું. ખડ યા તેના અમુક ભાગને અનાજ વગેરેની સાથે બાફીને તેમાંથી જો કોઈક મિશ્ર વાનગીઓ બનાવવામાં આવતી હોય તો તે પણ વિગતવાર નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં, નવજાત, થોડા દિવસો, અઠવાડિયાંઓ અને મહિનાનાં પશુબાળ, ઋતુમાં આવે તેવાં પાડાં, વાછરડાં, લવારાં વ., સગર્ભા તેમ જ પ્રથમ વેતરવાળી માતાઓ, દૂધ દેનાર તેમ જ દૂધ છાંડી દીધેલ, તેમ જ વેચવા કાઢેલ પશુઓ વગેરેના ખોરાક અંગેની વિગતવાર વિગતો એકત્રિત કરવી. તે જ રીતે ઉપરોક્ત વિવિધ તબક્કાનાં પશુઓમાં નર-માદામાં પણ ખોરાકમાં જે તફાવતો જોવા મળતા હોય તે પણ વિગતવાર નોંધવા. તે જ રીતે, ત્વરિત પશુઉછેર માટે, દૂધ વધારવા માટે, ખેતીના યા સંબંધિત અન્ય કાર્યમાં સંકળાયેલ પશુ અસરકારક રીતે કામ કરી શકે તે માટે, ખૂંટ વ. માટે, સગર્ભા અને બિન ફળેલાં

પશુઓ માટે, તેમ જ સવિશેષ માંસ માટેનાં પશુઓમાં વિવિધ સ્તર પરના ખોરાકના ફેરફાર વિગતે નોંધવા. જો બચ્ચાંને બરાબર ધવડાવવામાં આવે અને ખોરાક વગેરેમાં ધ્યાન આપવામાં આવે, તો તે વહેલાં પુખ્ત વયનાં થાય, વહેલાં ઋતુમાં આવે અને તેને ફળવા વગેરેની ક્રિયા પણ વહેલી થાય એવી કોઈ માન્યતા અસ્તિત્વ ધરાવે છે ખરી? પશુઓને ખવડાવવામાં આવતા ખોરાક અને તેનું માંસ યા દૂધમાં થતા પરિવર્તન વચ્ચેના સંબંધો અંગેના પરંપરાગત ખ્યાલોને વિગતવાર નોંધવા. ખોરાક અને તેના માંસમાં પરિવર્તન, તેમ જ દૂધની પ્રાપ્યતા વચ્ચે જો કોઈ સંબંધો હોય તો તે પણ વિગતવાર નોંધવા.

પાળેલાં પ્રાણીઓને જે કંઈ ખવડાવવા-પિવડાવવામાં આવે છે તેના પ્રમાણમાં તેમને દૂધ, માંસ, ખેતીવિષયક ઉપયોગ, વેચાણ અને અન્ય કોઈ સ્વરૂપે મળતા વળતર અંગેના અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોના ખ્યાલો અને નિરીક્ષણોને વિગતવાર નોંધવાં.

જુદાં જદાં પ્રાણીઓના ખોરાક, તેની ચાવવાની–પચાવવાની પદ્ધતિ અને દરેકને ભાવવા ન ભાવવાની ચીજવસ્તુઓ, પાલાઓ વગેરે અંગેની વિગતો વિગતે મેળવવી.

દા.ત. ભેંસને ઉનાળામાં ખાખરાનાં પાન બહુ ભાવે. તેનો કેશૂડો રસભેર ખાય. તે જ રીતે ઊંટને લીમડાનો પાલો ખૂબ ભાવે. આવું જુદાં જુદાં પ્રાણીઓની ખોરાક અંગેની ખાસિયતો અંગે નોંધી શકાય. જુદાં જુદાં પ્રાણીઓની ખાવાની ઝડપ અને જુદા જુદા ખોરાકવાર જથ્થા વગેરે અંગેની વિગતો પણ વિગતવાર મેળવવી.

જુદાં જદાં બધાં જ પ્રાણીઓની શરીરરચના અંગેના પ્રચલિત બધા જ ખ્યાલો નોંધવા. અને તે ઉપરાંત જુદા જુદા બધા જ વર્ગનાં અને એક જ જાતિમાંનાં જુદાં જુદાં પ્રાણીઓનાં શારીરિક વૈવિધ્ય અંગે વિગતવાર નોંધવું. ઉપરનાં દરેક પ્રાણીઓનું ઘરના પ્રણાલિકાગત માળખામાં શું સ્થાન છે, તેમને ઘરમાં, ઘરબહાર વાડામાં કઈ રીતે રાખવામાં આવે છે તે વિગતવાર નોંધવું. ઘરની આગળપાછળ, અંદરબહાર, બાજુમાં કઈ રીતે કયાં કયાં પ્રાણીઓને કયાં કયાં શેનાથી બાંધીને કે સામૂહિક કે વ્યક્તિગત રીતે રાખવામાં આવે છે તે અંગેની વિગતોમાંથી કેટલીક લાક્ષણિક વિગતો સમગ્ર ગામ તેમ જ કુટુંબોમાંથી મેળવવી. આવાં જુદાં જુદાં પ્રાણીઓને ઘરમાં યા વાડામાં કયાં કયાં હેરફેર કરવાની છૂટ કે બંધી હોય છે તે દરેક વર્ગનાં પ્રાણી દીઠ નોંધવું. જે લાડલાં પશુ હોય તેમને તેમાં કોઈ છૂટ ખરી? આવા અવકાશ કે પ્રતિબંધ પાછળનાં કારણો વગેરે પણ વિગતે નોંધવાં. જુદાં જુદાં પ્રાણીઓની જુદી જુદી પરિસ્થિતિમાંની બધી જ વિશિષ્ટ કે સામાન્ય આદતો કે વર્તનોને નોંધવાં. દા. ત. દરેક પ્રાણીને ઘાસ, ખોળ યા ખાણ આપવામાં આવે ત્યારનું અને તે પૂર્વેનું વર્તન, તેમ જ આવા પ્રસંગનું અંદર અંદરનું વર્તન નોંધવું. દા.ત. જો ખાણ એક જ ટોપલામાં માદીકરાને અપાયું હોય તો તેવા વખતનું વર્તન, તે જ રીતે પાણી પાતાં, ટોળામાં હાંકતાં, બીક લાગે ત્યારે નાસતાં, ભેગાં ભેગાં હાંકતાં, કંઈ પાછળ પડે ત્યારે, આવી વિવિધ પરિસ્થિતિમાંના તેમના વર્તનને વિગતવાર નોંધવું.

દરેક પ્રાણી યા તેના ટોળાનાં, જે તે સમાજમાંનાં પરંપરાગત રહેઠાણસ્થાન પણ નોંધવાં. દા. ત. જે તે પ્રાણીને છેક ઘરના અંદરના ભાગમાં, માણસો વગેરેના રહેઠાણની સાથે જ, એક અલગ ભાગમાં, ચોપાડ યા ઓશરીમાં, ઘરની આગળના ફળિયામાં કે ઝાંપા બહાર કયાં રાખવામાં આવે છે તે વિગતવાર નોંધવું. આમાં એક જ પ્રકારનાં પ્રાણીઓને અલગ અલગ ઋતુમાં અલગ અલગ સ્થળે રાખવામાં આવતાં હોય યા સમગ્ર વર્ષમાં એક જ સ્થાને રાખવામાં



આવતાં હોય, આવી બંને શકયતાઓ છે. તેમને જે રીતે રાખવામાં આવતાં હોય તે વિગતવાર નોંધવું. આવી સ્થાનપસંદગી સામાન્ય રીતે કઈ કઈ બાબતોને લક્ષમાં રાખીને કરવામાં આવતી હોય છે તે પણ નોંધવું. દા. ત. કેટલીક વાર અમુક જંગલ વિસ્તારોમાં ચિત્તા યા વાઘ કે આવાં જંગલી પશુઓના ભયથી યા કેટલીક વાર ચોરોના ભયથી બળદો યા ઘોડાને છેક ઘરની અંદર જયાં સામાન્ય રીતે ઘરના મહત્ત્વના સભ્યો સૂતા હોય ત્યાં બાંધવામાં આવે છે. તો કેટલીક વાર આવો કોઈ ભય ન હોય તેવે વખતે અથવા આવો ભય ઓછો થતાં યા લુપ્ત થતાં, પશુઓને બાંધવાની પદ્ધતિ બદલાઈ હોય એમ પણ જોવા મળે છે. કેટલીક વાર તેને બાંધવાનું સ્થાન પશુઓની સંખ્યા વગેરે પર પણ આધારિત હોય છે. દા. ત. તેની સંખ્યા જ પ્રમાણમાં ઠીક ઠીક વિશાળ હોય તો તેવા સંજોગોમાં જે તે પ્રકારનાં પશુઓને ઘરની અંદર ન રાખતાં બહાર જ રાખવામાં આવે. બધાં પશુઓની અંદર સગવડ ન થઈ શકે તેવો ખ્યાલ, તેમ જ કેટલાંક મોટાં પશુઓ જો વિશેષ સંખ્યામાં હોય તો તે સંજોગોમાં, કેટલીક વાર તેઓ ચોર યા જંગલી પશુનો સામનો કરી શકે એવી શકયતા હોય યા ઘરના મહત્ત્વના સંરક્ષક સભ્ય યા સભ્યોના સૂવાના સ્થાનમાંનો ફેરફાર વગેરે પશુઓને બાંધવાના નિયત સ્થાન માટે જવાબદાર હોઈ શકે.

કોઈ પ્રસંગે પશુને શણગારવામાં આવે છે? કયા પ્રસંગે કે ઉત્સવે? આવા શણગારમાં વપરાતી ચીજવસ્તુનું – રંગ, વસ્ત્રો, ફૂલ, ઘાસ, કોડી કે અન્ય પદાર્થો વપરાતા હોય તો તેનું – વિગતે વર્ણન કરવું. આવો શણગાર જો કુટુંબમાં મુખ્યત્વે અમુક જ વ્યક્તિઓ કરતી હોય તો તે અંગે પણ વિગતે નોંધવું. તેને માટે જો કોઈ નિયત સમય હોય તો તે પણ નોંધવું.

પશુઓનો અમુક રમતોમાં જો ઉપયોગ કરવામાં આવતો હોય તો તે વિગતે નોંધવું. તે જ રીતે અમુક ખાસ ઉત્સવ પ્રસંગે, કોઈક રમત, મનોરંજન યા ધાર્મિક યા સામાજિક વિધિમાં જો અમુક પ્રકારનાં પશુ યા ધણનો અમુક કુટુંબ યા ગામ, યા તેના કોઈ ભાગ યા અધ્યયન હેઠળના સમાજના કોઈ ભાગ દ્વારા ઉપયોગ થતો હોય તો તે વિગતે નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં પળાતી વિવિધ પશુઓની વિવિધ જાતો સામાન્ય રીતે કેટ-કેટલી વયે પહેલવહેલી વાર ગરમીમાં આવે? આવો કાળ દરેક જાતવાર થોડો જુદો હોય ખરો? જો જુદો હોય તો કેટલો? સામાન્ય રીતે દરેક જાતવાર કેટકેટલી વયે પ્રથમ ગર્ભાધાન થાય? સગર્ભાવસ્થાનો ગાળો કેટલો? તે ગણવાનાં અધ્યયન હેઠળના સમાજનાં ધોરણો પણ જાણવાં. દરેક જાત સામાન્ય રીતે કેટકેટલી વયે પ્રથમ વાર વિયાય? દરેક વેતર વચ્ચે સામાન્ય રીતે કેટલું અંતર રહે? જીવનકાળ દરમિયાન કેટકેટલાં વેતર થાય તે પ્રત્યક્ષ ઉદાહરણોને આધારે નોંધવું. જો જે તે જાતમાં પણ અમુક માદાની થોડી વિશેષ કાળજી લેવાય તો તે સંજોગો-માં તે ગરમીમાં અને પ્રથમ વેતરમાં થોડી વહેલી આવે એવી માન્યતા ખરી? જો વહેલી આવે તો કેટલી? સારી કાળજીને લીધે બે વેતર વચ્ચેનું અંતર ઘટે તેવી પણ શકયતા ખરી? વિવિધ માદા પ્રાણીઓના સાધારણ સામાન્ય પ્રસવની ક્રિયાનાં વર્ણન માહિતીદર્શકો પાસેથી મેળવવાં. તેમાં ગોવાળ અથવા કોઈક અનુભવી વ્યક્તિ દ્વારા ભજવાતા ભાગને પણ વિગતવાર નોંધવો. વેતર આવવાની સમગ્ર પ્રક્રિયાનું વર્ણન પણ માહિતીદર્શકો પાસેથી પ્રાણીવાર વિગત-વાર મેળવવું. અધ્યયન હેઠળના સમાજમાં સારો પ્રસવ કેવો ગણવામાં આવે છે? નવજાત બચ્ચાના આગલા બે પગ અને ત્યાર બાદ મોઢું અને માથાનો ભાગ બહાર આવે તે? પ્રસવના વિવિધ પ્રકારોનું વિગતવાર વર્ણન મેળવવું. તેમાં ગોવાળ યા અન્ય અનુભવી વ્યક્તિ દ્વારા ભજવાતા

ભાગનું પણ વિગતે વર્ણન નોંધવું. સામાન્ય રીતે આંતરત્વચાનું પાતળું આવરણ – ઓર – ક્યારે તૂટે? ઓરના કાર્ય અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલોને વિગતવાર નોંધવા. બચ્ચું બહાર આવે અને ઓર તૂટે એટલે શ્વાસોચ્છ્વાસની ક્રિયા તરત જ ચાલુ થાય તે માટે અપનાવવામાં આવતા ઉપાયો વિગતવાર નોંધવા. પ્રસવ થયા પછી સામાન્ય રીતે ઓર કેટલા સમયે નીકળે? છએક કલાકમાં કે તેથી વધારે સમયમાં? ક્યાં સુધીમાં ઓર ન નીકળે તો બહુ ચિંતાજનક લેખાય? ઓર ન નીકળી હોય તો પછી શાં પગલાં લેવામાં આવે? કોનો સહારો લેવાય? ઓર જો અંદર જ રહી જાય તો શું થાય એમ મનાય? એની પ્રસૂતાના શરીર પર શી શી અસર થશે એમ મનાય? તેને લીધે પ્રસૂતાનું મૃત્યુ થશે એમ મનાય છે? તેની અસર દૂધની માત્રા અને ગુણવત્તા પર પડશે એમ મનાય છે? તેનાથી પ્રસૂતાનાં આગલાં વેતર વગેરેમાં બીજી સમસ્યાઓ ઊભી થશે એમ મનાય છે? શી શી? બચ્ચું માતાના ઉદરમાંથી બહાર આવતાં નાકમોંમાંથી ઓરના ભરાઈ રહેલા ડૂચા બહાર કાઢી નાખવામાં આવે છે ખરા? યા માતા તેને જીભથી ચાટે ખરી? જો ન ચાટતી હોય તો તે ચાટે તે માટે જો ખાસ કોઈ ઉપાય અજમાવાતો હોય તો તે વિગતવાર નોંધવો. દા. ત. જો બચ્ચાને મા ન ચાટતી હોય તો બચ્ચાના શરીર પર થોડું વાટેલું મીઠું છાંટીને તેના પર હાથ ફેરવી, એ ખરડાયેલો હાથ તેની માતાને ચટાડવાથી, તે બચ્ચાને ચાટતી થઈ જાય છે. જો નબળા બચ્ચામાં કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ ચાલુ ન થતા હોય તો તે સંજોગોમાં, તે ચાલુ કરવા માટે અપનાવવામાં આવતા વિવિધ ઉપાયોને ખૂબ વિગતવાર નોંધવા. દા. ત. બચ્ચાનું નાકમોઢું સાફ કરી આગલા પગ જોરથી હલાવવા, લાંબાટૂંકા કરવા, પાંસળાં ઉપર દબાણ લાવી ઊંચાનીચા કરવા, ઠંડા પાણીની છોળો મારવી, ઘાસનો કે લૂગડાનો ડૂચો લઈ બચ્ચાના આખા શરીરે માલિસ કરવી, પાછલા પગ પકડી ઊંધે માથે લટકાવી ઝોલાં આપવાં વ. ઓર કાપવા અંગેની સર્વ બાબતો વિગતવાર નોંધવી.

જો માતાના ઉદરમાં ગર્ભાશય ફરી ગયું હોય યા ગર્ભાશયમાં બચ્ચું મરી ગયું હોય તો તે જાણવા માટેની પદ્ધતિ તેમ જ તેને નિવારવા માટેના ઉપાયો વગેરે વિગતવાર નોંધવા. પ્રસવ પછીની માંદગીઓ (દા. ત. ઓર ન પડવી, અંગ આવવું કે ડિલ ખસવું, તરોવાઈ જવું, મિલ્ક ફિવર, થાનના સોજા, ધાવરાના સોજા) અને તેના ઉપાયો વ. વિગતવાર નોંધવા. નવજાત બચ્ચાં બરાબર સાફ કરીને આરામ લેતાં થાય એટલે થોડો આરામ અપાય છે? તેને માતાના મોઢા પાસે મૂકવામાં આવે છે ખરું? જો મુકાતું હોય તો ત્યાં ઘાસની પથારી કરવામાં આવે છે? આવા ઘાસની સ્વચ્છતા પર ધ્યાન અપાય છે? થોડી વાર પછી બચ્ચું પોતાની મેળે ઊભું થવાનો પ્રયાસ કરે છે? આવા શરૂઆતના થોડા નિષ્ફળ પ્રયાસોને અવકાશ અપાય છે? થોડા નિષ્ફળ પ્રયાસો પછી પણ જો એ માતાના થાન સુધી ન પહોંચી શકે તો તે સંજોગોમાં તેને મદદ કરી ઊભું કરાય છે? માતાના આંચળ સુધી પહોંચાડી ધાવવા દેવાય છે? બચ્ચાને કોલોસ્ટ્રમ મળ્યા છે કે નહીં તે જોવાય છે? નબળા બચ્ચાની લેવાતી વિશેષ કાળજીની વિગતે નોંધ કરવી. નવજાત બચ્ચાને સામાન્ય રીતે ખોરાકમાં શું શું અપાય છે? તેને અપાતો પ્રવાહી ખોરાક શરીરની ગરમી જેટલો થોડો ગરમ હોય તેનો ખ્યાલ રખાય છે ખરો? કેટકેટલા સમયે અપાય છે? ખોરાક ઓછામાં ઓછો ત્રણેક ટંક અને સરખે અંતરે વહેંચીને અપાય તેવો કોઈ ખ્યાલ અધ્યયન હેઠળના સમાજમાં પ્રવર્તે છે ખરો? નવજાત બચ્ચું દૂધ ધીમે ધીમે પીએ, ઉતાવળે ન પી જાય તે માટે શું કરવામાં આવે છે? માતાના ધાવણ સિવાય બીજું દૂધ આપવામાં આવે તો તેને હળવું બનાવવા માટે કોઈ પ્રયાસ થાય છે ખરો? જ્યારે નાનું બચ્ચું ખોરાક ન લે



ત્યારે તેને બળજબરીથી આપવાનો પ્રયાસ થાય છે કે તેનું કારણ જાણી તેનો ઉપચાર કરી જ્યારે ખોરાક લેવાની રુચિ બતાવે ત્યારે પ્રમાણ કરતાં ઓછું આપી ધીમે ધીમે વધારવામાં આવે છે?

નાનું બચ્ચું હોય ત્યારથી જ અમુક લક્ષણોને આધારે ભવિષ્યમાં તે સારું પ્રાણી નીપજશે તેમ મનાય છે ખરું? દા. ત. વાછરડામાં તેના પગના સાંધા મોટા હોય, નાકનો ભાગ નાનો અને આગળથી ઉપર વળેલો હોય, નસકોરાં વચ્ચેની જગ્યા હમેશાં ભીની અને ચળકતી રહેતી હોય, કપાળ પહોળું હોય, આંખો દૂર દૂર આવેલી હોય, હડપચી કે નીચલા જડબાની નીચેનો ભાગ ખૂબ વધારે ચામડીની કરચલિયોવાળો અને લાંબા કે વાંકડિયા વાળવાળો હોય તે સારો બળદ બનશે એમ મનાય.

પ્રસવ પછી, માતાના થાનમાંથી નીકળતા ખીરૂ કે ખરેઠાનું અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત નામ તેના અર્થ સહિત નોંધવું. તેની નવજાત શિશુ માટેની ઉપયોગિતા પણ નોંધવી. દા. ત. તેનાથી નવજાત શિશુને તાકાત મળે છે એમ મનાય છે ખરું? તેનામાં સહેજ રેચનો ગુણ હોવાથી, નવજાત શિશુનાં આંતરડાંઓમાં મહિનાઓનો જામેલો મળ બહાર કાઢી નાખવામાં તે મદદરૂપ થાય છે તેવી કોઈ માન્યતા છે ખરી? તે માંદગીમાં પ્રતિકારક હોવા અંગેની કોઈ માન્યતા છે? જો માતાનું પ્રસવ પછી તરત જ અવસાન થાય તો તેવા સંજોગોમાં ખરેઠાના અવેજ તરીકે નવજાત શિશુને પાવા માટેની જે વ્યવસ્થા ઊભી કરવામાં આવતી હોય તે વિગતવાર નોંધવી. પશુની ભવિષ્યની ભૂમિકાના સંદર્ભમાં નાનપણમાં અમુક રીતે માવજત અપાતી હોય તો તે પણ વિગતે નોંધવું. આવી માવજત કેટલીક વાર નરમાદામાં વિરોધાભાસી પણ હોઈ શકે. દા. ત. વાછરડાઓ સારા દેખાવડા અને પાણીવાળા બળદ બને તે માટે તેમની માવજત દરમિયાન તેમને પાછલે થાપે કે પેટ નીચે પંપાળવામાં ન આવે પણ તેથી ઊલટું વાછરડીઓને પાછલા થાપે થાનની જગ્યાએ, પાછલા પગોની વચ્ચે, આ વાછરડીઓ પહેલવહેલી વેતરીને માતા બને ત્યારે દૂધ કાઢવા દેવામાં અને તેમનાં બચ્ચાંને ધાવવા દેવામાં સરળતા થાય તે માટે જો પંપાળવામાં આવતી હોય તો તે નોંધવું. સામાન્ય રીતે દૂધ દોહવાની તાલીમ નવી પેઢીને કેવી રીતે આપવામાં આવે છે? કોણ કોણ આપે છે? કોને કોને આપે છે? દૂધ દોહવાની ક્રિયા જેટલી બને તેટલી હદે, બચ્ચાની તેની માતાને ધાવતી વખતે થતી કુદરતી ક્રિયાને મળતી થઈ શકે ખરી? દૂધ દોહવામાં અંગૂઠાનો અને આંગળીઓનો કઈ કઈ રીતે ઉપયોગ કરવામાં આવે છે તે પણ નોંધવું. દૂધ દોહવાના વિવિધ પ્રકારોને વિગતવાર નોંધવા. દૂધ દોહવામાં સારી યા નરસી પદ્ધતિઓ અંગેના જો કોઈ પરંપરાગત ખ્યાલો હોય તો તે પણ વિગતવાર નોંધવા. દૂધ દોહતાં પહેલાં અને ત્યાર બાદ શું શું અને શા માટે કરવામાં આવે છે તે પણ વિગતવાર નોંધવું. દા. ત. દૂધ દોહતાં પહેલાં જો આંચળને ધોવામાં આવતા હોય, ખેંચવામાં આવતા હોય, અને તેમાંથી શરૂઆતની દૂધની બેત્રણ ધાર જમીન પર પડવા દેવામાં આવતી હોય અથવા દૂધ દોહી લીધા પછી જો આંચળ સામાન્ય રીતે ધોવામાં આવતા હોય યા અન્ય જે કંઈ કરવામાં આવતું હોય તે શા માટે કરવામાં આવે છે તે સહિત વિગતવાર નોંધવું.

વિવિધ પ્રાણીઓનું દૂધ દોહતી વખતે, દૂધ દોહનાર કઈ સ્થિતિમાં રહે છે તે તેમ જ જો તે બેસતો હોય તો તેને બેસવા માટેના કોઈ સાધનનો યા ટેકાનો જો ઉપયોગ કરવામાં આવતો હોય તો તે વિગતવાર નોંધવું.

દૂધ કાઢી લીધા પછી આંચળોને જો પાણીથી ધોવામાં આવતા હોય કે થાનને હલકે હાથે જો માલિશ કરવામાં આવતું હોય તો તે પણ નોંધવું. જો તાજા વિયાયેલા પ્રાણીનું બચ્ચું મરી ગયું હોય તો તે સંજોગોમાં તે દૂધ આપે તે માટે લેવામાં આવતા ઉપાયોને વિગતવાર નોંધવા. આવા ઉપાયોમાંથી કયાને આવકાર્ય અને કયાને અનાવકાર્ય લેખાય છે તે પણ વિગતે નોંધવું.

દૂધ દોહવાનાં વાસણ, દૂધ દેનાર પ્રાણીનાં થાન તેમ જ દૂધ દોહનારના હાથની સ્વચ્છતા વગેરે માટે રખાતી કાળજી કે નિષ્કાળજીને વિગતવાર નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં દૂધને ગાળવાની પ્રથા છે ખરી? જો હોય તો શેનાથી ગાળવામાં આવે છે? તેને જો કપડાથી ગાળવામાં આવતું હોય તો સામાન્ય રીતે તે કપડાની સ્વચ્છતા વગેરે અંગે નોંધવું. જો આવી કોઈ પ્રથા જ ન હોય તો તે પણ નોંધવું. દોહન કેટલા સમયમાં થવું જોઈએ તે અંગે અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોના ખાસ કોઈ ખ્યાલો હોય તો તે વિગતવાર નોંધવા. તે જ રીતે ધીમા યા ઝડપી દોહનથી દૂધના પ્રમાણ, ગુણવત્તા વગેરે પર પડતી અસરોના સંદર્ભમાં માહિતીદર્શકોના ખ્યાલો નોંધવા. જો પ્રાણીને ધીમે ધીમે દૂધ ઉતારવાની ટેવ પડે તો તેથી થતી અસરો અંગેની વિગતો પણ વિગતવાર નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં સામાન્ય રીતે દૂધ કેટલી વાર દોહવામાં આવે છે? સામાન્ય રીતે આ દૂધ કોણ દોહે છે? જો દરેક વખતે દોહનાર જુદા જુદા યા એક જ હોય તો તે વિગતે નોંધવું. જો સવાર-સાંજ બે વાર દૂધ દોહવા કરતાં ત્રણ વાર દોહવામાં યા તેથી વધુ વાર દૂધ દોહવામાં સરવાળે દિવસનું કુલ દૂધ ઓછું યા વત્તું મળતું હોવાનો ખ્યાલ હોય તો તે વિગતવાર નોંધવું. દૂધ કાઢવાની જગ્યા અને વાતાવરણ અંગે પણ જો ખાસ કોઈ ખ્યાલ રખાતો હોય તો તે પણ વિગતવાર નોંધવું. દૂધ દોહતી વખતે દૂધ દોહનારે રાખવાની કાળજીની વિગતો વિગતવાર નોંધવી. પ્રાણીની પાનો મૂકવાની સમગ્ર પ્રક્રિયાનું માહિતી-દર્શકોના શબ્દોમાં વિગતે વર્ણન કરવું. કઈ કઈ બાબતો પાનો મૂકવામાં ઉત્તેજક તરીકે ભાગ ભજવતી હોય છે તે અંગેના માહિતીદર્શકોના વિગતવાર ખ્યાલો પણ નોંધવા.

જો કોઈ પ્રાણી પાનો ન મૂકતું હોય તો (દૂધ આપવા તૈયાર જ ન થતું હોય તો) તે સંજોગોમાં અધ્યયન હેઠળના સમાજમાં અપનાવવામાં આવતા વિવિધ ઉપાયોને વિગતવાર નોંધવા. દા. ત. થાન પર હલકે હાથે માલિસ કરવામાં ને આંચળોને ધીમે ધીમે ખેંચવામાં આવે છે? થાન પર થોડા ગરમ કે નવશેકા પાણીની ધાર કરવામાં આવે છે? યા કપડાનો કટકો ગરમ પાણીમાં પલાળી થાન ઉપર મૂકવામાં આવે છે? થાપે ગરમ પાણીનો શેક કરવામાં આવે છે? બસ્તિ અપાય છે? આવા સંજોગોમાં પ્રાણીને કોઈ વાર મારવામાં પણ આવે છે ખરું? દોહનાર માણસની બદલી કરવામાં આવે છે? જો તેનું બચ્ચું મરી ગયું હોય તો એ સંજોગોમાં એ જ રંગનું એવું બીજું બચ્ચું વળગાડાય છે? કે મરેલા બચ્ચાના ચામડામાં પરાળ કે છાલાં ભરી વાપરવાનો ઉપાય અજમાવવામાં આવે છે ખરો? કેટલીક વાર જો ચાલુ દૂધ દેતાં પ્રાણીઓ કે કોઈ એક પ્રાણી જો કોઈ પણ દેખીતા કારણ વિના દૂધ દેતાં અટકી જાય યા દૂધ ઓછું કરી દે કે આગલા વેતર કરતાં ઘણું ઓછું દૂધ આપે યા વિયાયા પછી દૂધ ન આપે તો તેને માટે કયાં કારણ જવાબદાર લેખવામાં આવે છે તે વિગતવાર નોંધવું. દા. ત. કોઈની નજર લાગી હોય તેમ માનવામાં આવે છે? કોઈએ કંઈ કામણકૂટણ કર્યું હોય તેમ માનવામાં આવે છે? દૂધ દોહનારે કે ગોવાળે ઘાતકી વર્તાવ કર્યો હોય તેને લીધે, શારીરિક માંદગી થઈ હોય કે



તરતમાં થવાની હોય તેને લીધે, ખોરાકમાં ઓચિંતો ફેરફાર થયો હોય તેને લીધે, થાનમાં બહારથી ન દેખાય તેવો મૂઢ માર વાગ્યો હોય તેને લીધે, યા આગલા વેતરમાં થાનનો સોજો થયો હોય જેથી થાનની ઘણી દૂધપેશીઓને નુકસાન પહોંચ્યું હોય તેથી, કોઈ કારણથી દૂધ દેનાર પ્રાણી ડરી ગયું હોય તેથી, પ્રસવ પછી ગર્ભાશય બરાબર સાફ ન થયું હોય તેને લીધે અથવા વધારે વેતરો થઈ હોય તેથી પણ દૂધ ન આવતું હોય. આ બધી પરિસ્થિતિમાં અધ્યયન હેઠળના સમાજ દ્વારા અપનાવવામાં આવતા ઉપાયોને વિગતવાર નોંધવા. દૂધ વધારવા માટે જે જે પરંપરાગત ઉપાયો અપનાવવામાં આવતા હોય તે વિગતવાર નોંધવા. આવા ઉપાયોમાં અમુક ઉપાયો વધારે અસરકારક અને અમુક ઓછા અસરકારક માનવામાં આવતા હોય તો તે પણ વિગતવાર નોંધવું. તેમાંના અમુક ઉપાયો અમુક પ્રાણીમાં અજમાવવામાં આવતા હોય અને અમુકમાં ન અજમાવવામાં આવતા હોય તો તે પણ વિગતવાર નોંધવું. દૂધમાં વધઘટ માટે અમુક પ્રકારના આંચળ પણ જવાબદાર હોય એવી કોઈ માન્યતા ખરી? માદા કયા સંજોગોમાં દૂધ વિશેષ આપે? દુધાળ પશુની ઉંમર અને દૂધના ઉત્પાદન વચ્ચે કોઈ સંબંધ હોય છે ખરો? તે જ રીતે વિવિધ વેતરવાર પણ કોઈ તફાવત જો માહિતીદર્શકો તારવતા હોય તો તે પણ નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં વિવિધ પશુઓમાં વેતરની ઓછામાં ઓછી વય, બે વેતર વચ્ચે ઓછામાં ઓછું અંતર, બે વેતર વચ્ચેનું સામાન્ય રીતે વધારે ગણાય તેવું અંતર, અને વિવિધ પશુઓનું છેલ્લું વેતર લગભગ કેટલાં વર્ષે આવે તેવી માન્યતા છે તે તેમ જ વિવિધ પરિસ્થિતિમાં દૂધનું પ્રમાણ વિગતવાર નોંધવું. દા. ત. વિવિધ પાળેલાં પશુઓના વેતરવાર તેમ જ પ્રસવ પછીનાં વિવિધ અઠવાડિયાંવાર દૂધના પ્રમાણ અંગેના અધ્યયન હેઠળના સમાજના માહિતી-દર્શકોના ખ્યાલો વિગતવાર નોંધવા. આ માહિતી એકત્રિત કરતી વખતે માહિતીદર્શકો તરીકે સામાન્ય રીતે આ કાર્યમાં સીધેસીધી સંકળાયેલી હોય તેવી વ્યક્તિઓ—દા.ત દોહનારા; યા તો પશુદીઠ જો કોઈ આવી નોંધ રખાતી હોય તો તેની નોંધ રાખનારને પસંદ કરવાથી માહિતી વધુ પ્રમાણભૂત બનશે. તે જ રીતે માંદાં ઢોરોના પ્રથમ વેતર અને અન્ય વેતરો વચ્ચે ખાસ કયા કયા પ્રકારના તફાવતો માહિતીદર્શકો તારવે છે તે વિગતવાર નોંધવા. દૂધની ગુણવત્તા અને સ્વાદ, પ્રકાર, સ્વરૂપ પર દુધાળ પશુની ભોજનસામગ્રી વગેરેની અસર પડતી હોવાની માન્યતાઓ હોય તો તે વિગતે નોંધવી. દા. ત. જે દુધાળ પશુ જંગલમાં ચરતું હોય એનું દૂધ ખૂંટે બાંધેલા પશુ કરતાં પ્રમાણમાં વધારે ગુણકારી હોય, સવાર કરતાં સાંજનું દૂધ વધારે સારું હોય, શરદઋતુમાં વર્ષાઋતુ કરતાં દૂધ વધારે ગાઢું હોય, પહેલી વાર વિયાયેલા પશુ કરતાં વધારે વાર વિયાયેલા પશુનું દૂધ વધારે સારું હોય વગેરે. અધ્યયન હેઠળનો સમાજ પાળેલાં પ્રાણીઓનું દૂધ માનવ ઉપયોગમાં લેવા માટે દૂધને સ્થાને આપવામાં આવતા દૂધ-અવેજના (Milk replacer) ખાસ ખોરાકના અસ્તિત્વથી પરિચિત છે ખરો? જો હોય તો અધ્યયન હેઠળના સમાજની તે અંગેની માન્યતાઓ વિગતવાર નોંધવી. જો આવો અવેજ અપાતો હોય તો દરેક લિટર દૂધ દીઠ તેની માત્રા, તેમ જ તે શેમાંથી બનાવવામાં આવે છે તે તેમ જ તેની પદ્ધતિ વગેરે વિગતે નોંધવી.

તે જ રીતે દૂધ અપાયા પછી અપાતું વાછરુદાણ (Calf Starter) પણ જો અપાતું હોય તો તે અંગેની પણ સંબંધિત સર્વ વિગતો (તે શેમાંથી બનાવવામાં આવે છે, માત્રા-પ્રમાણ વગેરે) નોંધવી. દૂધમાં પાણી છે કે નહીં તેમ જ તેનું પ્રમાણ જાણવા માટે અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈક ખાસ કસોટીઓ હોય તો તે નોંધવી. દૂધના આહારમાંના સેવન અંગે

તેમ જ અન્ય અનાજ, ફળો યા પ્રવાહી યા ઘન ખાદ્ય પદાર્થો સાથેના સેવન અંગે જો ખાસ કોઈ માન્યતાઓ પ્રચલિત હોય તો તે વિગતવાર નોંધવી. તે જ રીતે અમુક રંગનાં પશુઓ અને તેના દૂધ અંગે જો ખાસ કોઈ માન્યતાઓ હોય તો તે પણ નોંધવી. દા. ત. શ્યામ રંગની ગાયનું દૂધ વાયુનાશક હોય છે. એમાં માખણની માત્રા વિશેષ પ્રમાણમાં હોય છે. લાલ રંગની ગાયનું દૂધ કફનાશક હોય છે; વગેરે. અધ્યયન હેઠળના સમાજમાં કેટલાંક વાંઝિયાં પ્રાણીઓમાં પણ કૃત્રિમ દૂધઉત્પાદન મેળવી શકાય તે અંગેની તેમ જ કૃત્રિમ વીર્યદાન વગેરે અંગેની ખાસ કોઈ જાણકારી જો જોવા મળતી હોય તો તે વિગતવાર નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં દૂધનો ઉપયોગ કઈ રીતે થાય છે? જો દૂધ પિવાતું હોય તો તે કઈ રીતે પિવાય છે? અમુક ખાદ્ય પદાર્થોની સાથે લેવાય ને અમુકની સાથે ન લેવાય તે પ્રકારની પરંપરાગત જે કોઈ માન્યતાઓ હોય તે ખૂબ જ વિગતે નોંધવી. તે જ રીતે દહીં, છાશ, માખણ, ઘી વગેરે દૂધની અન્ય બનાવટો અંગે પણ ઉપરોક્ત વિગતો વિગતવાર નોંધવી. દૂધની આ સર્વ બનાવટોની શુદ્ધતા, અશુદ્ધતા, ભેળસેળ વગેરે અંગેના પરંપરાગત જે કંઈ ખ્યાલો, કસોટીઓ વગેરે હોય તેની પણ વિગતવાર નોંધ કરવી. તે જ રીતે આ સર્વ બનાવટોને રાખવાનાં, સાચવવાનાં, આહારમાં ઉપયોગમાં લેવાનાં વિવિધ પાત્રો અંગે પણ જે કંઈ ખ્યાલો હોય તે વિગતે નોંધવા.

સર્વ પ્રાણીઓના દૂધના ગુણો અંગે તેમ જ ખાસ કરીને ગાય, ભેંસ, ઘેટી, બકરી, ઊંટડી વગેરેના દૂધ અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલોને વિગતવાર નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં જો દૂધચિકિત્સા પ્રચલિત હોય તો તે નોંધવી. દા. ત. કોઈ પણ પ્રાણીનું દૂધ અથવા ગાયનું દૂધ અમુક દર્દોની ચિકિત્સામાં જો વપરાતું હોય તો તે અંગેની વિગતો નોંધવી. દા. ત. લોહીનું દબાણ, જલોદર, મધુપ્રમેહ, ચામડીના વિકાર, હૃદયરોગ, સંધિવા વગેરેમાં દૂધ કામ આવે છે. કેટલીક વાર અમુક પ્રકારે તૈયાર કરેલું દૂધ કેટલાંક દર્દોમાં વપરાય છે. દા.ત. શરદીથી માથું દુખતું હોય ત્યારે ગરમ દૂધની વરાળ લેવામાં આવે છે જેનાથી ખૂબ પરસેવો થાય છે. આધાશીશીના દર્દમાં માથામાં તાજા માખણનું માલિશ કરવામાં આવે છે અને દર્દીને જલેબી-દૂધ ખાવા આપવામાં આવે છે. ગાયના દૂધનો માવો બનાવીને તેના પેંડા બનાવીને દર્દીને ખવડાવવામાં આવે છે, અને તે સિવાય બીજું કંઈ જ ન અપાય તોપણ આ રોગ દૂર થતો હોવાની માન્યતા છે. બાળકોની યાદશક્તિ વધારવા માટે નાની ઈલાયચી અને બ્રાહ્મી ખવડાવીને દૂધ આપવામાં આવે છે. સન્નિપાત, આંખનો દુખાવો, કાનમાં પીડા વગેરે દર્દોમાં પણ દૂધ ઉપયોગી થતું હોવાની માન્યતા છે. કેટલાંક દર્દોમાં સૂતરના કપડાનો કટકો દૂધમાં ભીંજવીને તેમાંથી દૂધ ન ટપકે તેવો નીચોવીને જ્યાં પીડા થતી હોય ત્યાં મૂકીને તેના ઉપર ફલાલેનની પટ્ટી બાંધવામાં આવે છે. આવી પટ્ટી એકાદ-બે કલાકે આવશ્યકતા અનુસાર બદલવામાં આવે છે. આવી ચાર-છ પટ્ટીઓ આવશ્યકતા અનુસાર બાંધવામાં આવે છે. માથાના દુખાવામાં, અનિદ્રાના રોગમાં, સન્નિપાતમાં, પ્લુરસી અને ન્યુમોનિયા વગેરેમાં આવા ઉપચારનો સહારો લેવાથી ફાયદો થતો હોવાની માન્યતા છે. અધ્યયન હેઠળના સમાજને દુગ્ધસ્નાન યા દુગ્ધ-કલ્પ અંગે કોઈ જાણકારી હોય તો તે પણ વિગતવાર નોંધવી. કયા દર્દમાં દૂધનો સંપૂર્ણ નિષેધ હોય અને કયા પદાર્થો સાથે દૂધ ત્યાજ્ય અથવા અપથ્ય લેખાય તે અંગેના પરંપરાગત ખ્યાલો પણ વિગતવાર નોંધવા. દા. ત. વૃક્ક સંકોચ અને હર્નિયામાં દૂધ પીવાનો નિષેધ છે. તે જ રીતે મધ, સકરટેટી, મગ, મઠ, મૂળા, કાંદા, લસણ, રાઈ, સરસવ, તેલ અને તેલમાં રંધાયેલા



પદાર્થ, દારૂ, દહીં, છાશ માંસ, માછલાં – આ બધા પદાર્થો સાથે દૂધનું સેવન હાનિકારક મનાય છે.

અધ્યયન હેઠળના સમાજમાં દૂધમાંથી દહીં બનાવવાની પદ્ધતિ વિગતવાર નોંધવી. દહીંના ગુણધર્મો તેમ જ કયાં દર્દોમાં દહીંનો ઉપયોગ હિતકર હોય છે, કયાંમાં હાનિકારક હોય છે વગેરે અંગેના પરંપરાગત ખ્યાલો વગેરે પણ નોંધવા. દા. ત. મલેરિયા, અરુચિ, અતિસાર વગેરેમાં દહીં લાભપ્રદ તેમ જ કોઢ, રક્તપિત્તમાં હાનિકારક મનાય છે. તે જ રીતે ઋતુવાર દહીંના ગુણધર્મો જુદા મનાતા હોય તો તે પણ નોંધવા. દા. ત. હેમંત તેમ જ શિશિરમાં દહીં ભારે, ચીકણું, અને શક્તિવર્ધક મનાય છે. વસંતમાં તેમ જ ગ્રીષ્મમાં હાનિકારક મનાય છે વગેરે. તે જ રીતે દિવસના અમુક સમયે દહીં ખાવું વર્જ્ય હોય તો તે પણ કારણ સહિત નોંધવું. દા. ત. રાત્રે દહીં ન ખાવું જોઈએ. સારા અને ખરાબ દહીં અંગેના પરંપરાગત ખ્યાલો વિગતવાર નોંધવા. વિવિધ પ્રાણીઓના દૂધમાંથી મેળવેલા દહીં અંગેના વિવિધ પરંપરાગત ખ્યાલોને પણ વિગતે નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં છાશ બનાવવાની વિવિધ પદ્ધતિઓ વિગતવાર નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં છાશના ગુણ-અવગુણ અંગે પ્રચલિત માન્યતાઓ વિગતે નોંધવી. છાશનો વિવિધ દર્દોમાં ઉપયોગ થતો હોય તો તે નોંધવું. વિવિધ દર્દોમાં વિવિધ પ્રકારની છાશ અપાતી હોય તો તે પણ નોંધવું. દા. ત. કમળામાં માખણ કાઢી લીધેલી છાશ જ આપવામાં આવે છે. કફમાં સૂંઠ, કાળી મરી, પીંપર, ચૂર્ણવાળી છાશ આપવામાં આવે. પેશાબમાં બળતરા થતી હોય ત્યારે ગોળ નાખીને આપવામાં આવે છે. કેટલાંક દર્દોમાં છાશ આપવાની મનાઈ હોય તો તે પણ વિગતે નોંધવું. દા. ત. મૂર્છામાં જ્યારે ચક્કર આવતાં હોય ત્યારે, શરીરે નબળાઈ હોય ત્યારે, ગરમીમાં લૂ લાગે ત્યારે કે રક્તપિત્તમાં છાશ આપવામાં આવતી નથી.

દુધાળ પ્રાણીઓનું જે દૂધ ખાતાં હોય તે બાળકોને સવિશેષ ખબર રાખવાનું કહેવામાં આવે? જો તે બરાબર ન રાખે તો તેને "તું એનું દૂધ નથી ખાતો?" એમ પૂછવામાં આવે? યા "તને એનું દૂધ નહીં મળે." એવી ધમકી અપાય? કોઈ વાર બાળકો અંદરોઅંદર "તું દૂધ નથી ખાતો?" એમ કહીને લડે ખરા? અને તેની ચારવાની યા પૂળો નાખવાની વગેરે બાબતો એકબીજા પર ઢોળે ખરા? તેવે વખતે કુટુંબના વડીલ શું વલણ લે? તે પ્રાણીની સવિશેષ સારવાર કરતું હોય તેવા બાળક પ્રત્યેના પ્રાણીના વર્તનમાં પણ કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળતા હોય તો તે નોંધવા. બાળકોમાં ગોપ કિશોરો જુદાં જુદાં પ્રાણીઓના દૂધને કઈ કઈ રીતે ખાય? જો કોઈ વાર માદા માતા પ્રાણી સાથે આત્મીયતા બંધાઈ ગઈ હોય તો તેના આંચળ જ સીધા મોંમાં મૂકીને ધાવી આવે ખરો? બાળકો દુધાળ પ્રાણીઓના દૂધને જુદી જુદી કઈ કઈ રીતે પીએ? તેમાંથી શી શી વાનગીઓ વગેરે પણ બનાવે તે વિગતે નોંધવું.

દૂધ ઠંડું પણ પિવાય? ઠંડા, ગરમ, નવશેકા દૂધના અને જુદાં જુદાં બધાં જ પ્રાણીઓના દૂધના બધા જ તફાવતોને વિગતવાર અહીં નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં વિવિધ પ્રાણીઓના ખાતરના ગુણધર્મો અંગેના પરંપરાગત ખ્યાલોને વિગતવાર નોંધવા. તે જ રીતે અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત વિવિધ ખાતરો, તેને એકત્રિત કરવાની, સાચવવાની, ખેતરમાં નાખવાની પદ્ધતિઓ વગેરે ખૂબ જ વિગતવાર નોંધવી.

જુદાં જુદાં પ્રાણીઓનાં ખાતર, તેને એકત્રિત કરવાની પદ્ધતિઓ, તેના ગુણધર્મો, બધાંની અરસપરસ તુલનાત્મક કિંમત અને આ ઉપરાંત આની સાથે સંબંધિત સર્વે વિગતોને ખૂબ જ

વિગતવાર મેળવવી અને એકત્રિત કરવાના ખાડાઓ તેમ જ છાણ વગેરે તૈયાર કરવાનાં કંપાઉન્ડ વગેરે પણ સગાઈસંબંધ સાથે કઈ રીતે કામ કરે છે તે પણ નોંધવું.

જુદાં જુદાં પ્રાણીઓનાં છાણની ઢબ, અધ્યયન હેઠળનો સમાજ તેનો કઈ રીતે ઉપયોગ કરે છે તે, દરેકના ગુણધર્મો, બધાં ખાતરની અરસપરસની તુલનામાં કિંમત અને આ ઉપરાંત એને રાખવાની, વાપરવાની, એકઠું કરવાની પદ્ધતિ વગેરે અંગે પણ ખૂબ વિગતે નોંધવું. આવા છાણમાં ઘેટાં-બકરાંની લીંડી યા બીજાં કોઈ પ્રાણીઓનું છાણ જો જુદું જુદું રખાતું હોય તો તે નોંધવું. સાથે સાથે ગાય, ભેંસ, બકરાં વગેરેના છાણને કયાં કયાં વાપરવામાં આવે છે તેમ જ કઈ રીતે ઓળખવામાં આવે છે તે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં પ્રાણીઓના છાણના ખાતર ઉપરાંત અન્ય કોઈ ખાતરો પણ વપરાય છે ખરાં? જો વપરાતાં હોય તો સામાન્ય રીતે કયાં કયાં? અને તેના પરંપરાગત કયા કયા ગુણધર્મો હોવાનું મનાય છે વગેરે વિગતવાર નોંધવું. જો અધ્યયન હેઠળના સમાજમાં હાડકાં, માછલીઓ, રાખ, નદીનો કાંપ, લીલો પડવાસ, લીલ, પાકફેર, ખળી અને છાણ-મૂતર વગેરમાંથી જેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવતો હોય તે વિગતવાર નોંધવો.

જો પાળેલા પ્રાણીનું અવસાન થાય તો એવે વખતે સામાન્ય રીતે ઘરનાં સૌ કુટુંબીઓ શું કરે? કોઈ રડે ખરું? કોઈની આંખમાં આંસુ આવે? કોને? જો તે ખાસ લાડકું પ્રાણી હોય તો તેવે વખતે તેની ખાસ સારસંભાળ લેનાર જો મોટેથી રડતું હોય યા આંસુ સારતું હોય તો તે નોંધવું. તેવી જ રીતે મૃત્યુ વખતે, આંસુ ન આવે તોપણ પોતાનું એક પ્રાણી મરી ગયાનું દુ:ખજો કુટુંબના સભ્યોને થતું હોય તો તે નોંધવું. આવું દુ:ખ કુટુંબના બીજા સભ્યોની સમક્ષ યા અન્ય ગ્રામજનો યા કોઈ સગાંસંબંધીની સમક્ષ પણ જો અમુક રીતે વ્યક્ત કરવામાં આવતું હોય તો નોંધવું.

જો કુટુંબના બીજા સભ્યોની ચીસથી આવું દુ:ખ વ્યક્ત કરવામાં આવતું હોય તો તે કઈ રીતે, કયા શબ્દોમાં વ્યક્ત કરવામાં આવે છે અને તે વખતે કોઈ ગળગળા થઈ જાય છે ખરા? યા અન્ય જે કંઈ થતું હોય તે વિગતે નોંધવું. આવાં પ્રાણીઓની જો પ્રસંગોપાત્ત યાદ આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. મૃત્યુની તેની માલિક વ્યક્તિ અને ઘરનાં કુટુંબીઓ કઈ રીતે નોંધ લે છે તે પણ વિગતે નોંધવું. જો નોંધ જ ન લેવાતી હોય, જાણે કંઈ જ બન્યું નથી એ રીતે વર્તાતું હોય તો તે પણ નોંધવું. જો કોઈ ઘેટાં-બકરાં યા ગાય કે ભેંસના અવસાનથી કુટુંબના રોજિંદા કાર્યક્રમમાં યા કોઈ તહેવાર હોય તો તેમાંના કોઈ કાર્યક્રમમાં જો કોઈ ફેરફાર થતો કે ન થતો હોય તો તે નોંધવું. દા. ત. કોઈ દિવસે સારી વાનગી બનાવવાનો ખ્યાલ હોય અને તેવે દિવસે ઘરનું ઘેટું-બકરું, ગાય-ભેંસ કે અન્ય પ્રાણી જો અવસાન પામે તો ઘરમાં સારું ખાવાનું બને ખરું? આના જવાબમાં માહિતીદર્શક જે કારણો આપે તે યા જે રીતે જે શબ્દોમાં તે વખતની લાગણીની અભિવ્યક્તિ કરે તે વિગતે નોંધવું. જો ઘરઘરનો આ પ્રકારનો વિશિષ્ટ વાનગીનો કાર્યક્રમ હોય તો તે મુલતવી રહે પણ જો અન્ય કોઈ બહારથી નિમંત્રિત મહેમાન બોલાવેલા હોય, યા આવેલા હોય, તેવે વખતે મિજબાની ચાલુ રહેતી હોય તો તે પણ નોંધવું. જો મહેમાન હોય તોપણ મિજબાની મુલતવી રહેતી હોય પણ જો કોઈ લગ્ન યા બીજો કોઈ આનંદનો સમારંભ હોય તો તે મુલતવી ન રહેતો હોય તો તે પણ વિગતે નોંધવું. આવી જુદી જુદી પરિસ્થિતિમાંની વર્તનઢબ પરથી પ્રાણીના અવસાનથી કુટુંબના આંતરસંબંધો પર પડતી અસરનો આપણને સવિશેષ ખ્યાલ આવશે. જો



આવું પ્રાણી જો કોઈનું ખાસ લાડકું હોય તો તેને કુટુંબના અન્ય સભ્યો ખાસ આશ્વાસન આપતા હોય તો તે નોંધવું.

જેમ સ્મશાનમાં વ્યક્તિના સદ્‌ગુણો અંગેની સામાન્ય રીતે વાતચીત થાય છે તે જ રીતે કોઈ પ્રાણી મરી જાય ત્યારે તેના સદ્‌ગુણો યા તેની અમુક ખાસિયતો યાદ કરીને શોક વ્યક્ત કરવામાં આવતો હોય તો તે પણ વિગતવાર નોંધવું. જો કોઈ પાળેલું પ્રાણી – દા. ત. ઘેટું કે બકરું – મરી જાય ત્યારે કીડી-મંકોડી મરી જાય અને તે વખતે જેટલું દુ:ખ થાય તેટલુંજ જો થતું હોય તો તે નોંધવું. જો કોઈ પ્રાણી રિબાઈ રિબાઈને મર્યું હોય તો તેવે વખતે બિચારું દુ:ખમાંથી છૂટયું એવો ‘હાશ’નો ભાવ પણ જો વ્યક્ત થતો હોય તો તે નોંધવું.

બકરો યા ઘેટો, બકરી યા ઘેટી, ગાય યા બળદ અને તેમાંય લવારાં આધેડ અને ઘરડી વયનાં જ્યારે મરે ત્યારે જુદી જુદી વય-જાતિ દીઠ દુ:ખની જે માત્રા હોય તે વિગતે નોંધવી. આ ઉપરાંત પણ અન્ય કોઈ પણ રીતે શોકની અભિવ્યક્તિ કરવામાં આવતી હોય તો તે નોંધવું. આવાં પ્રાણીઓ અન્ય કોઈ તરફથી જો ભેટ મળેલ હોય તો તે પ્રાણીઓ જેના તરફથી ભેટમાં મળેલ હોય તેને પણ જો આ અંગેના સમાચાર મોકલાતા હોય તો તે નોંધવું. જો કોઈ મહત્ત્વનું પ્રાણી અવસાન પામ્યું હોય તો તેવે સમયે, ઘરના બીજા કોઈ સભ્યો જો બહારગામ હોય તો તેવે વખતે તેને જો ખબર આપવામાં આવતી હોય તો તે પણ નોંધવું. જો સામાન્ય નાના કોઈ પ્રાણીનું અવસાન થયું હોય એવા સંજોગોમાં આવા સમાચાર ઘરના બધા, ઘરમાં જ રહેતા સભ્યોને આપવા આવશ્યક ન મનાતા હોય યા બહાર ન આપવામાં આવતા હોય તો તે પણ વિગતે નોંધવું. જ્યારે કોઈ વ્યક્તિનું અવસાન થાય છે ત્યારે ઘરનાં બધાં સભ્યોને અમુક રીતે આશ્વાસન આપવાની પ્રથા છે. તેવી કોઈ પ્રથા પ્રાણીઓ માટે હોય તો તે નોંધવું. જો આવી પ્રથા ન હોય તોપણ, આવા કોઈ પ્રાણીના અવસાન વખતે, તેની ખબર, કઈ રીતે મરી ગયું? – વગેરે કુટુંબની પડોશના યા અન્ય સભ્યોએ પૂછવી જોઈએ એવી જો અપેક્ષા રખાતી હોય તો તે પણ વિગતે નોંધવું. આવી ખબર કઈ રીતે પુછાય અને એનો શો જવાબ અપાય તેમ જ તેમને આશ્વાસન કઈ રીતે અપાય તે પણ વિગતે નોંધવું. કોઈ વ્યક્તિના અવસાન વખતે જે રીતે આશ્વાસન અપાય છે તેમાં અને આ આશ્વાસનમાં જો કોઈ સમાનતા હોય તો તે પણ વિગતે નોંધવી. દા. ત. “આપણે પણ એક વખત એમ જ જવાનાં છીએ. એનું આપણી સાથે જેટલું અન્નજળ હતું તેટલું આપણી સાથે રહ્યું.” યા આવા બીજા જે કંઈ આશ્વાસનના શબ્દો કહેવાતા હોય તે વિગતે નોંધવા.

આવા કોઈ પ્રાણીના અવસાનની છેલ્લી પળોમાં જો કુટુંબના બધા સભ્યો યા કોઈક સભ્ય તેની પાસે રહેતો હોય અને તેના શરીર પર હાથ ફેરવતો હોય યા એવું બીજું જો કંઈ કરતો હોય તો તે નોંધવું. કુટુંબનો એકાદ સભ્ય જ તેની પાસે હોય અને બીજા બધા પોતપોતાના કામમાં વ્યસ્ત હોય તો તે નોંધવું. જો કોઈને તેની મૃત્યુપળે તેની પાસે રહેવાની ફુરસદ સામાન્ય રીતે ન હોય તો તે પણ નોંધવું. જો આવા પ્રાણીના ખાસ જે કોઈ ગુણો હોય તેને યાદ કરીને દુ:ખ વ્યક્ત કરવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. એવું સામાન્ય રીતે બધાં જ પ્રાણીઓના અવસાન વખતે ન બનતું હોય પણ અમુક ખાસ પ્રાણીના અવસાન વખતે જ જો આવું દુ:ખ વ્યક્ત કરવામાં આવતું હોય તો તે વિગતે નોંધવું. પ્રાણીઓના અવસાન અંગેની જો કોઈ પ્રચલિત ઉક્તિઓ હોય તો તે પણ વિગતે નોંધવી. આવી ઉક્તિઓ માણસના સંદર્ભમાં

હોય તો તે પણ નોંધવું. દા. ત. જો કોઈ એમ કહે કે "આ તો ઓછું કંઈ માનવી મરી ગયું હતું!" – તો તેમાંથી ગર્ભિત અર્થ એવો નીકળે છે કે પ્રાણીના મૃત્યુને માનવીના અવસાન જેવું મહત્ત્વ ન જ અપાય. જો એક જ પ્રાણી મરી ગયું હોય તો તેવે વખતે જો તેને સવિશેષ યાદ કરવામાં આવતું હોય પણ એકીસાથે જો ઘણાંબધાં પ્રાણીઓ મરી ગયાં હોય તો તેમને સામૂહિક રીતે જ યાદ કરવામાં આવતાં હોય, કોઈક ખાસ અમુક જ પ્રાણીને વિશેષ યાદ કરવામાં ન આવતું હોય તો તે વિગતે નોંધવું. જો આવી રીતે સામૂહિક રીતે અવસાન પામેલાં પ્રાણીઓમાંથી અમુકને જ વિશેષ રીતે યાદ કરવામાં આવતાં હોય તો તે પણ વિગતે નોંધવું. જો આવું બધાં જ પ્રાણીઓની બાબતમાં ન બનતું હોય પણ અમુક જ ખાસ પ્રાણી જો મરી ગયું હોય તો તેવે વખતે જ અને તેના પૂરતું જ ખાસ દુઃખ વ્યક્ત કરવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. જો આવાં અનેક પ્રાણીઓમાંથી અમુક ખાસ પ્રાણી માટે જ આવો ભાવ વ્યક્ત કરવામાં આવતો હોય તો તે પણ વિગતે નોંધવો. જો ગાય કે ભેંસ મરી ગઈ હોય તો અમુક ભાવ વ્યક્ત કરવામાં આવે, પણ બકરું, ઘેટું મરી ગયું હોય તો તેવે વખતે એટલું દુઃખ વ્યક્ત કરવામાં ન આવતું હોય તો તે નોંધવું. મતલબ કે જુદાં જુદાં પ્રાણીઓના અવસાન વખતે થતા દુઃખની તુલનાત્મક માત્રાને પણ નોંધવી.

જો અમુક પશુપાલકની પાસે ઘેટાં-બકરાંનું મોટું ટોળું હોય અને તેમાંથી એકાદ ઘેટું-બકરું મરે તે વખતે એને પ્રમાણમાં અલ્પ દુઃખ થાય, પણ થોડાં ઘેટાંવાળાને જો વધારે દુઃખ થતું હોય તો તે પણ વિગતે નોંધવું. ઘેટાં-બકરાંના મૃત્યુને અને ગાય કે ભેંસના મૃત્યુને જો અમુક શબ્દોમાં સરખાવવામાં આવતાં હોય તો તે પણ વિગતે નોંધવું. દા. ત. 'આ કંઈ ઓછું ઘેટું કે બકરી મરી ગઈ હતી!' યા, 'આ તો ગાય ફાટી પડી હતી પછી કેમ દુઃખ ન થાય?' આવા કોઈ શબ્દોમાં યા અન્ય કોઈ રીતે આવી વિવિધ પ્રાણીઓના અવસાનની જો સરખામણી કરવામાં આવતી હોય તો તે વિગતે નોંધવી. આવું દુઃખ થાય તે વખતે કુદરતી લાગણી અને એ પ્રાણી સાથેનાં સંસ્મરણો કેટલે અંશે ભાગ ભજવે છે અને કેટલે અંશે એની આર્થિક મહત્તાને લીધે થતા આર્થિક ગેરલાભને લક્ષમાં રાખીને વિશેષ દુઃખ વ્યક્ત કરવામાં આવે છે તે પણ વિગતે નોંધવું.

કોઈ પણ પાળેલું પ્રાણી ઘરમાં યા તેના વાડામાં મરણ પામે પછી શું કરવામાં આવે? ઘરનાં બધાં સભ્યોને ખબર અપાય? તેનો નિકાલ કરવાનું યા તેને બહાર કાઢવાનું કોણ કરે? કઈ રીતે કરે? તેને બહાર ઊંચકીને કાઢે? ઢસડીને? જો ઊંચકીને કાઢતા હોય તો તે કઈ રીતે? કયાં સાધનો દ્વારા? કેવી રીતે બાંધીને? શેનાથી બાંધીને? વગેરે વિગતો વિગતવાર નોંધવી. જો તેને ઊંધું બાંધવામાં આવતું હોય એટલે કે બંને આગલા અને બંને પાછલા પગ બાંધીને તેની અંદર લાકડી કે અન્ય કોઈ સાધન ભરાવીને ઢસડવામાં આવતું હોય તો તે પણ નોંધવું.

તે જ રીતે બીજી કોઈ નિકાલ કરવાની જો પદ્ધતિઓ હોય તો તે વિગતવાર નોંધવી. દા. ત. ગાડામાં નાખીને નિકાલ કરવાની પદ્ધતિ. આવો નિકાલ કોણ કરે? પશુપાલક પોતે કરે? જો બકરાં-ઘેટાં, ગાય, બળદ, ભેંસ યા ઊંટ કે ઘોડાનો નિકાલ કરવાની જો જુદી જુદી પદ્ધતિઓ હોય તો તે વિગતે નોંધવી. આવી રીતે જ્યારે નિકાલ કરવામાં આવે ત્યારે તેના શરીરના જો કોઈ ખાસ અંગનો ખ્યાલ રાખવામાં આવતો હોય તો તે નોંધવું. જો બકરું, ઘેટું હોય તો તે તેઓ પોતે નિકાલ કરી દેતા હોય અને જો ભારે પ્રાણીઓ હોય તો સામાન્ય રીતે આ



ચામડું ઉતારનાર તેનો નિકાલ કરતા હોય તો તે નોંધવું. જો પ્રાણી મર્યા પછી ઘરમાં ન જ રખાય એવી માન્યતા હોય તો તે પણ નોંધવું. પણ એકાદ-બે દિવસ રહી જાય તોપણ ચાલે એમ હોય તો તેની પણ નોંધ કરવી.

જો ચીરનાર હોય તો તે જ નિકાલ કરે. જો તે ન હોય તો ગમે તે નિકાલ કરે એમ હોય તો તે નોંધવું. જો કોઈ પ્રાણી સીમમાં મરી ગયું હોય તો? તેને ત્યાં જ છોડી દેવામાં આવે? યા ઘરે લાવીને પછી તેનો નિકાલ કરવા માટે દૂર લઈ જવામાં આવે તે પણ વિગતવાર નોંધવું. જો પ્રાણીને ઘસડીને નિકાલ કરવામાં આવતો હોય યા ઊંચકીને કરવામાં આવતો હોય તો તે અંગેની માણસની સાથે સંબંધિત કોઈ ઉક્તિઓ હોય તો તે વિગતે નોંધવી. દા. ત. માતા યા પિતા પુત્ર પર ગુસ્સે થાય ત્યારે આ સંદર્ભમાં એમ કહે કે "તો અમને ઘસડી કાઢજે" યા બીજા કોઈ સંદર્ભમાં, "મર્યા પછી બધાને ઘસડી જ કાઢવામાં આવે છે" એમ પણ જો કહેવામાં આવતું હોય તો તે નોંધવું. આવી જો અન્ય કોઈ ઉક્તિઓ હોય તો તે પણ વિગતે નોંધવી. સામાન્ય રીતે જો બહુ દૂરનું ગામ હોય, ઊંડાણમાં હોય તો તેનો નિકાલ જે તે જાતિના લોકો જાતે કરતા હોય તો તે જણાવવું. ઘેટાં-બકરાંનો નિકાલ કરવા માટે કેટકેટલા જણની જરૂર પડે? એકાદ જણ જ કરી શકે? આ કામ સામાન્ય રીતે પુરુષ જ કરે? કે સ્ત્રી પણ કરે? તે જ રીતે ગાય કે ભેંસનો નિકાલ કરવા માટે કેટલાની જરૂર પડે? ગાય-ભેંસને ઘસડવા માટે બે કરતાં વધારે માણસની પણ જરૂર પડે ખરી? એક જ જણ હોય તો જુદી રીતે ઘસડે? બે જણ હોય તો જુદી રીતે ઘસડી જાય અને બેથી વિશેષ હોય તોપણ જુદી રીતે ઘસડી જતા હોય તો તે નોંધવું.

જો ચામડું ચીરનાર ઘસડવા માટે આવ્યો હોય અને તેની મદદમાં જે તે જાતિના બીજા લોકો જો જોડાતા હોય તો તે નોંધવું. જો તેમ ન થતું હોય તો તેની નોંધ પણ કરવી. શા માટે? તે પણ નોંધવું. જો સાથે મદદ કરવા જોડાતા હોય તો ચામડું ચીરનારની બાજુમાં જઈને તેની બાજુથી પણ કોઈ ઘસડવા લાગે ખરું? કે એ બાજુ તો ચીરનાર એકલાએ જ રહેવું પડે? તેમ હોય તો તે પણ વિગતે નોંધવું. આ રીતે ઘસડી આવ્યા પછી શું કરવું પડે? નાહવું પડે ખરું? અન્ય કોઈ વિધિ કરવી પડે? જો અમુક ચેપી દર્દથી ઢોર મરી ગયું હોય તો જ નાહવું પડતું હોય અને બીજા સંજોગોમાં જો તેમ ન કરવું પડતું હોય તો તે પણ વિગતે નોંધવું. નાહવા પાછળનો શો ખ્યાલ હોય છે તે પણ નોંધવું. જ્યારે પ્રાણીને બહાર ઘસડી કાઢવામાં આવે ત્યારે જો ઘરનાં કોઈ કુટુંબીઓ, ખાસ કરીને સ્ત્રીઓ જો રડતી હોય તો તે પણ વિગતે નોંધવું. બધાં નહીં પણ જેનું લાડકું હોય તે વ્યક્તિ રડતી હોય તો તે પણ નોંધવું. ઘસડતાં પહેલાં યા ઘસડીને ચીરવાને સ્થળે મૂકતાં પહેલાં જો કોઈ કંઈ બોલતું હોય યા પ્રાણીને ઉદ્દેશીને યા ભગવાનને ઉદ્દેશીને પણ જો કંઈ કહેવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. પ્રાણીને સામાન્ય રીતે કેટલે દૂર ઘસડી જવામાં આવે? ગામથી સામાન્ય અંતર નોંધવું. આવી જગ્યા જો નિયત જ હોય અને અમુક જ દિશામાં હોય તો તે નોંધવું. જો તેમ ન હોય તો તે, યા ગમે તે દિશામાં અમુક અંદાજી અંતર હોય તો તે નોંધવું.

અમુક નિયત અંતરે જો ઢોરને ચીરવા માટે મૂકવામાં આવે તો જ્યારે તે ચીરવામાં આવે ત્યારે અધ્યયન હેઠળના સમાજના સંબંધિત માલિક કુટુંબમાંથી યા છોકરાઓમાંથી કોઈ હાજર રહે ખરું? હાજર રહેવાનું આવશ્યક હોય યા જો તેના પર પ્રતિબંધ હોય તો તે પણ વિગતે

નોંધવું. સામાન્ય રીતે ઢોર ચીરવાનું કામ ગંદું ગણાતું હોવાથી ત્યાં કોઈ જ હાજર ન રહેતું હોય તો તે નોંધવું. હાજર ન રહેવા માટે અન્ય કોઈ કારણો હોય તો તે નોંધવાં. ઢોરને સમગ્ર રીતે કઈ કઈ રીતે ચીરવામાં આવે? ચીરવાની ક્યાંથી શરૂઆત કરવામાં આવે? ક્યાં ક્યાં સાધનોથી ચીરવામાં આવે? ચીરતાં પહેલાં ખાસ કંઈ વિધિ કરવામાં આવે છે ખરી? ચીરતી જો જુદાં જુદાં દર્દથી મરેલ હોય તો તેવે વખતે જુદી જુદી રીતે ચીરવામાં આવે? ચીરતી વખતે ઢોરને કઈ રીતે લટકાવવામાં આવે? તેના ચામડાને કઈ કઈ રીતે કઈ પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે? તેના પરની ચરબી અને વામ કઈ રીતે જુદાં કરવામાં આવે? ઢોરના, બકરાના, ઘેટાંના માંસને પણ ચીરનાર લઈ જાય? જો અમુક દર્દથી મરેલ હોય તો ન લઈ જતા હોય અને બીજા દર્દથી મરેલ હોય તો લઈ જતા હોય તો તે નોંધવું. આવાં ક્યાં ક્યાં દર્દોમાં લઈ જાય અને ક્યાં દર્દોમાં માંસ ન લઈ જાય તે પણ વિગતે નોંધવું. જુદાં જુદાં પ્રાણીઓને ચીરવામાં લાગતો સમય અને જદાં જુદાં પ્રાણીઓને ચીરવા માટેની જો જુદી જુદી પદ્ધતિ હોય તો તે પણ વિગતે નોંધવું.

આવાં પ્રાણીઓને ચીરવા બોલાવવા માટે જો પશુપાલક જાતિએ એ ચામડું ઉતારનારને કંઈ આપવું પડતું હોય યા ચીરનાર પ્રણાલિકાગત રીતે પશુપાલકને કંઈ આપતો હોય તો તે વિગતે નોંધવું. તે જ રીતે જો આવું પશુ તદ્દન બાજુમાં મરી ગયું હોય તો તેને માટે જો કંઈક વિશેષ આપવું પડતું હોય તો તે નોંધવું. બકરાં, ઘેટાં, ગાય, બળદ, ભેંસ, ઊંટ, ઘોડો વગેરે માટે જો જુદા જુદા દર હોય તો તે નોંધવા. આવાં ઢોરોને ચીર્યા પછી ચામડું કોનું ગણાય? પશુપાલકનું યા ચીરનારનું? – તે પણ નોંધવું. જો એમાં અર્ધો અર્ધો ભાગ હોય યા બીજી કોઈ સમજૂતી હોય યા ચીરનાર પોતે જ ચામડું લઈ જતા હોય તો તે પણ વિગતે નોંધવું. આમાં જુદાં જુદાં પ્રાણીઓ અને પ્રદેશવાર જો જુદા જુદા નિયમો હોય તો તે પણ વિગતે નોંધવા. જો કોઈ પણ પ્રાણીને ચીરવા માટે ચીરનાર સમયસર ન આવે તો? ચીરનારને જો આ કામ બદલ વર્ષ દરમિયાન સુખડી અપાતી હોય તો તે ક્યારે, કેટલી, શા માટે, ક્યા સ્વરૂપમાં અપાય છે તે વિગતે નોંધવું. એ જ રીતે ચીરનાર પણ પશુપાલકોને જે સેવા આપતો હોય તે નોંધવું. આવી સેવાઓ અને સુખડીના અધિકારો જો વંશપરંપરાગત હોય તો તે પણ નોંધવું. જો અધ્યયન હેઠળનો સમાજ આવા ભાગ માન્ય ન રાખે તો શું થાય તે પણ નોંધવું.

આવાં મરેલાં પ્રાણીઓનાં હાડકાં વગેરેનું શું થાય? રઝળતાં મૂકી દેવાય કે ચીરનાર યા પશુપાલકો તેને એકત્રિત કરીને વેચે તે પણ વિગતે નોંધવું. જો પહેલાં ન વેચાતાં હોય અને હમણાં વેચાતાં હોય તો તે નોંધવું.

કોઈ પણ ઢોર મરી ગયું છે એની જંગલમાં દૂરથી ખાતરી કઈ રીતે થાય? ગીધોના અવાજ પરથી? સમડીઓના ઉડ્ડયન પરથી? આવું માંસ ખાવા માટે સામાન્ય રીતે કોણ કોણ આવે? સમડી, ગીધ, કૂતરાં, શિયાળ, વાઘ કે સિંહ, ચિત્તો, વરુ વગેરેમાંથી અધ્યયન હેઠળના સમાજના વિસ્તારમાં મુખ્યત્વે ક્યાં પ્રાણીઓ આવે? તેઓ સૌથી પહેલાં હલ્લો ક્યાં કરે? શું પહેલું ખાય? શું પાછળથી? અને તેને માટે આ જુદાં જુદાં પશુ-પક્ષીઓ વચ્ચે અંદર અંદર થતા સંઘર્ષ અંગેની પણ બધી જ વિગતો વિસ્તારથી એકત્રિત કરવી. કોઈક વાર જો અન્ય ઢોર મરેલાં હોય ત્યાં ધણ પહોંચે ત્યારે કોઈ ગાય, રેલ્લી, કલોડી યા ગોધો જો ફૂંફકારા મારીને, ખરીથી જમીન ખોદીને, તાડૂકીને જો કોઈ વાર લડવા માંડતાં હોવાનું માહિતીદર્શકોનું નિરીક્ષણ



હોય તો તે નોંધવું. આવું શા માટે બનતું હશે તે અંગેનું માહિતીદર્શકોનું નિરીક્ષણ-વિશ્લેષણ વિગતવાર નોંધવું.

જુદાં જુદાં પ્રાણીઓના નિકાલ માટે જુદી જુદી પદ્ધતિઓ હોય તો તે નોંધવું. તે જ રીતે અમુક દર્દથી મરેલ પ્રાણીઓને દાટવામાં આવતાં હોય અને અમુક દર્દથી મરેલ પ્રાણીઓને ચીરવામાં આવતાં હોય તો તે પણ વિગતવાર નોંધવું.

ચીરનાર તેમને આપવામાં આવતાં ચામડાં વગેરે બદલી ન લે તે માટે જો ખાસ કોઈ નિશાનીઓ વગેરે કરવામાં આવતી હોય તો તે નોંધવું. પશુપાલકોનાં પ્રાણીઓનાં ચામડાં લગભગ મફત લઈ જવા બદલ તેમને નાડી, જોતરાં, કોસ, વરત વગેરે, યા જો અન્ય કોઈ સાધનો ચીરનાર તરફથી ભેટ અપાતાં હોય તો તે નોંધવું. તે જ રીતે આવા ચીરનાર ગ્રાહક દરેક ઘરના જુદા જુદા હોય કે સમગ્ર ગામનો એક જ હોય તો તે પણ વિગતે નોંધવું. આ રીતે જો સમગ્ર ગામનો એક જ ચીરનાર હોય તો તે બરાબર કામ ન કરે તો તેને બદલી નાખવાની સત્તા કોઈની પાસે હોય છે કે કેમ તે વિગતે નોંધવું.

આવા ચીરનારની સાથેના અન્ય વ્યવહારો પણ નોંધવા. દા. ત. એ ચીરવા આવે ત્યારે યા કોઈક વાર કોઈ કામ માટે આવે ત્યારે તેને ક્યાં બેસાડવામાં આવે? કેવી રીતે બેસાડવામાં આવે? તેને હોકા માટે દેવતા કેવી રીતે અપાય? તમાકુ કેવી રીતે અપાય? પાણી કેવી રીતે પવાય? ખાવાનું કેવી રીતે અપાય? બીજી વાતચીત વગેરે તેની સાથે કેવી રીતે થાય? વગેરે બાબતો પણ વિગતવાર નોંધવી. આવાં ઢોર ચીરનારને માટે ક્યા સગાઈસંબંધ સંબોધન શબ્દ, સગાઈ સંબંધ સંદર્ભ શબ્દ વપરાય છે તે પણ વિગતવાર નોંધવું. તેમને પણ ફલાણા દાદા યા ફલાણાં કાકી તરીકે ઓળખી શકાય, તેની પણ લાજ કાઢવાની હોય યા બીજા જે કંઈ આંતર-વ્યક્તિગત સબંધો હોય તે વિગતે નોંધવા.

આવાં ઢોર ચીરનારના અંદરોઅંદરના ઝઘડાઓમાં જો અધ્યયન હેઠળની જાતિ-જ્ઞાતિ કંઈ ભાગ ભજવતી હોય યા તેથી ઊલટું અધ્યયન હેઠળની જાતિ-જ્ઞાતિના ઝઘડામાં ઢોર ચીરનારના સમાજના લોકો જો કોઈ ભાગ ભજવી શકતા હોય તો તે વિગતે નોંધવું.

'બુઢ્ઢા' યા 'કાકા'-માં ખપી શકે એટલી વયનો ચીરનાર હોય તેને અધ્યયન હેઠળની જાતિનો જુવાન તતડાવી શકે ખરો? તેનું અપમાન કરી શકે? ઢોર ચીરનારે અધ્યયન હેઠળની જાતિની શી શી આમન્યા જાળવવાની હોય અને તેથી ઊલટું વડીલ ચીરનારની અધ્યયન હેઠળની જાતિ શી શી આમન્યા રાખે તે વિગતે નોંધવું. દા. ત. ઢોર ચીરનાર અધ્યયન હેઠળની જાતિના ગામમાં, વાસમાં આવે ત્યારે ઘોડે ન બેસી શકે. ચંપલ ન પહેરી શકે. તેથી ઊલટું અધ્યયન હેઠળની જાતિનો જુવાન વૃદ્ધ ચામડું ચીરનારને માનાર્થે બોલાવે વગેરે.

અધ્યયન હેઠળનો સમાજ પોતાનાં અમુક પાળેલાં પશુઓનાં ચામડાંનો ઉપયોગ પોતાની અમુક વિશિષ્ટ સાંસ્કૃતિક યા સામાજિક આવશ્યકતાની પૂર્તિ અર્થે જો કરતો હોય તો તે પણ વિગતવાર નોંધવું. દા. ત. કેટલાંક વાદ્યો – દા. ત. ઢોલ, નગારાં, ઢાક જેવાં વાદ્યોમાંના ચામડાનો ઉપયોગ તેમ જ કોશ યા તેનો રસ્સો, વરત વગેરે માટેના ઉપયોગમાં અમુક પ્રાણીનાં ચામડાંનો વપરાશ અધ્યયન હેઠળના સમાજમાં જો હોય તો તેની સાથે સંબંધિત સર્વ વિગતો ખૂબ વિગતે નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં જો આવો ઉપયોગ પ્રચલિત હોય તો તેમાં વાધ વગેરે મઢવાનું,

કે જે તે સાધન બનાવવાનું કામ જાતે જ કરે છે કે તે અન્ય સમાજના કોઈની પાસે તૈયાર કરાવે છે તે પણ વિગતે નોંધવું. તે જ રીતે પ્રાણીના શરીરના અન્ય કોઈ વિશિષ્ટ અંગનો અન્યત્ર કંઈક ઉપયોગ અધ્યયન હેઠળના સમાજમાં જો પ્રચલિત હોય તો તે પણ વિગતે નોંધવું. દા. ત. ધનુષની પણછમાં પશુનાં આંતરડાંનો ઉપયોગ થાય. તે જ રીતે પાળેલાં પશુઓના શરીરના કોઈ ભાગનો ઉપયોગ જો દવાદારૂમાં પ્રચલિત હોય તો તેની સાથે સંબંધિત સર્વ વિગતો નોંધવી.

જો અધ્યયન હેઠળનો સમાજ તેનાં પાળેલાં પશુઓનાં ચામડાંનો યા તેના કોઈ ભાગનો પણ જે કોઈ ઉપયોગ કરતો હોય તે વિગતે નોંધવું. અધ્યયન હેઠળનો સમાજ જો પાળેલા પ્રાણીનું ચામડું જાતે જ ઉતારતો હોય અને ત્યાર બાદ તેને પકવવા સુધીની સમગ્ર પ્રક્રિયાઓ જો તે જાતે જ કરતો હોય તો તે પણ નોંધવું. જો આ પ્રક્રિયાઓ અન્ય કોઈ જ્ઞાતિ યા જાતિ પાસે જો કરાવતો હોય તો તે પણ વિગતવાર નોંધવું. જો જાતે કરતો હોય તો આ નોંધ જે તે જાતિના અધિકૃત માહિતીદર્શકો પાસેથી ખૂબ વિગતવાર મેળવવી. જો તે જાતે ન કરતો હોય અને અન્ય જ્ઞાતિની વ્યક્તિને સમગ્ર પ્રક્રિયાનું કામકાજ જો આપી દેતો હોય તો તેના બદલામાં તે પોતે પ્રણાલિકાગત રીતે શું મેળવે છે તે પણ વિગતવાર નોંધવું. જો ચામડાના કામના સંદર્ભમાં, યા પશુના નિકાલના સંદર્ભમાં અધ્યયન હેઠળના સમાજમાં જો અન્ય કોઈ જ્ઞાતિ સાથે યજમાન પ્રથા જો ઊભી થઈ હોય તો તે વિગતવાર નોંધવી. આવા યજમાનોમાં પેઢી દીઠ ભાઈઓ-ભાઈઓ વચ્ચે જો કોઈ ભાગ વગેરે પડતા હોય તો તે વિગતવાર નોંધવું. ઢોર ચીરનાર કુટુંબના સગા ભાઈઓ વગેરે વચ્ચે જે ભાગ પડે તે ચીરનાર વ્યક્તિનું કુટુંબ અધ્યયન હેઠળના સમાજના સંબંધિત ગ્રાહક કુટુંબને કઈ રીતે જણાવે અને અધ્યયન હેઠળના સમાજનું સંબંધિત કુટુંબ તેને કઈ રીતે માન્ય રાખે છે તે પણ નોંધવું.

અધ્યયન હેઠળના સમાજની પશુચિકિત્સા માટેના ઔષધિને લગતા શાસ્ત્ર સાથે સંબંધિત સર્વ વિગતો જાણકાર માહિતીદર્શકો પાસેથી વિગતે મેળવવી.

ઔષધિઉદ્ગમ, ઔષધિક્રિયાપ્રક્રમ, ઔષધિપ્રતિક્રિયા, વિકાસ, વિસ્તરણ અને ઉત્સર્જન, ઔષધિવિષવિજ્ઞાન અને ઔષધિચિકિત્સા-ઉપયોગ વગેરે સાથે સંબંધિત વિગતો મેળવવી. અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત વિવિધ ઔષધિનો ઉદ્ગમ, વર્ણન, ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો, ઔષધિક્રિયા, ઉપયોગ અને ઔષધિ નિર્દેશન વગેરે વિગતે નોંધવું. પ્રાકૃત દ્રવ્યો અને ખાસ કરીને વનૌષધિઓના ભૌતિક ગુણધર્મો, તેનો ઉદ્ગમ, ઓળખ, શકય ભેળસેળ વગેરે અંગેના પણ અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો વિગતે નોંધવા.

ઔષધિપ્રભાવ, ઔષધનું અવશોષણ, વિસ્તરણ, જીવરાસાયણિક પરિવર્તન તથા ઉત્સર્જન અંગે, અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનાં જો કોઈ નિરીક્ષણ હોય તો તે પણ વિગતે નોંધવાં. અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત રોગોપચાર અને રોગનિયંત્રણ માટેનાં વિવિધ ઔષધોનો વિગતવાર ઉલ્લેખ કરવો.

અધ્યયન હેઠળના સમાજમાં રોગોપચાર માટે પશુશરીરવિકૃતિ અને ઔષધિક્રિયાને લક્ષમાં રાખીને ઉપચારક ઔષધિ પસંદ કરવામાં વપરાતી તર્કજન્ય ચિકિત્સા, અને ઔષધિ ક્રિયાશાસ્ત્ર માન્ય સૈદ્ધાંતિક તર્કને લક્ષમાં લીધા સિવાય, રોગોપચારમાં ઔષધિ ઉપયોગની અનુભવ-સિદ્ધ ચિકિત્સાને વિગતે નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં પશુઓને મર્દન અને ખાસ



કસરત રૂપે અપાતી યાંત્રિક ચિકિત્સા, વિવિધ પ્રકારનાં કિરણો કે ગરમી રૂપે અપાતી ભૌતિક ચિકિત્સા, સૂર્યકિરણો દ્વારા અપાતી સૂર્યચિકિત્સા, નૈસર્ગિક ઉપચારમાં વપરાતી પાણીચિકિત્સા, આહારનિયંત્રણથી અપાતી આહારચિકિત્સા, રોગચિકિત્સા માટે નિષ્ક્રિય દ્રવ્ય આપી છદ્મ ઔષધનો ઉપયોગ કરતી અપેક્ષી ચિકિત્સા વગેરેમાંથી જે અસ્તિત્વમાં હોય તે અંગે વિગતે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં પ્રાણીઓ પર ઔષધની વિષક્તતા અને વિષની અસર, વિષલક્ષણ, વિષચિકિત્સા અને વિષસારવારને લગતી સંબંધિત વિગતો પણ સવિસ્તર નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાંની પરંપરાગત ઔષધનિર્માણ વ્યવસ્થા, તેમ જ ઔષધિ-માત્રાશાસ્ત્ર તેમ જ ઔષધિને લગતા તોલ-માપશાસ્ત્ર અંગેની વિગતો પણ નોંધવી. આ ઉપરાંત અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત રોગપ્રતિરક્ષા ઔષધિવિજ્ઞાન, આનુવંશિક ઔષધિવિજ્ઞાન, જીવકોષ ક્રિયાશીલ ઔષધિવિજ્ઞાન તેમ જ શરીર ક્રિયાત્મક ઔષધિવિજ્ઞાન સાથે સંબંધિત બાબતો પણ વિગતે નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં, ઔષધોનું જો શરીરરચનાના વિવિધ સ્તરે ઔષધ અસર મુજબ, ચિકિત્સા ઉપયોગ ઔષધિ પ્રક્રમ મુજબ, ઔષધિ ઊગમ મુજબ યા અન્ય કોઈ રીતે જો વર્ગીકરણ કરવામાં આવતું હોય તો તે નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં ઔષધિનાં પ્રાપ્તિસ્થાન તેમ જ વનસ્પતિજન્ય ઔષધોના મુખ્ય સંઘટકો અંગે માહિતીદર્શકોને જો કોઈ જાણકારી હોય તો તે નોંધવી. ઔષધિઓમાં પ્રવાહી ઔષધો, જલયુક્ત નિલંબનો તેમ જ ઘન ઔષધોને વિગતે નોંધવાં. બાહ્યિક વપરાશનાં વિવિધ ઔષધો, જેમ કે અવનેગ-લોશન, મલમ, ગુદ-ગુટિકા, યોની-ગુટિકા, વેગપતરી, ઔષધશલાકા, ઉપનાહ – લોપરી, ક્રીમ, લેપ, પટલેપ, છાંટવાનું ચૂર્ણ – ભૂકી વગેરે વિગતે નોંધવાં.

ઔષધ આપવા માટેની વિવિધ રીતો, દા.,ત. મુખવર્તી, આંત્રેતર કલા દ્વારા અને સ્થાનીય વપરાશ દ્વારા — વગેરે પણ વિગતે નોંધવી. ઔષધિની રોગોપચારમાં દૈનિક સમગ્ર માત્રા, મધ્યમ ઘાતક માત્રા, મધ્યમ ક્રિયાકર માત્રા વગેરે પણ વિગતે નોંધવી. વિવિધ ઔષધિવાર, તેની અધિકતમ માત્રા, ન્યૂનતમ માત્રા, વિષક્ત માત્રા, ઘાતક માત્રા નોંધવી. પશુચિકિત્સાની પ્રારંભિક માત્રા તેમ જ પોષક માત્રાને પણ વિગતે નોંધવી. ઔષધિનાં માન્ય વજનો અને માપઘટકો અંગેની વિગતો પણ નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં, અમુક ઔષધિમાં ઔષધ પ્રતિક્રિયા, પશુની જાતિ, ઉંમર, લિંગ, વજન, સમય અને જગ્યા, ઔષધની ભૌતિક અને રાસા-યણિક સ્થિતિ, ઔષધ આપવાનો માર્ગ, ઔષધની જે તે પશુમાં કુદરતી તેમ જ પ્રાપ્ત સહિ-ષ્ણુતા વગેરે અંગેની વિગતો મેળવવી. ઔષધવિરોધ અંગેની વિગતો પણ મેળવવી. અધ્યયન હેઠળના સમાજમાંના ઔષધિ પ્રક્રિયાના સામાન્ય સિદ્ધાંતો નોંધવા.

સાર્વત્રિક નિશ્ચેતનતાને લગતી સામાન્ય માહિતી અને સિદ્ધાંતો, નિશ્ચેતનતાના તબક્કાઓ અને ચિહ્નો, નિશ્ચેતનતાનાં અનુદ્રવ્યો, સાર્વત્રિક નિશ્ચેતકો, નિલાન્તઃક્ષેપ સાર્વત્રિક નિશ્ચેતકો, નિદ્રાકારક અને શામક દ્રવ્યો, પીડાહરક અને જવરઘ્ન દ્રવ્યો, તાણરોધક દ્રવ્યો, માનસિક ક્ષોભશામક દ્રવ્યો, તેમ જ કેન્દ્રીય ચેતાતંત્ર ઉદ્દીપકો પણ નોંધવાં. સ્થાનીય સંવેદનાહારક દ્રવ્યો, કરોડગુહાક્ષેપ અને અધિદૃઢતાનિકાક્ષેપ સંવેદનાહારણ પરિઘવર્તી ચેતાતંત્ર ક્રિયાશીલ ઔષધો નોંધવાં. અનુકંપી અનુકારી દ્રવ્યો, પરાનુકંપી અનુકારી દ્રવ્યો, અનુકંપીરોધક દ્રવ્યો, પરાનુકંપીરોધક દ્રવ્યો, ગુચ્છિકા-રોધક અને ઉદ્દીપક દ્રવ્યો તેમ જ સ્નાયુશિથિલન દ્રવ્યો નોંધવાં. જેનો સ્વાયત્ત ઔષધોમાં સમાવેશ

કરવામાં આવે છે તેવાં હિસ્ટામીન અને હિસ્ટામીનરોધક ઔષધો તેમ જ અન્ય સ્વાયત્ત દ્રવ્યો પણ નોંધવાં. રુધિર પ્રતિઘનીભવન દ્રવ્યો, રુધિર ઘનીભવન દ્રવ્યો, પાંડુરોગક્રિયાશીલ દ્રવ્યો, અને હૃદયક્રિયાશીલ ઔષધો નોંધવાં. પાચનતંત્રક્રિયાશીલ ઔષધોમાં જેનો સમાવેશ થાય છે તેવાં કટુ દ્રવ્યો, વાયુસારક દ્રવ્યો, અમ્લમારક દ્રવ્યો, વમનકારી અને વમનરોધક દ્રવ્યો, પ્રથમ આમાશયક્રિયાશીલ દ્રવ્યો, રેચક દ્રવ્યો, અતિક્ષારરોધક દ્રવ્યો નોંધવાં. શ્વસનતંત્ર ક્રિયાશીલ ઔષધોમાં કફઘ્ન દ્રવ્યો અને શ્વસન ઉદ્દીપકો નોંધવાં. મૂત્રતંત્ર ક્રિયાશીલ ઔષધોમાં મૂત્રવર્ધક દ્રવ્યો, વૃક્કજલ સંરક્ષણ પર અસર કરતાં દ્રવ્યો, વૃક્કિય નલિકામાં વહન અવરોધક કાર્બનિક દ્રવ્યો, ગર્ભાશય સંકોચન–શિથિલન ક્રિયાશીલ દ્રવ્યો તેમ જ ભારે ધાતુઓ અને ભારે ધાતુવિરોધી ઔષધો નોંધવાં. ત્રુટિજન્ય કિસ્સામાં ઉપયોગી સોડિયમ, પોટૅશિયમ, મૅગ્નેશિયમ, ઝીંક, કોપર, કોબાલ્ટ, મૅંગેનીઝ, કૅલ્શિયમ, ફૉસ્ફરસ વગેરે ખનિજ ઔષધો તેમ જ ફ્લોરીન, સેલિનીઅમ, આરસેનિક, લેડ, થેલિયમ વગેરે વિષકર ખનીજ દ્રવ્યો અંગેની અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ પણ પ્રકારની પ્રત્યક્ષ કે પરોક્ષ જાણકારી જોવા મળતી હોય તો તે વિગતવાર નોંધવી.

સ્થાનીય ક્રિયાશીલ ઔષધોમાં જેનો સમાવેશ થાય છે તેવાં અધિશોષક અને સંરક્ષક દ્રવ્યો, અવશોષણીય રુધિરસ્તંભક દ્રવ્યો, ગ્રાહી દ્રવ્યો, સંતાપક દ્રવ્યો, જારકચહારક દ્રવ્યો, દ્રાહક દ્રવ્યો, શૃંગીત્વચાવિલય દ્રવ્યો, અતિકૃષ્ણતાકારક અને રોધક દ્રવ્યો, સ્નેહન દ્રવ્યો અને સ્થાનીય પીડાશામક દ્રવ્યો નોંધવાં. સ્થાનીય ચેપરોધક દ્રવ્યો તેમ જ કીટઘ્ન અને બાહ્ય પરજીવનાશક ઔષધો તેમ જ દૈહિક ચેપરોધક ઔષધો નોંધવાં. આંતરિક પરજીવારોધક ઔષધોમાં જેનો સમાવેશ થાય છે તેવાં પટ્ટીકૃમિરોધક ઔષધો, છિદ્ર પત્રીકૃમિરોધક ઔષધો, રજ્જુકૃમિરોધક ઔષધો નોંધવાં.

વિશિષ્ટ પરજીવરોધક ·ઔષધો, જેવાં કે ટ્રીપેનોસોમરોધક દ્રવ્યો, બેબેસિયારોધક દ્રવ્યો, સ્ત્રીપુંસકરોધક દ્રવ્યો, તનુસૂત્રરોધક દ્રવ્યો તેમ જ પ્રકીર્ણ પરજીવરોધક ઔષધોમાંથી કોઈ અંગે કંઈ જાણકારી હોય તો તે નોંધવી. તે જ રીતે વિવિધ અર્બુદરોધક ઔષધોને વિગતવાર નોંધવાં.

ગલગ્રંથિ અંતઃસ્રાવો, ઉપગલગ્રંથિ અંતઃસ્રાવો, બ્રહ્મગ્રંથી અંતઃસ્રાવો, માદા પ્રજનન અંતઃસ્રાવો, નર પ્રજનન અંતઃસ્રાવો, ઈન્સ્યુલીન અને ન્યૂન મધુરુધિરતાકારક દ્રવ્યો તેમ જ એડ્રિનલ બાહ્યસ્થાન અંતઃસ્રાવો અંગેની કંઈ પણ જાણકારી હોય તો તે નોંધવી. જલમાં અને મેદમાં દ્રવ્ય પ્રજીવકો અંગેની જાણકારીને પણ નોંધવી.

સામાન્ય સંજોગોમાં પણ પશુધનના વિવિધ પ્રકારના રોગો અને તેના લેવામાં આવતા ઈલાજો અંગે માહિતીદર્શકોની પાસે જેટલી માહિતી હોય તેટલી ખૂબ જ વિગતવાર નોંધવી. જો માહિતીદર્શક ઉપરાંત અન્ય કોઈ જાણકારની પાસે વિશેષ પ્રમાણમાં જાણકારી હોય તો તેમની માહિતી પણ માહિતીદર્શકની પાસેથી મેળવીને જે તે ખાસ જાણકાર પાસેથી પણ આ અંગેની વિગતો મેળવવાનો પ્રયાસ કરવો.

પશુધનની માંદગીની સારવાર માટે ઘરગથ્થુ જે જે ઉપાયો હોય તે પણ નોંધવા. માહિતીદર્શકે પોતે પણ જો કોઈ વિશિષ્ટ પ્રયોગો કે દવાઓ કરી હોય તો તે અંગેના તેમના બધા જ સ્વાનુભવોને પણ વિગતવાર નોંધવા. પશુકલ્યાણ યા પશુસંવર્ધનના સંદર્ભમાં ઊજવાતા



ઉત્સવો, તહેવારો વગેરે અંગેની સંબંધિત બધી જ વિગતો શક્ય હોય એટલી સવિશેષ વિગતે નોંધવી. પશુઓના ગોવાળો વગેરે માટે પણ જો ખાસ કોઈ દવાઓની સગવડ રખાતી હોય તો તે વિગતે નોંધવી. આ અંગેની સામાન્ય ગોવાળોની જાણકારીનો પણ શક્ય હોય તો આવા ગોવાળ માહિતીદર્શકો પાસેથી વિગતો મેળવીને ખ્યાલ મેળવવો. પશુધનના કલ્યાણ માટે કોઈક જાદુ-ટોણા, દવાઓ, ભૂંગળી, વગેરેનો જો આશ્રાય લેવામાં આવતો હોય તો તે વિગતવાર નોંધવું. આ બધી વિધિઓ સામાન્ય રીતે કોણ કરે? તેનું જો અધ્યયન હેઠળના સમાજમાં જો ખાસ કોઈ નામ હોય તો તે વિગતે નોંધવું. જો આ વિધિઓ ભગત, ભૂવો કરતો હોય તો અધ્યયન હેઠળના સમાજના સાંસ્કૃતિક જીવનમાં તેનું તુલનાત્મક સ્થાન નોંધવું.

ઢોરને માંદગી આવી છે તેનો ખ્યાલ કઈ કઈ નિશાનીઓ પરથી આવે? તે કાન લબડતા રાખે? હલાવે નહીં? આંખે ચીપડા બાઝે? પાણી ઝરે? ખાવા કે વાગોળવાનું બંધ કરે? પોદળો બહુ કઠણ કે ઢીલો થાય કે બહુ વાસ મારે? પેશાબ ઘેરો, રાતો, બહુ જ પીળો કે સફેદ થાય? થૂંક વાસ મારે? મોઢામાંથી લાળ પડે? નાકનાં બે ફોરણાં વચ્ચેની જગ્યા સાવ સુકાઈ જાય? આંખની નીચેની, અંદરની પાતળી ત્વચા ખેંચવાથી જે પાંપણને જોઈ શકાય છે તે, અંદરની ત્વચા તેમ જ મોઢાની અંદરની ત્વચા મેલી, જાંબુડા રંગની અને ચીકણી દેખાય? શરીરની ગરમી ઓછી યા વધારે થાય તેમ જ નાડ અને શ્વાસોચ્છ્વાસ માપસર ન રહે? ચામડીની સુંવાળપ પણ પ્રમાણમાં ઓછી જણાય? રુવાંટી ઊભી થઈ જાય? ઉપરનાં સઘળાં યા તેમાંનાં કેટલાંક યા આ ઉપરાંત વિશેષ કેટલાંક લક્ષણો જો માંદા ઢોરમાં જોવા મળતાં હોય તો તે વિગતવાર નોંધવાં.

ઢોરનો શ્વાસોચ્છ્વાસ જોવાની, નાડ તપાસવાની, તેમ જ તેનું ઉષ્ણતામાન માપવાની વગેરે પરંપરાગત પદ્ધતિઓનો પણ વિગતે નિર્દેશ કરવો.

અધ્યયન હેઠળનો સમાજ ઢોરને થતા કયા કયા પ્રકારના ચેપી રોગોથી પરિચિત છે. દા. ત. કાળિયો તાવ, ખરવા-મોવા, ગળસૂંઢું, ગાંઠિયો તાવ, ગોશીતળા, ફિફરી, શીતળા, ક્ષય વગેરે. આ બધા રોગોમાંથી અમુક રોગ વિશેષ થાય અને અમુક પ્રમાણમાં ઓછા થાય તેવું ખરું? જો એમ હોય તો કયા કયા? આ દરેક રોગનાં અધ્યયન હેઠળના સમાજમાં જોવા મળતાં કારણ, દરેક દર્દનાં જંતુઓ શરીરમાં પ્રવેશે ત્યારથી તે દર્દનાં લક્ષણો દેખાય ત્યાં સુધીનો ગાળો, દર્દનાં લક્ષણો, દર્દને અટકાવવાનો અને માંદાં ઢોરને સાજાં કરવાનો ઈલાજ વગેરે દરેકેદરેક દર્દવાર વિગતવાર નોંધવાં.

જો કોઈ ચેપી રોગ ફાટી નીકળે તો તેવે વખતે રોગ થયેલ ઢોર, શકમંદ ઢોર (જે રોગ થયેલ ઢોરની સાથે રહ્યાં હોય તે) તેમ જ સાજાં ઢોરને અલગ અલગ રખાય છે ખરાં? રોગ થયેલ ઢોરની ચાર, ચોગઠ વગેરે બાળી નખાય છે ખરાં? માંદાં ઢોરને બીજાં ઢોર સાથે જ ચરવા દેવામાં આવે છે કે અલગ? તેમને અલગ હવાડે પાણી પવાય કે બધાંની સાથે જ? ચેપી રોગોની સારવાર કરતા ગોવાળિયાઓ પણ અલગ રહે છે કે સાથે? જે ગામમાં ચેપી રોગ ચાલતો હોય તેનાં ઢોર બીજે જવા દેવાય છે કે કેમ? ચેપી રોગ થયેલ ઢોર જો મરી જાય તો એને બાળવામાં આવે છે કે દાટવામાં? તેનું ચામડું ઉતરાવવામાં આવે છે ખરું? જો દાટવામાં આવતું હોય તો કેટલે ઊંડે? તેને ચૂનો કે મીઠું નાખીને દાટવામાં આવે છે ખરું? કેટલો ચૂનો કે મીઠું? શા માટે? દાટીને ઉપર કાંટા કે થોરિયા વગેરે પણ નખાય છે ખરા? શા માટે? જો

આવા ચેપી રોગવાળાં ઢોરને બહાર ઘસડી જતાં પણ જો કોઈક ખાસ કાળજી લેવાતી હોય તો તે નોંધવી. દા. ત. મોઢામાંથી કે નસકોરાંમાંથી કોઈ પ્રવાહી ન પડે તે માટે ડૂચા મારવા વગેરે. આ ઉપરાંત આમણ ખસવી, આફરો, આસ નીકળવી – માટી ખસવી, કબજિયાત, કરમોડું, ખરમોડું કે કંબોડી, કાન પાકવો, ખરી વચ્ચે મસ થવો, ચાંદાં, જૂ, ઝેરબાજ ચઢવું, ડૂંટો સૂજવો, થાનના સોજા, દરાજ, મૂઠિયાનો સોજો, મોઢું આવવું, રૂંધામણ, વેલો, શીળસ, સળેખમ, હોજરીમાં ડૂચો બાઝવો વગેરે રોગો પણ પશુઓમાં જોવા મળે છે. આ અને પશુઓમાં જોવા મળતા અન્ય રોગોના સંદર્ભમાં પણ ઉપર કથિત સર્વ વિગતો અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકો પાસેથી મેળવવી.

આ ઉપરાંત વિવિધ પ્રકારના જખમમાં લોહી અટકાવવા માટે, તેમાં જંતુ પડતાં અટકાવવા અથવા જંતુમુક્ત કરવા માટેની વિવિધ પદ્ધતિઓ વગેરે વિગતે નોંધવી. ઢોરને આકસ્મિક રીતે ઝેરી ખોરાક ખાવાથી, જાનવર કરડવાથી, યા કોઈ ઝેરી દવા આકસ્મિક રીતે પી જવાથી, યા સહેતુક રીતે ઝેર ભેળવવામાં આવતાં, યા હડકવા જેવા રોગમાં ઝેર દઈને મારવામાં આવે ત્યારે આવા ઝેરનાં લક્ષણ, તેના ઉપચાર, તેમ જ ખાસ કરીને મૂર્છામાંથી જાગ્રત રાખવા યા જાગ્રત કરવા માટે વપરાતી પદ્ધતિઓ, ઈલાજો વગેરે વિગતવાર નોંધવાં. વિવિધ પ્રાણીઓના ખોરાકમાં અને ચારામાં જો અમુક ઝેરી વનસ્પતિઓ જો ભૂલમાં ખાઈ જતાં હોય તો તે અંગેની માહિતીદર્શકોની જાણકારીની વિગતો મેળવવી. જો અમુક પ્રાણીને આવા ચારાનું ઝેર ચઢતું હોય ને અમુકને ન ચઢતું હોય યા તેની માત્રામાં જો ફેર રહેતો હોય તો તે પણ વિગતે નોંધવું. પશુઓને કાંધ આવે ત્યારે અજમાવવામાં આવતા ઉપાયો નોંધવા. ગાભણા ઢોરની માવજત અંગે પણ વિગતે નોંધવું. ઓર પાડવા માટેના ઉપાયો, તેમ જ માદા પશુ ઊથલી જતું હોય કે તરવાઈ જતું હોય કે ખૂંટે ન આવતું હોય તો તેના ઉપાયો વિગતવાર નોંધવા.

અધ્યયન હેઠળના સમાજમાં કોઈ પ્રાણીના વાંઝિયાપણા માટે કયાં કયાં કારણો જવાબદાર લેખવામાં આવે છે? દા. ત. શારીરિક ખોડખાંપણને લીધે? કેટલીક ચેપી માંદગીઓને લીધે? ખાદ્ય પદાર્થોની અછતને લીધે? અમુક ઉંમર અને વાતાવરણની અસરને લીધે? અમુક ગ્રંથિઓના સ્રાવોની અનિયમિતતાને લીધે? જો નર અને માદા જોડકાં બચ્ચાં જન્મેલાં હોય તો તેને લીધે? ગર્ભાશયના અમુક પ્રકારના સોજાઓને લીધે? માદાની હંમેશાં ઋતુમાં આવેલી રહેવાની એક ખાસ પ્રકારની માંદગીને લીધે? આ અંગેનાં જે કારણો દર્શાવાતાં હોય તે તેમ જ તેને દૂર કરવા માટેના જે ઉપાયો સૂચવવામાં આવતા હોય તે ખૂબ વિગતવાર નોંધવા. તે જ રીતે સાંઢ ન ફળવતો હોય તો તે અંગેના વિગતવાર ઉપાયો નોંધવા. શીંગડાં તૂટે ત્યારે યા મૂઢ મારમાંનાં યા પેટનાં કૃમિના ઉપાયો નોંધવા.

અધ્યયન હેઠળના સમાજમાં નાનાં બચ્ચાંમાં કઈ કઈ ચેપી માંદગીઓ જોવા મળે છે? દા. ત. ડૂંટાનો સોજો, ધોળા ઝાડા, બચ્ચાંનો ડિફ્થેરિયા, સંક્રામી ન્યુમોનિયા, કોકસીડીઓસીસ વગેરે, બચ્ચાંની સામાન્ય માંદગીઓ કઈ કઈ જોવા મળે છે? દા. ત. સુકતાન, ખોડો, ખૂજલી, જઠર અને આંતરડાંનાં કૃમિ વગેરે. આ બધાં દર્દોમાં સામાન્ય રીતે અધ્યયન હેઠળના સમાજમાં અપનાવાતા ઉપાયો અંગે વિગતવાર માહિતી એકત્રિત કરવી.

સામાન્ય રીતે પશુપાલક સમાજોમાં તેના પરંપરાગત જાણકારો દ્વારા અનેકવિધ વનસ્પતિ દવાઓનો પેઢી-દર-પેઢી ઉપયોગ થતો આવે છે.



અધ્યયન હેઠળના સમાજમાં પશુઓનાં વિવિધ દરદોમાં વપરાતી ઘરગથ્થુ વનસ્પતિ દવાઓની પણ વિગતવાર યાદી બનાવવી. આ દવાઓ કયાં દર્દોમાં, કઈ રીતે, કેટલી માત્રામાં, કેટલી વયનાં પશુઓને અપાય છે તેની વિગતવાર નોંધ કરવી. દા. ત. કેટલાક સમાજમાં સાંધાના સોજામાં આકડાનાં પાન પર તલનું તેલ ચોપડી ગરમ કરીને બાંધવામાં આવે છે. ખૂજલીમાં આકડાના દૂધનો કે કેરીના અથાણાના તેલનો ઉપયોગ થાય છે. આફરામાં, ઉધરસમાં, પેટની ચૂંકમાં પાંચેક તોલા સૂંઠ અપાય છે. સોજો આવે ત્યારે એરંડાનાં પાંદડાં પર તેલ ચોપડી ગરમ કરી બાંધવામાં આવે છે. ઝેરી જંતુઓના ડંખ ઉપર પણ પાંદડાં છૂંદીને બાંધવામાં આવે છે. જૂની ઉધરસમાં અઢી-ત્રણ તોલા જેટલો અજમો અપાય છે, યા કેટલીક વાર ગરમાળાની સિંગમાંથી નીકળતાં ચકતાં પણ અપાય છે. ઝાડા બંધ કરવા માટે આંબાની કૂંપળોને ઉકાળીને તેનું પાણી પિવડાવવામાં આવે છે. ઝાડામાં લોહી આવતું હોય ત્યારે અંતરછાલનું ચૂર્ણ આપવામાં આવે છે. કેટલીક વાર ૫–૧૦ તોલા આમળાંનું ચૂર્ણ પણ પાણી સાથે દિવસમાં બેત્રણ વાર આપવામાં આવે છે. પશુની નસકોરી ફૂટે ત્યારે આમળાંનું બારીક ચૂર્ણ પાણી સાથે પાવામાં આવે છે તેમ જ આમળાંને થોડા પાણી સાથે વાટીને કપાળે તેનો લેપ કરવામાં આવે છે. દસેક તોલા ઈસબગુલનાં બી રતલેક પાણીમાં પલાળી, ચારેક કલાક પછી દસેક તોલા ખડીસાકર નાખી પાવાથી નાક, આંતરડાંમાંથી આવતું લોહી બંધ થતું હોવાની માન્યતા છે. આમલી પાણીમાં ચોળીને તેનું પાણી પાવાથી, અને તેના કૂચા શરીરે ઘસવાથી લૂમાં ફાયદો થતો હોવાની પણ માન્યતા છે. તાવમાં, દમ, ઉધરસમાં અરડૂસીનાં પાન દસેક તોલા પાણી સાથે ઉકાળી ગાળીને ગોળ સાથે પાવામાં આવે છે. પાડું વાછરુંના જન્મ પછી ઓર ન પડતી હોય ત્યારે કપાસનાં કાલાં અને તેનાં મૂળિયાં પાણીમાં ઉકાળી ગાળીને પાવામાં આવે છે. કપાસનાં પાન અને કપાસિયામાંથી નીકળતી ગીરી પાણી સાથે વાટીને પાવાથી ધંતૂરાનું ઝેર ઊતરી જતું હોવાની માન્યતા છે. આફરો ચઢે ત્યારે કાંકચીઆ અપાય છે. દૂધ-ઘી વધારવા ગાય, ભેંસ, બકરી, ઘેટીને કપાસિયા અપાય છે. ઝાડા બંધ કરવા માટે કાથાનો ઉપયોગ થાય છે. મસોઢાં પાકયાં હોય કે તેમાંથી લોહી વહેતું હોય તો બારીક કાથો વાટીને ઘસવામાં આવે છે. કોઈ ઘા પડતાં લોહી વહેતું હોય તો તેને અટકાવવા માટે કાથો વાટીને તેના પર મૂકીને પાટો બાંધવામાં આવે છે. કાથો અને ચાક યા ખડીને સરખે ભાગે લઈને તેને ઝીણો ખાંડીને સરખે ભાગે લઈને, તે ચૂર્ણ પાણી સાથે પાંચેક તોલા પાવાથી ઝાડા બંધ થાય છે. લાકડાના કોલસાની ઝીણી ભૂકી સડી ગયેલા ઘા પર લગાડતાં તે રૂઝાય છે. આફરો મટાડવા માટે પણ વીસેક તોલા લાકડાંના કોલસાની ભૂકી પાવામાં આવે છે. તે જ રીતે ખનિજ કોલસાની ઝીણી ભૂકી પણ દાઝયા પર લગાડવામાં ઉપયોગી નીવડે છે. ઘા રૂઝવવામાં ધોળી અને પીળા રંગની કોડીઓ બાળી વાટીને બનાવેલી ભૂકી પણ કામમાં આવે છે. પીળી કોડીઓની ભૂકી કાન પાકયો હોય ત્યારે તેમાં ચપટી ભરીને નાખી ઉપર તરત ખાટા લીંબુનો રસ દરરોજ બેત્રણ વખત નિચોવવાથી કાનનું દર્દ મટી જાય છે. કુંવારપાઠાનાં પાનને છોલી તેના ઉપર હળદર તથા મીઠું છાંટી તવા ઉપર ગરમ કરી સોજા ઉપર બાંધવાથી સોજો મટે છે. કુંવારપાઠાના માવા સાથે ફટકડી મેળવી તેને કપડાના કટકામાં બાંધી, તવા પર ગરમ કરી શેક કરવાથી અને તેને નિચોવીને થોડાં ટીપાં આંખમાં નાખવાથી આંખ દુખતી હોય યા સૂજી ગઈ હોય યા તેમાંથી પાણી યા પરું વહેતું હોય તો રાહત થાય છે. એકાદ કિલો કાંદા કચરીને તેમાં કાળી જીરી, અજમો અને સૂંઠ પાંચ-પાંચ તોલા મેળવીને એકાદ રતલ ગોળ સાથે ખવડાવવાથી તાજા પ્રસવ થયેલા પ્રાણીનું

ગર્ભાશય સાફ થાય છે. ગળોના વેલા ઉકાળીને તેમ જ તેનો રસ કાઢીને પાવાથી તાવ ઊતરે છે. ગળો લોહીશુદ્ધિકારક પણ ગણાય છે. કમળામાં પણ લાભદાયક મનાય છે. ગાજર દૂધવર્ધક મનાય છે. પાડાં, વાછરડાંને દૂધ ન પચે ત્યારે ચૂનાનું પાણી અપાય છે. જાંબુના ઠળિયાની ગોટલી તેમ જ આંબાની ગોટલીનું ચૂર્ણ સરખે ભાગે આપવાથી ઝાડો બંધ થાય છે. તમાકુના પાનનો ભૂકો પાણીમાં ઉકાળીને એ પાણી ઢોરોના શરીર પર ચોપડતાં જૂ, ચાંચડ વગેરેનો નાશ થાય છે. પ્રસવ પછી અંગ આવ્યું હોય તો ઠંડા પાણીમાં ફટકડી નાખી આ પાણી વારંવાર છાંટવાથી અને તેનાં પોતાં મૂકવાથી સંકોચાઈને બેસી જાય છે. બીલાંનાં પાકાં ફળનો માવો ખવડાવવાથી, આંતરડાની અશક્તિને લીધે થતા ઝાડા બેસી જાય છે. ઝાડામાં જો લોહી પડતું હોય તો તે પણ અટકે છે. તે જ રીતે ઝાડા બંધ કરવામાં બાવળની કૂંપળો તેમ જ તેની સૂકી છાલનું ચૂર્ણ પણ કામ આવે છે. બાવળનો ગુંદર ઉધરસ મટાડવામાં ઉપયોગી છે. મહુડાનાં ફૂલ પણ ઉધરસમાં ફાયદો કરે છે. તે જ રીતે મહુડાનાં ફૂલ ખવડાવવાથી જે જાનવરો કોઈ શારીરિક ખોડખાંપણ ન હોય તે છતાં વેતરે ન આવતાં હોય તે ફળે છે. મહુડાનાં ફૂલને શક્તિવર્ધક માનીને ખાણમાં પણ ખાસ કરીને બળદોને તે આપવામાં આવે છે. મહુડાનાં પાંદડાં ઉકાળી એ પાણીથી શેક કરતાં કેટલીક વાર સોજો મટે છે. કેટલીક વાર સોજામાં, પાણીથી ભીનું કરેલું વાટેલું ઝીણું મીઠું ચોપડવામાં આવે છે. ઢોરના શરીરની તંદુરસ્તી, સ્ફૂર્તિ ટકાવવા માટે, ખાસ કરીને, એકબીજાનાં શરીર, ભીંતો કે માટી ચાટતાં પશુઓને મીઠું આપવામાં આવે છે. આંખોમાં એક જાતના દોરા જેવાં કૃમિ ઉત્પન્ન થતાં આંખો લાલ થઈ ગળવા માંડે તો થોડું મીઠું પાણીમાં નાખી તેની છોળો મારતાં કૃમિઓ નીકળી જાય છે. ઢોરને ખૂબ તાવમાં પણ પાણીમાં મીઠું નાખીને, તેનાં પોતાં, પ્રાણીના માથે બાંધવાથી તેને રાહત મળે છે. મધ તેમ જ મીણમાં ઘા રૂઝવવાનો ગુણ છે. મધ આંખમાં આંજવાથી આંખનો દુખાવો મટે છે. મધને ફટકડી કે ખડી સાથે મેળવી લગાડવાથી મોઢાના જખમ, ચાંદાં વગેરે મટે છે. લાલ મરચાં તલના તેલમાં ઉકાળી, મરચાં બળી જાય ત્યારે ગાળી લઈને એ તેલ કાનમાં નાખવામાં આવે તો કાનનાં દર્દોમાં રાહત થાય છે. શરીરનો કોઈ ભાગ ખોટો પડી ગયો હોય તો તેના પર તેલની માલિસ કરવાથી ફાયદો થતો હોવાની તેમ જ હડકાયું કૂતરું કરડે તો એ જગ્યાએ જખમમાં સરસિયું તેલ લગાડી લાલ મરચાંની ભૂકી ભરી દેવાથી હડકવાનું ઝેર ચડતું નથી એવી પણ માન્યતા છે. મેંદીનાં પાન એક દિવસરાત પાણીમાં પલાળી ગાળી લઈ એ પાણી કમળો થયેલા પ્રાણીને પાવાથી ફાયદો થતો હોવાની, તેમ જ મેંદીનાં પાન પાણીમાં ઉકાળી એ પાણી મોઢામાં વારંવાર છાંટવાથી ચાંદાં મટતાં હોવાની માન્યતા છે. સાંધાનાં તેમ જ સ્નાયુઓનાં કેટલાંક દર્દોમાં મેથી ખવડાવવાથી અને ફેફસાંનાં દર્દોમાં રાઈનો લેપ સારો ફાયદો કરતો હોવાનું મનાય છે. મૂઢ મારમાં એકાદ કિલો જેટલું રીંગણાંનું પાણી નિચોવીને પાવાથી ફાયદો થાય છે. તે જ રીતે પગની મચકોડના લીધે આવેલા સોજામાં રાહત મેળવવા માટે રીંગણાને કાપી તેના ઉપર હળદર અને ઝીણું વાટેલું મીઠું ભભરાવી, તવા ઉપર ગરમ કરી તેનાથી શેકવામાં આવે છે. ઢોરના ક્ષયના રોગમાં લસણ ખૂબ ઉપયોગી મનાયું છે. સાંધાના સોજાવાળા ગઠીઆ તાવમાં લસણ ખવડાવવાથી, ફોડા ઉપર વાટેલા લસણનો લેપ કરવાથી, અને પરુ વહેતા કાનમાં લસણનો રસ નાખવાથી સારો ફાયદો થતો હોવાની માન્યતા છે. લીમડાનાં પાંદડાં વાટી ઘામાં તેનું પોતું મૂકવાથી દુર્ગંધ મારતા કીડા પડેલા ઘા રુઝાય છે. લીમડાનાં પાનનો ઉકાળો પણ તેટલો જ ઉપયોગી છે. લીંબોળી પણ જઠર અને આંતરડાંનાં કૃમિને મારે છે. લીંબોળીનું તેલ ઢોરના શરીરે લગાડતાં જૂ, ચાંચડ, ઈતરડી વગેરે જંતુઓ નાશ પામે છે. લીમડાની કૂંપળો પાણી સાથે વાટી લગાડવાથી પણ ખસ, ખોડો, ખૂજલી જેવાં દર્દો મટે છે. આમાં લીમડાનો 'મદ' પણ તેટલો જ અકસીર છે. લીમડાની જેમ, લીંબુનો રસ પણ શરીરે ખોડો થયો હોય તો તેમાં કામમાં આવે છે. વીસેક લીંબુનો રસ કાઢીને તેમાં બે-ત્રણ તોલા સોડાબાયકાર્બ અને થોડું પાણી નાખી પાતાં ઢોરને આફરો ચઢયો હોય તો તે મટે છે. વડનું દૂધ સોજા પર લગાડવાથી ફાયદો થાય છે. દુધાળાં જાનવરોને વરિયાળી ખવડાવવાથી દૂધ વધે છે. તલના તેલમાં સિંદૂર મેળવીને કીડા મારવામાં, તેમ જ ઘા રૂઝવવામાં ઉપયોગમાં લેવાય છે. આંખો દુખતી હોય ત્યારે હરડે પાણી સાથે ઘસીને આંજવાથી ફાયદો થાય છે. ચોટ લાગી હોય ત્યારે હળદરને ચૂના સાથે મેળવીને લગાડવાથી ફાયદો થાય છે. હળદર અને મીઠું સરખે ભાગે મેળવી મોઢામાં પડેલા ઘા અને ચાંદાં પર ઘસવામાં, તેમ જ ઉધરસમાં ગોળ સાથે ચટાડવામાં ઉપયોગમાં લેવાય છે. નાનાં વાછરડાં અને પાડાના પેટમાં થતાં કૃમિ મારવા માટે પણ હળદર પાણી સાથે પાવામાં આવે છે, યા તેનો ભૂકો ગોળ સાથે મેળવીને ખવડાવવામાં આવે છે. મોઢામાં તમાકુ ચાવીને આંખમાં પિચકારી મારતાં ફૂલુ કે ઝારી મટે તેવી પણ માન્યતા છે. તે જ રીતે તુવેરની કૂંપળોનો રસ આંખમાં નાખવાથી યા તુવેરના છોડનું મૂળિયું પાણીમાં ઘસી આંખમાં આંજવાથી પણ ફૂલું મટતું હોવાનું મનાય છે.

થોરનો એકાદ ફૂટ લાંબો કટકો કાપી સળગતા ચૂલાની રાખમાં દબાવી રાખીને બરાબર બફાઈ રહેતાં બહાર કાઢી તેનું પાણી કાઢી તેમાં એકાદ રતલ જેટલો ગોળ મેળવી દરરોજ એક વખત ઢોરને પાવાથી સાંધાના દુખાવાથી યા તાવને લીધે ઢોરના પગ અકડાઈ ગયા હોય તો તે સાજું થાય છે. ખસ-ખૂજલીમાં થોરનું તેલ કે થોરનો મલમ પણ ખૂબ અસરકારક નીવડે છે. દીકામળીને પાણીમાં ઉકાળી, એ પાણીથી ઘા ધોવાથી, અને તેનું પોતું મૂકવાથી ઘામાં પડેલા કીડા પણ મરે અને ઘા પણ રુઝાય. નગોર પણ આ કામમાં આવે છે. કોપરું અને ખાખરાનાં બી સરખે ભાગે લઈ પાંચેક તોલા જેટલું ચૂર્ણ ઢોરોને ખવડાવતાં પેટનાં કૃમિ મરી જાય છે. કોપરું સોજામાં પણ કામ આવે છે. એક ભાગની હળદર અને ચાર ભાગનું કોપરું લઈને બંનેને સાથે વાટીને તેની પોટલી બાંધી, તવા ઉપર વારંવાર ગરમ કરી તેનો શેક કરવાથી સોજો મટી જાય છે. જે ગાય-ભેંસને સાતેક મહિના ઉપરની ગર્ભાવસ્થામાં ગર્ભપાત થયો હોય તેને દૂધ પર લાવવા માટે દરરોજ ૨-૩ નાળિયેર ઝીણાં કાપીને, ૧-૨ રતલ ગોળ સાથે અપાય છે, જેથી જે તે પ્રાણીનું વેતર નકામું જતું નથી. આવાં નાળિયેર દૂધવર્ધક પણ છે. કોઈ પણ ફોડા પર પીપળાનાં પાનને ઘી ચોપડી, બાફીને બાંધવાથી ફોડો પાકીને ફૂટી જાય છે. મોઢામાં ચાંદાં થયાં હોય ત્યારે ફટકડીની ભૂકી પાણીમાં ઓગાળી, એ પાણી વારંવાર મોઢામાં છાંટવાથી મોઢાનાં ચાંદાં મટે છે. નાકમાં લોહી વહેતું હોય તો ફટકડીના પાણીની પિચકારી મારવાથી બંધ થાય છે. શરીર ઉપરના ઘા પણ ફટકડીના પાણીનાં પોતાં મૂકતાં બંધ થાય છે. આંખ આવી હોય કે પીયા આવતા હોય તો ફટકડીના પાણીથી વારંવાર ધોવાથી આંખ સારી થાય છે. કાન પાકે ત્યારે ફટકડીની થોડી ઝીણી ભૂકી મધમાં મેળવી કાનમાં મૂકવામાં આવે છે.

અધ્યયન હેઠળના સમાજમાં કોઈ પ્રાણીઓને માલિસ કરવાની પ્રથા છે ખરી? જો હોય તો સામાન્ય રીતે શેનાથી કરે? કાથીથી? કંતાનના ટુકડાથી? આવી માલિસ જો જુદાં જુદાં

પ્રાણીઓને જુદી જુદી રીતે અને જુદાં જુદાં સાધનોથી થતી હોય યા અમુક પ્રાણીઓને માલિસ કરવામાં આવતી હોય અને અમુક પ્રાણીઓને તે કરવામાં ન આવતી હોય તો તે પણ વિગતવાર નોંધવું. માલિસ કરવા પાછળનો માહિતીદર્શકોનો ખ્યાલ અને આશય વગેરે પણ નોંધવાં. જો કેટલાંક પ્રાણીઓને નવડાવવામાં આવતાં હોય તો કયાં, કયારે, કેવી રીતે, કોણ નવડાવે છે તે વિગતવાર નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં પળાતાં પ્રાણીઓમાંથી કયાં કયાં પ્રાણીઓને મસાજ આવશ્યક લેખવામાં આવે છે? દા. ત. ઘોડા, ઊંટ, બળદ વગેરે. અધ્યયન હેઠળનો સમાજ તેના શા શા ફાયદા હોવાનું માને છે? દા. ત. તેનાથી પ્રાણીની ચામડી સુંવાળી રહે, ચામડીના રોગો ન થાય, જૂ વગેરે ન પડે, લોહીનું પરિભ્રમણ સારું થાય, પ્રાણી અને તેના પાલક વચ્ચે પ્રેમનો સેતુ બંધાય વગેરે. આવાં પ્રાણીઓને મસાજ કરવાનાં સાધનો વગેરે અંગે પણ ખૂબ વિગતવાર નોંધવું. તે જ રીતે સામાન્ય રીતે મસાજ વગેરે કયાં કયાં કરવામાં આવે છે તે નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં ઘરડાં-ખોડાં ઢોર માટે 'પાંજરાપોળ' જેવી કોઈ સંસ્થાનો કોઈ ખ્યાલ અસ્તિત્વમાં છે ખરો? જો હોય તો તેની વૈચારિક યા સૈદ્ધાંતિક પશ્ચાદ્‌ભૂમિકાનો આધાર, તેની સંરચના વગેરે વિગતે નોંધવાં. આવી સંસ્થામાં જો અમુક જ પશુઓ રખાતાં હોય તો તે નોંધવું. જે પશુઓ રખાતાં હોય તેમાં પણ અમુક જ પ્રકારનાં પશુઓને જો પ્રાધાન્ય અપાતું હોય તો તેવું કયા ખ્યાલોના આધાર પર હોય છે તે પણ વિગતે નોંધવું. આવી પાંજરાપોળમાં દુધિયાં ઘેટાં-બકરાં વગેરે પણ રખાય છે કે કેમ તે વિગતે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં આવી સંસ્થાઓના સંદર્ભમાં કોઈ ઉક્તિઓ વગેરે હોય તો તે પણ વિગતે નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં પાંજરાપોળ જેવી સંસ્થા જો અસ્તિત્વ ધરાવતી હોય તો તેની સંરચના, સંચાલન, કાર્યકરગણ, તેની વ્યવસ્થા, પાંજરાપોળ દ્વારા રખાતાં પત્રકો અને અહેવાલો, પાંજરાપોળની આવકનાં મુખ્ય સાધનો, પાંજરાપોળના વિવિધ વિભાગો વગેરે અંગે વિગતે નોંધવું. પાંજરાપોળમાં પૂંછડે પડેલ, ચેપી રોગવાળાં કંબોડિયાં ઢોર વગેરે માટે અલાયદી વ્યવસ્થા રાખવામાં આવે છે કે કેમ તે પણ નોંધવું. પાંજરાપોળમાં પશુસંવર્ધન વિભાગ પણ હોય છે કે કેમ અને સારી જાતવાન શુદ્ધ યા સંકર ઓલાદો માટે જો કોઈ ખાસ પ્રયાસો અમુક પ્રકારનાં પશુઓમાં કરવામાં આવતા હોય તો તે નોંધવા. આવા ધણ માટે જો અલગ ગોવાળ વગેરેની વ્યવસ્થા હોય તો તે પણ નોંધવું.

ઢોરોમાં બાંગરા, ખૂંટિયા અને વાછરડાઓને અલગ રખાય છે ખરા? તેમની ખસી કરવામાં આવે છે ખરી? પાંજરાપોળમાં ઢોરોની કોઈ સંખ્યા-મર્યાદા રખાય છે ખરી? કે પછી સામાન્ય રીતે જે કોઈ આવે તેને સ્વીકારવાનું વલણ હોય છે? પાંજરાપોળ પોતાનું દુગ્ધાલય ચલાવે છે? મરેલાં પશુઓનું પાંજરાપોળમાં શું કરવામાં આવે છે? તેના નિકાલની સમગ્ર વ્યવસ્થા વિગતે નોંધવી. તેનાં ચામડાં, હાડકાં, આંતરડાં, શીંગડાં ઇત્યાદિના કોઈ વિશિષ્ટ ઉપયોગો કરવામાં આવતા હોય તો તે વિગતે નોંધવા. પાંજરાપોળમાં પશુઓના છાણ-મૂત્રના ઉપયોગ અંગેની સર્વ વિગતો વિગતે નોંધવી. તેનો ખાતર, બળતણમાં કઈ રીતે ઉપયોગ થાય છે તે વિગતવાર નોંધવું. તેનો છાણ અને બળતણ બંનેમાં જો ઉપયોગ થતો હોય તો તેનો પ્રકાર અને પ્રમાણ પણ નોંધવું. પાંજરાપોળના ચરિયાણની શી વ્યવસ્થા હોય છે તે વિગતે નોંધવું. જો પાંજરાપોળ પાસે બીડ હોય તો બીડના વિભાગ પાડી વિભાગવાર



ઢોરને ચારવા અને ઘાસચારો વાવવા વગેરેની જે વ્યવસ્થા હોય તે વિગતવાર નોંધવી. બીડ પર ઘાસચારાના વાવેતરની કોઈ વિશિષ્ટ વ્યવસ્થા હોય તો તે વિગતે નોંધવી.

પાંજરાપોળનાં વિવિધ ઢોરને આપવામાં આવતી ખોરાકીને વિગતે નોંધવી. ઉનાળામાં જ્યારે ચરિયાણ ઓછું હોય ત્યારે ઢોરને રાત્રે સૂકા ઘાસનું નિરણ મળે છે ખરું? ચરિયાણ જમીન કેટલી છે? ચરિયાણ જમીનના પ્રમાણમાં જ ત્યાં ઢોર મોકલવામાં આવે છે કે તેથી વિશેષ? ઢોરને બેસવા માટે છાંયાની શી વ્યવસ્થા છે? પાણીની શી સગવડ છે? હવેડો જો હોય તો તેમાં નિયમિત સ્વચ્છ પાણી ભરાય છે ખરું?

પાંજરાપોળમાં માંદાં પશુઓના પરંપરાગત ઉપચાર માટે દેશી દવાઓ રાખવામાં આવે છે ખરી? દા. ત. અફીણ, અફીણના ડોડવા, અશેળિયો, અળશી, આંબાહળદર, ઈન્દ્રજવ, એળિયો, કડુ, કરંજીનું તેલ, કપૂર, કરિયાતું, કાથો, કાળી જીરી, કાળાં મરી, કોકમનું તેલ, કોપરાનું તેલ, ખસખસ, ગળી, ગંધક, ગાંજો, ગુંદરનો ભૂકો (બાવળનો), ગૂગળ, ઘાસલેટ, ચાકનો ભૂકો, જમાલગોટાનું તેલ, જાયફળ, જેઠીમધની લાકડી, ઝેરકોચલાં, ટંકણખાર, તંબાકુનો ભૂકો, દિકામાળી, દિવેલ, નવસાર, પીતપાપડા, ફટકડી, બીલાનો ગર્ભ અથવા બીલાં, ભાંગ, મીઠું, મીઠું તેલ, મીંઢીઆવળ, મેંદાલાકડી, મોરથૂથું, રાઈ, રાઈનું તેલ, રેવંચી, લીંબોળીનું તેલ, સરસિયું તેલ, સંચળ, સાજીખાર, સિંદૂર, સિંધાલૂણ, સુવા, સુરોખાર, સૂંઠ, સોનાગેરુ (રંગી), હળદર, હિરાકશી, હિંગ વગેરે દેશી દવાઓમાંથી કઈ રખાય છે અને તેનો કયા કયા દર્દમાં કઈ રીતે ઉપયોગ કરવામાં આવે છે તે વિગતવાર નોંધવું. આ ઉપરાંત પણ અન્ય જે કંઈ દેશી દવાઓ હોય તે તેના ઉપયોગ, પદ્ધતિ વગેરે સહિત વિગતવાર નોંધવી.

વિલાયતી દવાઓમાં આઇડોફોર્મ, આયોડાઇડ ઑફ મર્ક્યુરી, આર્જિરોલ, એકરિફ્લેવિન, એક્સ્ટ્રૅક્ટ અરગટ, એકસ્ટેક્ટ બેલાડોના, એન્ટિફ્લોજીસ્ટીન, એમ્પ્લાસ્ટર બેલાડોના, એમોનિયમ ક્લોરાઈડ, એમોનિયમ કાર્બ, કાર્બોલિક ઍસિડ, ઝિંક પાઉડર, ટર્પેન્ટાઇન, ટિંચર આયોડિન, ટિંચર, ટિંચર એસોફોટીડા, ટિંચર ઓફાઈ, ટિંચર કેટેચ્યું, ટિંચર ડિજીટાલિસ, ટિંચર બેન્ઝોઈન, પોટૅશિયમ નાઇટ્રેટ, પોટેશિયમ પરમૅંગેનેટ, પોટૅશિયમ લોમાઇડ, ફિનાઇલ, ફોરમેલિન, બોરિક પાઉડર, બોરેક્સ પાઉડર (ટંકણખાર), લાયકર એમોનિયા ફોરટેરિસ, લિનીમેન્ટ એકોનાઇટ, લિનીમેન્ટ કેમ્ફર, લિનીમેન્ટ બેલાડોના, લિનીમેન્ટ સેફોનીસ, વિલાયતી મીઠું, વેસેલિન, સોડા બાય કાર્બ, સોડા સેલીસીલિક, સ્પિરિટ, સિલ્વર નાઇટ્રેટ, હાઈડ્રોજન પેરોક્સાઇડ વગેરેમાંથી જે રાખવામાં આવતી હોય તેની તેના ઉપયોગ સહિત વિગતે નોંધ કરવી.

સામાન્ય રીતે પાંજરાપોળમાં નીચેનાં તેમ જ અન્ય કયાં સાધનો રાખવામાં આવ્યાં છે તેની વિગતે યાદી તૈયાર કરવી. દા. ત. એનિમા આપવા માટે અડધા ઇંચ વ્યાસની રબરની છથી આઠ ફૂટ લાંબી નળી સાથે બંધબેસતી પતરાની મોટી ગળણી, નાની કાતર, સાધારણ કાતર, કાચના સ્ટરર, ખરલ, દસ્તો, વાછરડાની ખસીનો ચીપિયો, કાપકૂપ માટે ચપ્પુ, ચમચા, ચમચીઓની બબ્બે જોડ, બે સુતરાઉ ઝૂલા, બે શણિયાળી, ચાર રતલી ટમલર, ટ્રસ, અંગ બહાર નીકળી જાય ત્યારે બાંધવા માટેની ઈંઢોણી અથવા ચામડાનું ટ્રસ, થરમૉમિટર, દવાઓ જોખવા માટે કાંટો તથા વજન, દૂધ કાઢવાની ભૂંગળી, પાટા બાંધવાનો ચીપિયો, પાટા બાંધવાનું કપડું, રૂ, જાળીવાળું કપડું, પિચકારી, મલમ બનાવવાના સ્લેબ, મેઝરિંગ ગ્લાસ નાનો, મેઝરિંગ ગ્લાસ મોટો, બે રતલી વાડકા, વાંસની નાની નાળ, વાંસની મોટી નાળ, શણના રેસા, શણિયાના ટુકડા, સૂતળી,

ઢોરને બાંધવા કે પાડવા માટે સૂતરનું જાડું દોરડું વગેરે સાધનોની યાદી તેના ઉપયોગ સહિત વિગતવાર તૈયાર કરવી.

પશુપાલન સાથે સંબંધિત કેટલાંક પાસાં અંગેની સામાન્ય ચર્ચા પછી હવે આપણે ઘેટાં, બકરાં, ગાયો, ભેંસો, ઊંટ, ઘોડા વગેરે પશુધન સાથે સંબંધિત કેટલીક વિશેષ ચર્ચાની શરૂઆત કરીશું. શરૂઆતની ચર્ચામાં મહદંશે ઘેટાં-બકરાં કેન્દ્રસ્થાને રાખ્યાં છે. ત્યાર બાદ ગાય-ભેંસ ને બળદઉછેર અને સાંઢ તેમ જ પાડાપાલનની સાથે સંબંધિત કેટલાક મુદ્દાઓને પણ ચર્ચ્યા છે. છેલ્લે ઊંટ તેમ જ ઘોડાઉછેરને પણ આ ચર્ચામાં આવર્યા છે. અગાઉની ચર્ચામાં આવરાયેલા મુદ્દાઓમાં પણ કેટલીક વિશેષ વિગતોની યા સહેજ જુદા સંદર્ભમાં કે અમુક પ્રાણીના સંદર્ભમાં તુલનાત્મક રીતે ચર્ચા કરવાની આવશ્યકતા લાગી હોય ત્યાં તે રીતે સંબંધિત બાબતોને વિશેષ વિગતે ચર્ચી છે. તો કેટલીક વાર અમુક બાબત એક પ્રાણીના સંદર્ભમાં ચર્ચી હોય તો પુનરાવર્તનના ભયે અન્યત્ર તેનો નિર્દેશ કેટલીક વાર ટાળ્યો પણ છે.

## ૨. ઘેટાં-બકરાં ઉછેર

અધ્યયન હેઠળના સમાજમાં પળાતાં બકરાંની વિવિધ જાતો નોંધવી. ભારતમાં સામાન્ય રીતે કાશ્મીર, પંજાબ, હિમાચળ પ્રદેશ, ઉ. પ્ર. વગેરેમાં મુખ્યત્વે કાશ્મીરી, ગડ્ડી, ચંબા, ચેગુ વગેરે ભારતના મેદાની વિસ્તાર, દક્ષિણમાં અને બંગાળમાં, જમનાપુરી, બીતલ, મારવાડી, મહેસાણી, ઝાલાવાડી, દખ્ખણી, ઓસ્માનાબાદી, યેલચીકારી, બારબેરી, સુરતી, મલબારી, કાળી બંગાળી વગેરે જાતો પાળવામાં આવે છે. ગુજરાતમાં સામાન્ય રીતે મારવાડી, મહેસાણી, ઝાલાવાડી વગેરે જાતો જોવા મળે છે. તે જ રીતે ઘેટાંની નસ્લોને કેટલા પ્રકારમાં વહેંચી શકાય? કયાં કયાં લક્ષણોને આધારે? દા. ત. ઊન પ્રમાણે (૧) સુંવાળી ઊનવાળી (૨) લાંબા ઊનવાળી (૩) મધ્યમ ઊનવાળી નસ્લો (૪) અંદર ઊન પ્રકારની નસ્લો (૫) જાજમ ઊન પ્રકારની નસ્લો.

આર્થિક લક્ષણોની દૃષ્ટિએ ઘેટાંને ત્રણ પ્રકારમાં જુદાં પાડી શકાય :

(અ) હિમાચળ પ્રદેશનાં ઘેટાં. બારીક અને વાળ મિશ્રિત ઊન પેદા કરવા માટે જાણીતાં. આમાં ગુરેઝ, કુરાન્ઠા, ભાકરવાલ, ગડ્ડી અને રામપુર બુશીઆર.

(બ) ઉત્તર પશ્ચિમ સૂકો પ્રદેશ, રાજસ્થાન, પંજાબનો દક્ષિણ પૂર્વ પ્રદેશ, ગુજરાત અને પશ્ચિમનો ઉત્તર પ્રદેશ. આ ઘેટાં જાજમ પ્રકારનું ઊન પેદા કરે છે. જાજમ પ્રકારની મુખ્ય નસ્લો લોહી, બીકાનેરી, મારવાડી, પાટણવાડી.

(ક) પાયદ્વિપિય પ્રદેશનાં ઘેટાં : દક્ષિણ હિંદુસ્તાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તામિલનાડુનાં. પાયદ્વિપિય પ્રદેશનાં માંસલ ઘેટાં : ફક્ત વાળ જ પેદા કરે. ઊન ન જણાય. આમાં ડેક્કની નેલોર, બેલારી, મન્ડયા અથવા બન્નુર મુખ્ય છે.

ઘેટાં-બકરાંમાં કોઈક જંગલી જાતો પણ જોવા મળે છે ખરી? દા. ત. તિબેટના ૧૪૦૦૦ ફૂટથી વધુ ઊંચાઈના વિસ્તારોથી માંડીને પંજાબના દરિયાની સપાટીથી થોડાક ઊંચાઈના વિસ્તારોમાં 'ઉરિયલ' જાતનાં જંગલી ઘેટાં જોવા મળે છે.

સારાં ઘેટાં-બકરાંનાં લક્ષણો અંગે અધ્યયન હેઠળના સમાજમાં જે ખ્યાલો પ્રવર્તતા હોય તે વિગતે નોંધવા. તે જ રીતે સારી ઘેટી, બકરી અંગેનાં તેમ જ સારા ગાડરુ/લવારા અંગેનાં લક્ષણો પણ ખૂબ વિગતે નોંધવાં. અધ્યયન હેઠળના સમાજના વસવાટ વિસ્તારમાં કયા પ્રકારનાં



ઘેટાં-બકરાં વધારે અનુકૂળ આવે તેમ છે તે અંગેના અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોના અભિપ્રાય વિગતવાર નોંધવા.

અધ્યયન હેઠળના સમાજમાં સામાન્ય રીતે ઘેટાં વધારે પાળે કે બકરાં? કે બન્ને લગભગ સરખાં પાળે? જો પ્રમાણમાં ઘેટાં કે બકરાં સવિશેષ પળાતાં હોય તો તેનાં ખાસ કારણો વગેરે નોંધવાં. ઘેટાં-બકરાંના સ્વભાવના તફાવતો વિગતે નોંધવા. બન્નેમાંથી કયું પ્રાણી વધારે હિંમતવાળું ગણાય? કયું ભયનો સામનો કરી શકે? કે બધાં જ ભાગવા માંડે? બંનેમાંથી કયું આગેવાની લે? બકરાં અથવા ઘેટાંનાં જુદાં જુદાં ટોળાં અને બંનેના સંયુક્ત ટોળામાં જે વિશિષ્ટ ભેદો માહિતીદર્શકોને જોવા મળતા હોય તેને વિગતવાર નોંધવા.

જો ઘેટાં અથવા બકરાંનું જ ટોળું હોય અને તેમાં એકાદ ઘેટું (બકરાંના ટોળામાં) યા બકરું (ઘેટાંના ટોળામાં) આવે તો તેની વર્તનઢબમાં, ચરવામાં વગેરેમાં જેના ટોળામાં તે ગયું હોય તેની જો અસર પડતી હોય તો તે વિગતે નોંધવી અને તેને બદલે જો તે પોતે પણ આવી કોઈ અસર ઊભી કરી શકતું હોય તો તેની પણ નોંધ કરવી. તે જ રીતે આવા ઘેટાંના ટોળામાં જો બે-પાંચ બકરાં આવી ચડે અથવા બકરાંના ટોળામાં પાંચ-સાત ઘેટાં હોય તો તેને લીધે જો ચરવાની પદ્ધતિ વગેરેમાં અને જૂથ વગેરેમાં પણ ખાસ કોઈ તફાવતો પડતા હોય તો તેને નોંધવા. દા. ત. ઘેટાંના ટોળામાં એક જ બકરી હોય ત્યારે તે જે રીતે ચરતી અને વર્તતી હોય તેનાથી જુદી રીતે વર્તવા માંડે તો તે નોંધવું. દા. ત. પહેલાં તે બકરી ઘેટાંની સાથે રહીને જ તેમની ભેગી ભેગી ચરતી હોય પણ પાછળથી બીજી બે-ત્રણ બકરીઓ આવતાં બધી બકરીઓ સાથે મળીને ગમે ત્યાં દૂર દૂર યા અલગ અલગ ચરવા માંડે યા સમગ્ર ટોળાની આગેવાની લે તો તે વિગતે નોંધવું. તે જ રીતે જો કોઈ બકરી પહેલાં એકલી ચરતી હોય ત્યારે તે બેં બેં જ કર્યા કરતી હોય, અજાણી લાગતી હોય, ચકળવકળ થયા કરતી હોય તેને બદલે પછી ધ્યાનથી ચરવાની શરૂઆત કરે અથવા તો પોતાનું જુદું જૂથ જમાવતી હોય તો તે પણ વિગતે નોંધવું. જો આવી બકરીઓ-ઘેટીઓને મુખ્ય ટોળાની સાથે લઢવાડ થાય તો તેવા સમયે શું થાય? બકરીઓ બકરીઓના જ પક્ષે રહે? ને ઘેટાં ઘેટાંના પક્ષે? બકરીઓ અને ઘેટાંમાંથી જોરાવર કોણ? બકરી? જો બકરી જોરાવર હોય તો બે ઘેટાં મળીને એની સામે લડે? કે પછી બીજાં ઘેટાં લડાઈથી દૂર રહે? અને એકાદ બકરી જ બધાને દબાવતી ફરે? જો એકાદ બકરી જ બધાને દબાવતી ફરતી હોય તો તેની સામે ઘેટાં રોષે ભરાય ખરાં? જો એક ટોળામાં લગભગ અર્ધાંઅર્ધ બકરાં અને ઘેટાં હોય તો તેનામાં લગભગ અર્ધા અર્ધા જુદા ભાગ જ પડી જતા હોય યા તેમની વર્તનઢબમાં જો ખાસ કોઈ પ્રકારના ફેરફાર જણાતા હોય તો તે ફેરફારોને શકય એટલા વિગતવાર નોંધવા.

બકરાં-ઘેટાં અંદરોઅંદર કઈ રીતે લડે? શીંગડાં ભરાવીને? તેમની લડાઈની વિવિધ પદ્ધતિઓને વિગતવાર નોંધવી. બકરીને જો હાથ ઊંચો કરીને 'પડી પડી' યા એવા આહ્‌વાનના શબ્દો બોલ્યા હોઈએ તો કોઈ વાર ઝોટાવવા આવે ખરી? આવી જ રીતે તે પાડા, ભેંસો કે ગાયોને પણ ઝોટાવવા જાય ખરી? તે જ રીતે ઘેટાંને જો ધૂળ ઉડાવવામાં આવે તો તરત જ સામે આવે ખરો?

અધ્યયન હેઠળના સમાજમાં ઘેટાં-બકરાંની સરખામણી શેની સાથે કરવામાં આવે છે?

ઘેટાં-બકરાંની ચરવાની પદ્ધતિમાં જો તફાવતો જોવા મળતા હોય તો તે વિગતવાર નોંધવા. દા. ત. ઘેટાં ઝીણું ઝીણું ચરતાં હોય અને બકરાં ઉપર ઉપરથી ચરતાં હોય તો તે નોંધવું. તે જ રીતે કુમળી કૂંપળને ખાવાની પદ્ધતિમાં કે કાપવાની પદ્ધતિમાં પણ જો ખાસ કોઈ ફેરફારો હોય તો તે પણ નોંધવા.

બકરાં સાદડ, બોર વગેરેનો પાલો જો વિશેષ ખાતાં હોય તો અને ઘેટાં ઊંધાં ઊંધાં ફૂંકી ફૂંકીને ધરો, કણસાં, ડાભ વગેરે વધારે લીલાગરાં ઘાસ વધારે ખાતાં હોય તો તે વિગતે નોંધવું. બકરાં છોડવાઓની છાલ ખોતરી ખાય ખરાં? બકરાંની આસપાસ વાડ બરાબર રહેવી જોઈએ ખરી? બકરાં પોતાના પાછલા પગ પર ઊભાં થઈને વાડની બહારનું પણ કંઈ હોય તે કાપી ખાય ખરાં?

બકરાંની કૂંપળો તોડવાની ટેવને લીધે આફ્રિકામાં સહરાના અને દક્ષિણ અમેરિકામાં એન્ડીઅન તળેટીમાંનાં રણો પેદા થયાં હોવાનું કહેવાય છે. ગેલેપાગોસ ટાપુમાં આકસ્મિક રીતે બકરાં ઉછેરવામાં આવતાં ત્યાંનાં અસંખ્ય મૂળ વનસ્પતિ-પ્રાણીઓનો વિકાસ અવરોધાયો હોવાનું તારણ કાઢવામાં આવ્યું છે. આમ બકરું અગ્નિની માફક સારો સેવક છે પણ ખરાબ માલિક છે. તેનો ડહાપણપૂર્વક ઉપયોગ થાય તો તે ખેતીવિકાસમાં ઉપયોગી થઈ શકે, પણ જો તેને રખડતું મૂકી દેવામાં આવે તો ઉપરોક્ત રીતે તે માનવને હાનિકારક પણ નીવડી શકે. અધ્યયન હેઠળના સમાજમાં બકરાં અંગે આ દિશામાં કોઈ વિચારણા સભાન-અભાન સ્તર પર થતી હોય તો તે અંગે વિગતે નોંધવું.

બકરાં-ઘેટાંમાં શારીરિક રીતે અને વર્તાવમાં અન્ય શા શા તફાવતો જોવા મળે છે? સામાન્ય રીતે ઘેટું મેદાનોમાં ચરનારું અને ટોળામાં રહેનારું અને તેમાં સલામતી સમજતું પ્રાણી છે, જ્યારે બકરું મુખ્યત્વે કૂંપળો તોડનારું અને કંઈક જાણવાની ઇંતેજારી ધરાવનારું સાહસિક પહાડી પ્રદેશનું પ્રાણી છે. કેટલેક સ્થળે ઘેટું માણસોથી દૂર ભાગવાનો પ્રયાસ કરે છે જ્યારે બકરું આગળ આવીને જાણવાની ઇંતેજારી રાખે છે. અધ્યયન હેઠળના સમાજમાં બકરાં-ઘેટાંના આ અને આવા બીજા ગુણોને લક્ષમાં રાખીને જો કોઈક ઉક્તિઓ હોય તો તે પણ વિગતવાર નોંધવી. ઘેટાં-બકરાંનાં શીંગડાં વચ્ચે અધ્યયન હેઠળના પશુપાલક સમાજના માહિતીદર્શકોને જો ખાસ કોઈ તફાવત લાગતો હોય તો તે વિગતવાર નોંધવો. દા. ત. બન્નેનાં શીંગડાં એકબીજાની વિરુદ્ધની દિશામાં સર્પાકારે હોય છે. ઘેટાનું જમણું શીંગડું જમણી તરફથી, અને બકરીનું જમણું શીંગડું ડાબી તરફથી કોર્ક કાઢવાના સ્ક્રૂ જેવું હોય છે. બન્નેની અધ્યયન હેઠળના સમાજમાં પળાતી જાતોમાં શીંગડાંની સરેરાશ લંબાઈ પણ નોંધવી.

ઘેટાં-બકરાંનાં શીંગડાં રાખવાની પ્રથા છે કે નષ્ટ કરવાની? જો નષ્ટ કરવાનાં હોય તો સામાન્ય રીતે કેટલી વયે થાય? જન્મ પછી એકાદ અઠવાડિયે? તેને માટે વપરાતી સમગ્ર પદ્ધતિ અંગેની વિગતો વિગતવાર નોંધવી. શીંગડાં વિનાનાં પણ ગાય, ભેંસ, ઘેટાં, બકરાં હોઈ શકે ખરાં? આવાં કોઈ ઉદાહરણ અધ્યયન હેઠળના સમાજમાં જો જોવા મળ્યાં હોય યા તેની સાથે સંબંધિત એવી જો કોઈ કિંવદંતી પણ માહિતીદર્શકોને સાંભળવા મળી હોય તો તે વિગતે નોંધવી. તે જ રીતે આ અંગેના અધ્યયન હેઠળના સમાજના પ્રતિભાવ પણ વિગતવાર નોંધવા. બકરાં અથવા ઘેટાંના કોઈ વર્તનની સાથે જો કોઈ માન્યતા સંકળાયેલ હોય તો તે નોંધવું. દા. ત. જો કોઈ બકરી ઘર પર ચડી જાય તો તેનો કાળ આવ્યો હશે એવી માન્યતા એક પશુપાલક સમાજમાં



હોવાનું સંશોધકોની જાણમાં છે. આ યા આવી બીજી કોઈ માન્યતા અધ્યયન હેઠળના સમાજમાં પ્રવર્તતી હોય તો તે વિગતવાર નોંધવી.

ઘેટાં-ઘેટી, લવારાં-લવારી અને બકરાં-બકરી, લવારા-લવારી અને સમગ્ર ટોળાના જુદા જુદા સમયના જો કોઈ ખાસ જુદા જુદા અવાજો હોય તો તે શક્ય તેટલા વિગતે નોંધવા. આ અવાજોનાં અધ્યયન હેઠળના સમાજની માતૃબોલીમાં જો કોઈ વિશિષ્ટ નામો હોય તો તે પણ સાથે નોંધવાં. માત્ર પોતાના ટોળાના કોઈક પ્રાણીના અવાજ પરથી જ તેને ઓળખી કાઢવાનો દાવો કોઈક ગોવાળ માહિતીદર્શક કરતો હોય તો તે પણ નોંધવું. આ ગોવાળના ટોળા સાથેના સામીપ્ય, સાંનિધ્યમાંથી ઊભી થતી અતિશયોક્તિ યા હકીકત પણ હોઈ શકે. આ બન્નેમાંથી તે શું છે તે પણ વિગતે નોંધવું.

સમાજમાં માદા પશુઓનો પ્રજનન દર નક્કી કરવાનું કોઈ ધોરણ જોવા મળે છે ખરું? દા. ત. 'માદાદીઠ ઉછેરવામાં આવતાં લવારાંની સંખ્યા'ના જેવું કોઈ લક્ષણ ગણતરીમાં લેવાય છે ખરું? આવી ગણતરીમાં, માદાનો જોડકાં પેદા કરવાનો દર, માતાનો જન્મથી ધાવણ છોડવાના સમય સુધીનો મૃત્યુદર, માતાની દૂધ આપવાની શક્તિ, તેની પ્રજનનક્ષમતા વગેરે બાબતો પણ અસર કરે? જોડકાંને લીધે દરેક માદાદીઠ ઊછરતાં તેનાં સંતાનોની સરેરાશ સંખ્યા વધે ખરી? જોડકાં જન્મ આપનાર માતાઓને જે તે ટોળામાં જો સવિશેષ ઉત્પાદક માનવામાં આવતી હોય તો તે નોંધવું.

ઘેટાંના પ્રજનનદરને પ્રકાશની સાથે કોઈ સંબંધ છે ખરો? આ અંગે અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ નિરીક્ષણ હોય તો તે વિગતે નોંધવાં.

જો અમુક ઋતુમાં ઘેટાં-બકરાંમાં ઋતુમાં આવવાનો, ફળવાનો યા જન્મવાનો દર વિશેષ હોવાનું જો અધ્યયન હેઠળના સમાજમાં માહિતીદર્શકોનું નિરીક્ષણ હોય તો તે વિગતવાર નોંધવું. દા. ત. પાનખરના અંતમાં અથવા શિયાળાના પ્રારંભમાં ઘેટાંનાં બચ્ચાં વિશેષ પ્રમાણમાં જન્મે યા વસંત અથવા ગ્રીષ્મ ઋતુમાં સામાન્ય રીતે ઋતુમાં અલ્પ પ્રમાણમાં આવે છે યા ચોમાસાની શરૂઆતના દિવસોમાં ઋતુમાં વિશેષ આવે. દિવાળીની આસપાસ વિયાણનું પ્રમાણ વિશેષ હોય વગેરે.

સુપ્રજનન માટે જો અમુક સારાં જ ઘેટાં-બકરાંની સાથે મેળાપ થાય તેનો આગ્રહ રખાતો હોય તો તે નોંધવું. જો એમ કરવાનું હોય તો બીજા ઘેટા-બકરાથી યા ઘેટાં-બકરાંઓથી તેનો મેળાપ થતો અટકાવાય કે કેમ તે પણ નોંધવું. બીજાઓને ખસી કરાતી હોય યા ખાસ કોઈ અવરોધો પહેરાવાતા હોય તો તે નોંધવું. ઘેટી-બકરીનું પહેલું વેતર કેટલાં વર્ષે હોય? કેટલા વખતે ફરીથી વિયાય? વર્ષમાં કેટલી વાર વિયાય? એક વાર? બે વાર? સગર્ભા થયા પછી ઘેટી-બકરી કેટલાં અઠવાડિયે વિયાય? લવારો-લવારી હોય તો બકરીના પેટના સ્વરૂપમાં તફાવત હોવાની જો માન્યતા હોય તો તે વિગતે નોંધવું.

સગર્ભાવસ્થામાં બકરીની સામાન્ય રીતે શી કાળજી રખાય? યા ખાસ કોઈ કાળજી ન રખાતી હોય તો તે નોંધવું.

સગર્ભાવસ્થા દરમ્યાનના ઘેટી-બકરીના વર્તન અંગેની વિગતવાર નોંધ કરવી. ઘેટી-બકરી આવા સમયે પોતે અમુક વસ્તુ ખાતી કે ન ખાતી હોય તો તે વિગતે નોંધવું. જેની સાથે ઘેટી-બકરીનો મેળાપ થયો તે ઘેટો-બકરો આવી ઘેટી-બકરીની જો કોઈ ખાસ કાળજી રાખતો હોય યા

બચ્ચાના જન્મ પછી તેને માટે જો અમુક ખાસ પક્ષપાત દાખવતો હોય એમ જો જણાતું હોય તો તે નોંધવું. આવું બહુ ઘેટા-બકરા કે ઘેટી-બકરી હોય ત્યારે ન બનતું હોય અને એક જ ઘેટો-બકરો અને અનુક્રમે એક જ ઘેટી-બકરી હોય ત્યારે બનતું હોય તો તે નોંધવું.

ઘેટી-બકરીના કેટલા દૂધનો ઉપયોગ અધ્યયન હેઠળનો સમાજ પોતે કરે? કેટલું લવારાં માટે રાખે? એ અંગે જો કોઈ ખાસ નીતિ-નિયમો હોય તો તે નોંધવા. જો બધું જ દૂધ દોહી લેવાતું હોય તો તે નોંધવું. જો થોડુંઘણું દૂધ રહેવા દેવામાં આવતું હોય તો તે નોંધવું.

ઘેટી-બકરી દિવસમાં કેટલી વાર દૂધ દે? જ્યારે જ્યારે જરૂરિયાત પડે ત્યારે થોડા સમયના અંતરે જો દૂધ દોહવામાં આવતું હોય તો તે પણ નોંધવું. અમુકને જ દૂધ દોહવા દે એવું બને? જો અમુક જ વ્યક્તિ ન દોહે તો દૂધ ન આપે એવું બને? જો લવારું પાસે હોય તો જ દૂધ ઊતરે એવું ખરું? જો બકરી-ઘેટીમાં એવું ન હોય તો તે પણ વિગતવાર નોંધવું. બકરી-ઘેટીનું દૂધ દોહવાના પ્રકાર કેટલા તે પણ વિગતે નોંધવું. તેના બન્ને આંચળ દૂધ સાથે દોહી લેવાય? એક પછી એક આંચળ પકડીને દોહવામાં આવે?

જે બકરીને ગળામાં આંચળ હોય તેને કેવી માનવામાં આવે? તેને અંગે કોઈ સારાં-નરસાં શુકન, અપશુકનના જો કોઈ ખ્યાલ હોય તો તે નોંધવા. આવા ગળામાં આંચળ હોવાની પાછળનાં કારણો અંગેની અધ્યયન હેઠળના સમાજની માન્યતાઓ નોંધવી. બકરાને જો ગળામાં આંચળ હોય તો? તે અંગેની પણ સંબંધિત માન્યતાઓ નોંધવી. બકરી યા લવારાના કાન કાપવામાં આવે છે ખરા? આવા કાન કાપવાની પાછળનો શો આશય હોય છે?

આવા કાન જન્મ પછી કેટલા દિવસમાં કાપવામાં આવે? બે-ચાર દિવસમાં? પછી કપાય તો શું થાય? લોહી વિશેષ જાય? કાન કાપ્યા પછી તેને જો બહુ ઝંઝેરી ન નાખે અને લોહીનો છંટકાવ ન થાય તે માટે ટોપલા નીચે પૂરી દેવામાં આવતું હોય તો વિગતવાર નોંધવું. કોઈક બકરા-બકરી યા ઘેટા-ઘેટીના કાન જો કાપવામાં ન આવતા હોય તો તે નોંધવું. એની પાછળનો શો આશય રહેલો હોય છે તેની પણ વિગતવાર નોંધ કરવી. આવા કાન કાપવાનું સામાન્ય રીતે કોણ કરે? કઈ રીતે કરે? કયે દિવસે કરે વગેરે અંગે જો કોઈ નિશ્ચિત નીતિનિયમો હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી. કાન કપાયા પછી જો તેની રૂઝને માટે કોઈ ખાસ ઉપાયો યોજાતા હોય તો તે નોંધવું.

બકરી યા ઘેટીને જો દૂધ ન ઊતરતું હોય તો તેનાં લવારાંને શું કરવામાં આવે? બીજી બકરીનું દૂધ પાવામાં આવે? કેટલા સમય સુધી લવારું ધાવે? કેટલા માસ માટે? દિવસમાં કેટલી વાર લવારું ધાવે? લવારાને ધાવતું કેટલા સમયે અટકાવાય? એ અટકાવવા માટે માતા પોતે શું કરે? લવારાને હવે ધાવતું અટકાવી દેવું હોય તો તેનો માલિક શું કરે? લવારાને ટોળા સાથે ન જવા દે? બકરીના આંચળને છાણ ચોપડે? યા આવી બીજી કોઈ પણ યુક્તિ અજમાવાતી હોય તો તે વિગતે નોંધવી.

ઘેટી અને બકરીના દૂધના ગુણો-અવગુણોને વિગતે નોંધવા. એ બંનેના દૂધની ઘનતા, સ્વાદ વગેરેના તફાવતો નોંધવા. ઘેટીનું દૂધ ગાય યા બકરી નાદૂધ કરતાં ચરબી અને પ્રોટીનમાં વધારે સારું હોય છે? ઘેટી અથવા બકરીનું દૂધ કોઈ સંજોગોમાં કડવું થઈ જાય? કયા સંજોગોમાં? જો કોઈ કડવા છોડનાં પાન ખાય તો? તે જ રીતે ઘેટાં-બકરાંના દૂધની ઘનતા ઋતુવાર અથવા ખોરાકવાર યા પ્રદેશવાર જો વધતી કે ઘટતી હોય તો તે વિગતે નોંધવું.



ઘેટી-બકરીની વયમર્યાદા કેટલી? લવારું માત્ર દૂધ કેટલી વય સુધી પીએ? શરૂઆતમાં તેને દૂધ કેવી રીતે પવાય? લવારું ખોરાક અને દૂધ બન્ને સાથે ક્યાં સુધી ખાય? માત્ર ઘાસચારો જ ક્યારથી લે? તે જ રીતે દૂધ સિવાયના માત્ર ખોરાક પર આવતાં જો કોઈ ખાસ શારીરિક ફેરફારો વગેરે થતા હોય યા શરૂઆતમાં ઘેટાં-બકરાંના લવારાને ઝાડા થઈ જતા હોય તો તે વિગતે નોંધવું. ઘેટા-બકરાના બચ્ચાના જન્મ પછીનું તરતનું દૂધ થોડું જુદા પ્રકારનું હોય ખરું? બચ્ચાના જન્મ પછી કેટલા સમય સુધી? આ દૂધનો શો ઉપયોગ કરવામાં આવે? તેમાંથી કોઈ વાનગી બનાવવામાં આવે? જો બનાવવામાં આવતી હોય તો શી? કઈ રીતે બનાવાય? તે ઘરમાં જ વપરાય કે અન્યત્ર પણ વહેંચવાની હોય? જો અન્યત્ર વહેંચાતી હોય તો કોને કોને, ક્યાં સગાંને તે વહેંચાય તે વિગતે નોંધવું.

ઘેટી-બકરીની મેલીનું શું કરવામાં આવે? તે માતા ઘેટી-બકરીને જોવા દેવામાં આવે? જો ન જોવા દેવામાં આવતી હોય તો શા માટે? એની પાછળ શી માન્યતા છે? આ માન્યતા માટે જો ખાસ કોઈ આધાર યા દંતકથા હોય તો તે વિગતે નોંધવી. ઘેટી-બકરીના અને ઘેટા-બકરાના શારીરિક વિકાસમાં ખાસ કોઈ તફાવત હોય છે ખરો? કયો કયો? બન્નેના બાંધા પણ જુદા જુદા હોય એમ બને ખરું?

ઘેટી-બકરી પોતાનાં બચ્ચાંને સામાન્ય રીતે કઈ રીતે ઉછેરે? એને ચાટવાની, પંપાળવાની, ધવડાવવાની, ખાતાં શિખવાડવાની, ખવડાવવાની, રમાડવાની, લાડ કરવાની અને અન્ય રીતોની શકય હોય એટલી વિગતવાર માહિતી માહિતીદર્શકો પાસેથી મેળવવી. તે જ રીતે લવારાની પણ રમતો, યુક્તિઓ, પ્રયુક્તિઓ, કૂદકા, ભૂસકા વગેરે અંગે પણ ખૂબ વિગતે નોંધવું.

ઘેટાં-બકરાંને રાખવા માટેની શી સગવડ હોય છે? એ બધાંને એકીસાથે છૂટાં પૂરવામાં આવે? યા એકીસાથે બાંધવામાં આવે? યા તેમાંનાં કોઈક નાનાં બચ્ચાં હોય તેમને ટોપલા નીચે દાટવામાં આવે? આવા ટોપલા નીચે એકીસાથે કેટલાં બચ્ચાં દટાય? દાટ્યા પછી જો બધાં અંદરોઅંદર અરસપરસ ઝઘડે તો? જે બચ્ચાંને અંદરઅંદર અરસપરસ ન ફાવતું હોય એવાંને એકીસાથે દાટયાં હોય તો તે પણ થોડા સમયે ટેવાઈ જાય? કે પછી બેં બેં કર્યા જ કરે? માત્ર બેં બેં પરથી જ માલિક, કયું બકરું યા ઘેટું અવાજ કરે છે તે પારખી શકે? જો એમ ન હોય તો, બીજી ઓળખવાની ખાસ નિશાનીઓ હોય તો તે વિગતે નોંધવી. તે જ રીતે બીજી કોઈ વસ્તુ નીચે નાનાં લવારાંને દાટવામાં આવતાં હોય, યા બીજા કોઈ વાડામાં બધાં નાનાં બચ્ચાંને એકીસાથે પૂરી દેવામાં આવતાં હોય તો તે વિગતે નોંધવું. જેમાં નાનાં લવારાંને પૂરવામાં આવતાં હોય તે વાડાનું જો કોઈ વિશિષ્ટ નામ હોય અને બકરાં યા ઘેટાંના વાડાનાં પણ જો કોઈ વિશિષ્ટ નામો હોય તો તે પણ નોંધવાં. આવા વાડામાં પૂરેલાં બકરાંને બહાર ફરવા જવા ન મળે તો અકળાઈને અવાજ કર્યા કરે? જો વાડામાં બકરાં એકીસાથે બહુ ભરવામાં આવે તો તેની પ્રતિકૂળ અસર તેમની તબિયત પર થતી હોય અને ન્યુમોનિયા વગેરે થઈ જતો હોય તો તે નોંધવું. તે જ રીતે વિવિધ પ્રાણીઓની વિવિધ પ્રકારની વાડ તરફનું વલણ અને તે અંગેનાં માહિતીદર્શકોનાં નિરીક્ષણ વિગતવાર નોંધવાં.

ઘેટાં યા બકરાંને યા માત્ર લવારાંને યા તેના અમુક જ ભાગને બોલાવવા માટેની જો જુદી જુદી નિશાનીઓ હોય તો તે પણ વિગતે નોંધવી.

ઘેટાં-બકરાંના આખા ટોળાનાં ખાસ નિશાન શું રાખવામાં આવે? કઈ રીતે રાખવામાં આવે? અમુક બકરું પોતાનું જ છે કે કેમ તે ટોળાં જ્યારે ઘણાં મોટાં હોય ત્યારે કઈ રીતે ખબર પડે? ઘેટાં-બકરાંની ખાસ કઈ કઈ નિશાનીઓ એકબીજાથી જુદી પડે? જ્યારે એક ટોળાનાં બકરાં બીજા ટોળામાં ઘૂસી જાય ત્યારે એમનો વર્તાવ સામાન્ય સંજોગોમાં કેવો હોય છે? ભળે ત્યારે જૂથમાં ને જૂથમાં ભળે છે? બેપાંચની જ ટોળીમાં ભળે છે? કે ભળતાં નથી? યા અમુક સમય બાદ જ ભળે છે? યા ભેગાં થાય તો એ બેપાંચના જૂથમાં જ હોય છે તે પણ વિગતવાર નોંધવું. તે જ રીતે ઘેટાં-બકરાંનાં ટોળાંઓમાં જો ગાયો યા ભેંસો હોય તો તેમની ચાલવાની યા બીજી કોઈ પદ્ધતિમાં પણ જે કોઈ તફાવત પડતો હોય તે વિગતવાર નોંધવો. દા. ત. ગાય કે ભેંસ મારશે એમ માનીને બકરાં યા ઘેટાં દૂર ફરે? 'બકરીને ગરીબની ગાય' ગણવામાં આવતી હોય યા જે લોકોને ગાય-ભેંસ પાળવાનું ન પરવડી શકે તેમને માટે જો ઉપયોગી માનવામાં આવતી હોય તો તે નોંધવું. આવી માન્યતા ઘેટીના સંદર્ભમાં પણ હોય તો તે નોંધવું અને આ અંગે આવી કોઈક ઉક્તિ હોય તો તે ચોકસાઈથી નોંધવી. ઘેટાં-બકરાંની પાણી પીવાની પદ્ધતિ તેમ જ તે અંગેના તેમના ગમાઅણગમા વગેરે પણ વિગતે નોંધવા. દા. ત. ઘેટાં-બકરાં બંનેને વહેતું પાણી પીવું વધુ ગમે. કેટલાંકને સહેજ હૂંફાળું પાણી પીવું ગમે, કેટલાંકને વરસાદનું પાણી વધુ ભાવે તો કેટલાંકને મીઠાવાળું તો કોઈકને ભૂંસાવાળુંય વધારે ભાવે. લીલા પડવાશ ખાનારાં ઘેટાં-બકરાં પાણી ઓછું પીએ. બકરાં તો પ્રકૃતિએ જ પાણી ઓછું પીનારાં પણ તેમને સવાર-સાંજ અને ગરમીની ઋતુમાં તો બપોરેય સ્વચ્છ પાણી આપવું હિતકર અને ઈચ્છનીય લેખાય. બકરીના તો દૂધમાંય ⅘ ભાગ કરતાં વધારે પાણી હોય એટલેય દૂધ દેતી બકરીને વધારે પાણી પાવાની આવશ્યકતા ખરી.

ઊન-વાળ વગેરેની કિંમત અને વર્ગીકરણ અંગે અધ્યયન હેઠળના સમાજની અંદર જો ખાસ કોઈ ધોરણો પ્રવર્તતાં હોય તો તે વિગતે નોંધવાં. દા. ત. તેના રેષાની જાડાઈ, લંબાઈ, મજબૂતાઈ, વળાંક-વાંકડિયાપણું, સ્થિતિસ્થાપકતા, રંગ, ચળકાટ વગેરેને લક્ષમાં રાખવામાં આવે છે. જેટલો પાતળો રેષો હોય તેટલો વધારે સારો. વધારે સ્થિતિસ્થાપક અને સમાન રેષા હોય એટલા કાંતવામાં વધારે સારા. વધારે સ્થિતિસ્થાપક, સફેદ, ચળકતું ઊન હોય તેટલું સારું કેમ કે તેમાંથી તૈયાર કરવામાં આવતું કપડું વધારે સુંવાળું, ચમકતું હોય. રેષો જેટલો મજબૂત હોય તેટલું તે તૂટતું નહીં હોવાને કારણે ઊનની ગુણવત્તા સારી ગણાય.

અધ્યયન હેઠળના સમાજમાં વપરાતી નસ્લોનું સરેરાશ વાર્ષિક ઊન–વાળનું ઉત્પાદન કેટલું હોય છે? આવું ઉત્પાદન માપવાનું અધ્યયન હેઠળના સમાજનું એકમ શું હોય છે? વાર્ષિક ઊન–વાળના ઉત્પાદનનો આધાર જાનવરની આનુવંશિકતા ઉપરાંત શેના શેના ઉપર રહે? ઘેટાં-બકરાંનું કદ અને ચામડીના એકમ દીઠ તંતુઓની સંખ્યા વગેરે પર? જો કદ પર આધાર હોય તો અધ્યયન હેઠળના સમાજમાં મોટાં ઘેટાં-બકરાંને વિશેષ પ્રાધાન્ય અપાય છે ખરું? ઘેટાં-બકરાંના ઊન-વાળમાં તંતુઓની લંબાઈ યા તેના વ્યાસ માપવા અંગેના કોઈ પરંપરાગત ખ્યાલો અધ્યયન હેઠળના સમાજમાં પ્રવર્તે છે ખરા? જો હોય તો તેની વિગતવાર નોંધ કરવી. અમુક લંબાઈ કરતાં ઓછી લંબાઈના તંતુવાળું ઊન એક રીતે વપરાય તેમ જ તેનાથી વિશેષ લંબાઈવાળું ઊન અન્ય કોઈ રીતે વપરાય તેવી કોઈ માન્યતા યા પ્રથા અધ્યયન હેઠળના સમાજમાં જોવા મળે છે ખરી? દા. ત. સામાન્ય રીતે ૪.૫. સે.મિ.થી ઓછી લંબાઈવાળું ઊન 'વૂલન પદ્ધતિ'ના ઉપયોગમાં લેવાય છે, જ્યારે તેથી વધુ લંબાઈના તંતુવાળું ઊન 'વુરસ્ટેડ પદ્ધતિ'ના ઉપયોગમાં લેવાય છે. અધ્યયન હેઠળના સમાજમાં ઉછેરવામાં આવતી નસ્લોમાં સામાન્ય રીતે ઊન-વાળની સરેરાશ લંબાઈ કેટલી હોય છે? આવી લંબાઈ પરંપરાગત રીતે કઈ રીતે મપાય છે? ઊન-વાળનો વ્યાસ માપવા માટેની કોઈ પદ્ધતિ છે ખરી? જો હોય તો તે અંગેની વિગતવાર નોંધ કરવી. ઊન-વાળના તંતુના વ્યાસના ઓછાવત્તાપણા પર તેની ગુણવત્તાનો આધાર હોય છે ખરો? જેમ ઊનના તંતુનો વ્યાસ ઓછો હોય તેમ તેની બારીકાઈ વધુ હોય તેવી માન્યતા ખરી? જો તંતુઓનો વ્યાસ ઓછો હોય તો તે મેદાવૃત્ત ન હોઈ શકે અને તેથી તે વાળમાં વર્ગીકૃત ન થતાં ઊનમાં વર્ગીકૃત થાય તેવું ખરું? આવી કોઈ જાત અધ્યયન હેઠળનો સમાજ પાળે છે ખરો? યા તે અંગેની તેને જાણકારી છે ખરી?



ઘેટાં-બકરાંનાં વજન અને કદ ઘેટી-બકરી કરતાં સામાન્ય રીતે વધારે હોય છે ખરાં? ઘેટાં-બકરાં અને ઘેટી-બકરીના ઊન-વાળમાં કોઈ ખાસ તફાવતો માહિતીદર્શકો જો તારવતા હોય તો તે વિગતવાર નોંધવા. તે જ રીતે જોડકાં જન્મેલાં અને એકલાં જન્મેલાં લવારાં અને પુખ્ત વયનાં ઘેટાં-બકરાંમાં પણ ઊન-વાળના ઉત્પાદનમાં જો ખાસ કોઈ તફાવતો માહિતીદર્શકો તારવતા હોય તો તે વિગતવાર નોંધવા.

જો અધ્યયન હેઠળના સમાજમાં છેક ચહેરા સુધી ઊન આવે તેવી જાતોને વધારે પસંદગી આપવામાં આવતી હોય તો તે નોંધવી. આવી પસંદગી પાછળનાં કારણો નોંધવાં. ચહેરા સુધી ઊન આવે તેને અને વિશેષ ઊનઉત્પાદનને ખાસ કોઈ સંબંધ હોય એમ અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોને જો લાગતું હોય તો તે નોંધવું. તે જ રીતે જો છેક ચહેરા સુધી ઊન આવે તેને લીધે ઘેટું બરાબર દેખી શકતું ન હોય યા તેને કાતરવામાં વધુ સમય થતો હોય યા સરવાળે તેથી વિશેષ યા ઓછું ઊનઉત્પાદન થતું હોવાનું અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનું જો નિરીક્ષણ હોય તો તે પણ વિગતે નોંધવું. ઝુર્રીદાર ચામડીવાળાં ઘેટાં ચીકણી ચામડીવાળાં ઘેટાંની જાત કરતાં વધારે ઊન પેદા કરી શકે તેવી જો કોઈ માન્યતા હોય તો તે વિગતવાર નોંધવી. આવી બે જાતોમાં જો ઊન ઉતારવામાં અને અન્ય સંબંધિત યા આનુષંગિક પ્રક્રિયાઓમાં જો કોઈ ખાસ તફાવતો જોવા મળતા હોય તો તે પણ વિગતવાર નોંધવા. દા. ત. ચીકણાં ઘેટાં પરના ઊન કરતાં ઝુર્રીદાર ઘેટાંના ઊન પર ગ્રીજ વધારે હોય છે તેથી સાફ કરતી વખતે ધૂળ અને ગ્રીજ સાફ કરતાં બંનેમાં ખાસ કોઈ અંતર ન રહેતું હોય તો તે નોંધવું.

ઘેટાં-બકરાંના ઊન-વાળનો શો શો ઉપયોગ થાય? વસ્ત્રોમાં, દોરી-દોરડામાં વગેરે ઉપરાંત અન્ય કોઈ ઉપયોગની જાણકારી હોય તો તે વિગતે નોંધવી. જુદી જુદી કક્ષાના અને જુદા જુદા તબક્કાના ઊન-વાળ અંગેની બધી જ વિગતો મેળવવી.

નાનાં બચ્ચાંના, મોટાના અને યુવાન તેમ જ ઘરડાં ઘેટાં-બકરાંના અને ઘેટા-ઘેટી યા બકરા-બકરીના ઊન-વાળમાં પણ જે કોઈ ખાસ તફાવતો પડતા હોય તે નોંધવા. વિવિધ વયનાં ઘેટાં-બકરાંના ઊન-વાળને સામાન્ય રીતે ક્યારે, કઈ ઋતુમાં, કઈ રીતે, કાપવામાં આવે તે વિગતવાર નોંધવું. એ કાપવા માટે સામાન્ય રીતે ક્યાં ક્યાં સાધનો ઉપયોગમાં લેવાય છે તેનો પણ વિગતવાર ઉલ્લેખ કરવો. એ કાપવાનું કાર્ય કુટુંબમાંથી જો અમુક મહત્ત્વનો વડીલ જ કરી શકતો હોય યા તેમાં પણ જો અમુક ખાસ અનુભવી નિષ્ણાત જ કરતો હોય તો તે વિગતે નોંધવું.

આવું ઊન-વાળ વગેરે કાપતાં પહેલાં જો તેની અમુક સફાઈ વગેરે કરવામાં આવતી હોય યા અન્ય કોઈ પૂર્વતૈયારીઓ કરવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવી. સામાન્ય રીતે પુખ્ત વયનાં ઘેટાં-બકરાં પરથી કેટલા અને કયા પ્રમાણમાં ઊન-વાળ ઊતરે તે પણ વિગતે નોંધવું. જો વિશેષ પ્રમાણમાં ઊન-વાળ ઊતરે તે માટે અમુક કાળજી વગેરે લેવાતી હોય તો તે વિગતવાર નોંધવું. જો તેથી ઊલટું આવું કોઈ ધ્યાન ન રખાતું હોય યા આવી કોઈ માન્યતા ન પ્રવર્તતી હોય તો તે પણ વિગતે નોંધવું.

ઘેટાં-બકરાં પરથી ઊન-વાળ એક વખત ઉતારી લીધા પછી કેટકેટલા સમયે ફરીને ઊન-વાળ ઉતારી શકાય? જુદી જુદી અવસ્થામાં આ ગાળામાં જો કોઈ ખાસ ફેરફાર આવતો હોય તો તેની વિગતે નોંધ કરવી. તે જ રીતે જો સારાં અને શ્રેષ્ઠ પુષ્ટ ઘેટાં-બકરાં પરથી વધુ પ્રમાણમાં ઊન-વાળ ઊતરતા હોય તો તે પણ વિગતે નોંધવું.

ઘેટાં-બકરાં પરથી ઉતારવામાં આવતા ઊન-વાળની ગુણવત્તા વગેરેમાં પણ જો જુદાં જુદાં એક જ પ્રકારનાં પણ જુદી જુદી વયનાં ઘેટાં-બકરાં દીઠ અને જાતિદીઠ જો કોઈ ફેરફાર પડતો હોય તો તેની પણ વિગતે નોંધ કરવી.

ઘેટાં-બકરાં પરથી ઊન-વાળ ઉતારવા યા ન ઉતારવા અંગેની જો કોઈ ખાસ માન્યતાઓ પ્રચલિત હોય તો તેની વિગતે નોંધ કરવી.

દા.ત. ઘેટાં-બકરાં પરથી ઊન-વાળ ઉતારતાં તેમનું શરીર ઉઘાડું થઈ જાય અને તેથી તેમને ઠંડી વિશેષ લાગે તેથી તાપ લાગે. આવી યા બીજા કોઈ પણ પ્રકારની માન્યતા માત્ર આંતરિક સ્તર પર પણ હોય અને વ્યવહારમાં જો તે પળાતી ન હોય તો પણ નોંધવું. જો આવી માન્યતા હોય અને કેટલાંક કુટુંબો કેટલાંક ઘેટાં-બકરાં પૂરતો જો તેનો અમલ કરતાં હોય તો તે નોંધવું.

સામાન્ય રીતે ઊન-વાળ ઉતારવામાં આવતા હોય પણ જો કેટલાકમાં આ પ્રકારના ઊન-વાળ ઉતારવામાં ન આવતા હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી. આવા અપવાદ જો કોઈને માટે લાગુ પડતા હોય તો તે શા માટે લાગુ પાડવામાં આવે છે તેની વિગતવાર નોંધ કરવી.

આવા ઊન-વાળ ઉતારવાની શરૂઆત કરતી વખતે જો ખાસ કોઈ વિધિ કરવામાં આવતી હોય તો તે નોંધવું.

અમુક દિવસે, તિથિએ કે અમુક સમયે ઊન-વાળ ઉતારાય અથવા ન ઉતારાય એ પ્રકારની જો કોઈ માન્યતા હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી. તેવી માન્યતા પાછળ જો કોઈ માહિતીદર્શક કારણો અપાતાં હોય તો તે પણ નોંધવાં. તે જ રીતે ઊન-વાળ ઉતારી રહ્યા પછી જો કોઈ ખાસ વિધિઓ કરવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવી. તે જ રીતે જો ઊન-વાળ ઉતારવાથી ઘેટાં-બકરાંની તંદુરસ્તી યા શારીરિક આકાર, ચરવાની રીત યા ખોરાકની ગુણવત્તા, પાણી પીવામાં યા બીજા કોઈ પણ પાસામાં, નાનામાં નાના જો કોઈ ફેર-ફાર આવતા હોય તો બધા જ ફેરફારોને વિગતવાર નોંધવા. ઘેટાં-બકરાંનાં ઊન-વાળ ઉતાર્યા પછી તેની સફાઈ, વણાટકામ વગેરે જે કંઈ કરવામાં આવતું હોય તે કોણ, ક્યારે, કઈ રીતે, ક્યાં



ક્યાં સાધનોથી, કયા કયા સમયે, કેવી કેવી રીતે, ક્યાં ક્યાં કરે છે તે અંગેની બધી જ વિગતો શક્ય હોય એટલી વિગતવાર મેળવવાનો પ્રયાસ કરવો.

દા.ત. ઊન-વાળ કાપ્યા પછી સૌથી પહેલી પ્રક્રિયા શું થાય ? તેને સાફ કરવામાં આવે? શેનાથી સાફ કરવામાં આવે? કઈ રીતે સાફ કરવામાં આવે? આવી સફાઈમાં જો જુદી જુદી વસ્તુની સફાઈ માટે જુદાં જુદાં સાધનો વપરાતાં હોય તો તે નોંધવું. દા. ત. ધૂળ સાફ કરવા જુદું સાધન, અંદર ભરાયેલા કાંટા વગેરે સાફ કરવા જુદું સાધન વગેરે વગેરે. આવાં જુદાં જુદાં જે જે સાધન વાપરવામાં આવતાં હોય તે બધાં જ સાધનો અંગેની પૂરતી વિગતો મેળવવી. આવી સફાઈ કઈ રીતે ક્યાં થાય, કેવી રીતે થાય તે પણ નોંધવું. વાળમાં ગૂંચ વગેરે વળી ગઈ હોય તો તે ઉકેલવા માટે શું કરવામાં આવે? કઈ પદ્ધતિ અપનાવાય વગેરે પણ વિગતે નોંધવું. આ પ્રકારની સફાઈ વગેરે ખાસ એક સ્થળે બેસીને કરવામાં આવતી હોય તો તે નોંધવું. અને તે જ રીતે જો આવી સફાઈ ઘેટાં-બકરાં ચારતાં ચારતાં કરવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું.

ઊન-વાળને કાંતવા, વણવા વગેરેનું કાર્ય કોણ કરે? અધ્યયન હેઠળનો સમાજ પોતે કરતો હોય તો તે નોંધવું. જો પોતે કરતાં હોય તો તેમાં પુરુષ, સ્ત્રી, બાળકો બધાં જ કરતાં હોય તો તે નોંધવું. જો બધાં જ કરતાં હોય તો કોઈ નિશ્ચિત શ્રમવિભાજન કરવામાં આવતું હોય તો તે નોંધવું. જો ઘરનાં બધાં પુખ્ત વયનાં સભ્યો દોરી યા રેસાઓ વણતાં હોય, તો જેને જેટલાં ફાવે એટલાં જ ઘેટાં-બકરાંના ઊન-વાળ કાપીને તે પછી પોતે કાંતતાં કે વણતાં હોય તો તે નોંધવું. જો આ રીતે કાંતવા-વણવાનું યા ગૂંથવાનું કામ કરવા માટે, દરેકને માલના ટોળા-માંથી અમુક ભાગ પાડી આપવામાં આવેલા હોય તો તે નોંધવું અને તેની પાછળ મુખ્યત્વે કયા સિદ્ધાંત કામ કરે છે તે ખૂબ જ વિગતવાર તારવવું. દા. ત. સ્ત્રીને તેના પિયરમાંથી જે બકરાં-ઘેટાં મળ્યાં હોય તેનું જ ઊન-વાળ કાપવાનો અને વણવાનો, અને તેમાંથી પોતાનાં કપડાં બનાવવાનો અધિકાર મળે. પુરુષને પોતાના પિતા પાસેથી જે મળેલ હોય તેમાં મળે. તે જ રીતે બીજા કોઈને પણ જો અમુક ખાસ ઘેટાં-બકરાં પૂરતો અમુક અધિકાર મળતો હોય તો તે વિગતવાર નોંધવું.

આમાં કાંતવા કે વણવાનું અમુક કામ સ્ત્રીઓ જ કરે એમ જો મનાતું હોય યા અમુક જ પ્રક્રિયા (દા. ત. કાંતવાની જ) અધ્યયન હેઠળનો સમાજ જો કરતો હોય અને અન્ય પ્રક્રિયા જો અન્યત્ર સોંપી દેવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. આવા આંટા વાળવાની ફરકડી, માત્ર એક જ દાંડીની હોય છે કે બેવડી દાંડીની (ચોકડી જેવી) અને જુદા જુદા પ્રકારના રેષાઓના કાંતણ માટે જુદા જુદા પ્રકારની જો બનાવવામાં આવતી હોય તો દરેક પ્રકારવાર તે શેમાંથી બનાવવામાં આવે છે અને સામાન્ય રીતે તેની લંબાઈ-પહોળાઈ વગેરે કેટકેટલાં હોય છે, છેડાના ભાગનો આકાર વગેરે કેવો હોય છે તે બધી બાબતો ખૂબ વિગતે નોંધવી. દરેકની આકૃતિઓ આપી શકાય તો તે સ્પષ્ટીકરણમાં વધારે ઉપયોગી થઈ શકે. આવું કાંતણ સામાન્ય રીતે ક્યારે, કોણ, કઈ રીતે કરે અને સામાન્ય રીતે તે શીખવા-શિખવાડવામાં કઈ રીતે આવે તેની વિગતો પણ નોંધવી. કેટલીક વાર, તે ફરકડી સાથે ગમે ત્યાં હાલતાંચાલતાં, ગામ-ગપાટાં હાંકતાં, ફુરસદના ગમે તે સમયે થતું હોય એમ પણ બને. કેટલીક વાર કેટલાક સમાજમાં તે માત્ર પુરુષો કે સ્ત્રીઓ જ મહદંશે કરી શકે યા કરતી હોય એવું જોવા મળે છે. અધ્યયન

હેઠળના સમાજમાં પણ આવો કોઈ બાહ્ય નિષેધ, વિશેષાધિકાર કે વિશેષ ફરજ જો જોવા મળતી હોય તો તે પણ વિગતે નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં જો ઊન-વાળ વગેરે વણવાની પ્રક્રિયા પણ અમુક જ જાતિ યા જૂથના સભ્યો દ્વારા થતી હોય તો તે પણ વિગતે નોંધવું. વણાટની સાથે સંબંધિત સર્વ પ્રક્રિયાઓ ખૂબ જ વિગતવાર નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં આ વણાટ ઉપરાંત જો ભરતગૂંથણ યા અન્ય જે કંઈ વિશેષતાઓ જોવા મળતી હોય તે પણ વિગતે નોંધવી. તે જ રીતે અધ્યયન હેઠળના સમાજના ઊન-વાળના કાંતણ-વણાટ સાથે જો કોઈ ડાઈંગ યા પેઈન્ટિંગની પ્રક્રિયાઓ સંકળાયેલી હોય તો તે પણ વિગતવાર નોંધવી. આ દરેક પાસામાં પણ વિગતવાર મુદ્દા–સૂચિ થઈ શકે. અહીં કેન્દ્રવર્તી વિષયથી સહેજ દૂર જવાતું હોવાથી અને સ્થળસંકોચને લીધે તે આપવાનું ઉચિત માન્યું નથી. છતાં નિદાન કાંતવા-વણવામાં વપરાતાં સાધનો, તેને ફેરવવાના પ્રકાર, તેનાં નામ, આ સાધનોના જુદા જુદા ભાગનાં નામ, તે શેમાંથી, કઈ રીતે, કોણ બનાવે છે વગેરે વિગતો શકય હોય એટલી વિગતવાર મેળવવી.

ઊન-વાળને કાંતવા-વણવાની જુદી જુદી પદ્ધતિઓ વગેરે અંગે પણ શકય હોય એટલું વિગતે મેળવવું. આવી રીતે કાંતવા-વણવામાં વાપરતાં પહેલાં અને પછી કરવામાં આવતું પ્રક્રિયા-કરણ, એના આડા ઊભા તાણાવાણા, તેને કાંતવા-વણવાની ઋતુ, વણતાં-કાંતતાં લાગતો સમય, તેમાં વપરાતી જુદી જુદી ભાત અને ઢબ, તેની કિંમત, આવી વસ્તુઓનો થતો ઉપયોગ વગેરે અંગે ખૂબ જ વિગતવાર નોંધ કરવી. આમાંથી જુદી જુદી જે જે વસ્તુઓ બનતી હોય તે કઈ રીતે, કોણ, કયારે, કયાં, શા માટે બનાવે છે તે અને તેનો ઉપયોગ નોંધવો. શકય હોય ત્યાં એની આકૃતિઓ વગેરે પણ ક્ષેત્રકાર્ય દરમિયાન દોરીને લાવવી. ડિઝાઇન વગેરેમાંની જુદી જુદી ઢબના શકય એટલા વિશેષ નમૂનાઓ વગેરે પણ લાવવા.

આ રીતે ઘેટાં-બકરાંના ઊન-વાળમાંથી તૈયાર થતી ધાબળીઓ વગેરેનો ઘરમાં કોણ, કયારે, કઈ રીતે ઉપયોગ કરે છે અને તેમાંનું વેચાણમાં કેટલું વપરાય છે વગેરે બાબતો પણ વિગતે મેળવવી. આ ધાબળીઓ પરંપરાગત રીતે જો સ્ત્રીઓ જ વાપરતી હોય તો તેઓ તે પહેરે છે એ અંગેની ખાસ કોઈ કથા, કિંવદંતી જો સંકળાયેલી હોય તો તેને પણ વિગતે મેળવવી. સ્ત્રીઓ, બાળકો અને પુરુષોનાં વસ્ત્રોમાં ઘેટાં-બકરાંના ઊન-વાળમાંથી બનાવેલાં કયાં કયાં વસ્ત્રો, વસ્તુઓનો ઉપયોગ થાય છે તે શકય હોય એટલું વિગતવાર નોંધવું.

આ ઉપરાંત પણ ઘેટાં-બકરાંના ઊન-વાળના અન્ય જે કોઈ ઉપયોગ થતા હોય તે પણ વિગતે નોંધવા. તે જ રીતે ઊન-વાળના વેચાણમાંથી શી આવક થાય? આ માલ કોને વેચવામાં આવે? કોણ વેચે? કઈ રીતે વેચે? સામાન્ય રીતે શી કિંમતે વેચે? અધ્યયન હેઠળના સમાજની સમગ્ર અર્થવ્યવસ્થામાં ઊન-વાળનું સામાન્ય રીતે શું સ્થાન? જો ઊન જ વેચાતું હોય અને વાળ ન વેચાતા હોય તો તે નોંધવું. તે જ રીતે આમાંની અન્ય જે કોઈ ચીજવસ્તુઓ વેચાતી હોય તે વિગતવાર નોંધવી. વાળ છૂટક ન વેચાતા હોય પણ તેની ધાબળીઓ વગેરે વેચાતી હોય તો તે નોંધવું. આવી કોઈ વસ્તુ ન વેચી શકાય એ પ્રકારની પણ જો ખાસ કોઈ માન્યતા કામ કરતી હોય તો તે અંગેની વિગતો પણ એકત્રિત કરવી. ઘેટાં-બકરાંના ઊન-વાળના, એના કાપડના, યા રેસામાંથી બનાવેલી અન્ય વસ્તુઓના જે જે ગુણધર્મોના માહિતીદર્શકોને પોતાને ખ્યાલ હોય તે નોંધવા. ઘેટાં-બકરાંના ઊન-વાળના જુદા જુદા પ્રકાર અંગેની કોઈ વિગતો માહિતીદર્શકો પાસે હોય તો તે મેળવવી. એ દરેકના ભાવ વગેરે પણ નોંધવા. ઊન-વાળનાં કપડાંના



સુતરાઉ કપડાંની તુલનામાં ટકાઉપણા અંગેના પણ જે ખ્યાલો હોય અને તેને માટેનાં જે કારણો અપાતાં હોય તે નોંધવાં.

ઘેટાં-બકરાંના ઊન-વાળ અંગેની પ્રચલિત ઉક્તિઓ વગેરે પણ માહિતીદર્શકોની પાસેથી ખાસ યાદ કરાવીને નોંધવી. ઊન-વાળ વિનાનાં જ ઘેટાં-બકરાંની જાત જો આ પ્રદેશમાં પાળવામાં આવતી હોય તો તે નોંધવું. આવી જાતને શા માટે સવિશેષ પસંદગી અપાય છે તે પણ વિગતે નોંધવું. તે જ રીતે પહેલાં ઊન-વાળવાળી જાત પળાતી અને હવે ઊન-વાળ વિનાની પળાતી હોય તો તે નોંધવું. ઊંટ, ઘેટાં, બકરાં વગેરેની જાત, ઉછેર વગેરેમાં માહિતીદર્શકની પાસે માહિતી હોય તેટલી પેઢીઓથી અત્યાર સુધીમાં જે જે ફેરફારો થયા હોય તે બધા જ ફેરફારોને વિગતવાર નોંધવા.

અધ્યયન હેઠળનો સમાજ સામાન્ય રીતે માંસાહારી છે કે શાકાહારી? જો તે રોજ યા કવચિત્ માંસાહાર કરતો હોય તો બકરાના માંસનો ઉપયોગ કરે છે ખરો? જો કરતો હોય તો બકરાના અને બકરીના બંનેના માંસનો ઉપયોગ કરે છે કે માત્ર બકરાના જ? જો બકરાના જ માંસનો ઉપયોગ કરતો હોય તો બકરીના માંસનો શા માટે નહીં? તેની પાછળની માન્યતાઓ, ખ્યાલોને વિગતવાર મેળવવા. જો બકરીના માંસનો અધ્યયન હેઠળનો સમાજ ઉપયોગ ન કરતો હોય તો, તેવો ઉપયોગ કરનાર સમાજ તરફ તે કયા દૃષ્ટિકોણથી જુએ છે તે પણ મેળવવું. આવા માંસના ઉપયોગને કોઈક સામાજિક સ્તરરચનાની સાથે યા પાપ-પુણ્યના ખ્યાલોની સાથે પણ જો કોઈ સંબંધ હોય તો તે અંગેની વિગતો મેળવવી. જો અધ્યયન હેઠળનો સમાજ માંસાહારી હોય અને સામાન્ય રીતે બકરાનો માંસાહારમાં ઉપયોગ કરતો હોય, પણ કેટલાક ખાસ સંજોગોમાં બકરીના માંસનો પણ ઉપયોગ કરતો હોય તો તેવા સંજોગોને વિગતવાર નોંધવા. જો બકરીના માંસનો ઉપયોગ કરવામાં આવતો હોય પણ તેમાં પણ, એક પણ વેતર વિનાની, વેતરવાળી, અને પુખ્ત વયની યા પ્રૌઢ હોવા છતાં વેતરમાં ન આવી હોય તેવી બકરીના માંસાહારમાં ઉપયોગમાં જો ખાસ કોઈ ભેદ પાડવામાં આવતા હોય તો તે વિગતવાર નોંધવા. આવા વિવિધ પ્રકારની બકરીઓનાં અધ્યયન હેઠળના સમાજની પ્રણાલિકાગત બોલીમાંનાં તળપદાં નામ પણ નોંધવાં. બકરી યા બકરાના વર્તનથી ગોવાળ યા તેનો માલિક જ્યારે નારાજ થાય ત્યારે તેના આ આહારમાંના ઉપયોગને લક્ષમાં રાખીને જો કોઈ વિધાનો કરવામાં આવતાં હોય તો તે વિગતવાર નોંધવાં. અધ્યયન હેઠળના સમાજમાં જો બકરાનો માંસાહારમાં ઉપયોગ કરવામાં આવતો હોય તો તેનો વધ કઈ રીતે કરવામાં આવે, સામાન્ય રીતે કોણ શેનાથી વધ કરે? ચામડું કોણ ઉતારે અને કઈ રીતે ઉતારે, માંસને કઈ રીતે છૂટું પાડવામાં આવે, ચામડું કઈ રીતે સૂકવવામાં અને કમાવવામાં આવે, તેનો સામાન્ય રીતે શો ઉપયોગ કરવામાં આવે તે સર્વ વિગતો ખૂબ જ વિગતવાર નોંધવી. બકરીના માંસમાંથી અધ્યયન હેઠળના સમાજમાં બનાવવામાં આવતી વિવિધ વાનગીઓ તેમ જ માંસના વિવિધ ભાગોના સ્વાદ, ગુણ વગેરે અંગેના ખ્યાલો વગેરે ખૂબ વિગતે નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત ન હોય તેવી, અન્ય અડોશપડોશના સમાજમાં બકરાંના માંસમાંથી બનાવવામાં આવતી વાનગીઓ અંગેના કોઈક વિશિષ્ટ ખ્યાલો પણ અધ્યયન હેઠળના સમાજમાં જો પ્રવર્તતા હોય તો તે પણ વિગતે નોંધવા. લવારા-લવારીના અને પુખ્ત વયના બકરા-બકરીના માંસ અંગે યા તેમાંથી બનતી વાનગીઓ અંગે પણ જો કોઈ વિશિષ્ટ ખ્યાલો હોય તો તે પણ નોંધવા. તે જ રીતે, માંસાહારની સાથે આ સર્વ સંબંધિત બાબતો, ઘેટાં-ઘેટી, તેમનાં બચ્ચાંના સંદર્ભમાં પણ ખૂબ જ વિગતવાર નોંધવી. તે જ

રીતે આ ઘેટાં-બકરાં બંનેના માંસની ગંધ, ગુણ, સ્વરૂપ, સ્વાદ વગેરે અંગેના અધ્યયન હેઠળના સમાજના તુલનાત્મક ખ્યાલો તેમ જ અન્ય સંબંધિત માન્યતાઓને પણ ખૂબ વિગતવાર નોંધવી.

બકરાં-ઘેટાંના માંસાહારમાં ઉપયોગને લક્ષમાં રાખીને અધ્યયન હેઠળનો સમાજ અન્ય કોઈ ચોપગા પ્રાણીને ચીરતો ન હોય તોપણ ઘેટાં-બકરાંને તો તે ચીરતો હોય તો તે નોંધવું. અને તેથી અન્ય કોઈ ચોપગા પ્રાણીની અંદરની શરીરરચનાથી તે પરિચિત ન હોય તોપણ ઘેટાં-બકરાંથી જો તે પરિચિત હોય તો તે વિગતે નોંધવું. ઘેટાં-બકરાંની શરીરરચના પરથી તે ગાય-ભેંસ વ.ની અંદરની શરીરરચનાની કલ્પના કરતો હોય તો તેની પણ નોંધ કરી શકાય. ઘેટાં-બકરાંના ચામડાનો અધ્યયન હેઠળનો સમાજ જો કોઈ વિશિષ્ટ ઉપયોગ કરતો હોય તો તે વિગતવાર નોંધવું.

બકરાં અથવા ઘેટાંને યા તેમાંના નરજાતિના બકરા કે ઘેટાને કોઈને મારવા માટે અપાય? એ પ્રકારની માગણી કરીને પણ તે લઈ જઈ શકે? યા મોઘમ અપાય? આ ઉપરાંત કસાઈખાને લઈ જશે એવી કલ્પના હોય યા શકચતા હોય એવા વણઝારા યા અન્ય કોઈક આ પ્રકારની જાતિના માણસને બકરાં વેચી દેવાય ખરાં? ગાય, બળદ, ભેંસ યા પાડો કે એવાં બીજાં કોઈ પ્રાણી અપાય ખરાં? સામાન્ય રીતે ન અપાય પણ જો વિશિષ્ટ સંજોગોમાં આપવામાં આવતાં હોય તો તે વિગતવાર નોંધવું. આવી શકચતા છતાં, આર્થિક ખેંચમાંય ઘાસચારો પૂરો ન થઈ શકતો હોવાને લીધે યા બીજા કોઈ પણ કારણસર પશુધન ઘટાડવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે તેવા સંજોગોમાં કસાઈખાને આ પશુધન જશે એવી શકચતા હોય છતાં આંખ આડા કાન કરીને પણ જો પશુધન અપાતું હોય તો તે વિગતે નોંધવું. જો સીધેસીધા પણ કસાઈખાને અમુક પશુધન ન અપાતું હોય યા ત્યાં જ વેચાવા માટે જતું હોય તો તે નોંધવું. ત્યાં મોકલવાના પશુધનમાં સામાન્ય રીતે કોનો સમાવેશ થાય અને કોને ન અપાય તે નોંધવું. જો અમુક પ્રાણીઓને તો કોઈ પણ સંજોગોમાં કસાઈખાને જાય તેવી સહેજ પણ શકચતા હોય તોપણ ન જ વેચાતાં હોય તો તે વિગતે નોંધવું. દા. ત. ગાય. આ ઉપરાંત આ અંગેની અન્ય આવશ્યક બધી બાબતો મેળવવી અને વિગતવાર નોંધવી.

## ૩. ગાય-ભેંસ ઉછેર

ગાયો-ભેંસોમાં અનેક જાતો હોય છે. દા. ત. ભેંસોમાં મુરા, નીલરવી, મહેસાણી, સુરતી, ઝાફરાબાદી, ભાડાવરી, તરાઈ, નાગપુરી કે એલીચપુરી, કાલહેડી કે પેડ્ડા હી મેડી, મન્ડા કે પારલાકી, મેડી કે ગંજામ, જેરાન્ગી સામ્બલપુરી કે મેડી કે ગોવડું ટોડા, દક્ષિણ કર્ણાટકી (South Kanara), આસામી, મેંગુર, સીકીમી વગેરે. ગાયોમાં કાંકરેજી, કાંગાયમ, ગીર, સીંધી, અમૃતમહાલ, થરપારકર, ખિલાર, દેશી કાંગાયમ, ઓંગોલ વગેરે જાતો જોવા મળે છે. અધ્યયન હેઠળના સમાજમાં જે જાતો પળાતી હોય તેનાં વિગતવાર લક્ષણો નોંધવાં. અધ્યયન હેઠળના સમાજમાં વિવિધ જાતોનું જો કોઈ વિશિષ્ટ વર્ગીકરણ હોય તો તે પણ વિગતવાર નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં પાળવામાં આવતી ભેંસના સામાન્ય રંગ નોંધવા. સફેદ ટપકાંવાળી યા શરીરનો કેટલોક ભાગ સફેદ હોય તેવી ભેંસ પણ હોઈ શકે ખરી? જો આવી ભેંસથી અધ્યયન હેઠળનો સમાજ પરિચિત હોય તો તેવી ભેંસને અધ્યયન હેઠળના સમાજમાં શું નામ અપાયું છે તે પણ વિગતવાર નોંધવું.



બળદ, ભેંસ, પાડાના વિવિધ કાર્યમાં હળ ખેંચવામાં, જમીન સપાટ કરવામાં, ગાડામાં, અનાજ ઊપણવામાં, કોશ, રેંટથી પાણી કાઢવામાં, વગર પૈડે થતા માલવહનમાં, સવારીમાં, રેસમાં, શિકારમાં, અલ્પ ઊંડાણવાળા વિસ્તારમાં હોડીઓ ખેંચવામાં, પૂંછડાના મૂળે બાંધીને હળવો માલ વહન કરવામાં, એવા વિવિધ પ્રકારે થતા ઉપયોગમાંથી જેનાથી અધ્યયન હેઠળનો સમાજ પરિચિત હોય તે વિગતે નોંધવું. આવા ઉપયોગ તરફનાં અધ્યયન હેઠળના સમાજના માહિતી-દર્શકોનાં વલણ પણ નોંધવાં.

જો સવારીમાં ભેંસનો, પાડાનો ઉપયોગ થતો હોય તો સવારી માટે ઉપર કયાં કયાં સાધન રાખવામાં આવે છે તેમ જ તેના પર કઈ રીતે બેસવામાં આવે છે તે વિગતે નોંધવું. દા. ત. તેને બેસાડીને બાજુમાંથી યા પાછળથી પૂંછડાનો સહારો લઈને બેસવામાં આવે છે? જો ભેંસનો કોઈક કામગીરીમાં ઉપયોગ થાય તો તેનું દૂધ ઘટતું હોવાની યા પાપમાં પડવાની માન્યતા હોય તો તે પણ વિગતવાર નોંધવી. જો ઊંડાણવાળા ખેડકામ માટે યા બળદો કરતાં વધુ માલવહન માટે ભેંસ, પાડાનો જો ખાસ ઉપયોગ કરવામાં આવતો હોય તો તે વિગતે નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં પળાતાં ગાય-ભેંસની આયુમર્યાદા કેટલી? વયના વિવિધ તબક્કા, વેતરનું સામાન્ય પ્રમાણ, વેતર વચ્ચેનો ગાળો, સગર્ભાવસ્થાનો ગાળો, સગર્ભાવસ્થામાં અને તે સિવાય દૂધ આપવાનો ગાળો અને દૂધનું પ્રમાણ, ગાય-ભેંસની જાતો તથા તેનાં સ્થાનિક નામ નોંધવાં. આ અંગે અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોના ખ્યાલ અને જાણકારીની વિગતો મેળવવી. તે જ રીતે ગાય-ભેંસની શરીરરચના, વાગોળવું, અન્ય ટેવો, ખોરાક અને તેની ઉપયોગિતાના અન્ય ગુણો અંગે અધ્યયન હેઠળના સમાજના તુલનાત્મક ખ્યાલોને વિગતે નોંધવા.

પશુની ઉંમર કયાં કયાં લક્ષણોને આધારે જાણી શકાય? દા. ત. શીંગડાં, ચામડી, ખરી, દાંત? બીજાં કંઈ લક્ષણ પણ ખરાં?

શીંગડાં પરથી વય કઈ રીતે જાણી શકાય? શીંગડાં પરથી વયપરખ જો અમુક જ પ્રાણી-ઓમાં થઈ શકતી હોય તો તે નોંધવું. ગાય–ભેંસ વગેરે ઢોરનાં શીંગડાંમાં દર વરસે કોઈ નવું કૂંડાળું થાય તેવું ખરું? પહેલું કૂંડાળું કેટલાં વર્ષની વયે થાય? જુવાનીમાં ઢોરની ચામડી પાતળી, લીસી, ચળકાટવાળી હોય તેવું ખરું? તે જ રીતે જુવાનીમાં ઢોરની બે ખરી વચ્ચેની જગ્યા બહુ થોડી હોય અને ઘડપણમાં ખરીઓ વચ્ચેનું અંતર વધી ગયેલું હોય તેવું ખરું? ઢોરના દાંત પરથી ઉંમરનો ખ્યાલ આવે? નીચલા જડબામાં દાંત હોય છે ખરા? જો ન હોય તો શું હોય છે? તેનું પરંપરાગત ભાષામાં કંઈ નામ હોય તો તે નોંધવું. તરત જન્મેલા બચ્ચાના દૂધિયા દાંત દેખાય ખરા? દૂધિયા દાંતની સંખ્યા કેટલી હોય છે? બધા દૂધિયા દાંત જન્મ પછી કેટલા સમયે દેખાય? એકાદ મહિને? આ દૂધિયા દાંત કેટલા મહિનાથી ઘસાવા માંડે? તેમાં સૌથી પહેલાં કયા દાંત ઘસાય? વચલા? આ દાંતના ઘસારાના સંદર્ભમાં વર્ષના, દોઢેક વર્ષના, બે વર્ષના, ત્રણ વર્ષના, ચાર કે પાંચ વર્ષના વયના ઢોરની સ્થિતિ નોંધવી. દા. ત. સવા દોઢ વર્ષની વયે બધા દૂધિયા દાંતમાં ઘસારો દેખાય છે ખરો? બે વર્ષે વચલા બે દૂધિયા દાંત પડી જઈ તેની જગ્યાએ બે કાયમી દાંત દેખાય છે? ચાર વર્ષની ઉંમરે ત્રીજી અને પાંચ વર્ષની ઉંમરે ચોથી છેલ્લી દાંતની જોડ પડી જઈ તેની જગ્યાએ કાયમી દાંતની છેલ્લી જોડ દેખાય છે? જે ઢોરના બધા કાયમી દાંત આવી ગયા હોય તેને શું કહેવાય? તે જ રીતે એક પણ કાયમી દાંત વિનાના યા વચલી અવસ્થાવાળા, યા અન્ય કોઈ અવસ્થાના ઢોરનાં

ખાસ કોઈ નામ અધ્યયન હેઠળના સમાજમાં હોય તો તે વિગતે નોંધવાં. તે જ રીતે પાડું-વાછરુમાં વિવિધ વયનાં જો જુદાં જુદાં નામ હોય તો તે વિગતવાર નોંધવાં. પરંપરાગત રીતે જે તે ભાષામાં જો તેના કોઈ અર્થ થતા હોય તો તે નોંધવા. આવાં નામો જો નર-માદા પાડું-વાછરુંમાં જુદાં જુદાં હોય તો તે પણ વિગતે નોંધવાં. જો અમુક જ વયે આવાં નામો જુદાં પડતાં હોય તો તે પણ વિગતવાર નોંધવું.

ગાય-ભેંસની પહેલવહેલાં ગરમીમાં આવે ત્યારની ઉંમર કેટલી હોય? પહેલું વાછરું-પાડું આવે ત્યારની વય કેટલી હોય? આ દરેકમાં અમુક વયનો ગાળો રહેવાનો. તે ગાળો ગરમીમાં, પહેલી વખતના ગર્ભધારણમાં તેમ જ પહેલીવહેલી વાર વાછરું-પાડું આવે એ ત્રણે પરિસ્થિતિમાં વિગતવાર નોંધવો.

ગાય-ભેંસ ઋતુમાં આવેલ છે તેનો ખ્યાલ કઈ રીતે આવે? તેનો ખ્યાલ મેળવવા માટે બનાવટી સાંઢ (Teaser bull) છોડવામાં આવે? ક્યારે? કેટલા સમય માટે? ગરમીમાં મોટે ભાગે રાત્રે આવે? ગાય-ભેંસમાંથી કોણ ગરમીમાં વિશેષ આવે? ગરમીનો સમયસર ખ્યાલ આવે તે માટે લેવાતાં પગલાં પણ નોંધવાં. વર્ષમાં અમુક સમયે તે વિશેષ ગરમીમાં આવતાં હોવાનો જો પરંપરાગત ખ્યાલ હોય તો તે ક્યારે, તે અંગેની માહિતી જો મળી શકે તો નોંધવી. ગાય-ભેંસ ગરમીમાં આવે ત્યારનાં તેનાં લક્ષણો વિગતવાર નોંધવાં. દા. ત. ગાય ઋતુમાં આવે ત્યારે તે જોરથી ભાંભરતી હોય, એક જ જગ્યાએ સ્થિર ઊભી ન રહેતી હોય, ચંચળ બનીને બીજી ગાયો પર કૂદતી હોય, તેનું પૂંછડું હલાવતી રહેતી હોય, એનો સ્વભાવ થોડો ઉગ્ર થઈ જતો હોય, વારંવાર મળમૂત્ર કરતી હોય, ખરીઓથી માટી ખોદતી હોય, ખાવાપીવાનું છોડી દેતી હોય તો તે વિગતવાર નોંધવું. સામાન્ય રીતે આવી ગરમી કેટલો વખત રહે? આવી ગરમીમાં કયો સમય ફળવા માટે સવિશેષ યોગ્ય મનાય? કોઈ વાર ફળ્યા પછી પણ ગરમીમાં આવે ખરી? આવી ખોટી ગરમી દૂર કરવાના ઉપચારો વિગતે નોંધવા.

અધ્યયન હેઠળના સમાજમાં અમુક ઋતુમાં ગાય-ભેંસ વિશેષ ફળે એવી માન્યતા ખરી? જો હોય તો તે કઈ ઋતુમાં? ખાસ કરીને ભેંસોમાં જો બિનફળેલી અને ફળી શકે તેવી ભેંસોને સૂર્યની ગરમીથી બચાવાય, તેમને પૂરતો છાંયડો અપાય અને પાણીના છંટકાવની કે આળોટવાની સગવડ કરી આપવામાં આવે તો તેઓ વહેલી પણ ફળે તેવી માન્યતા પ્રચલિત છે? ગાય-ભેંસ સગર્ભા થઈ છે તેનો પહેલવહેલો ખ્યાલ કેવી રીતે આવે? તે વખતે ખોરાકમાં શું વિશેષ આપે કે ન આપે? સગર્ભા ગાય-ભેંસને કોઈક વાર ગોવાળ-માલિકને જો ગાય-ભેંસની ભૂલ જણાય તો મારે નહીં? મારે તો કયાં મારે? સગર્ભા ગાય-ભેંસને મારવાથી પાપ લાગે તેવી માન્યતા ખરી? સગર્ભા ગાય-ભેંસ પર છોકરાં ગમ્મતમાં પણ સવારી ન કરે? કરે તો શું થાય તેવી માન્યતા છે? છોકરાંઓ તોફાનમાં કરે તો કઈ રીતે વારે? સગર્ભાવસ્થામાં તેમ જ પ્રસૂતિ વખતે લેવામાં આવતી કાળજી અંગેની વિગતો વિગતવાર નોંધવી. જો ગાય-ભેંસ દૂધ દેતી હોય તો તેનું દૂધ દોહવાનું પ્રસૂતિ પહેલાં કેટલા સમય પહેલાં બંધ કરવામાં આવે? જો તેમ કરવામાં કે ન કરવામાં આવતું હોય તો તેની પાછળનો અધ્યયન હેઠળના સમાજનો દૃષ્ટિકોણ પણ નોંધવો. પ્રસૂતિ પહેલાં જો દૂધ દેતી બંધ કરવી હોય તો તેને માટે તેને અપાતા ઘાસચારા, દાણ વગેરેમાં ખાસ કોઈ ફેરફાર કરવામાં આવતા હોય તો તે પણ વિગતવાર નોંધવા. દૂધ સૂકવી નખાયા પછી સારું વાછરું જન્મે તેને માટે, તેમ જ તેની



પ્રસૂતિ સરળતાથી થાય તેને માટે પણ જો ખાસ કોઈ કાળજી રખાતી હોય તો તે અંગેની વિગતો વિગતે નોંધવી. તે જ રીતે પ્રસૂતિ પહેલાં, સારા દૂધ માટે પણ ખોરાકમાં ખાસ કોઈ ફેરફાર કરવામાં આવતા હોય તો તે પણ વિગતે નોંધવા. ગાય-ભેંસને સગર્ભાવસ્થાનાં છેલ્લાં છથી આઠ અઠવાડિયાં બીજાં ઢોરોથી જુદાં તારવીને ખાસ દાણ આપવાની પ્રથા છે? જો હોય તો ક્યારે? કેટલા સમય માટે?

વાછરડાં-પાડાં સાથે સંબંધિત કોઈ કહેવત છે? દા. ત. કોઈ સ્ત્રીનું સુવાવડમાં ધ્યાન ન રખાતું હોય તો “કંઈ ગાય-વાછરડું નથી જણતી.” તે રીતે બહુ બાળકો થાય તો વ્યંગમાં ‘સૂવરની જેમ વિયાય છે.’ એમ કહે?

પ્રસૂતિ વખતે ગાય કે ભેંસને સામાન્ય રીતે ક્યાં રાખવામાં આવે? તેને છેલ્લા દિવસોમાં ધણ સાથે પણ જવા દેવામાં આવે ખરી? પ્રસૂતિ વખતે ગાય-ભેંસને એકલી છોડી દેવામાં આવે યા કોઈ તેની બિલકુલ નજીકમાં જ રહે? જો તેને એકલી છોડી દેવામાં આવતી હોય અને થોડા અંતરે જો કોઈ રહેતું હોય તો તે નોંધવું. પ્રસવમાં જો વિલંબ થતો જણાય તો શું પગલાં લેવામાં આવે? ગાય-ભેંસને પ્રસવમાં જો કોઈ મુશ્કેલી પડે તો તેવે વખતે કોણ કઈ રીતે મદદ કરે તે અંગેની વિગતો પણ માહિતીદર્શકો પાસેથી વિગતે મેળવવી. પ્રસૂતિમાં સામાન્ય રીતે કયા કયા પ્રકારની મુશ્કેલી પડે તે પણ વિગતવાર નોંધવું. પ્રસવ પછી જો માતા તરસી થતી હોય તો તેને પૂરતું પાણી આપવામાં આવે છે? જો ઠંડીમાં આવું પાણી તેને ઠંડીથી બચાવવા નવશેકું કરીને આપવામાં આવતું હોય તો તે પણ નોંધવું. જન્મ પછી તરત જ વાછરડાં-પાડાં પરનું આંતરત્વચાનું પાતળું આવરણ – ઓર – નાક અને માથા પરથી, તે શ્વાસ સરળતાથી લઈ શકે તે માટે દૂર કરવામાં આવે છે? વાછરું-પાડું જો શ્વાસોચ્છ્વાસ બરાબર ન લઈ શકતું હોય તો તે સંજોગોમાં કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ કઈ રીતે આપવામાં આવે છે? મોંથી વાછરું-પાડુંના મોંમાં શ્વાસ ભરવામાં આવે છે? વાછરુંને પાછલા ભાગથી પકડીને આંચકો મારવામાં આવે? તેને શ્વાસ લેતું કરવા માટે અન્ય જે કંઈ પદ્ધતિ અપનાવાતી હોય તે વિગતવાર નોંધવી.

મોં અને નાક સાફ કર્યા પછી, તેની મા તેને ચાટીને સૂકવે તે માટે મૂકી દેવામાં આવે છે? જો જંગલમાં જ ગોવાળ યા તેનો માલિક ન હોય ત્યાં તેનો જન્મ થયો હોય તો, મા પોતાની મેળે જ તેની આંતરત્વચા કેવી રીતે દૂર કરે? અને કેવી રીતે ચાટીને તેને સાફ કરે તે વિગતવાર નોંધવું.

વાછરું-પાડુંનો જન્મ થયા પછી ઓર કેવી રીતે દૂર કરવામાં આવે? માતા પોતે એને કોઈ રીતે દૂર કરી શકે ખરી? જો ઓર છૂટી ન પડતી હોય તો એને શેનાથી કાપવામાં આવે? કાપ્યા પછી તેના પર કોઈ ઔષધિ લગાડવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવું. આવી ઔષધિ લગાડવાનો પરંપરાગત આશય પણ વિગતે નોંધવો. ઓરને દાટવામાં આવે? જો ઓર માતા ગાય-ભેંસ ખાઈ જાય તો શું થાય તે અંગેની માન્યતાઓ વિગતે નોંધવી. નવજાત વાછરું-પાડુંને તેમ જ તેની માને બેસવા માટે જો કોઈ વિશિષ્ટ સગવડ કરવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવું. નવજાત વાછરું-પાડું અને તેની માતાને લાગુ પડવાની શકયતાવાળા રોગો અને તે અંગે લેવાતા પરંપરાગત તેમ જ અદ્યતન ઉપાયો અંગે વિગતવાર માહિતી એકત્રિત કરવી.

શરૂઆતમાં વાછરું-પાડુંને ખીરું પાય? ન પાય તો શા માટે? બીજા કોનું દૂધ આપે? કેવી રીતે આપે? ખીરાનું શું તૈયાર કરે? કોને કોને ત્યાં તે વહેંચે? ક્યાં સગાંને ત્યાં તે મોકલવામાં આવે? ન મોકલાય તો કોઈ કંઈ સંભળાવે? એ દિવસોમાં ગાય-ભેંસને કોઈ વિશિષ્ટ ખોરાક આપવામાં આવે છે? કેટલો સમય? શો? નવજાત વાછરું-પાડુંને શરૂઆતમાં ધાવતાં કેવી રીતે શીખવાય? ધાવણ ક્યાં સુધી દેવાય? જો શરૂઆતથી જ ધાવણ કોઈ છોડાવતું હોય તો તેનો આશય, તેની અવેજીમાં પોષણ માટે કરવામાં આવતી વ્યવસ્થા તેમ જ સંબંધિત અન્ય વિગતો વિગતવાર નોંધવી.

શરૂઆતમાં વાછરું-પાડુંને ક્યાં રાખવામાં આવે છે? અન્ય વાછરું-પાડું સાથે કે અલગ? તેના આશયો? અન્ય વાછરું-પાડું સાથે એને ક્યારે રાખવામાં આવે? જો અન્ય વાછરું-પાડું સાથે ભેગાં રાખવામાં આવતાં હોય અને દૂંટી ચૂસવાની ટેવ જો તેઓમાં પડતી હોય તો તેની શી અસરો પડે એવી પરંપરાગત માન્યતા છે? આવી ટેવ અટકાવવા યા ઓછી કરવા માટે જો ખાસ પગલાં લેવાતાં હોય તો તે વિગતવાર નોંધવું. નાનાં વાછરું-પાડુંનાં શીંગડાં કાપવાની પ્રથા અધ્યયન હેઠળના સમાજમાં જોવા મળે છે ખરી? જો જોવા મળતી હોય તો તેમ શા માટે, કઈ વયે, કયા સાધનથી, કોણ, કઈ રીતે કરે છે તે સવિસ્તર નોંધવું. જો સામાન્ય સંજોગોમાં આવી પ્રથા ન જોવા મળતી હોય પણ કેટલાંક ખાસ દર્દોમાં શીંગડાં કાપવામાં આવતાં હોય તો તે દર્દની વિગતો સહિત ઉપરની વિગતો (શીંગડાં કોણ, ક્યાં સાધનથી, કઈ રીતે, કયા હેતુઓને લક્ષમાં રાખીને કાપે છે તે) નોંધવી. ઢોરનાં શીંગડાંના કોઈ પરંપરાગત ઉપયોગથી અધ્યયન હેઠળનો સમાજ પરિચિત હોય તો તે વિગતવાર નોંધવું. શીંગડાંમાંથી કાંસકા, ચપ્પુનાં હૅન્ડલ, બટન, કેટલાંક વાદ્યોના ભાગ વગેરે બનાવવામાં આવે છે તેમાંથી કોઈ વસ્તુની જો માહિતીદર્શકોને જાણકારી હોય તો તે પણ વિગતે નોંધવું.

પ્રથમ વેતર વખતે દૂધ દોહવામાં ખાસ કોઈ વિશિષ્ટ સંભાળ રાખવામાં આવે છે ખરી? પહેલા વેતરમાં વાછરું-પાડું જન્મે તે પહેલાં થોડા દિવસથી માતા થનાર ગાય-ભેંસની પીઠ પંપાળવાનું અને ધીરે ધીરે તેના આંચળ પર હાથ મૂકવાનું પણ તેને ભવિષ્યમાં દોહનાર કરે છે? પ્રથમ વેતરમાં ગાય-ભેંસ આવ્યા પછી દૂધ દોહતી વખતે તેની સાથે કઈ રીતે વર્તવામાં આવે છે? તે જો ઊભી ન રહે તો તેને મારવામાં આવે છે? પંપાળવામાં આવે છે? એના પાછલા પગ બાંધી દેવામાં આવે છે? જો બાંધવામાં આવતા હોય તો તે કઈ રીતે શેનાથી વગેરે વિગતે નોંધવું. જો ગાય-ભેંસની સાથે નમ્રતાથી વર્તવામાં ન આવે તો તે દૂધ સંતાડી દઈ શકે એવી માન્યતા અધ્યયન હેઠળના સમાજમાં છે ખરી? જો ગાય-ભેંસના આંચળ બહુ ટૂંકા હોય તો તે કઈ રીતે લાંબા કરવામાં આવે? તેને ખેંચીને લાંબા કરવામાં આવે છે? તેને દોરી બાંધવામાં આવે છે? ક્યારે? કેટલા સમય માટે? પહેલા વેતર પહેલાં કેટલા સમય માટે તે બાંધવામાં આવે છે? ગાય-ભેંસના પ્રસવ પહેલાં તે બંધ કરવામાં આવે કે ચાલુ જ રાખવામાં આવે? જો બંધ કરવામાં આવે તો પ્રસવ પહેલાં કેટલા સમયથી? શા માટે? વાછરું-પાડું ગાય-ભેંસના પાછલા પગની વચ્ચેથી ધાવે કે બાજુમાંથી? જો બાજુમાંથી ધાવતું હોય તો ગમે તે એક બાજુથી ધાવે? જો અમુક સમય પછી નિયમિત રીતે પાછળથી ધાવતું હોય તો તે વિગતે નોંધવું. ધાવવાની આ પદ્ધતિની ભેંસના પાછલા આંચળ પર અસર થાય ખરી?



નવું વાછરું-પાડું પહેલાં પોતાના પગ ઉપર ઊભા રહેવાનો પ્રયાસ કરતું હોય તો તે તેમ જ ત્યાર બાદ ગાય-ભેંસ પોતાની મેળે પણ માથાથી હળવેથી ધકેલીને આંચળ તેના મોંમાં મુકાવતી હોય તો તે વિગતે નોંધવું. જો જંગલમાં ઢોર ચરતાં પ્રસવ થયો હોય તો ઢોર આજુબાજુ ચરતાં હોય છતાં મા તેના બચ્ચાની પાસે જ રહે? જ્યારે બચ્ચું સહેજ ચાલતું થાય એટલે ધણ જે દિશામાં ચરતું જતું હોય તે દિશામાં મા બચ્ચાની સાથે ધીરે ધીરે જવા માંડે? એ દરમિયાન મા ચરતી જાય? બચ્ચું થોડી થોડી વાર પડતું-આખડતું બેસતું જાય? જો મા થોડી વાર ચરતાં દૂર નીકળી જાય તો તે ભાંભરે? જો બચ્ચું ભાંભરે તો મા તેની પાસે જાય? જો ટોળામાં હોય તો બીજી ગાયો-ભેંસો પણ બચ્ચાની સંભાળ લે ખરી? જો અન્ય પુખ્ત વયની માતા ગાયો-ભેંસો યા સાંઢ યા વણવિયાયેલી ગાય-ભેંસ જો નાનાં વાછરું-પાડુંની ચરતાં ચરતાં સંભાળ લેતાં હોવાનું અધ્યયન હેઠળના સમાજનું જો નિરીક્ષણ હોય તો તે વિગતવાર નોંધવું.

મા તેના બચ્ચાનો અવાજ અને બચ્ચું તેની માનો અવાજ પરસ્પર ઓળખતાં કેટલા સમયે થાય? ઓળખવા માટે આ ઉપરાંત જો પરસ્પર સૂંઘતાં હોય તો તે પણ નોંધવું.

શરૂઆતના બે-પાંચ દિવસ વાછરું-પાડુંને પકડીને મોઢામાં આંચળ મૂકવા પડે? શરૂઆતમાં બચ્ચું પડી જતું હોય છે? મોટે ભાગે આ કામ કોણ કરે? સવારે ગાય-ભેંસ ધણમાં જાય તે પહેલાં બચ્ચાને ધવડાવી લે? જો એકબે મહિના વાછરું-પાડું કંઈ ખાતું ન હોય તો તે વખતે પેટ ભરીને ધાવવા દે? એ પછી વધે તેટલું દોહી લે? તે રીતે સાંજે ધણમાંથી ચરીને આવે પછી ધવડાવીને દોહી લે? વાછરું-પાડું થોડું મોટું થાય એટલે તેને ઘાસ આપવા માંડે? પછી ધાવણ ઘટાડે? થોડી વાર ધવડાવીને ખસેડી લે અને પછી દોહી લે? તે વખતે પણ બધું ન દોહી લે, થોડું રહેવા દે ને ફરી વાછરું-પાડુંને છોડે ને ધાવવા દે? પહેલાં એટલે ધવડાવે કે ત્યાં સુધી ગાય-ભેંસ દૂધ ન ઉતારે? જો દૂધ વધારે ન ધાવી જાય તે માટે વચ્ચેથી છોડાવી લેતા હોય તો તે નોંધવું. એમ શા માટે કરવામાં આવે છે? દૂધ વધુ હોય અને તે પી જાય તો બચ્ચાને ઝાડા ન થઈ જાય તે માટે? કે પછી ઘરના માટે કે વેચવા માટે દૂધ જ ન રહે તે માટે? પાછળથી જેટલું દૂધ જરૂરી હોય તેટલું રાખીને પછી ધવડાવે? ગાય-ભેંસ દૂધ આપતી હોય ત્યાં સુધી વાછરું-પાડું થોડી વાર તો ધવડાવવું જ પડે? નહીં તો ગાય-ભેંસ દૂધ ન ઉતારે? ગાય-ભેંસ દૂધ આપતી હોય ત્યાં સુધી વાછરું-પાડું ઘરે બાંધી જ રાખે? શા કારણે? કોઈના ખેતરમાં જઈને ખાઈ ન જાય તે માટે? વાછરું-પાડુંને તે વખતે પાણી, ઘાસ બધું આપે? મોટે ભાગે બપોરે આપે? અને ૩-૪ વાગ્યે ફરી પાછું આપે? ઘાસ ખાય તેટલું આપવું પડે?

વાછરું-પાડુંનો અમુક ખાસ પ્રકારની કાળજી લેવાથી ઝડપી ઉછેર થઈ શકે તેવી માન્યતા અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત છે ખરી? જો હોય તો ખાસ કયા કયા પ્રકારની સાર-સંભાળ લેવાય? તેના પર ખાણદાણની અને ભેંસો હોય તો તેના પર પાણી નાખવા વગેરેની જો ખાસ સંભાળ લેવામાં આવતી હોય તો તે વિગતે નોંધવી.

પશુના – ખાસ કરીને ભેંસના – વાળ ક્યારે ઉતારવામાં – કાતરવામાં આવે? શા માટે? ગીંગોડું, બગાઈ, જૂ, જિગોડી વગેરેથી દૂર રાખવા માટે લેવાતાં પગલાં વિગતવાર નોંધવાં.

ઢોરની સફાઈ માટે ખાસ કંઈ કાળજી લેવામાં આવે છે ખરી? ઢોરની આંખો, નાક, ચહેરો વગેરે સાફ કરવામાં આવે છે ખરાં? જો કરવામાં આવતાં હોય તો ક્યારે, કઈ રીતે,

કોણ, શેનાથી કરે છે તે વિગતે નોંધવું. તેમાં પણ ખાસ કરીને ખૂણાવાળા ભાગો, સાથળ, આંચળ, ખરી વગેરે બરાબર સાફ કરવામાં આવે છે ખરાં?

દરેક પ્રાણીની આવી સફાઈ, તેનો ખોરાક, પાણી, કસરત વગેરેનો એક નિયત દૈનિક કાર્યક્રમ જો બનાવાયો હોય અને તેને અનુસરાતું હોય તો તે વિગતે નોંધવું.

ગાય-ભેંસને પાણી, ધૂળ, કાદવ વગેરેમાં આળોટવાની ટેવ ખરી? જો હોય તો સામાન્ય રીતે કેટલો વખત આળોટે? સામાન્ય રીતે કયા સમયે? જો તે રીતે આળોટવા દેવામાં આવે તો તેને વધારે સારું લાગે? તેના સારી રીતના અને ઝડપી ઉછેરમાં આ પ્રકારની સ્વતંત્રતાનો કોઈ ફાળો ખરો? આ અંગેના વિવિધ માહિતીદર્શકોના અભિપ્રાય મેળવવા.

ભેંસોને આળોટવા મળે છે ખરું? કેટલાના જૂથમાં આળોટે? સામાન્ય રીતે કયા મહિનાઓમાં? જો એમને સ્વચ્છ પાણી ન મળે તો ગંદા પાણીમાં પણ આળોટે? સૂર્યની ગરમીથી બચવા માટે અથવા ઉગ્ર ઠંડીથી બચવા માટેની વ્યવસ્થા નોંધવી. સૂર્યની ગરમીથી ભેંસને બચાવાય તો તે જલદી ફળે એવું ખરું? માખીથી બચવા માટે લેવામાં આવતા ઉપાયો વિગતે નોંધવા.

તે જ રીતે તેને પાણીથી નવડાવવામાં આવે? કેવી રીતે ક્યારે કોણ નવડાવે તે અંગેની વિગતો પણ મેળવવી.

અધ્યયન હેઠળના સમાજમાં પળાતાં ગાય-ભેંસમાંથી કોઈને વધારાના આંચળ હોય છે ખરા? જો હોય તો સામાન્ય રીતે કઈ જગ્યાએ હોય છે? આવા આંચળ અંગે શી માન્યતાઓ છે? આવા આંચળ નાબૂદ કરવા જરૂરી મનાય છે ખરા? જો મનાતા હોય તો કઈ રીતે નાબૂદ કરવામાં આવે છે તે વિગતવાર નોંધવું.

ગાય-ભેંસને 'ખોરાક-પાણી' શું, કેટલું, ક્યારે આપે? તેને શું ભાવે? તેનું દૂધ શેનાથી વધારે આવે? ગાય-ભેંસને રાત્રે નીરણ આપે? શું આપે? કડબ આપે? બાજરીના સાંઠા આપે? ખાણ આપે? ખાણમાં શું આપે? ગુવાર? કપાસિયા? મકાઈના ડોડા છૂંદીને? કોદરી? એ સિવાય બીજું શું ખાય? શેનાથી દૂધ વધારે આપે? ઘી વધારે આપે? ગાય-ભેંસનાં ઘી, દૂધ, માખણ, છાશ વગેરેના ગુણો અંગેના પ્રણાલીગત સમાજના ખ્યાલો નોંધવા. આવા ખ્યાલો દૂધ, ઘી વગેરેની ઘનતા, ઉજળાશ, મીઠાશ યા બુદ્ધિમત્તાવર્ધકતા કે શક્તિવર્ધકતા વગેરેના સંદર્ભમાં હોઈ શકે. આવા ખ્યાલોના આધાર પણ વિગતવાર નોંધવા.

ઢોરોની ચરવાની પદ્ધતિ નોંધવી. દા. ત. ગાય, ભેંસ છૂટી છૂટી ચરે? ઘેટાં ભેગાં ચરે? બકરાં સહેજ છૂટાં ચરે? બકરીને પાલો વધુ ભાવે? કુમળાં પાન વધુ ખાય? ગાય-ઘેટાં કેમ ચરે? ટોળું સંયુક્ત હોય તો બધાં સાથે ચરે કે સૌનાં જૂથ થઈ જાય? પાસે ચરતાં હોય ત્યારે અંદર અંદર લડે ખરાં? ગાય, ભેંસ, વગેરે બકરાં, ઘેટાં જેવાં નાનાં પ્રાણીને દબાવે? કોઈ વાર લીલોતરી કે અન્ય ચારો હોય તો બધાં ત્યાં જઈ ઝઘડે? જો ઘાસ નાખે તો ગાય, ભેંસ, બકરાં-બધાંને જુદું જુદું નાખે કે ભેગું? ઢોર બીજાને કઈ રીતે હડસેલે? શીંગડાં મારીને? લાત મારીને? ફૂંફાડા મારીને? પૂંછડાથી? દરેક પ્રાણીને ભાવતાં ન ભાવતાં ઘાસ, પાંદડાં, ફળ, ફૂલ, અનાજ, કઠોળ, તેલીબિયાં, નોંધવાં. મીણી જાર, એરંડો, વગેરે ખાવાથી ઢોરને મીણો ચડે? તેથી ખેડૂતો તેની વાડ કરે છે? એમાંથી ઝઘડા થાય છે? મીણો ચડે ત્યારે શું કરે?



ધણ જાય ત્યારે ને ધણ આવે ત્યારે પાણી પાય? ઉનાળામાં કોસ જોડીને કે ખેંચીને પણ બપોરે પાવું પડે? ઢોરને આ રીતે પાણી પાવાની પ્રક્રિયાનું કોઈ ખાસ નામ હોય તો તે નોંધવું. ઢોરને આ રીતે પાણી પાવાની પ્રક્રિયા, તેમાં કયા કયા સભ્યો ભાગ લે, કેવી રીતે પવાય, પ્રથમ કોને પવાય, પાણી કાઢવાનાં અને પાવાનાં સાધનો વગેરેને લક્ષમાં રાખીને વિગતવાર નોંધવું. ગાય-ભેંસ તોફાનમાં શું કરે? પૂરમાં શું કરે? ચિત્તા, વાઘ, સિંહ જેવાં જંગલી હિંસક પશુ આવે તો ગાય-ભેંસ સામાં થાય? એવા દાખલા છે?

ગાય-ભેંસના શણગાર શું? દિવાળી જેવા કોઈ તહેવાર વખતે તેનાં શીંગ રંગે? લાલ માટીને ખાંડી પાણીમાં બોળી તે પાણીથી રંગે? બળદના શીંગને તેલ લગાવે? ઝૂલ મૂકે? શેની? કપડાંની? ઘંટડી કે પટ્ટો પણ હોય? ગાય-ભેંસોમાં કેટલીક કુટેવો, જેવી કે દૂધ આપતી વખતે લાતો મારવી, પોતાનું યા અન્ય પશુનું દૂધ ધાવી જવું, ચાટવું, ડૂંટી ચાટવી, દોરડું ચાવી ખાવું વગેરે જો કોઈ પશુમાં જોવા મળતી હોય તો તેને દૂર કરવા માટેના ઉપાયો વગેરે વિગતવાર નોંધવા. દા. ત. જો દૂધ આપતી વખતે ગાય-ભેંસ લાતો મારતી હોય તો પાછલા પગે અંગ્રેજી આઠ(8)ના જેવું અથવા અન્ય કોઈ રીતનું લોજણ બાંધવામાં આવે છે? જો કોઈક વાર કોઈ ઘાને લીધે કે અન્ય કોઈ રીતે આંચળ આળા થઈ ગયા હોય ને તેને લીધે ગાય-ભેંસ દોહવા ન દેતી હોય તો શા ઉપાયો અમલમાં લેવાય છે? કોઈક વાર અપરિચિત વાતાવરણ, અપરિચિત ઘોંઘાટ, અજાણ કૂતરાં–બિલાડાંની હાજરી, વગેરેને કારણે પણ ગાય-ભેંસ દૂધ ન આપે? તેવે વખતે ઢોરને મારવામાં આવે છે ખરું? કે પછી તેને પંપાળીને હળવાશથી તેની સાથે વર્તવામાં આવે છે તે વિગતે નોંધવું. તે જ રીતે જો પોતાના યા અન્યના આંચળ ધાવી જવાની ટેવ હોય તો તેને કઈ રીતે અટકાવાય છે? આવી રીતે ન ધાવી જાય તે માટે અપનાવાતી વિવિધ પ્રયુક્તિઓ વિગતે નોંધવી. જો પોતાના વાછરું-પાડું ઉપરાંત અન્ય પ્રાણીઓને ચાટવાની પશુને ટેવ પડે તો તેનાથી વાળ પેટમાં જતાં પાચનની તકલીફ ઊભી થાય છે અને કેટલીક વાર આવા વાળના ગુચ્છાઓનો દડો પેટમાં થાય છે એવી કોઈ જાણકારી અધ્યયન હેઠળના સમાજમાં હોય તો તે વિગતે નોંધવી. આવું કોઈ કામણ-કૂટણના લીધે થતું હોવાની જો માન્યતા હોય તો તે પણ વિગતે નોંધવું. આ રીતે ચાટવાનું અટકાવવા માટે શા ઉપાય લેવાય છે? જો જીભ પર મીઠું ભભરાવાય તો તે અટકે? કેટલા દિવસ ભભરાવવામાં આવે? વિગતે નોંધવું. તે જ રીતે ડૂંટી ચૂસવાની જો ટેવ પડી હોય તો તે કેવી રીતે અટકાવાય છે તે વિગતે નોંધવું. જો દોરડાં ચાવી ખાવાની કોઈ પશુની ટેવ હોય તો તે ટેવ કઈ રીતે દૂર કરવામાં આવે છે તે પણ વિગતવાર નોંધવું.

ગાય-ભેંસના શરીરની સંરચના અંગેના, તેનાં દર્દો અંગેના, અને તેના ઉપચાર અંગેના માહિતીદર્શકોના ખ્યાલો ખૂબ વિગતવાર નોંધવા. આવાં દર્દોમાં સરકારી પશુ-દવાખાનાનો પણ કોઈ વાર આશ્રય લેવામાં આવે છે ખરો? જો આવતો હોય તો તે મુખ્યત્વે કયાં કયાં દર્દોમાં? તે વિગતવાર નોંધવું. ગાય-ભેંસનાં આવાં દર્દોમાં અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ જો કોઈક ખાસ વિભિન્નતાઓ હોય તો તે પણ ઉપચાર સહિત નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં વાછરડાના ઉછેર તરફ જો અન્ય પ્રાણીઓ કરતાં સવિશેષ ધ્યાન અપાતું હોય તો તે કઈ કઈ રીતે અપાય છે અને શા માટે તે વિગતવાર નોંધવું. આવા વાછરડાને અપાતા ઘાસમાં, દાણાપાણીમાં, તેની સાચવણીમાં એટલે કે તેને બાંધવા માટે

વપરાતી જગ્યાની પસંદગીમાં, તેના તરફ દર્શાવાતા વહાલમાં યા તેના શરીરે ફેરવાતા હાથમાં યા તેણે કરેલા કોઈક ગુનાના બદલામાં અન્ય પ્રાણીઓની તુલનામાં, તેની સાથે રખાતા વર્તાવમાં, માંદગી પ્રસંગે તેની રખાતી કાળજીમાં યા આવી અનેકવિધ બાબતોમાંના તુલનાત્મક વ્યવહાર પરથી આવી તારવણી કરી શકાય.

વાછરું-પાડુંને સામાન્ય રીતે ક્યાં સુધી ખૂટે બંધાય? ક્યાં સુધી તે માત્ર દૂધ પર જ રહે? ખૂટે બંધાય ત્યારે દિવસના ભાગમાં તેને કંઈ નીરણ આપવામાં આવતું હોય તો તે અંગેની વિગતો નોંધવી. વાછરડી-વાછરડા, પાડા-પાડી અંગેની અધ્યયન હેઠળના સમાજમાં ખાસ કોઈ ઉક્તિઓ હોય તો તે નોંધવી. તેનાં દર્દો અને તે અંગેની સારવાર વગેરેનો પણ વિગતવાર ખ્યાલ મેળવવો. વાછરડી-વાછરડા, પાડા-પાડીના દાંત ફૂટવાની શરૂઆત ક્યારથી થાય? અમુક દાંત ફૂટે તે વખતે પરંપરાગત રીતે ખાસ કોઈ કાળજી લેવાતી હોય તો તે અંગેની વિગતો નોંધવી. આ પ્રક્રિયામાં સરળતા માટે પણ કોઈ ખાસ ઉપાયો હોય તો તે પણ નોંધવા.

વાછરડી, વાછરડા, આખલા, બળદની ઉંમર નક્કી કરવાની પરંપરાગત પદ્ધતિ અને તેમાં દાંતની ગણતરીનો કોઈ હિસ્સો હોય તો તે પણ નોંધવું. જો હોય તો તેની પૂરેપૂરી વિગતો નોંધવી. આ ઉપરાંત પણ ઉંમર ગણતરીમાં ખ્યાલમાં રખાતી અન્ય સર્વ બાબતોને વિગતવાર નોંધવી.

## બળદ-પાડા-સાંઢઉછેર

વાછરડાને ભવિષ્યમાં તેણે ભજવવાની ભૂમિકાની તાલીમ આપવાનો પ્રારંભ ક્યારથી થાય? વાછરડામાંથી બળદ ક્યારે બન્યો ગણાય? વાછરડા-બળદ વચ્ચેની અવસ્થા માટે વિવિધ પરંપરાગત શબ્દો પણ નોંધવા.

અધ્યયન હેઠળનો સમાજ પોતે કૃષિકાર સમાજ ન હોય અને તે માત્ર પશુપાલક જ હોય તો તે સંજોગોમાં તે બળદ તરીકેની તેની ભવિષ્યની ભૂમિકાના સંદર્ભમાંની તાલીમ આપે ખરો કે પછી તે ભવિષ્યના તેના માલિક પર જ છોડી દેવામાં આવે?

જો અધ્યયન હેઠળનો સમાજ પોતે માત્ર પશુપાલક સમાજ હોય તો તે સંજોગોમાં સામાન્ય રીતે કઈ વયે પશુને વેચી દેવાનું વધુ પસંદ કરે? તેમ કરવા માટેનાં કારણોની પણ વિગતે નોંધ કરવી.

અધ્યયન હેઠળના સમાજનો વેચાણ તરફનો અભિગમ નોંધવો. વેચાણની તિથિ, વાર વગેરેની સાથે સંબંધિત વિગતો તેમ જ કુટુંબમાં અમુક વ્યક્તિને આવું વેચાણ યા ખરીદી, ફળે યા ન ફળે એવી કોઈ માન્યતા હોય તો તે અંગેની વિગતો નોંધવી.

સારા-નરસા યા વિવિધ કોટિના બળદ અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો નોંધવા. આવા વિવિધ પ્રકારના બળદો અંગેના અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ વિવિધ શબ્દો હોય તો તે પણ તેના પરંપરાગત અર્થ સહિત નોંધવા. બળદોનું વેચાણ સામાન્ય રીતે ક્યાં ક્યારે થાય? સામાન્ય રીતે વેચાણમાં લેનાર-આપનાર પક્ષો કોણ હોય? વેચાણ વખતે ક્યા પ્રકારની કાળજી રખાય? વેચાણ વખતે બળદ તાજો લાગે તેને માટે અજમાવાતા ઉપાયો પણ વિગતે નોંધવા. દા. ત. વેચાણ પહેલાં બરાબર પાણી પાઈ દેવાય તેથી શરીરે થોડો ભારે લાગે વગેરે.

બળદને હળે, સમારે, કોશે, ગાડે જોડવાની પદ્ધતિ અને તેની પૂર્વ તાલીમ અંગેની વિગતો નોંધવી. આ પ્રક્રિયામાં બળદોને ડાબા યા જમણા, આગળ યા પાછળ જવા માટેના,



ધીમા રહેવા કે ઝડપથી ચાલવા માટેના, સાચવીને ચાલવા માટેના, વિશેષ જોર કરવા માટેના યા જોર કરવાનું મૂકી દેવા માટેના વગેરે કોઈ ખાસ શબ્દો હોય તો તે નોંધવા. આ બધી પ્રક્રિયામાં પણ અમુક નિયત ક્રમ હોય તો તે પણ નોંધવો. દા. ત. પહેલાં બળદને હળે હાંકતો કરાય, ત્યાર બાદ સમારે અને ત્યાર બાદ કોશે યા રાંપે એવો જો કોઈ ક્રમ હોય તો તે પણ તે અંગેનાં અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકો દ્વારા અપાતાં કારણો સહિત વિગતે નોંધવો. આ વિવિધ પ્રક્રિયાઓમાંથી ક્યામાં બળદોને પ્રમાણમાં વિશેષ શ્રમ પડે અને ક્યામાં પ્રમાણમાં ઓછો તે અંગેનાં માહિતીદર્શકોનાં મંતવ્યો મેળવવાં. ક્યાં કામોમાં બળદ જલદી નીકળી જાય તે પણ નોંધવું. બળદનું વિવિધ ઋતુવાર કામનું કૅલેન્ડર પણ વિગતે નોંધવું. તે જ રીતે સામાન્ય દૈનિક કૅલેન્ડર પણ નોંધવું. સામાન્ય સંજોગોમાં બળદને દૈનિક કાર્યમાં વિરામ ક્યારે ક્યારે અપાય અને કઈ રીતે તે પણ નોંધવું. ખેતીની ઋતુ દરમિયાન યા તેના પહેલાં બળદ તરફ સવિશેષ ધ્યાન અપાતું હોય યા તેને ખાસ દાણા-પાણી કરવામાં આવતાં હોય તો તે અંગે વિગતવાર નોંધ કરવી. બળદની શક્તિની સાચવણી માટે અને સંવર્ધન માટે લેવામાં આવતા ખાસ ઉપાયો વિગતે નોંધવા.

બળદના ખેતીમાંના ઉપયોગ અંગે અધ્યયન હેઠળના સમાજમાં જો પરંપરાગત દંતકથાઓ હોય તો તે પણ વિગતવાર નોંધવી. પૂર્વજન્મના કોઈ ઋણાનુબંધ સાથે તેને સાંકળવામાં આવતો હોય તો તે પણ નોંધવું. બળદનો ખેતી ઉપરાંત અન્ય કોઈ સ્વરૂપે જો અધ્યયન હેઠળના સમાજમાં ઉપયોગ થતો હોય (દા.ત. બળદ-લારીમાં, પોઠ-માલવાહક તરીકે, ધોબીના બળદ યા માલવાહક તરીકે કે અન્ય કોઈ રીતે) તો તે અંગેની વિગતો પણ નોંધવી. બળદના ખેતી સિવાયના અન્ય ઉપયોગ અંગે આવી કોઈ જાણકારી તેમને છે કે કેમ તેનો પણ ખ્યાલ મેળવવો. જો અન્ય કોઈ રીતે ઉપયોગ ન થતો હોય તો બળદના આવા ઉપયોગ તરફનું અને આવો ઉપયોગ કરનાર વ્યક્તિ કે સમાજ તરફનું અધ્યયન હેઠળના સમાજના માહિતી-દર્શકોનું વલણ યા દૃષ્ટિકોણ જાણવાનો પ્રયાસ કરવો.

બળદની જોડની પસંદગીમાં સામાન્ય રીતે રાખવામાં આવતા ખ્યાલો નોંધવા. જો જોડ અસમાન હોય તો તેવા સંજોગોમાં સમાનતા માટે યા નાના બળદ પર સવિશેષ બોજ ન પડે તે માટે અજમાવવામાં આવતા ઉપાયો વિગતવાર નોંધવા. બળદોમાં પણ ડાબેરી યા જમણેરી જેવું હોય? જો ડાબેરી યા જમણેરી બળદ કરતાં બંને બાજુ ચાલતા બળદને વધારે પસંદગી અપાતી હોય તો તે નોંધવું. જો જમણેરી બળદ હોય તો ડાબેરીની જ શોધ થતી હોય તો તે પણ નોંધવું. જો જમણેરી બળદ હોય તો ડાબેરી યા તેથી ઊલટા સંજોગોમાં જરૂરિયાત અનુસાર નવા બળદને પલોટવામાં આવતો હોય તો તે વિગતવાર નોંધવું.

ખેડૂત પાસે વધારાના બળદની સગવડ હોય તો તેવા સંજોગોમાં વિવિધ પ્રક્રિયાઓ માટે સામાન્ય રીતે એક જ જોડ રાખવામાં આવે કે આવી જોડ બદલાય? જો આવી જોડ બદલવામાં આવતી હોય તો તેનાં કારણો પણ નોંધવાં. કઈ પ્રક્રિયાઓમાં એક કરતાં વિશેષ જોડનો ઉપયોગ કરવામાં આવે છે? ક્યાં કારણોસર? આવે વખતે સામાન્ય રીતે અન્ય પ્રક્રિયાઓમાં જે જોડ હોય છે તેને જ અકબંધ રાખવામાં આવે છે કે તોડવામાં આવે છે? શા માટે? તે પણ વિગતવાર નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં બળદનું સ્થાન નોંધવું. અન્ય કોઈ પ્રાણીનો ખેતીમાં હળ–સમાર–રાંપ–કોશ–વાહક તરીકે ઉપયોગ થતો હોય તો તેના સંદર્ભમાં પણ ઉપરોક્ત સર્વ વિગતો વિગતવાર નોંધવી. પાડાનો પણ ખેતીમાં ઉપયોગ થાય છે તેનાથી અધ્યયન હેઠળનો સમાજ પરિચિત ખરો? પાડાના ઉપયોગ તરફનું અધ્યયન હેઠળના સમાજનું વલણ નોંધવું. બળદ અને પાડા એ બંનેમાંથી કોને ખેતી માટે સવિશેષ પસંદ કરવામાં આવે? શા માટે? માત્ર બળદની જોડને વધારે પસંદગી અપાય કે માત્ર પાડાની? આ બંનેમાંથી એક પ્રકારની જોડને પ્રથમ પસંદગી અપાય કે મિશ્ર જોડને? તેમની પસંદગી માટેનાં કારણો નોંધવાં. ખેતીની પ્રક્રિયાવાર આવી પસંદગી બદલાતી હોય તો તે પણ પ્રક્રિયાવાર કારણો સહિત નોંધવી.

બળદનો આહારમાં પણ કોઈ સ્થળે ઉપયોગ થાય છે એનો અધ્યયન હેઠળના સમાજ-ના માહિતીદર્શકોને જો કોઈ ખ્યાલ હોય તો તે નોંધવું. આવા ઉપયોગ તરફ અને તે ઉપયોગ કરનાર સમાજ તરફનું વલણ વિગતે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં પણ કોઈ કાળે જો આ ઉપયોગ પ્રચલિત હોય તો તે અંગેની વિગતો પણ ખૂબ જ વિગતવાર નોંધવી. જો અત્યારે પણ તે ઉપયોગ અમુક ખાસ સંજોગોમાં સહજ રીતે ચાલુ હોય તો તે પણ નોંધવું. તેનાં માંસ અને તેમાંથી બનાવાતી વિવિધ વાનગીઓ અંગે પણ વિગતે નોંધ કરવી. જો આવો ઉપયોગ અમુક પેઢીઓ પહેલાં સદંતર બંધ થઈ ગયો હોય યા અધ્યયન હેઠળનો સમાજ આવા ઉપયોગને જો વર્તમાન તબક્કે ભારપૂર્વક નકારતો હોય તો તે પણ નોંધવું. આવો નકાર વાસ્તવિક હકીકત છે કે કેમ તે પણ આ હકીકતની અનેક રીતે પુનર્ચકાસણી કરીને તારવણી કરી શકાય. આવી પ્રક્રિયા પાછળનાં કારણોની પણ વિગતે તારવણી કરવી.

મોરી, નાથ, પરોણો વગેરે અંગે વિગતે નોંધવું. બળદને સામાન્ય રીતે નાથ પહે-રાવવામાં આવે છે? કે અમુક તોફાની યા બરાબર ન ચાલતા યા આડોડાઈ કરતા બળદને જ જો પહેરાવવામાં આવતી હોય તો તે નોંધવું. આવી નાથ જો અમુક જ પ્રક્રિયામાં – દા. ત. રાંપ યા ગાડા વખતે જ – પહેરાવવામાં આવતી હોય તો તેની પણ નોંધ કરવી. નાથ સામાન્ય રીતે શેમાંથી તૈયાર કરવામાં આવે છે? અને જરૂર પડયે ખેંચવા માટે તેનો કઈ રીતે ઉપયોગ કરવામાં આવે છે તે પણ નોંધવું. જો નાથ નાખેલી રાખવામાં આવતી હોય અને જ્યારે જરૂર જણાય ત્યારે તેની સાથે ખેંચવાની રસ્સી બાંધવામાં આવતી હોય તો તે પણ નોંધવું. જો બળદની નાથનો ઉપયોગ ન કરવામાં આવતો હોય પણ પાડાની નાથનો કરવામાં આવતો હોય તો તેની પણ નોંધ કરવી. જો પાડાની નાથનો પણ અમુક જ પ્રસંગે ઉપયોગ થતો હોય તો તે નોંધવું. નાથને હળવી યા કડક બનાવવા માટેની જો ખાસ કોઈ પ્રક્રિયા હોય તો તેની પણ નોંધ કરવી. નાથથી થતી ઈજા હળવી કરવા માટે યા રૂઝાવવા માટેની પદ્ધતિ પણ નોંધવી. બળદ યા પાડાને પલોટતી વખતે જો નાથનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોય તો તેની વિગતે નોંધ કરવી. આગળ જવાની, ઝડપથી ચાલવાની યા ડાબા કે જમણા જવા કે ઊભા રહેવા કે ઝડપથી ચાલવા માટે જો નાથને ખેંચવાની કે હળવી કરવાની ક્રિયા યા અન્ય જે કંઈ કરવામાં આવતું હોય તે વિગતે નોંધવું. તેવે વખતે થતા ઈશારા યા ઉચ્ચારણો વગેરે પણ વિગતે નોંધવાં. બળદને જો મોરી પહેરાવવામાં આવતી હોય તો તેનો આકાર, કઈ વસ્તુમાંથી કેવી રીતે બનાવવામાં આવે છે તે વિગતે નોંધવું. આવી મોરીની સાથે જ જો તેના સંચાલન માટેની રસ્સી બંધાતી હોય તો તે નોંધવું. જો એમ ન થતું હોય અથવા મોરી અને નાથ સાથે સંયુક્ત રીતે તે રસ્સી બંધાતી હોય તો તે પણ નોંધવું.



મોરીના વિવિધ પ્રકારો અને તેની વિવિધ ગૂંથણી-પદ્ધતિઓ અંગે પણ માહિતીદર્શકો પાસેથી વિગતવાર વર્ણન મેળવવું. જો બળદની મોરીનો અધ્યયન હેઠળના સમાજમાં ઉપયોગ જ ન કરવામાં આવતો હોય અને એમ ને એમ જ શીંગડાંથી યા અન્ય કોઈ રીતે જો હંકારવા માટેની રસ્સી બાંધવામાં આવતી હોય તો તે પણ નોંધવું.

બળદને અંકુશમાં રાખવા માટે પરોણાનો ઉપયોગ કરવામાં આવે છે ખરો? પરોણામાં કોઈ તીણો ભાગ યા તીક્ષ્ણ અણી રાખવામાં આવે છે ખરી? આવી અણી શેમાંથી તૈયાર કરવામાં આવે છે? આવી અણી લોખંડ યા અન્ય કોઈ ધાતુમાંથી જો કરવામાં આવતી હોય તો તે નોંધવું. અણી જો ધાતુમાંથી કરવામાં આવતી હોય તો તે તીણી કરવામાં આવે છે કે સામાન્ય રીતે બુઠ્ઠી રાખવામાં આવે છે તે પણ વિગતે નોંધવું. જો બુઠ્ઠી રાખવામાં આવતી હોય તો તે કેવાં કારણસર રાખવામાં આવે છે તે પણ નોંધવું. જો બહુ અણીદાર પરોણો રાખવો તે ક્રૂરતાની નિશાની ગણાતી હોય તો તે પણ નોંધવું. જો સૂંઢલ યા ભાગે લાવેલા બળદને માટે જ આવો પરોણો વપરાતો હોય તો તે પણ નોંધવું. જો આવું થયું હોય અને તેમાંથી તેના મૂળ માલિકને મનદુ:ખ થયું હોય યા કોઈ ઝઘડો થયો હોય તો તે પણ નોંધવું. આવા અણીદાર પરોણાથી જો લોહી નીકળે તો તે અધ્યયન હેઠળના સમાજમાં કેવું લેખાય તે પણ નોંધવું. સામાન્ય રીતે પરોણાની લંબાઈ કેટલી હોય? હળ, સમાર, રાંપ, ગાડું વગેરેના પરોણા જો જુદા જુદા પ્રકારના હોય તો તે પણ વિગતે નોંધવું. પરોણા સામાન્ય રીતે શેમાં શેમાંથી બનાવવામાં આવે છે તે વિગતે નોંધવું. પરોણા અંગે અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ કિંવદંતીઓ, ઉક્તિઓ વગેરે પ્રચલિત હોય તો તે પણ વિગતવાર નોંધવી.

ખેતરમાં ઊભા પાકમાં જો રાંપ હાંકવાની યા ખેડવાની પ્રક્રિયા ચાલતી હોય યા ખળામાં-થી અનાજ ઊપણવાની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે બળદ ચાલતાં ચાલતાં પાક ન ખાય તે માટે તેના મોમાં ભરાવવા માટે જો ખાસ કોઈ સાધન વપરાતું હોય તો તેનું અધ્યયન હેઠળના સમાજમાં નામ શું હોય છે? એ શેનું બનાવવામાં આવે છે? વાંસનું? અન્ય વેલા-માંથી? કોઈ ઝાડના મૂળના રેષાઓમાંથી? ખજૂરીમાંથી? જે રીતે તે બનાવવામાં આવતું હોય તે ખૂબ જ વિગતવાર નોંધવું. તેના વિવિધ પ્રકારો હોય તો તે પણ નામ સહિત નોંધવા. ખેતરમાં ઊભો મોલ હોય અને બળદ દ્વારા એમાં ખેડવાનું યા રાંપ કાઢવાની હોય ત્યારે યા એવો કોઈ પ્રસંગ હોય કે જ્યારે તેના મોંએ, તે ખાઈ ન શકે તે માટે આવો અવરોધ બાંધવામાં ન આવતો હોય તો તે પણ વિગતવાર નોંધવું.

બળદની પીઠ પર, તેનાં શીંગડાંમાં, માથા પર યા પગ પર યા તેના શરીરના અન્ય કોઈ પણ ભાગ પર કોઈ પણ પ્રસંગે જો શણગાર કરવામાં આવતો હોય તો તે કઈ રીતે, શેનાથી કરવામાં આવે છે તે વિગતવાર નોંધવું. આવા શણગાર પ્રણાલિકાગત રીતે મોટાભાગનાં ઘરોમાં લગભગ એકસરખા જોવા મળતા હોય યા ઘણાખરા વ્યક્તિગત રીતે એકબીજાથી જુદા પડતા હોય તો તે પણ વિગતવાર નોંધવું. આવા શણગારમાં કેટલીક વાર માત્ર અમુક રંગનો અથવા કેટલીક વાર અમુક રેષાઓમાંથી ગૂંથીને-વણીને બનાવેલા શણગારોનો કે રંગબેરંગી વસ્ત્રો, યા બાટિક વગેરેનો ઉપયોગ કરવામાં આવતો જોઈ શકાય છે. કેટલીક વાર કોટે કે શીંગડે કે પગની ઘૂંટણે કે ગળામાં બાંધવામાં આવેલા કાળા રંગીન

દોરાઓ, માળા યા ભૂંગળીઓ યા અન્ય વસ્તુઓ, જે તે પ્રાણીની રોગ સંરક્ષક હોવા ઉપરાંત તેને શણગારસજ્જ કરવાનું કામ પણ કરે છે. આવી બધી જ બાબતોને ખૂબ વિગતે નોંધવી.

બળદની કોઈક ખાસ તહેવારે યા પ્રસંગે પૂજા થતી હોય યા કોઈક પ્રસંગે ખાસ માન આપવામાં આવતું હોય તો તે પણ વિગતે નોંધવું. બળદની સામાન્ય રીતે તેના માલિક, અન્ય કુટુંબીઓએ, અને અન્ય સભ્યોએ જો કોઈક ખાસ આમન્યા રાખવાની હોય તો તે પણ વિગતવાર નોંધવું. તેની પાછળનાં માહિતીદર્શકો દ્વારા અપાતાં કારણો વગેરે પણ વિગતે નોંધવાં. અધ્યયન હેઠળના સમાજમાં શિવના નંદી અંગે યા તેની સાથે મળતી આવતી અન્ય કોઈ કિંવદંતીઓ હોય તો તે પણ વિગતવાર નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં પાડાનો જો ખેતીમાં ઉપયોગ થતો હોય તો તેના સંદર્ભમાં પણ ઉપરોક્ત સંબંધિત સર્વ વિગતો મેળવવી.

બળદને ખેતીમાં કેટલાં વર્ષ કામ કરાવવામાં આવે? દિવસમાં કેટલા કલાક કામ લેવામાં આવે? તેના પછી તેને આરામ કેટલો આપવામાં આવે છે? આરામ અપાયા પછી તેને પાણી અને ઘાસચારો અપાય છે કે તરત જ? બળદો પાસેથી જેટલો સમય કામ લેવામાં આવે છે, લગભગ એટલો જ સમય તેમને ખાવા, પીવા અને આરામ માટે અપાય છે ખરો?

ખરી બેસાડાય છે ખરી? જો હા, તો તે કયા પ્રકારની, શેની, કોણ, કઈ રીતે બેસાડે? સામાન્ય રીતે બળદની ખરી કેટલી વયે બેસાડે છે વગેરે બાબતો વિગતે મેળવવી. આ બધી વિગતો જો પાડાનો ખેતીમાં ઉપયોગ થતો હોય તો તે અંગે પણ મેળવવી.

### સાંઢ/ખૂંટ ઉછેર

ગામમાં સાંઢ રાખવાની પણ અધ્યયન હેઠળના સમાજમાં પ્રથા ખરી? જો પ્રણાલિકાગત સમાજમાં ન હોય અને તાજેતરમાં જો આ પ્રથા પ્રવેશી હોય તો તે નોંધવું. સાંઢ તરફનો સામાન્ય ગ્રામસમાજનો અભિગમ નોંધવો. સાંઢના અન્ય સામાન્ય ઢોરો કરતાં વિશેષ એવા કોઈ વિશેષાધિકારો હોય તો તે નોંધવા. દા. ત. સાંઢ છૂટો ગમે ત્યાં ફરી શકે. ગમે તે ખેતરમાં થઈને જઈ શકે, ખાઈ શકે વગેરે. આવા અધિકારોની પણ એક મર્યાદારેખા હોય છે; તે પણ સવિસ્તર નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં કોઈ તબક્કે સાંઢનો ખાસ પ્રસંગે બલિ આપવાની યા તેનું લોહી ચઢાવવાની કોઈક પ્રથા હતી ખરી? જો હોય તો તે નોંધવી.

સાંઢ ઉપરાંત આખલા તરફનું વલણ પણ નોંધવું. આખલા, સાંઢ અને સામાન્ય બળદ વચ્ચેના તફાવતો પણ નોંધવા.

ગાય-ભેંસની જાત સારી કરવા તેના સુપ્રજનન માટે લેવાતા ઉપાયો નોંધવા. ખેતીમાં વપરાતા સામાન્ય બળદ-પાડાને ખસી કરે? ગામ વચ્ચે આખલો રખાય? ગાયો-ભેંસો તેનાથી જ ફળાવવામાં આવે એવું ખરું? આ આખલો જો વ્યક્તિગત માલિકીનો હોય તો જેનો હોય તે અને ગામનો હોય તો ગામનો મુખી યા અન્ય નિયત આગેવાન નિયત દર લે? ગાય-ભેંસ જ્યારે ગરમીમાં આવે ત્યારે તેને સાંઢ પાસે લઈ જવામાં આવે? જો ન ફળે તો ફરીથી એકબે માસે ઋતુમાં આવે ત્યારે ફરી સાંઢ પાસે લઈ જવામાં આવે એ વખતે તેના ફરીથી પૈસા લે? કે ન લે? કારણ કે પહેલી વખતે તે ફળી નહોતી. આ સાંઢ ખૂબ જબરા હોય છે. અને બીજા બળદ-પાડા જો હરીફ હોય તો તેની પાછળ પડે, શીંગડાં મારે કે કચડી નાખે એવું ખરું? જો ભેલાણ કરતા હોય કે અનિયંત્રિત થઈ જાય તો ખેડૂત અને સાંઢના માલિક વચ્ચે મનદુઃખ થાય એવું ખરું?



ગામનો સાંઢ હોય તો ગામમાંના તેના અધિકારો નોંધવા. પરગામનો સાંઢ ગામમાં ભેલાણ કરે તો તેના અંગે તેની માલિક વ્યક્તિએ અથવા સાંઢના માલિક ગામે વળતર આપવું પડે ખરું? આ સાંઢની કિંમત કેટલી હોય? બીજા બળદ-પાડા કરતાં કેટલી વધારે યા ઓછી? ગામસાંઢ હોય તો તેના ભરણ-પોષણનું શું? કેવી જાતના બળદને સાંઢ તરીકે પસંદ કરે? જાત ઉપરથી પસંદ કરે? દા. ત. કાંકરેજી ગાયને કાંકરેજી સાંઢથી જ ફળાવે યા ગમે તે સાંઢથી ફળાવાય?

સાંઢ પરથી કોઈ ઉક્તિઓ હોય તો તે નોંધવી. દા. ત. માથાભારે માણસ હોય તો 'માતેલા સાંઢ જેવો છે.' ચારિત્ર્યવિહીનને માટે કોઈ ઉક્તિ છે? પતિ માટે પણ આ શબ્દ કોઈ અર્થમાં વપરાય છે? મર્દાનગી, ખુન્નસમાં પણ વપરાય? દા. ત. 'સાચો સાંઢ હોય તો આવે.' પાડા માટે પણ આવી ઉક્તિઓ હશે. દા. ત. પાડા પાડાની લડાઈ માટે કંઈ કહેવાય છે?

ખેતી માટેના બધા બળદને ખસી કરવામાં આવે છે? આ ખસી કોણ કરે? કઈ પદ્ધતિથી? કેટલી ઉંમરે કરે? તેની સાથે પાપ-પુણ્યના ખ્યાલ છે? અમુક જાતના બળદને ખસી ન કરે તેવું બને? ખસી કરેલા ને ન કરેલા માટે અલગ શબ્દો છે? આવા શબ્દોનો ઉપયોગ કોઈ પુરુષ માટે વ્યંગમાં થતો હોય તો તે પણ નોંધવું.

અધ્યયન હેઠળના સમાજનું પાડા તરફનું વલણ નોંધવું. તેમાં પાડાને દૂધ પીતા કરવાની (દૂધ ન આપીને મારી નાખવાની) પ્રથા જોવા મળે છે ખરી? જો હોય તો તેની સમગ્ર પદ્ધતિ વિગતે નોંધવી. પાડી અથવા પાડો જન્મે ત્યારે કોના જન્મને આવકાર અપાય? શા માટે? જો પાડાના જન્મને નિરાશાજનક રીતે જોવામાં આવતો હોય તો તે વિગતે નોંધવું. આ અંગે કોઈ ઉક્તિઓ, કહેવતો હોય તો તે પણ વિગતે નોંધવી (દા. ત. 'જાગતાની પાડી ઊંઘતાનો પાડો'; 'દૂધ સાથે કામ પાડી-પાડાનું શું કામ?' 'ભરોસાની ભેંસે પાડો જણ્યો' વગેરે). આવા અભિગમ માટે જવાબદાર કારણો પણ નોંધવાં. જો પાડાનો આહારમાં અથવા ખેતીમાં ઉપયોગ થતો હોય તો તે પણ વિગતે નોંધવું. અને આવો જ્યાં ઉપયોગ થતો હોય તેવા સમાજમાં પણ આ અંગે કોઈ ઉક્તિઓ હોય તો તે વિગતે નોંધવી. જ્યાં પાડાનો ખેતીમાં ઉપયોગ થતો હોય ત્યાં પાડાના જન્મ તરફનું વલણ પણ હકારાત્મક હોય તો તે નોંધવું. ખેતીમાં તેનો ઉપયોગ તાજે-તરનાં વર્ષોમાં શરૂ થયો હોય તેવું પણ બની શકે. જો એમ હોય તો તે ક્યારથી શરૂ થયો? ક્યાં કારણોસર? એના પહેલાં પાડાનો ખેતીમાં ઉપયોગ ન કરવા માટે જે પ્રણાલિકાગત માન્યતા હતી તે કઈ રીતે બદલાઈ? અને તેની સાથે પાડાના જન્મ તરફની ઉદાસીનતા પણ દૂર થઈ કે કેમ તે વિગતે નોંધવું. જો તેનાથી ઊલટી પરિસ્થિતિ હોય તો તે પણ વિગતે નોંધવી.

પાડાનો જો આહારમાં કે બલિમાં ઉપયોગ થતો હોય તો તે અંગે કોઈ કિંવદંતીઓ હોય તો તે નોંધવી. પાડાનો બલિ અપાતો હોય તો તેની સમગ્ર પદ્ધતિનું ખૂબ જ વિગતથી વર્ણન કરવું. તેનો વધ કઈ રીતે કરવામાં આવે તેમ જ વધ કરતાં પહેલાંની અને ત્યાર બાદની સમગ્ર વિધિઓ ખૂબ જ વિગતવાર નોંધવી. જો પૂજારી અથવા ધ્યાનમાં આવેલી અમુક વ્યક્તિ દ્વારા તેનો બલિ અપાયા પછી લોહી પીવાની જો કોઈ પ્રથા હોય તો તે પણ વિગતે નોંધવું. આવો બલિ કોઈ દેવીના સ્થાનક પાસે અથવા તેના નામે થોડેક દૂર જો અપાતો હોય તો તે પણ નોંધવું. આવી પ્રથા ભૂતકાળમાં પ્રચલિત હોય અને અત્યારે બંધ થઈ હોય તો તે નોંધવું. પાડાનો આહારમાં ઉપયોગ કરવા યા ન કરવા પરથી ઊંચ-નીચના ખ્યાલો અધ્યયન હેઠળના

સમાજમાં યા અધ્યયન હેઠળના સમાજ અંગે અન્ય સમાજમાં જો પ્રચલિત હોય તો વિગતવાર નોંધવા. આ પ્રકારની સ્તરરચના સામાન્ય રીતે હિંદુ જ્ઞાતિ-વ્યવસ્થામાં અનેક સ્થળે જોવા મળે છે. જો આ ખ્યાલ હેઠળ અધ્યયન હેઠળના સમાજમાં, પહેલાં પાડાનો બલિ અપાતો હોય અને પ્રસાદ તરીકે યા/અને આહારમાં તેનો ઉપયોગ થતો હોય પણ વર્તમાન તબક્કે જો તે છોડી દીધેલ હોય તો તે નોંધવું. આવું બન્યું હોય અને પાડાનો બલિ આપવાનું અત્યારે બંધ થયું હોય પણ એક કાળે જો પ્રચલિત હોય તો, જેણે જાતે જોયેલ હોય તેવા માહિતીદર્શકો પાસેથી આ અંગેની વિશેષ વિગતો એકત્રિત કરી શકાય. અલબત્ત, આવા માહિતીદર્શકો મળવા કેટલીક વાર મુશ્કેલ હોય છે. પણ એક વખત તેમનો વિશ્વાસ સંપાદિત કર્યા પછી તેમની સાથે તદ્દન એકલા યા વિશ્વાસુ શ્રોતાગણ હોય તેવે વખતે વિગતવાર માહિતી એકત્રિત થઈ શકે.

પાડાનો સવારી તરીકે યા અન્ય કોઈ ઉપયોગ અંગે (દા. ત. ધૂળકૂટિયા યા અન્ય કેટલાક સમાજોમાં માલવાહક તરીકે) જો માહિતીદર્શકોને ખ્યાલ હોય તો તે નોંધવા. આવા ઉપયોગ તરફનો માહિતીદર્શકોનો, બળદના આવા ઉપયોગની તુલનામાં, તુલનાત્મક પ્રત્યાઘાત નોંધવો.

અધ્યયન હેઠળના સમાજમાં બળદ-પાડાને જો કોઈ દેવનું વાહન માનવામાં આવતા હોય તો તે અંગેની વિગતો એકત્રિત કરવી. આવું વાહન માનવા પાછળની કિંવદંતીઓ, તેમ જ દેવનું વાહન હોવાને કારણે તેની કોઈક આમન્યા જાળવવાની હોય તો તે અંગેની વિગતો પણ એકત્રિત કરવી. કોઈ શુકન-અપશુકન સાથે પણ ખાસ કોઈ સંબંધ હોય તો તે પણ વિગતે નોંધવો. કોઈક સ્વપ્નમાં પણ જો બળદ-પાડો આવે તો તેના અમુક ફલાદેશ હોવાની અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ માન્યતા હોય તો તે પણ વિગતવાર નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં જો પાડાનો આહારમાં ઉપયોગ પ્રચલિત હોય તો તે પાડીનો પણ આહારમાં ઉપયોગ કરે છે ખરો? જો હા તો કયારે? જો ના તો શા માટે નહીં? પાડા, પાડી, એક પણ વેતર વિનાની, પ્રૌઢ યા પુખ્તવયની હોવા છતાં પણ જેને એક પણ વેતર ન આવ્યું હોય તેવી અને એક યા તેથી વધુ વેતરવાળી ભેંસ, તેમ જ પળાતરુ યા ગામાઉ પાડો – વગેરેના આહારમાંના ઉપયોગ અને તે સર્વના લીધે સામાજિક સ્તરમાંના પરંપરાગત સ્થાનમાં પડતી અસર વગેરેની સાથે સંબંધિત સર્વ વિગતો ખૂબ જ વિગતવાર મેળવવી. અધ્યયન હેઠળના સમાજમાં સામાન્ય રીતે પાડાઓનો ઉછેર શા માટે કરવામાં આવે છે? ભવિષ્યમાં ખૂંટ/પળાતરુ પાડા તરીકે તેનો ઉપયોગ કરવા? ખેતીમાં ઉપયોગ કરવા? કે માંસ માટે? ધણખૂંટને ખાસ કોઈ સગવડ પરંપરાગત રીતે અપાતી હોય તો તે વિગતવાર નોંધવી. ૪–૫ મહિનાના પાડાને જો નાની પાડીઓ કે બિનફળેલ ભેંસોથી જુદો રાખવામાં આવતો હોય તો તે નોંધવું. પાડાને દોરવા માટે જો કોઈ સાધનનો ઉપયોગ કરવામાં આવતો હોય તો તે નોંધવું.

જો પાડાને પરંપરાગત રીતે કોઈ કસરત આપવાની વ્યવસ્થા હોય તો તે પણ વિગતે નોંધવું. પાડાના રહેઠાણ માટે સામાન્ય રીતે કેટલી જગ્યા ફાળવવામાં આવે છે તે પણ વિગતે નોંધવું.

પાડાને પરંપરાગત રીતે જો કોઈ નાથ નાખવામાં આવતી હોય કે ન હોય તો તે, તેનો ઉપયોગ, તે અંગેની માન્યતાઓ વ. સહિત વિગતે નોંધવી. નાથ શેમાંથી, કઈ રીતે બનાવવામાં



આવે છે, તેની લંબાઈ, નાથવાની પદ્ધતિ વગેરે વિગતો પણ નોંધવી. નાથ માટેનું કાણું કયાં, કઈ રીતે, શેનાથી પાડવામાં આવે તે વિગતે નોંધવું. કોઈ વાર ખેંચતાણમાં નાથ નાખેલો સાંઢ જો નાથ તોડી નાખતો હોય યા તેને લીધે નાક પણ તૂટી જતું હોય તેવાં ઉદાહરણો જો જોવા મળતાં હોય તો તે વિગતવાર નોંધવાં. નાકમાં પડેલા ઘાને રુઝવવા માટે ખાસ કોઈ દવા નખાતી હોય તો તે તેમ જ જો કુદરતી રીતે આ ઘા રુઝવવા દેવામાં આવતો હોય તો, નાથનો ઉપયોગ કરતાં પહેલાં જવા દેવામાં આવતો ગાળો વગેરે પણ વિગતે નોંધવો.

સારા/ખરાબ ખૂંટ અંગેનાં પરંપરાગત લક્ષણો જો હોય તો તે પણ નોંધવાં. ખૂંટની કોંટ, ખાંધ, જાંઘ, પૂછડું, આંખ, શીંગડાં, દાંત, તાળવું, હોઠ, ખરી, રંગ, વય વગેરે અંગે ખાસ કોઈ લક્ષણો જો હોય તો તે વિગતવાર નોંધવાં. આ અંગેની પરંપરાગત ઉક્તિઓ હોય તો તે પણ વિગતવાર નોંધવી.

ગાય-ભેંસની ખરીદી કેવી રીતે થાય? ગાય-ભેંસને ખરીદતી વખતે વેતર જોવાય? જો વેતર વધારે થયાં હોય તો ઓછી કિંમત અને ઓછાં વેતર હોય તો વધારે કિંમત? પસંદગી ઓછી વેતર વાળાને? દૂધ કેટલું આપે છે તે જોવાય? દાંત જોવાય? દાંત ગણાય? દાંત ઉપરથી ઉંમર પારખી શકાય? ગાયનો અમુક રંગ સારો એવું છે? ચાલ જોવાય? લેવા જતી વખતે અપશુકન થાય તો ન જાય? તે જ રીતે અમુક વાર કે તિથિએ પણ ન જાય? એવા કયા કયા વાર? સામાન્ય રીતે મોટી ગાય-ભેંસને ખરીદે? વાછરડાની ઓછી કિંમત હોય તેથી તેમની ખરીદીને પ્રથમ પસંદગી અપાય? તે વખતે તેની મા કેવી છે તે પણ જોવાય? સારી પુખ્ત ગાય-ભેંસની કિંમત કેટલી? અમુક બકરાં ઘેટાં પાડાંના બદલામાં વિનિમય પ્રથાથી ગાય-ભેંસ ખરીદાય?

ઢોરને વેચે શા માટે? આર્થિક જરૂર માટે? પહોંચી ન વળે તે માટે? વેચવાના દિવસ માટે ખાસ શુકન-અપશુકન નથી જોવાતા? જોવાતા હોય તો તે પણ નોંધવું. કોઈ વાર ગામમાં ને ગામમાં વેચાય? કોઈ વાર શાહુકારને વેચે? કોઈક વાર વણઝારાને? હાટ ભરાય છે? કસાઈખાને વેચે? કસાઈને ત્યાં જશે એવી ખબર હોય તો વેચે?

ઢોરને વેચી દે પછી મૂળ માલિકને ત્યાં પાછું આવતું રહે? કેટલે દૂરથી આ રીતે પાછા આવ્યાના દાખલા છે? ઢોર મારકણું હોય તો વેચી દે? બીજા ઢોર સાથે ઝઘડતું હોય, લાત મારતું હોય, તેની સાથે કોઈ દિલગીરીનો પ્રસંગ સંકળાયેલો હોય તો વેચી દે? તે સામા માણસને જણાવે? તેનાથી તેની કિંમત ઘટે? ક્ષતિ ન કહી હોય એટલે લેનાર માલિક તેની સાથે ઝઘડો કરવા આવે? ગાય ભેંસને વેચે ત્યારે તેને ઘંટડી ઘૂઘરો બાંધેલ હોય તો જવા દે કે કાઢી લે? વેચતી કે લેતી વખતે બાનું આપવાની પ્રથા છે? એટલે કે એક માણસે ગાય–ભેંસ પસંદ કરી ને બધા પૈસા ન હોય તો થોડી રકમ બાના પેટે આપી જાય? આવું બાનું લીધા પછી માલિક બીજાને વેચી દે કે બીજો ખરીદી લે તો શું થાય? બાનાના પૈસા જુદા ગણાય કે કિંમતમાં વાળી લેવાય? બાના વખતે અમુક મુદત નાખી હોય તે તેટલો સમય દરમિયાન તે પૈસા આપી ન શકે તો બાનાના પૈસાનું શું થાય? પાછા આપે કે રાખી લે? ને મુદત પૂરી થાય પછી ઢોર બીજાને વેચી દેવાય? બીજા તે ખરીદી લઈ શકે?

ઘરડા ઢોરને પછી ચરવા જવા દે પણ ખાણ, નીરણ વ. ન કરે? ખાણ મોટેભાગે દુધાળાં ઢોરને જ અપાય? બળદને આપે? દૂઝણું છોડી દે પછી ન આપે? એટલે તેની સાથે

સંબંધિત કોઈ કહેવત છે? દા. ત. 'કામ ત્યારે કાકી ને પછી મૂકે હાંકી'. ઢોરને વેચી દે પછી યાદ કરે? દા. ત. અમુક ગાય બહુ દૂધ આપતી, સ્વભાવની રાંક હતી વગેરે.

ગાય-ભેંસને જો પવિત્ર માનવામાં આવતાં હોય તો તે નોંધવું. તેની જો કોઈ પ્રસંગે પૂજા કરવામાં આવતી હોય યા તેની ખાસ આમન્યા રાખવામાં આવતી હોય તો તે પણ વિગતવાર નોંધવું. ગાયની પૂજા કયા કયા પ્રસંગે યા કયા ઉત્સવ નિમિત્તે કરવામાં આવે છે અને તેની પશ્ચાદ્‌ભૂમિકામાં કઈ ધાર્મિક કિંવદંતીઓ યા માન્યતાઓ આધારરૂપ છે તે વિગતવાર નોંધવું. ગાયને જો શુકનવંતી માનવામાં આવતી હોય તો તે નોંધવું. સગર્ભા યા વાંઝણી યા પહેલા વેતર પહેલાંની ગાય અંગે જો કોઈ ખાસ ખ્યાલો હોય તો તે નોંધવા. ભેંસ અંગે પણ આવા પૂજા–પવિત્રતાના યા શુકન-અપશુકનના કોઈ ખ્યાલો છે કે કેમ તે વિગતવાર નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં ગાય-ભેંસ અંગેની શક્ય હોય એટલી વિશેષ લોકકથાઓ, વાર્તાઓ, ઉક્તિઓ, ઉખાણાં વગેરે પણ એકત્રિત કરવાં અને તેમાં તેનું વર્ણન કઈ રીતે કરવામાં આવ્યું છે તે વિગતવાર નોંધવું. ગાય-ભેંસના ઉછેર યા તેની સાથેના વર્તાવની સાથે સંકળાયેલા પાપ અને પુણ્યના ખ્યાલો પણ વિગતે નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં પર-લોકની સાથે પણ ગાય-ભેંસ કોઈ રીતે સંકળાયેલાં હોય તો તે વિગત પણ નોંધવી. અધ્યયન હેઠળના સમાજમાં ગાય-ભેંસનું સ્થાન સમજવામાં પણ આ બાબતો ઉપયોગી થઈ પડશે.

'ગૌચર યા ઢોર ચારવા માટેની જમીન,' જેવા કોઈ ખ્યાલ અધ્યયન હેઠળના સમાજમાં છે ખરા? જો હોય તો સામાન્ય રીતે આવા વિસ્તાર પર કોના, કયા પ્રકારના અધિકારો હોય છે તે વિગતવાર નોંધવું. કુટુંબના, વંશજૂથના, ગામના અમુક ભાગ (દા. ત. ફળિયાના) અને ગામના જુદા જુદા અધિકારો હોઈ શકે. આ અંગે કુટુંબો, વંશજૂથ, ગામના કોઈક પેટા-ભાગ અથવા ગામ ગામ વચ્ચે કોઈ કોઈ વાર તકરારો પણ થતી હોય છે. આવી તકરારોની વિગતો પણ આ અધિકારોને સમજવામાં મદદરૂપ થઈ શકે તેમ હોવાથી મેળવવી.

કેટલીક વાર આવી જમીન વ્યક્તિગત રીતે કેટલાક ખેડૂતો લાંબે ગાળે પચાવી પાડવા માટે ખેડવા માંડતા હોય તેવું પણ બને છે. તે વખતે થતી તકરારોમાં 'ઢોરોનો ત્રાસ', 'ઢોરોનો ચારો ઝૂંટવી લેવાનું પાપ માથે પડયા'નું આરોપણ પણ આ રીતે 'ગોચર'ની જમીન હડપ કરનારને થતું હોય છે. કેટલીક વાર આવું કહેનાર વ્યક્તિઓ પોતે જ્યારે આમાં હિસ્સેદાર હોય ત્યારે તેમનું વલણ જુદું હોય છે. એટલે હકીકતે ગો-હિત અંગે વાસ્તવિક વર્તન અને શબ્દો અથવા વ્યવહાર અને કહેવાતો આદર્શ એ બંને વચ્ચેનો તફાવત તારવવામાં આ બાબતો ઉપયોગી થઈ શકે.

અધ્યયન હેઠળનો સમાજ ગોમાંસનો કોઈ તબક્કે આહારમાં ઉપયોગ કરતો હતો ખરો? આ અંગે જો અધ્યયન હેઠળનો સમાજ હિંદુ સંસ્કૃતિની થોડીક અસર હેઠળ હશે તો સ્વા-ભાવિક રીતે જ તેનો ઉત્તર નકારમાં જ મળવાનો. વળી આવા સમાજમાં આ અંગે એક પ્રકારની હીનતાની, શરમાવાની લાગણી પણ પ્રવેશ કરી ગઈ હોય એમ પણ બને. એટલે એ સંજોગોમાં આવો પ્રશ્ન, અધ્યયન હેઠળના સમાજના સંબંધિત માહિતીદર્શકનો પૂરતો વિશ્વાસ સંપાદિત થયા પછી અને તેની સાથેનો પૂરતો સંબંધ ઊભો થયા પછી, તેમની લાગણી ન દુભાય તેવી રીતે આ માહિતી શક્ય હોય તેટલા પરોક્ષ રીતે સંપાદિત કરવાનો પ્રયત્ન કરવો. ગાયનું માંસ અધ્યયન હેઠળનો સમાજ જો વાપરતો હોય તો તે કઈ કઈ રીતે



વાપરે છે? તેમાંથી શું શું બનાવે? તેનું ચામડું વગેરે કાઢવાનું કામ કોણ કરે? તેના શરીરના વિવિધ ભાગોના થતા ઉપયોગ અંગેની વિગતો મેળવવી. તે જ રીતે તેના વધની પદ્ધતિ, સાધનો વગેરે અંગેની વિગતો પણ એકત્રિત કરવી. અધ્યયન હેઠળના સમાજમાં જો ગાયના માંસનો વર્તમાન તબક્કે સદંતર ઉપયોગ ન થતો હોય તો ભૂતકાળમાં કોઈક તબક્કે પણ થતો હતો કે કેમ અને તે કઈ રીતે, ક્યાં કારણોસર બંધ થયો તે પણ મેળવવું.

જો અધ્યયન હેઠળના સમાજમાં અત્યારે અથવા ભૂતકાળમાં કોઈ પણ તબક્કે જો ગો-માંસનો ઉપયોગ બિલકુલ જ ન થતો હતો એમ જો તેના માહિતીદર્શકો માનતા હોય તો તેનો અન્યત્ર ઉપયોગ થાય છે તેનાથી તેઓ પરિચિત છે ખરા? જો આવા સમાજો તેમના અડોશપડોશમાં હોય તો તેના તરફનું તેમનું વલણ નોંધવું. આવું વલણ આવો આહાર લેનાર બે સમાજો તરફ જુદું જુદું હોય તો તે પણ નોંધવું. આવું વલણ જુદું જુદું હોવા પાછળનાં માહિતીદર્શકોની દૃષ્ટિએ તેમ જ વિશ્લેષણકાર–સંશોધકની દૃષ્ટિએ કારણો નોંધવાં.

જો અધ્યયન હેઠળનો સમાજ અથવા તો અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકો જેનો નિર્દેશ કરી રહ્યા છે તે સમાજનું સામાજિક સ્તર-રચનામાંનું નીચું સ્થાન તેમના આ આહારને લીધે જ સવિશેષતયા હોય તો તે પણ નોંધવું. જો મૃત ગાય અને જીવતી ગાયનું માંસ ખાનારના સ્તર-રચનામાંના સ્થાનમાં પણ જો કોઈ ખાસ તફાવત પડતો હોય તો તે પણ વિગતે નોંધવું. ગોમાંસ ઉપરાંત અન્ય કોઈ પ્રાણીઓના આહારના લીધે પણ તેનું સ્તર-રચનામાં જો નીચું સ્થાન હોય તો તે વિગતો પણ મેળવવી.

અધ્યયન હેઠળનો સમાજ અથવા તેનો પડોશી સમાજ જો ગોમાંસનો આહારમાં ઉપયોગ કરતો હોય તો તેની ગાયપાલન પર પ્રતિકૂળ યા સાનુકૂળ જે કંઈ અસર માહિતીદર્શકોની દૃષ્ટિએ પડતી જણાતી હોય તે મેળવવી. ગાયનો ખેતીમાં પણ ઉપયોગ થઈ શકે તેવું અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોએ સાંભળ્યું છે ખરું? તે અંગેનો તેમનો પ્રત્યાઘાત નોંધવો. આ પ્રકારના ખેતીમાંના તેના ઉપયોગ અને તેના દુધાળાપણા અંગે માહિતીદર્શકોના ખ્યાલો પણ નોંધવા. ગોમાંસના આહારમાં ઉપયોગને લગતી ઉપરોક્ત સર્વ બાબતો અંગેની માહિતી ભેંસના માંસના સંદર્ભમાં પણ મેળવવી. બંનેના માંસ અંગેના તુલનાત્મક ખ્યાલો પણ મેળવવા. તે જ રીતે તેના આહારમાં ઉપયોગ કરવા ન કરવાની, તેના સામાજિક સ્તર-રચનામાંના સ્થાન પર જે કોઈ અસરો પડતી હોય તે સર્વ પણ ખૂબ વિગતવાર નોંધવી. આ અંગેની લોકોક્તિ કે લોકસાહિત્ય યા સામાન્ય વાતચીતમાંના ઉપયોગ વગેરેને પણ વિગતે નોંધવા.

## ૪. ઘોડા-ઊંટ ઉછેર

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડાને ઉછેરવામાં આવે છે ખરા? ઘોડાનો શો ઉપયોગ કરે? સામાન્ય રીતે ઘોડા કેટલી સંખ્યામાં પાળે? ઘોડાઓ અમુક જ સૈકાઓથી કે પેઢીઓથી તેઓ પાળતા હોય યા પહેલાં પાળતા હોય અને હમણાં પાળવાનું જો છોડી દીધું હોય તો તે નોંધવું.

ઘોડાઓની સાથે યા તેમના પાળવાની સાથે સંબંધિત કોઈ કહેવત હોય તો તે નોંધવી. ઘોડો પાળવાની ક્રિયાને પ્રતિષ્ઠા સાથે જો સાંકળવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. વિવિધ જાતનાં પ્રાણી શેને માટે પળાય છે તે નોંધવું. દરેક પ્રાણીના પાળવાની સાથે ઓછી-વત્તી પ્રતિષ્ઠા જો સંકળાયેલી હોય તો તે પણ વિગતે નોંધવું.

ઘોડાના અન્ય પશુઓની તુલનામાં આર્થિક સામાજિક પ્રતિષ્ઠાવિષયક મહત્ત્વની નોંધની સાથે, ઘોડા આર્થિક કારણોસર અમુક જ અપવાદરૂપ કુટુંબો જો પાળતાં હોય તો તે પણ

નોંધવું. ઘોડો પાળી ન પાળી શકવાની સાથે અન્ય કોઈ પરિબળો ભાગ ભજવતાં હોય તો તે નોંધવું. દા. ત. અમુક લોકો કે જ્ઞાતિ પર ઘોડો પાળવા પર પરંપરાગત રીતે પ્રતિબંધ હોય તો તે પણ નોંધવું.

ઘોડાને સામાન્ય રીતે કેટલી વયે ખરીદવો વિશેષ યોગ્ય ગણાય? ઘોડો અને ઘોડી એ બેમાંથી કોને વધુ પસંદ કરવામાં આવે? શા માટે? ઘોડા યા ઘોડીને પાળવામાં યા અન્ય કોઈ રીતે સરળતા પડતી હોય યા ગતિમાં યા કાબૂમાં રાખવામાં પણ કોઈક ખાસ ફેરફાર પડતો હોય તો તે નોંધવો. ઘોડાની જાત પારખવા માટેનાં ખાસ લક્ષણો શાં? ઘોડાની જુદી જુદી જાતોની પરખ અંગે જો કોઈ ખાસ દુહાઓ યા અન્ય ઉક્તિઓ પ્રચલિત હોય તો તે વિગતે નોંધવી. આવા ઘોડાની પરખ કરનાર જો અમુક ખાસ પારખુઓ હોય તો તે અંગેની પણ વિગતે નોંધ કરવી.

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડાની ઊંચાઈ કઈ રીતે માપવામાં આવે છે? આવી ઊંચાઈના માપનું એકમ કયું હોય છે? આવું એકમ સમગ્ર સમાજમાં એક જ હોય છે કે વ્યક્તિએ વ્યક્તિએ કે પ્રદેશવાર જુદું પડે? આવું જે માપ હોય તે તેમ જ તે માપવાની પદ્ધતિએ, અને વ્યક્તિએ કે પ્રદેશે જો તે જુદું પડતું હોય તો સામાન્ય અંદાજ માટે વપરાતી પદ્ધતિ વગેરે વિગતવાર નોંધવી. તે જ રીતે તેની ઊંચાઈ યા લંબાઈ શરીરના કયા ભાગથી કયા ભાગ સુધી મપાય છે, અને તે અંગે અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત પરંપરાગત પ્રણાલી શી છે તે વિગતવાર નોંધવું. જો ઘોડાને ગરદનને છેડે ખાંધના હાડકાના સાંધાથી તે ખરી સુધી સીધો માપવામાં આવતો હોય તો તે વિગતે નોંધવું. જો તેની આ ઊંચાઈ હાથમાં મપાતી હોય અને આવા હાથનું માપ જો ચાર ઈંચનૃં હોય તો તે પણ નોંધવું. સામાન્ય રીતે ઘોડાને માપવા માટે તેને સમતલ જગ્યા પર ઊભો રખાતો હોય અને જો તેને નાળ નાખવામાં આવેલી હોય તો અમુક ઊંચાઈ કાપવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું. જો અમુક ઊંચાઈ હોય તો તે અધ્યયન હેઠળના સમાજમાં ઘોડો મનાતો હોય અને તેનાથી ઓછી ઊંચાઈ હોય તો તે ટટ્ટુ મનાતું હોય તો તે પણ વિગતવાર નોંધવું. દા. ત. ૧૪.૨ હાથ કરતાં વધુ ઊંચાઈ હોય તો તે ઘોડો ગણાય અને તેના કરતાં ઓછી હોય તો તે ટટ્ટુ ગણાય વગેરે.

ઘોડાની પરખ અંગે અધ્યયન હેઠળના સમાજની પ્રતિષ્ઠા કેવી ગણાય તે પણ વિગતે નોંધવું. ઘોડાની કેટલી જાતો હોવાનો અધ્યયન હેઠળના સમાજનો ખ્યાલ છે? સાઠેક? અધ્યયન હેઠળના સમાજમાં તેના ઉપયોગ પરથી પણ કોઈ વર્ગીકરણ થાય છે ખરું? દા. ત. સવારીના ઘોડા અને માલવહનના ઘોડા. તે જ રીતે રેસના ઘોડા, આરબ ઘોડાના જેવાં કે કાઠિયાવાડી ઘોડા, મારવાડી ઘોડા તેમ જ ભૂતિયા, મણિપુરી, સ્પિતીનાં ટટ્ટુ જેવાં અન્ય કોઈ જાતોનાં વર્ગીકરણ હોય તો તે તેનાં લક્ષણો સહિત નોંધવાં. દા. ત. કાઠિયાવાડી યા મારવાડી જાતમાં ઘોડાના પાછલા પગના ઘૂંટણનો પાછલો ભાગ દાતરડા આકારનો હોય છે. જો તેના કાન ઊભા કરીએ અને મેળવીએ તો માથાના વચ્ચેના ભાગમાં મળે. આ ઘોડો પ્રમાણમાં પાણીદાર અને દેખાવડો પણ જણાય છે. મુખ્યત્વે ચળકતા બદામી, ભૂરા, રાતાભૂરા, ભૂખરા, ધોળાં ને કાળાં ટપકાંવાળા-કાબરચીતરા, અને સફેદ, ભૂરાં ને રાતાં ટપકાંવાળા કાબરચીતરા ઘોડા મળે છે. પણ તેમાંથી ચળકતા બદામી અને ભૂખરા રંગના ખાસ પસંદ કરવામાં આવે છે ૧૦. આ ઘોડાઓ મૂળ આરબ ઘોડાઓમાંથી



ઊતરી આવ્યા હોવાનું મનાય છે. તે જ રીતે ભૂતિયા ટટ્ટુ, નેપાળ-તિબેટની સરહદ પર, પશ્ચિમ બંગાળ, દાર્જિલિંગથી પંજાબ સુધીના હિમાલયની તળેટીના વિસ્તારોમાં પળાતા હોવાનું, મુખ્યત્વે ભૂખરા યા કાળા ભૂખરા રંગના હોવાનું અને પ્રસંગોપાત્ત ચળકતા, બદામી કે કાબરચીતરા પણ મળતા હોવાનું, સારા ટટ્ટુની ઊંચાઈ ૧૩ હાથ, તેમ જ વજન ૬૦૦થી ૮૦૦ પાઉન્ડ હોવાનું તેમ જ તેનાં શારીરિક લક્ષણોમાં મુખ્યત્વે સુગઠિત બાંધો, વિશાળ કપાળ, ટૂંકું અને ભરેલું ગળું, વિશાળ છાતી, સીધા ખભા, મજબૂત પીઠ, બરછટ વાળવાળા પગ, લાંબી પૂંછડી ને કેશવાળી હોવાનું નોંધાયું છે. તે જ રીતે મણિપુરી ટટ્ટુઓ મુખ્યત્વે મણિપુર રાજ્યમાં સદીઓથી ઊછરતાં હોવાનું, તેની ગતિ, સહનશક્તિ અને દેખાવ માટે વિખ્યાત હોવાનું, પોલો, રેસ અને લશ્કરી હેરફેરમાં વપરાતાં હોવાનું, તેમ જ કદમાં નાનાં હોવા છતાં, સપ્રમાણ બાંધો ધરાવતાં હોવાનું નોંધાયું છે. મણિપુરી જાતના ઘોડાઓનું વજન અંદાજે ૬૫૦ પાઉન્ડની આસપાસ હોય છે. તેમનું ગળું મજબૂત, માંસલ અને ચોખ્ખું, ચહેરો સહેજ લાંબો, અને ચતુર, ઉમદા લાગે તેવો, છાતી પહોળી, પાંસળી સપ્રમાણ ઊપસેલી હોય છે. એની ઊંચાઈ ૧૧થી ૧૩ હાથની હોય છે. સ્પિતી ટટ્ટુને કન્યાટ નામની હિંદુ જ્ઞાતિ વંશપરંપરાગત રીતે સ્પિતી વિસ્તારમાં ઉછેરે છે. આ જાત ઓછા ખોરાક, ઠંડી હવા અને લાંબો પ્રવાસ ખેડી શકે તેવી સહનશીલ અને મજબૂત હોય છે. એની ઊંચાઈ સામાન્ય રીતે ૧૨ હાથની હોય છે. તેની આ ઊંચાઈ ટકાવવા માટે અંતર્પ્રજનન કરાવવામાં આવે છે. તેનું શરીર સુગ્રથિત, કાન તીણા, પગ ગોળ, ટૂંકા, મજબૂત અને વાળવાળા, તેમ જ પૂંછડી લાંબી અને ભરાવદાર હોય છે. સામાન્ય રીતે તેમાં ઘેરો ભૂખરો, લોખંડી ભૂખરો, અને ગધેડાના જેવો ભૂખરો રંગ જોવા મળે છે, પણ કવચિત્ બદામી અને કાળો રંગ પણ જોવા મળે છે. તેમનો ઉપયોગ મુખ્યત્વે માલવહન તેમ જ સવારી માટે થાય છે. અમુક ગુણો ઘોડાની અમુક જ ઓલાદમાં જોવા મળતા હોવાની જો માન્યતા હોય તો તે વિગતવાર નોંધવી.

ઘોડા કે ઘોડીનાં અમુક લક્ષણો વધારે શુકનવંતાં કે સારાં-નરસાં ગણાતાં હોય તો તે પણ વિગતે નોંધવું. દા૦ ત૦ સપ્રમાણ માથું તેમ જ તીણા કાન અને માયાળુ આંખવાળો ઘોડો સારો ગણાય. ગળું ભરાવદાર હોવું જોઈએ, પણ તે બહુ લાંબું કે ટૂંકું ન હોવું જોઈએ. ગળું મજબૂત ખભાઓમાં મળવું જોઈએ. એની પીઠ ઘેરાવાદાર અને સપ્રમાણ લંબાઈની હોવી જોઈએ. આગલા પગ ખભા પાસે પૂરતા પહોળા હોવા જોઈએ. ઘૂંટણ નીચે પણ પગ પહોળા અને સપાટ લાગવા જોઈએ. સાથળ લાંબી અને માંસલ હોવી જોઈએ. ઘોડાના પાછલા પગની ઘૂંટી અને ખરી વચ્ચેનો ભાગ આગલા પગ કરતાં પ્રમાણમાં ઓછો ઢળતો હોવો જોઈએ. પાછલી બાજુથી જોઈએ તો તેનો પાછલો ભાગ ગોળ હોવો જોઈએ. તેના પગ ચોખ્ખા અને સીધા હોવા જોઈએ. આગળની બાજુથી જોઈએ તો તેનું માથું ઊંચું રહેતું હોવું જોઈએ. તે ચેતનવંતો હોવો જોઈએ. તેની છાતી સ્વચ્છ અને નક્કર હોવી જોઈએ. ઘોડાનાં કયાં લક્ષણો આવકાર્ય ન લેખાય? દા. ત. તેના શરીરના પ્રમાણમાં માથું બહુ મોટું ન હોવું જોઈએ. તેના ગળાનો વળાંક, ઘેટીના ગળા યા હંસના ગળા જેવો ન હોવો જોઈએ. તેની પીઠ ખાલી ન હોવી જોઈએ. તે નબળાઈની અને કદાચ વધુ વયની – વૃદ્ધાવસ્થાની – નિશાની છે. તેના ઘૂંટણ અથડાવા ન જોઈએ. ખરી નાની અને ગધેડાના જેવી ન હોવી જોઈએ. કબૂતરના જેવા આંગળા પરની ખરી પણ સારી ન ગણાય. ઘોડાના પાછલા પગના ઘૂંટણનો પાછલો ભાગ અંદરની બાજુ વળતો ન હોવો જોઈએ. તેવો ઘોડો ગાયના જેવા પાછલા પગવાળો ગણાય.

ઘોડાનું સાધારણ આયુષ્ય કેટલું? તેની વયના વિવિધ તબક્કા, અને તબક્કાવાર તેની વર્તનઢબ અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં દાંત પરથી ઘોડાની વય માપવામાં આવે છે? જન્મ પછી દસેક દિવસે દૂધિયા દાંત દેખાવાની શરૂઆત થાય? બેએક વર્ષે દૂધિયા દાંત પૂરેપૂરા આવી જાય? અને દાંતની કરડવાની ધાર પર નાનાં કાળાં વલય પણ દેખાય? ત્રણેક વર્ષે પહેલા કાયમી દાંત આવવાની શરૂઆત થાય? પાંચેક વર્ષે બધા જ કાયમી દાંત આવી રહે? ખૂણાના છેદક દાંત માત્ર આગળ જ મળે? સાત વર્ષે ખૂણાના છેદક દાંત મળવા માંડે? દેખાવા માંડે? પંદર વર્ષે દાંત બહારની બાજુ આવવા માંડે? પચ્ચીસ વર્ષે આવો ઢાળ ઘણો વિશેષ વધે? વગેરે.

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડા-ઘોડી, વછેરા-વછેરી વગેરેનાં જો નામ રખાતાં હોય તો તે અંગેની વિગતો નોંધવી. કેટલાંક નામ પાછળ જો કોઈ ખાસ અર્થ હોય તો તે પણ નોંધવા. કેટલાંક નામ લાડનાં હોય અને કેટલાંક અમુક પ્રસંગે લેવાતાં હોય તો તે તેમ જ વછેરા કે વછેરી હોય ત્યારે અને તે પુખ્ત વયનાં થતાં જો આ નામ બદલાતાં હોય તો તે પણ નોંધવું.

ઘોડા-ઘોડી અને વછેરા-વછેરી વચ્ચેની વિભિન્નતા અંગે અધ્યયન હેઠળના સમાજના જે ખ્યાલો હોય તે વિગતવાર નોંધવા.

ઘોડીમાં સગર્ભાવસ્થાનો સરેરાશ ગાળો કેટલો ગણાય? ૩૪૦ દિવસનો? સામાન્ય રીતે પ્રસવ થયા પછી તે કેટલા સમયે ગરમીમાં આવે? નવમે દિવસે? જો તે વખતે ચુકાય તો ત્યાર બાદ સોળમા દિવસે? જો ફરીથી ન ફળે તો એકવીસમા દિવસે? ત્યાર બાદ દરેક એક-વીસમા દિવસે? આવો ગરમીમાં રહેવાનો ગાળો કેટલા દિવસનો રહે? ચારથી સાત દિવસનો?

સામાન્ય રીતે વછેરી પ્રથમ વાર કેટલી વયે ઋતુમાં આવે? ૧૨થી ૧૫ મહિને? અધ્યયન હેઠળના સમાજમાં તે જ વયે તેને ફળાવવામાં આવે છે ખરી? જો ન ફળાવવામાં આવતી હોય તો સામાન્ય રીતે લગભગ કેટલી વય સુધી રાહ જોવામાં આવે છે? ત્રણેક વર્ષની વય સુધી ખરી? સામાન્ય રીતે ઘોડો ક્યારે બરાબર પુખ્ત વયનો થયેલો મનાય? પાંચેક વર્ષે? પણ ક્વચિત્ પ્રજનનમાં તેનો ક્યારથી ઉપયોગ કરવામાં આવે છે? ૩થી ૪ વર્ષનો હોય ત્યારથી? પાંચ વર્ષની વયે કેટલી ઘોડીઓ માટે તે સામાન્ય રીતે પ્રજનન માટે વાપરી શકાય? ૫૦થી ૬૦? સામાન્ય રીતે આ દર અઠવાડિયામાં કેટલો હોય? ચારથી પાંચ વખત? વધુમાં વધુ કેટલો ઉપયોગ થયાના દાખલા મળે છે? ૩૦૦થી ૪૦૦ ઘોડીઓ? પ્રજનન માટે વધુ પડતો ઉપયોગ ફળદ્રુપતા પર પણ અસર કરે તેવી જો કોઈ માન્યતા હોય તો તે વિગતે નોંધવી. સામાન્ય રીતે ઘોડી કેટલાં બચ્ચાંને જન્મ આપે? એક જ? કોઈક વાર જોડકાં પણ આવે ખરાં? તેવું ભાગ્યે જ બનતું હોવાનું અધ્યયન હેઠળના સમાજનું જો નિરીક્ષણ હોય તો તે વિગતે નોંધવું.

ઘોડીના દૂધનો વછેરા-વછેરીને ધવડાવવા સિવાય અન્ય કોઈ ઉપયોગ ખરો? ઘોડીને કોઈ વાર દોહવામાં આવે ખરી? જો આવતી હોય તો ક્યારે? ઘોડીના દૂધ અંગેની અધ્યયન હેઠળના સમાજની વિવિધ માન્યતાઓને વિગતવાર નોંધવી.

ઘોડાને પલોટવાની સમગ્ર તાલીમ અંગેની પદ્ધતિ, સાધનો, તાલીમદાતા, તાલીમ વખતની ઘોડાની વય, તાલીમનો સમય, તાલીમ વખતે ખાસ વપરાતાં સાધનો, તેમાં વપરાતી સંજ્ઞાઓ



અને એનું ઘોડા પાસે કરાવવામાં આવતું દૃઢીકરણ વગેરે બાબતો વિગતવાર નોંધવી. વછેરા-વછેરીની તાલીમમાં જો થોડો કંઈ ફેર હોય તો તે પણ વિગતે નોંધવો. સવારી માટે ઘોડા-ઘોડી/વછેરા-વછેરીમાંથી કોને સવિશેષ પસંદગી અપાય અને શા માટે? તે પણ નોંધવું.

સામાન્ય રીતે વછેરાને માણસમાં વિશ્વાસ આવે તે માટે નાની વયથી જ તાલીમ આપ-વાની શરૂઆત થાય છે ખરી? જો નાની વયે તાલીમ અપાય તો પ્રાણી વધારે આજ્ઞાંકિત બને એવી પણ જો માન્યતા હોય તો તે વિગતે નોંધવી. દા. ત. વછેરો ચૌદેક દિવસનો થાય એટલે તેના ગળામાં રાશ ભરાવી શકાય, તે જ રીતે તેને દોરવાનું પણ થઈ શકે. દૃઢતાથી પણ તેને દર્દ ન થાય તેવી રીતે વછેરાને પલોટવો જોઈએ. શરૂઆતમાં તેની માતા ઘોડીની સાથે અને પછી તેને એકલાને લેવો જોઈએ. જો વછેરો ભાગી જાય તો તેની પાછળ ન પડવું જોઈએ પણ જો તેની માતાને રહેવા દેવામાં આવી હશે તો તે આપમેળે પાછો આવશે. સર્વ પ્રથમ તેના પાલકે તેનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ અને ત્યાર બાદ જ તેને સવારીમાં કે કોઈક કામમાં ઉપયોગમાં લેવાવો જોઈએ વ. બાબતોનો ખ્યાલ રખાય છે? ઘોડાને અધ્યયન હેઠળના સમાજમાં કઈ કઈ રીતે કસરત કરાવવામાં આવે છે તે ખૂબ જ વિગતવાર નોંધવું. તે જ રીતે તેને કૂદકા મારતાં શીખવવાનું તેમ જ તેની સાથે સંબંધિત સર્વ વિગતો પણ ખાસ અલગ તારવીને ખૂબ જ વિગતવાર નોંધવી.

ઘોડાને પરંપરાગત રીતે કોઈ ખાસ પ્રકારની કસરતો કરાવવાનો ખ્યાલ અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત છે ખરો? જો હોય તો કઈ કઈ તે વિગતે નોંધવું. વિવિધ કસરતો પાછળ અપાતો સમય વ૦ અંગે પણ વિગતે નોંધવું. ઘોડેસવાર થઈને કરવામાં આવતી કસરતો ઉપરાંત, સવારી કર્યા વિના પણ કરવામાં આવતી ખાસ કોઈ કસરતો હોય તો તે પણ નોંધવી. દા. ત. એક કસરતમાં ઘોડાને, એનો ખાસ અનુભવી તાલીમ આપનાર કેન્દ્રમાં ઊભો રહીને ચારે બાજુ લગામ દ્વારા ફેરવે છે અને ખાસ કરીને તેને તાલીમ આપવાના શરૂઆતના તબક્કામાં વિવિધ ચાલમાં, અવાજ અને ચાબુકના સહારે, વિવિધ પ્રકારની કસરતો કરાવે છે. બીજી એક કસરતમાં લાંબી લગામ દ્વારા ઘોડાને વિવિધ ચાલે ચલાવતાં તેને આજ્ઞાપાલક બનાવતાં શીખવાય છે. આવી કસરતોમાં તાલીમદાતા પ્રમાણમાં અનુભવી હોવો જોઈએ અને તે ઘોડાને ચોક્કસ શું કરાવવા માગે છે તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ તેવી સભાનતા સામાન્ય રીતે પ્રવર્તે છે ખરી?

ઘોડાઓને સામાન્ય રીતે કૂદવું ગમે ખરું? કૂદવાની તાલીમ આપતી વખતે સામાન્ય રીતે શરૂઆત કેવી રીતે કરવામાં આવે છે તે વિગતે નોંધવું. કૂદતી વખતની ઘોડાના સમગ્ર હલનચલન અંગેની વિગતોનું માહિતીદર્શકનું નિરીક્ષણ વિગતે નોંધવું. દા. ત. ઘોડો જ્યારે કૂદે ત્યારે તેનું માથું સહેજ નીચું કરશે, ગરદન લંબાવશે, તેના પાછલા પગ તેના શરીર નીચે લાવશે, એના આગલા પગ જમીન પરથી આગળ, ઉપર ઊંચકશે, પાછલા પગ જમીન પરથી ઊંચકશે, અને તેના કૂદકાની આ અવસ્થામાં તેનું શરીર લગભગ કમાનાકાર થશે. તેનું માથું અને ગળું જેટલાં બને તેટલાં આગળ લંબાયેલાં રહેશે. ક્ષણભર તેના આગલા પગ આગળ અને પાછલા પગ પાછળ ખેંચાયેલા રહેશે. જેવા જમીન પર આગલા પગ પડવા જાય કે તરત જ તેના આગલા પગ લંબાશે, માથું ઉપર આવશે, જેથી સમતુલા સચવાઈ શકે, તરત જ પાછલા પગ જમીન પર પડશે, અને તે ફરીથી આગળ ધપવા માંડશે. ઘોડેસવારીમાં ઘોડાની

આ કુદરતી સ્થિતિને શક્ય હોય તેટલા અનુકૂળ બને તે રીતે કૂદકો મરાવવાનું અધ્યયન હેઠળના સમાજમાં ખ્યાલમાં રખાય છે ખરું? ઘોડાની કૂદકો મારવાની તાલીમ કઈ રીતે, ક્યાં સાધનોથી અપાય છે તે તબક્કાવાર વિગતવાર નોંધવું. દા. ત. પહેલાં સામાન્ય વાંસ યા દોરિયાં છેક સપાટ જમીન પર મૂકીને તેને ઓળંગાવવાથી તેની શરૂઆત થતી હોય, અને ત્યાર બાદ વિવિધ ઊંચાઈ પર, વિવિધ સાધનો પર જો તેને કૂદકા મારવાનું શીખવવામાં આવતું હોય તો તે નોંધવું. આવા કૂદકા વર્તુળાકારે અને સીધા, વિવિધ અંતરે મરાવવામાં આવતા હોય તો તે પણ નોંધવું. તે જ રીતે ખુલ્લાં મેદાનોમાં યા કુદરતી વાતાવરણમાં, વિવિધ કુદરતી ચીજવસ્તુઓ, દા. ત. આડાં પડેલાં વિવિધ લાકડાંઓ, ઘાસના પૂળા કે ગંજીઓ, વાડ, વહેળાઓ વ. કુદાવીને તેને તાલીમ અપાતી હોય તો તે પણ વિગતે નોંધવું.

ઘોડાના શરીરના વિવિધ ભાગોના કે તેના કેશવાળી કે પૂંછડાના વાળના અધ્યયન હેઠળના સમાજમાં અમુક વિશિષ્ટ ઉપયોગ હોય તો તે વિગતવાર નોંધવા.

ઘોડા/ઊંટના વાળના અધ્યયન હેઠળના સમાજમાં કરવામાં આવતા ઉપયોગને વિગતવાર નોંધવા. તેમાંથી જે તે પ્રાણીને બાંધવા યા શણગારની યા ઇતર ઉપયોગની સાથે સંબંધિત જે જે સામગ્રી તેના વાળમાંથી તૈયાર કરવામાં આવતી હોય તે અંગે વિગતવાર નોંધ કરવી. આવી નોંધમાં આવી સાધનસામગ્રી કોણ, ક્યારે, કઈ રીતે બનાવે છે અને સામાન્ય રીતે તે કેટલી ટકે છે તે પણ નોંધવું. વાળ વગેરે ઉતારવા માટે જો કોઈ નિશ્ચિત સમય હોય તો તે પણ નોંધવું. દા. ત. ઊંટના વાળ જો લગભગ શિયાળાના અંતમાં ઠંડી પૂરી થયે ઉતરાવવામાં આવતા હોય તો તે નોંધવું. તે જ રીતે અમુક પ્રાણીના વાળ વૃદ્ધાવસ્થામાં ધોળા થતા હોય તો તે અંગે પણ વિગતવાર નોંધ કરવી. આવી નોંધમાં ક્યાં ક્યાં પ્રાણીના વાળ ધોળા થાય, ક્યારે, કઈ વયે થાય, અમુક પ્રાણીમાં વિશેષ ધોળા થતા હોય તો તે તેમ જ અમુક સ્થળેથી (દા. ત. પૂંછડેથી) વાળ ધોળા થવાની શરૂઆત થતી હોય તો તે પણ વિગતે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં ઘોડાને કોઈ વાર કાતરવામાં આવે છે ખરા? જો હા, તો ક્યારે? કાતરવાના વિવિધ પ્રકારો પણ જો અધ્યયન હેઠળના સમાજમાં જોવા મળતા હોય તો તે વિગતે નોંધવા. દા. ત. ધાબળાકાપ, શિકારીકાપ વ૦. આવાં કાતરવાની વિવિધ ભાતનાં વિગતવાર વર્ણન નોંધવાં.

ઘોડાની કેશવાળી કે પૂંછડી ગૂંથવાની પ્રથા અધ્યયન હેઠળના સમાજમાં છે ખરી? જો ન હોય તો આડોશપાડોશના સમાજમાં પણ આવી કોઈ પ્રથા છે કે કેમ અને અધ્યયન હેઠળનો સમાજ તેનાથી પરિચિત છે કે કેમ તે વિગતે નોંધવું. જો હોય તો નિયમિત રીતે ગૂંથાય છે કે કોઈ પ્રસંગોપાત્ત? પ્રસંગોપાત્ત ગૂંથાતી હોય તો તે ક્યારે તે વિગતે નોંધવું. જો અધ્યયન હેઠળના સમાજમાં ગૂંથવાની પ્રથા હોય તો ગૂંથવાની વિવિધ પદ્ધતિઓ – પ્રકારો વગેરે વિગતવાર નોંધવા. તેના નામકરણ તેમ જ નામકરણની પશ્ચાદ્‌ભૂમિકા પણ વિગતવાર નોંધવી. જો માત્ર કેશવાળી જ ગૂંથવાની પ્રથા હોય અને પૂંછડી ગૂંથવાની પ્રથા ન હોય તો તે પણ વિગતે નોંધવું. જો આ રીતે વાળ ગૂંથવા પર કોઈ પ્રતિબંધ ધરાવતી માન્યતા હોય તો તે પણ નોંધવું યા અમુક જ વ્યક્તિ તે ગૂંથી શકે તેવી જો માન્યતા હોય તો તે પણ વિગતવાર નોંધવું. કેશવાળીના પ્રમાણમાં પૂંછડી ગૂંથવાનું જો જવલ્લે જ જોવા મળતું હોય તો તે કારણસહિત નોંધવું. દા. ત. પૂંછડી ગૂંથવાનું પ્રમાણમાં વધારે અઘરું ને ગૂંચવણભર્યું છે. જો કેશવાળી ગૂંથવામાં આવતી હોય તો તે કઈ રીતે ગૂંથવામાં આવે છે? પહેલાં કેશવાળીના વાળના ગુચ્છના સરખા



ભાગ કરવામાં આવે છે? ત્યાર બાદ એક એક ભાગને ગૂંથવામાં આવે છે? તેમાં સોય-દોરાનો પણ ઉપયોગ કરવામાં આવે છે ખરો? કઈ રીતે? સોયાનો ઉપયોગ થતો હોય તો તે પણ નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત વિવિધ કેશવાળી ગૂંથણી પ્રકારો અંગે ખૂબ વિગતે નોંધવું. ઘોડાને માટે વાપરવામાં આવતી લગામ, તેના પ્રકારો, તેના વિવિધ ભાગોનાં નામ, તેમાં વપરાતી સાધનસામગ્રીની ધાતુ યા ચામડા વ૦નો પ્રકાર, તે દરેકની લંબાઈ તેમ જ જાડાઈ વગેરે, તેમાં જોવા મળતાં વિવિધ વૈવિધ્ય અને તેના હેતુઓ, વ૦ વિગતવાર નોંધવાં. તે જ રીતે આવી લગામ પહેરાવવાની પદ્ધતિ તેમ જ તેનો વિવિધ તબક્કે ઉપયોગ વ૦ પણ ખૂબ જ વિગતવાર નોંધવાં. નવા પલોટાયેલા પશુને તે કેવી રીતે પહેરાવાય તે પણ વિગતવાર નોંધવું. લગામથી શરીરના કોઈ ભાગ પર જો અમુક ખાસ સંજોગોમાં કોઈ ઈજા થતી હોય તો તે તેમ જ તેને નિવારવાના ઉપાયો નોંધવા. લગામનો અધ્યયન હેઠળના લોકસાહિત્યમાં જે કંઈ ઉલ્લેખ હોય તે ખૂબ વિગતવાર મેળવવો. ઘોડાના પલાણનાં અધ્યયન હેઠળના સમાજમાંનાં વિવિધ નામો તેમ જ પ્રકારો વિગતવાર નોંધવાં. પલાણમાંના વિવિધ ભાગોનાં નામ, તેમાં વપરાતી સાધન-સામગ્રીનો પ્રકાર, તેના હેતુ, દરેકનું કદ, તેમાં આવતાં વૈવિધ્ય, દરેકનો હેતુ, તેને બનાવવાનો ક્રમ, તેને બનાવતી વખતે લેવામાં આવતી કાળજી વગેરે ખૂબ વિગતે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત વિવિધ પ્રકારનાં પલાણને વિગતવાર નોંધવાં. વિવિધ હેતુઓ માટે જો વિવિધ પ્રકારનાં પલાણ વપરાતાં હોય તો તે પણ નોંધવું ને જો બધા જ હેતુઓ માટે એક જ પલાણનો ઉપયોગ થઈ શકતો હોય તો તે વિગતવાર નોંધવું. સારા અને ખરાબ પલાણનાં અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ લક્ષણો નોંધવાં. જો ખરાબ પલાણ હોય અને તેનાથી જો પીઠ પર છાલાં પડે તો ફરીને ઘોડાનો સવારીમાં સામાન્ય રીતે ક્યારે ઉપયોગ થાય? જો પલાણ કરોડને અડકે તો તેવે સમયે તે પલાણ બદલવું આવશ્યક લેખાય છે? પલાણનું સવારીમાં ક્યારે ક્યારે પરીક્ષણ કરવામાં આવે છે તે પણ વિગતે નોંધવું. ઘોડા પર બરાબર બેસે અને તેના શરીરના કોઈ ભાગને ઈજા ન થાય તેને માટે લેવામાં આવતી કાળજી અંગે ખૂબ વિગતે નોંધવું. જો પલાણ બરાબર ન બેસે તો તેનાથી ક્યાં ક્યાં અને શી શી ઈજા થાય તે તેમ જ તેના ઇલાજો અંગે વિગતે નોંધવું. આવું પલાણ સાફ કઈ રીતે થઈ શકે, ક્યારે ક્યારે તે સાફ કરવાનું હોય, તે કોણ કરે તેમ જ તે શા માટે સાફ કરવું જરૂરી છે વ૦ અંગે પણ ખૂબ વિગતવાર નોંધ કરવી. અધ્યયન હેઠળના સમાજમાં ઘોડાના/ઊંટના પલાણ અને લગામ વ૦ સાફ કરવાની પ્રથા છે ખરી? સામાન્ય રીતે આવી સફાઈ ક્યારે ક્યારે કરવામાં આવે છે? તે સામાન્ય રીતે કોણ કરે? આવી સફાઈમાં વપરાતી સાધનસામગ્રી વ૦નો ખૂબ વિગતવાર નિર્દેશ કરવો. આવી સફાઈની સમગ્ર પદ્ધતિ, તેમાં રાખવામાં આવતી કાળજી, તેમ જ તેમાં શું શું કરવું જોઈએ અને શું શું ન કરવું જોઈએ તે અંગે વિગતવાર નોંધવું.

ઘોડાની સારસંભાળ અંગેની વિગતવાર નોંધ કરવી. જેમાં તેના દાણાપાણી વગેરે ઉપરાંત તેને નવડાવવું, મસાજ, ખરેરો વગેરેનો સમાવેશ થઈ શકે. ઘોડા-ઘોડીની સારસંભાળ લેવાનું કામ સામાન્ય રીતે અમુક જ વર્ગના માણસો કરતા હોય તો તે અંગેની વિગતો નોંધવી.

ઘોડાને પંપાળવાની, લાડ લડાવવાની વિવિધ રીતોનું, તે વખતે બોલાતા શબ્દોનું અને ઘોડો જો અવસાન પામે તો તે પછી તેના માલિક અને કુટુંબના વિવિધ સભ્યો દ્વારા તેને યાદ કરીને બોલાતા શબ્દો, અપાતી અંજલિની પણ નોંધ કરી શકાય. ઘોડાને તેનો માલિક લાડ કઈ રીતે લડાવી શકે? માલિક ગુસ્સે થાય ત્યારે કઈ રીતે વર્તે? ઘોડાની નિમકહલાલી અંગેના

અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો નોંધવા. ઘોડાની સાથેનો તેના પાલકનો વર્તાવ મિત્રાચારી-ભર્યો હોય છે? અન્ય કોઈ પોતાની સાથે જે પ્રકારનો સૌજન્યતાભર્યો વર્તાવ દાખવે એવું પાલક ઈચ્છતો હોય તેવો વર્તાવ પોતે ઘોડાની સાથે રાખે છે ખરો? પાલક અને ઘોડાની વચ્ચે પરસ્પર આદર, પ્રેમ, વિશ્વાસ અને આંતરસમજ કેળવાય તેનો પાલક ખ્યાલ રાખે છે ખરો? પાલક ઘોડાની સાથે માયાળુ અને મમતાભર્યા શબ્દોમાં વાત કરે છે? તેને પંપાળે છે? તેને થાબડે છે? કોઈક વાર હાથે ખવડાવે છે? આ બધી બાબતો ઘોડાને આનંદી અને સારી સ્થિતિમાં રાખવામાં સહાયભૂત થશે તેનો પાલકને ખ્યાલ હોય છે ખરો? જો તે ઘોડાને વઢશે, ગુસ્સાભર્યા અવાજમાં વાત કરશે કે વર્તશે, મારશે કે ગેરવર્તણૂક કરશે તો ઘોડો જક્કી, ઠેકડા ભરનારો, તેમ જ અવિશ્વાસુ બનશે, તેનો પાલકને ખ્યાલ હોય છે ખરો?

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડાને કોઈ વાર નવડાવવામાં આવે ખરો? સામાન્ય રીતે ક્યારે? કેવા પાણીથી? ગરમ? ઠંડા? કેવા સાધનથી? તેને માલિસ કરવામાં આવતી હોય તો તે પણ નોંધવું. ઘોડાને ખરેરો કરવામાં આવે છે ખરો? તે કઈ રીતે, કોણ, ક્યારે, શા માટે, કઈ સાધન-સામગ્રીથી કરે છે તે વિગતવાર નોંધવું. જો ખરેરો ન કરવામાં આવે તો તેનાથી શા શા ગેર-ફાયદા થાય તેમ મનાય છે? કામ કરતા ઘોડા કરતાં કામ વિનાના ઘોડાને ખરેરો વધુ કરવો જોઈએ તેવું ખરું? ખરેરો કરનાર પર માલિકનું નિરીક્ષણ રહે છે ખરું? ખરેરો બરાબર કરવામાં આવ્યો છે તેનું પરીક્ષણ કઈ કઈ રીતે થઈ શકે? ઘોડાની ચામડી પરથી? જો તેના વાળ પર હાથ ફેરવવામાં આવે તો તેના પર ધૂળ યા મેલ ન લાગે તે પરથી? ખરેરો વાળના વળાંકની દિશામાં કરવામાં આવે કે તેથી ઊલટો? જો ખરેરો વાળની દિશામાં જ કરવામાં આવતો હોય તો તે વિગતવાર નોંધવું. ખરેરા માટેના કેટલાક સામાન્ય નિયમો હોય તો તે નોંધવા. દા. ત. તેને કસરત કરાવતાં પહેલાં હળવો ખરેરો કરવો જોઈએ. પણ કામમાંથી આવ્યા પછી તેને બરાબર ખરેરો કરવો જોઈએ. જો ઘોડો ખૂબ થાકેલો હોય તો તે સંજોગોમાં થોડોક સમય ઘોડાને એકલો છોડી દેવો જોઈએ. તેને થાક ખાવા દીધા પછી ખરેરો થઈ શકે. ઘોડાને ખરેરો કરવામાં આવે ત્યારે તે શાન્ત અને પરસેવા વિનાનો હોય તે જરૂરી ગણાય. ઘોડા માટે જો કોઈ ખાસ પ્રકારનું આવરણ વાપરવામાં આવતું હોય તો તે નોંધવું. આવું આવરણ શેનું બનેલું હોય છે? તેનો હેતુ શો હોય છે? ઠંડી, ગરમી કે વરસાદથી બચાવવાનો? ધૂળથી બચાવવાનો? ઋતુવાર યા દિવસ કે રાત્રિનાં યા તબેલામાં અને તબેલા બહાર વાપરવાનાં આવરણ જુદાં હોય તો તે વિગતે નોંધવું. આવાં આવરણ અમુક જ સમયે કે પ્રસંગે વપરાતાં હોય તો તે તેમ જ અધ્યયન હેઠળના સમાજમાં આવી કોઈ પ્રથા ન હોય તો તે પણ નોંધવું. આવાં આવરણના આકાર, પ્રકાર, રંગ, કદ, બાંધવાની પદ્ધતિ, તેમાં વપરાતી સામગ્રી વગેરે અંગે ખૂબ વિગતવાર નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડાને પગે પ્રવાસ દરમિયાન સંરક્ષણ યા મજબૂતાઈ માટે પણ પાટા બાંધવાની પ્રથા છે ખરી? જો હોય તો તેનો હેતુ તેમ જ તે ક્યારે બંધાય તે તેમ જ કઈ રીતે બંધાય છે તે વિગતવાર નોંધવું. તેમાં વપરાતી સાધનસામગ્રી અંગે પણ વિગતે નોંધવું. તેમાં રૂનું આવરણ પણ જો વાપરવામાં આવતું હોય તો તે શા માટે, કઈ રીતે અને કેવા સ્વરૂપનું વપરાય છે તે નોંધવું. જો પટ્ટાની લંબાઈ વિશેષ હોય તો તેને કઈ રીતે બાંધવામાં આવે છે. અને બાંધવાની શરૂઆત ક્યાંથી, કઈ રીતે કરવામાં આવે છે તે પણ વિગતે નોંધવું.



જો પગ ઉપરાંત પૂંછડી પણ બાંધવામાં આવતી હોય તો તેનો હેતુ, પદ્ધતિ, પ્રકાર, શરૂઆત અને અંતનું સ્થાન, તેમાં વપરાતી સાધનસામગ્રી વગેરે સહિત વિગતવાર નોંધવું.

ખરીનો આધાર શેના પર રહે? ઘોડો જ્યાં રહે છે તે વાતાવરણ તેમ જ જમીનના પ્રકાર પર? ગરમ પ્રદેશમાં ઘોડાની ખરી સખત અને સૂકી હોય છે? ઘોડાને ખરી જડાવ્યા વિના પણ ચાલી શકે? જો પાકા રસ્તા પર ચાલવાનું હોય તો ખરી જડાવવી પડે? તેમાં ખાસ કરીને કઈ ધાતુની ખરી જડાવાય? સામાન્ય રીતે કઈ વયે તે જડાવાય? દરેક ઘોડાને ખરી જડાવવામાં આવે? નાળ ચઢાવવામાં આવે છે? શા માટે? કેટલી વયે? કયા કારણસર? તેને ચઢાવવાની સમગ્ર પદ્ધતિ વિગતવાર વર્ણવવી. તે કેટલો સમય ચાલે? ક્યારે બદલવી પડે તે પણ નોંધવું. સામાન્ય રીતે કયા સંજોગોમાં તે કઢાવી નાખવી પડે તે પણ નોંધવું. નાળ સાથે સંબંધિત કોઈ માન્યતા-ઓ હોય તો તે પણ નોંધવી. આ અંગેના લોકસાહિત્યના નિર્દેશો પણ વિગતવાર નોંધવા.

ઘોડાના શરીર, કેશવાળી, ચહેરો, ખરી, પૂંછડી વ૦ની સંભાળ માટે વપરાતાં વિવિધ સાધનો તેમ જ તેને સાફ કરવાની વિવિધ પદ્ધતિઓ અંગે ખૂબ જ વિગતે નોંધવું. દા. ત. કેશવાળી સાફ કરવાનો કાંસકો, ખરી સાફ કરવાનાં, શરીરની સફાઈ માટેનાં વિવિધ પ્રકારનાં બ્રશ, ઘાસમાંથી તેને વળ આપીને બનાવવામાં આવતું દોરડાનું ગૂંચળું વ૦. તે જ રીતે તેને સાફ કરવાની વિવિધ પદ્ધતિ વગેરે પણ વિગતવાર નોંધવી. દા. ત. તેનું માથું સાફ કરતી વખતે શરીરને સાફ કરવાના બ્રશથી માથું હળવાશથી ઘસવું જોઈએ. આંખની આસપાસ ઘસતાં ખાસ સંભાળ રાખવી જોઈએ. આંખો અને નાકની પાસે વાદળીનો ઉપયોગ કરવો જોઈએ. ઘોડાને ત્યાં કોઈ ઉઝરડો ન પડે તેનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. ગળા અને શરીર પર બ્રશ કરતાં ઉપરથી નીચે, વાળના વળાંકની કુદરતી દિશામાં મોટા હલકે હાથે બ્રશ કરવું જોઈએ. પગ પણ ઉપરથી નીચે બ્રશ કરવા જોઈએ. તે જ રીતે કેશવાળી પણ કુદરતી રીતે જે બાજુ વળતી હોય તે જ બાજુ સાફ કરવી જોઈએ. વાળનો ગુચ્છ હાથમાં લઈને તેમાંની બધી ગૂંચ નીકળે તે રીતે હળવાશથી બ્રશ કરવું જોઈએ. ત્યાર બાદ તે બરાબર નીચે બેસે તે માટે તેને થોડી ભીંજવવી જોઈએ. તે જ રીતે પૂંછડી પણ ડાબા હાથમાં લઈ, તેમાંના થોડા વાળ લઈ, છેક અંત સુધી તેને બ્રશ કરવા જોઈએ. ત્યાર બાદ બીજો વાળનો ગુચ્છ લેવો જોઈએ. ખરી સાફ કરવાના સાધનથી ચારે પગની ખરી સાફ કરવી જોઈએ. તેને માટે વારાફરતી દરેક પગને ઊંચકાવીને તેની નીચે હાથ ફેરવવો જોઈએ. અંદરના અંગને પણ નુકસાન ન થાય તે રીતે સમગ્ર કામગીરી થવી જોઈએ. ખરીમાં વાપરવાના તેલનો પણ ઉપયોગ કરવો જોઈએ.

અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ ઘોડામાં પ્રવેશતા દુર્ગુણો કે ક્ષતિઓની યાદી કરવી. દા. ત. કેટલાક ઘોડા તબેલામાં બાંધતાં આમતેમ શરીર હલાવ્યા જ કર્યા કરવાની યા તબેલામાં આમતેમ સતત યા અમુક સમયે આંટા માર્યા કરવાની ટેવ વિકસાવે છે. જો બીજા ઘોડા પણ સાથે હોય તો તેમનામાં પણ આ ટેવ ન પ્રવેશી જાય તે માટે આવા ઘોડાને બીજાથી અલગ રાખવો જોઈએ તેમ જ જો એ કામ કરતો ઘોડો હોય તો તેને કામ પરથી સીધો ઘાસ પર જ લઈ જવો જોઈએ યા ચરવામાં વ્યસ્ત બનાવી દેવો જોઈએ. કેટલીક વખત અમુક ઘોડામાં ગમાણનું-તબેલાનું અમુક લાકડું કરડી ખાવાની ટેવ પડી જાય છે. આવા ઘોડાઓ કેટલીક વાર હવા પણ અંદર ભરતા હોય છે. કેટલાક દીવાલ ચાટતા હોય છે. કેટલાક લાકડું, છાણ અને પથારી માટેનું તૃણ ઘાસ પણ ખાઈ જતા હોય છે. આવું સામાન્ય રીતે અપૂરતા ખોરાક અથવા કોઈક પાચનક્રિયાની ગરબડને લીધે થાય છે.

ઘોડાને જ્યારે સુધારવાનો હોય ત્યારે તેનો પાલક આત્મવિશ્વાસપૂર્વક વર્તે છે ખરો? તે ધીરજ ગુમાવે છે? હિંમત ગુમાવે છે? સહેજ અચકાય કે ગભરાય છે? પાલકના મનમાંના આ ગભરાટની ગંધ ઘોડાને આવી જાય છે એવી કોઈ માન્યતા અધ્યયન હેઠળના સમાજમાં જો હોય અને તે અમુક નિયત શબ્દોમાં જો વર્ણવાતી હોય તો તે વિગતવાર નોંધવી.

ઘોડાના તબેલા માટે કેવી કાળજી લેવાય છે? ઘોડો તેની અર્ધા કરતાં પણ વધારે જિંદગી તબેલામાં કાઢે છે તે અંગે અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ ઉક્તિ હોય તો તે નોંધવી. તબેલામાં ઘોડાને સખત શ્રમ પછી પૂરતો આરામ મળે, તેમ જ ટાઢ, તડકો, વરસાદથી પૂરતું રક્ષણ મળે તેનો ખ્યાલ રખાય છે ખરો? સામાન્ય રીતે તબેલાની જગ્યા, આસપાસની જગ્યા કરતાં સહેજ ઊંચી હોય છે ખરી? ત્યાંથી છાણ-વાસીદું વગેરે સરળતાથી યા સહજ રીતે ખસેડાય તેવી વ્યવસ્થા થઈ છે ખરી? માખો ૧૦ ન થાય તે માટે તબેલાની સ્વચ્છતા પૂરતી સચવાય છે ખરી? માખના લીધે ઘોડાની આંખ અને નાક પર માખો બણબણે નહીં તેની કાળજી લેવાય છે? હવા-ઉજાસની પૂરતી સગવડ છે ખરી? માણસની જેમ જ ઘોડાને ચોખ્ખાં હવા-ઉજાસની આવશ્યકતા હોવાની હકીકત અધ્યયન હેઠળના સમાજમાં સ્વીકારાઈ છે ખરી? સામાન્ય રીતે ભોંયતળિયું, પૂરતું સૂકું રહે તેનો ખ્યાલ રખાય છે ખરો? તેના પગને પૂરતો આરામ મળે તે માટે તેને સ્વચ્છ સૂકા ઘાસની પથારીની સગવડ અપાય છે ખરી? અધ્યયન હેઠળના સમાજમાં આવો કોઈ ખ્યાલ વિકસ્યો છે ખરો? જો પરંપરાગત ઉછેરમાં આ ખ્યાલ ન હોય અને તાજેતરમાં તે અધ્યયન હેઠળના સમાજમાં પ્રવેશ્યો હોય તો તે પણ વિગતે નોંધવું. તબેલામાં ઘોડાને ઈજા કરે, આંટવે તેવી કોઈ વસ્તુ ન હોય તેનો ખ્યાલ રખાય છે ખરો? ૧૦. ઘોડા ને તબેલા અંગે જો કોઈ ઉક્તિઓ હોય તો તે પણ નોંધવી. આવી કોઈક ઉક્તિઓ વ્યંગાત્મક પણ હોઈ શકે. આવી ઉક્તિઓ માહિતીદર્શકો પાસેથી તેમની લાગણીઓને ખ્યાલમાં રાખતા જઈને યોગ્ય સમયે મેળવવી.

ઘોડાના ચારાપોષણ માટેની વિવિધ ઋતુવાર વ્યવસ્થાની વિગતવાર નોંધ કરવી. તેને કયું ઘાસ, પાંદડાં વિશેષ ભાવે? શું ન ભાવે? શું વિશેષ ખાય અને શું ન ખાય તે અંગેની અધ્યયન હેઠળના સમાજની જાણકારીની વિગતવાર નોંધ કરવી. ઘોડાના ખોરાક અને બળદ યા ભેંસના ખોરાક અંગે અધ્યયન હેઠળના સમાજના પરંપરાગત ખ્યાલો નોંધવા. તેની ચરવાની પદ્ધતિ અંગેના ખ્યાલો પણ નોંધવા.

ઘોડા કે ઘોડીઓને પણ ટોળામાં ચારી શકાય ખરાં? ગાય, ભેંસ કે બકરાંના ટોળા ભેગાં ઘોડા કે ઘોડી રહી શકે ખરાં? ઘોડાઓનું ટોળું ચરતું હોય અને ગાય ભેંસનું ટોળું ચરતું હોય તો બન્નેની ચરવાની પદ્ધતિ વગેરેમાં શો શો ફેરફાર પડે તે પણ વિગતવાર નોંધવું.

જો ઘોડા પોતાના ટોળામાં ચરે પણ ગાય-ભેંસની સાથે ન ચરતા હોય તો તે વિગતે નોંધવું. તે જ રીતે જો નાનપણથી હળીમળી ગયેલ હોય તો, ચરતા હોય તો તે પણ વિગતે નોંધવું.

જો ઘોડો ચારવામાં ખાસ કોઈ મુશ્કેલીઓ પડતી હોય તો તે નોંધવી અને આવી મુશ્કેલીઓને લીધે ઘોડા ચારવાનું કામ વિશેષ લેખાતું હોય તો તે નોંધવું.



તે જ રીતે જો ઘોડાઓ અમુક જાતનું ઘાસ યા પાલો જ ખાતા હોય તો તે નોંધવું. બકરાં યા ગાય કે ભેંસ કરતાં વધારે કે ઓછા પ્રકારની વનસ્પતિઓને જો તે ખાતા હોય તો પણ નોંધવું. ઘોડા, ઘોડી કે વછેરાના ખાવામાં જો કોઈ ખાસ ફેર પડતો હોય તો તે નોંધવું. જ્યારે ઘોડી સગર્ભા હોય ત્યારે ખાસ જે ચોકસાઈઓ રખાતી હોય તે નોંધવી. ખોરાકમાં, સવારીમાં, તેને માર મારવામાં વગેરેમાં.

ઘોડા-ઘોડીને ખાસ કરીને તબેલામાં ક્યારે ખાવા આપવામાં આવે અને ક્યારે છૂટક ખાવા આપવામાં આવે તે પણ વિગતવાર નોંધવું. તબેલામાં હોય ત્યારે એને શું ખાવા આપવામાં આવે?

તબેલામાં ચંદીમાં સામાન્ય રીતે શું શું અપાય? શું શું ન અપાય? તબેલામાં ખાવા આપવાનું ન પરવડે તો જ ઘોડો બહાર કઢાતો હોય તો તે નોંધવું. જો બહાર ચરતા ઘોડા અને તબેલામાં જ ખાતા ઘોડાની યા તેના માલિકની પ્રતિષ્ઠામાં જો કશો પણ ફરક પડતો હોય તો તે વિગતે નોંધવો.

ઘોડાની ચંદી ઋતુવાર, કામના પ્રમાણવાર અથવા પ્રસંગવાર બદલાતી રહેતી હોય તો તે વિગતે નોંધવું. તેનું પ્રમાણ કેટલું? સામાન્ય રીતે કયા કયા વખતે અપાય તે અંગેની વિગતવાર નોંધ કરવી.

ઘોડાને અપાતા ખોરાકની પદ્ધતિ અંગે ખાસ કોઈ નિયમો, પ્રથાઓ યા આદેશો હોય તો તે વિગતે નોંધવા જોઈએ. દા. ત. ઘોડાને ખોરાક આપતાં પહેલાં પાણી આપવું જોઈએ. થોડું ખવડાવો પણ વારંવાર ખવડાવો અને અમુક નિયત અંતરે ખવડાવો. ખાધા પછી તરત જ તેને કસરત માટે બહાર ન કાઢો. આ બાબતો ઘોડાને બહાર ઘાસ ચરાવતા હો યા તબેલામાં રાખતા હો તોપણ લાગુ પડે છે. બળદ યા ઊંટની માફક ઘોડો વાગોળતો નથી એટલે તે અંગેની અધ્યયન હેઠળના સમાજની જાણકારી, તેમ જ કોઈ આ સંદર્ભમાં તુલનાત્મક ઉક્તિની માહિતી મળે તો તે વિગતે નોંધવી. ઘોડાને બળદ, ઊંટ વગેરેની જેમ એક કરતાં વધુ પેટ નથી હોતાં પણ માણસની જેમ માત્ર એક જ પેટ હોય છે; તેથી તેને થોડું થોડું અને અવારનવાર ખાવા આપવું આવશ્યક છે તેવો ખ્યાલ અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત છે ખરો? ઘોડાને બહુ લાંબો વખત ભૂખ્યો ન રાખી શકાય. તે જ રીતે તેને જો પેટ સહે તે કરતાં ઘણો વધારે ખોરાક આપી દેવાય તો તે કદાચ કોઈક સંજોગોમાં પ્રાણઘાતક પણ નીવડી શકે તેનો માહિતીદર્શકોને ખ્યાલ છે ખરો? દરેક જાતવાર ને ઘોડાવાર તેના ખોરાક અંગે કોઈક ખાસ લાક્ષણિકતાઓ હોય તો તે તેમ જ ખોરાકના પ્રકાર વગેરે વિગતે નોંધવા. ઘોડાને સામાન્ય રીતે કેટલું પાણી પાવું જોઈએ? ઘોડો જ એ વધારે સારી રીતે નક્કી કરી શકે તેવી કોઈ માન્યતા ખરી? ઘોડો સામાન્ય રીતે કેટલુંક પાણી પીએ? આઠેક ગૅલન? જો ગરમીના દિવસો હોય યા સખત કામ હોય તો તે સંજોગોમાં? લગભગ બમણું? ઘોડાને અપાતું પાણી ચોખ્ખું, તાજું અને રંગ વગરનું, ગંધ વગરનું હોય તે ઈચ્છનીય ખરું? ઘોડાને વહેતું પાણી ગમે કે સ્થિર? ઘોડાને ઠંડું પાણી ફાવે કે હૂંફાળું? ઘોડાને ખવડાવતાં પહેલાં પાણી પાવું જોઈએ કે પછીથી? ઘોડાને ખવડાવ્યા પછી એકાદ કલાક પાણી પીવડાવવું ન જોઈએ તેવી માન્યતા ખરી? જો તેમ ન કરવામાં આવે તો કોઈ વાર ઘોડાનો જાન પણ જાય તેવી શક્યતા ખરી? ભૂખ્યા પેટે યા સખત કામ પછી ઘોડો બહુ પાણી પી ન જાય તેની કાળજી રખાય છે? ઘોડાને ધીમે ધીમે પોતાની

અનુકૂળતાએ પાણી પીવા દેવામાં આવે છે ખરું? ઘોડાની શક્તિ સાચવવા માટે તેને ખાસ કોઈ પીણું અપાતું હોય તો તે અંગેની વિગતો વિગતે નોંધવી. તે પીણાં આપવાની સમગ્ર પદ્ધતિને અને તેમાં ખાસ કોઈ વિશિષ્ટ સાધનો વપરાતાં હોય તો તેની વિગતો પણ નોંધવી. કયા ખોરાકથી ઘોડો વધારે મજબૂત બની શકે અને કયો ખોરાક ઘોડાને ઢીલો કરે તે અંગેનો ખાસ કોઈ ખ્યાલ હોય તો તે પણ વિગતે નોંધવો.

જો ઘોડો બધાં પાળેલાં પશુઓમાં અસાધારણ શક્તિશાળી ગણવામાં આવતો હોય તો તે નોંધવું. ઘોડાની આ શક્તિ સામાન્ય રીતે ક્યાં રહેલી મનાય છે? તેના સ્નાયુબદ્ધ પાછલા પગ અને માંસલ સાથળમાં? ઘોડાની દોડની વધુમાં વધુ ગતિ કેટલી? લગભગ ચાળીસ માઈલની? અમુક જ ગુણો ઘોડાની અમુક ઓલાદમાં જોવા મળે એવી માન્યતા હોય તો તે વિગતે નોંધવી. જો કોઈક વ્યક્તિની સ્ફૂર્તિ, તંદુરસ્તી યા ચાલને ઘોડા સાથે સરખાવવામાં આવે તો તે નોંધવું. દા. ત. તે ઘોડા જેવો છે. તે જ રીતે કોઈક સુંદર સરસ યા તોફાની સ્ત્રીને 'ઘોડી' કહીને વર્ણવવામાં આવતી હોય તો તે પણ વિગતે નોંધવું.

ઘોડાની સામાન્ય ઝડપ શી હોય? અધ્યયન હેઠળનો સમાજ ઢોરને કાબૂમાં રાખવા, ગોતવા જવામાં યા પરોણાગત કરવા જવામાં ઘોડાનો ઉપયોગ કરતો હોય તો તે નોંધવું. જો કોઈ સ્થળે તેનો ઉપયોગ ન જ થતો હોય તો તે પણ વિગતે નોંધવું. સામાન્ય રીતે ઘોડાનો ઉપયોગ દિનપ્રતિદિન ઘટતો જાય છે ખરો? એની કોઈ પ્રતિકૂળ અસર ઘોડાઉછેર પર પડતી જોવા મળે છે ખરી? અધ્યયન હેઠળના સમાજનું તેમ જ અધ્યયન હેઠળના સમાજની જાણમાં હોય તેવા ઘોડાઉછેર કરનાર અન્ય સમાજોનું તેમ જ અન્ય સંબંધિત સંસ્થાઓનું ઘોડાઉછેર તરફનું અત્યારનું વલણ માહિતીદર્શકની દૃષ્ટિએ વિગતે નોંધવું.

તોફાન–વાવાઝોડું વગેરે થાય ત્યારે ઘોડાઓ કઈ બાજુ જાય? તોફાનની બાજુ કે તેનાથી ઊલટી દિશામાં? તે જ રીતે પાણીનું પૂર હોય ત્યારે ઘોડો સામા પૂરે તરવા પ્રયત્ન કરે કે પૂર સાથે? તે પણ નોંધવું. તે જ રીતે વાઘ–ચિત્તાનો કે એવો કોઈ ભય ઊભો થાય તેવે વખતે સામાન્ય રીતે બધાં પ્રાણીઓ સાથે મળીને ટક્કર ઝીલવાની કોશિશ કરનારું પ્રાણી ખરું? ઘોડામાં સામાન્ય રીતે કયા કયા ગુણો કે દુર્ગુણોનું આરોપણ થઈ શકે તે પણ વિગતે નોંધવું. જો કોઈ ગુણો એનામાં સવિશેષ જોવા મળતા હોય, તેનું બયાન થતું હોય અથવા ઘોડાના કેટલાક ગુણો માણસમાં પણ જો ન જોવા મળતા હોય અને તેની કોઈ ઉક્તિ હોય તો તે પણ વિગતવાર નોંધવી.

ઘોડાના જુદા જુદા વખતના અવાજોને શક્ય હોય એટલા વિગતે નોંધવા. ઘોડા-ઘોડીના અમુક પ્રકારના હણહણાટના જો કોઈક વિશિષ્ટ અર્થ થતા હોય તો તેને વિગતવાર નોંધવા. રાત્રે કોઈ અણજાણ વ્યક્તિ યા વટેમાર્ગુ ઘર પાસેથી પસાર થાય તે વખતે જો કોઈ વિશિષ્ટ વર્તન જોવા મળતું હોય તો તેની વિગતવાર નોંધ કરવી.

ઘોડા, ઘોડી, વછેરાં ક્યારે ભડકે? તે ભડકે ત્યારે શું કરે? ઘોડા અંદરોઅંદર લડે ત્યારે શું કરે? અન્ય કોઈ પ્રાણી સાથે લડે ત્યારે શું કરે? સંવનન માટે પણ કોઈ સ્પર્ધા કે સંઘર્ષ જેવું થાય ખરું? સંવનન અંગેની સર્વ વર્તન-ઢબની વિગતવાર નોંધ કરી શકાય.

ઘોડાના જુદા જુદા વખતના અવાજો વગેરે કઈ કઈ રીતે જુદા પડે છે તે પણ વિગતવાર નોંધવું.



આ બધાં જ પ્રાણીઓના વછેરાંને દૂધ ધવડાવવાની અને ધાવતાં છોડાવવાની તેમ જ સુપ્રજનન અને સંતતિનિયમન માટે જે કંઈ પદ્ધતિ અપનાવાતી હોય તે વિગતવાર નોંધવી.

ઘોડા અને ઊંટ તેમ જ ગાય, ભેંસ વગેરે સરખી કક્ષાનાં ભારે પ્રાણીઓનું ઘરમાં તુલનાત્મક મહત્ત્વ પણ વિગતે નોંધવું.

ઘોડા પર સવારી કરવાના વિશિષ્ટ નીતિનિયમો વગેરેને પણ વિગતે નોંધવા. દા. ત. પતિપત્ની એક જ ઘોડા પર સાથે બેસી શકે? તે જ રીતે માદીકરો કે મા-દીકરી? જો અમુક જ વય સુધી તે બેસી શકતાં હોય અને તે પછી ન બેસી શકતાં હોય તો તે પણ વિગતે નોંધવું. તે જ રીતે પતિ, પત્ની, સાસુ, સસરો, દીકરો, દીકરી વગેરે જતાં હોય અને જો એકાદ ઘોડો સાથે હોય તો કોણ બેસે અને કોણ ન બેસે? કોની હાજરીમાં કોનાથી ઘોડા પર ન જ બેસાય? કોણ એકલા કોની હાજરીમાં ન જ બેસી શકે યા બેસે તે પણ શક્ય હોય એટલું વિગતે નોંધવું. જો કોઈ સગાઈ પર આધારિત એવા ઘોડેસવારીના સિદ્ધાંતો/આચારો હોય તો તે વિગતે નોંધવા. દા. ત. દીકરી પિતાની હાજરીમાં ઘોડે બેસી શકે. પણ જમાઈ યા દીકરી બન્ને સાથે સસરાની હાજરીમાં ન જ બેસી શકે યા ઘોડે બેસીને જંગલમાં તો ચાલ્યાં આવી શકે પણ નજીક ગામ આવે ત્યાં બંનેએ યા ખાસ કરીને દીકરી યા વહુએ નીચે ઊતરી જવું જોઈએ એવો જો સિદ્ધાંત હોય તો તે નોંધવો. માહિતીદર્શક પાસેથી તેનાં કારણો પણ ખૂબ વિગતવાર મેળવવાનો પ્રયત્ન કરવો. સાથે કોઈ દંતકથા વગેરે હોય તો તે પણ વિગતે નોંધવી.

આવી વિગતો અધ્યયન હેઠળના સમાજમાં સવારીનાં અન્ય પ્રાણીઓ (દા. ત. ઊંટ) હોય તો તેના સંદર્ભમાં પણ મેળવવી. અલબત્ત તે મુખ્ય નીતિનિયમોના સંદર્ભમાં મહદ્અંશે સુસંગત અને સરખી હોવાની સવિશેષ સંભવિતતા છે.

ઘોડો તેના ઉપર કેટલી સવારીનું યા કુલ કેટલું વજન વગેરે સહી શકે? તેની ગતિ વગેરે પણ કેટલી હોય? વગેરે વિગતો પણ વિગતે મેળવવી.

ઘોડીનું સંવનન બીજાં પ્રાણીઓ સાથે રહેવાને લીધે થયાના યા આખલા દ્વારા ઘોડી પર, યા ઘોડા દ્વારા ભેંસ કે ગાય પર, અન્ય સજાતીય સાથીના અભાવમાં જો કોઈ ખાસ સંવનન થતું હોય, યા એવું ઉપરછલ્લું વર્તન જો પ્રાણીઓમાં જણાઈ આવે તો તેનાં કોઈ લક્ષણો જો માહિતીદર્શકોના પોતાના જોવામાં આવ્યાં હોય યા માહિતીદર્શકે કોઈની પાસેથી જો સાંભળ્યું હોય તો તે વિગતે નોંધવું. ઘોડાની ઊંચી ઓલાદ સાચવી રાખવા માટે લેવાતાં પગલાં યા તેની ઓલાદ સુધારવા માટે કોઈ પગલાં લેવાતાં હોય તો તે નોંધવાં. સામાન્ય રીતે તે ઋતુમાં ક્યારે આવે અને તેને ફળાવવા માટેની અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત પદ્ધતિ અંગે પણ વિગતો એકત્રિત કરવી.

ઘોડાનું જો ખસીકરણ કરવામાં આવતું હોય તો તે કઈ વયે કરવામાં આવે? કયા હેતુસર? સામાન્ય રીતે તે કોણ કરે? તેની પદ્ધતિ વિગતવાર વર્ણવવી.

આ બધાં જ પ્રાણીઓની પેશાબની યા લાદ-છાણની ટેવોમાં જો કોઈ વિશિષ્ટ ખાસિયતો માહિતીદર્શકો તારવતા હોય તો તે પણ વિગતે નોંધવી.

ઘોડાનો તેમના પશુધનમાં સમાવેશ કરે ખરા? યા તેને અલગ જ ગણવામાં આવે? અધ્યયન હેઠળના સમાજના પશુપાલકને જો કોઈ એમ પ્રશ્ન કરે કે તમારી પાસે માલ કેટલો છે? ત્યારે તેના જવાબમાં ગાય, બળદ, ભેંસ, પાડરાં વગેરેની સાથે તે પોતાની પાસે ઘોડો, ઘોડી કે વછેરો જો હોય તો તેનો પણ સમાવેશ કરે ખરો કે કેમ?

જો ઘોડા કે ઘોડીનો એમાં સમાવેશ થતો હોય તો તેને સામાન્ય રીતે કયા ક્રમમાં મૂકે છે. ઘોડાની કિંમત જો વિનિમય પ્રથા હોય તો સામાન્ય રીતે કેટલાં સારાં બકરાં, ઘેટાં, કે ગાયો યા ભેંસો થાય તે પણ નોંધવું. અલબત્ત આવી કિંમત ગણતી વખતે બકરાં કે ઘેટાંની કિંમત રૂપિયામાં ગણીને જ રૂપાંતરિત કરવામાં આવતી હશે તે છતાં એ અંગેનો સીધો આછો ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કરવો ખરો.

આ બધાં પ્રાણીઓને વેચી દેવામાં આવે યા બીજાને આપી દેવામાં આવે, તે પછી તે પ્રાણીના પુરાણા ઘર સાથેના સંબંધો કેવા રહે? આવો ઘોડો યા અન્ય પ્રાણી બીજેથી લાવવામાં આવે ત્યારે શરૂઆતના દિવસોમાં તે નવા ઘરે કેવો વર્તાવ રાખે? ખાય નહીં, પાણી ન પીએ, જ્યાંથી આવ્યો હોય તે દિશામાં જોયા કરે? હણહણ્યા કરે? –આવાં જે લક્ષણો જોવા મળતાં હોય તે વિગતે નોંધવાં.

તે જ રીતે આવો કોઈ ઘોડો જો લાગ મળે નાસીને જૂને ઘર જાય તો તેની આગતાસ્વાગતા કેવી થાય? તેને ઘાસ વગેરે નાખવામાં આવે? ખાણ પણ અપાય? તેને ફરીને ઘરે આવે ત્યારે સામાન્ય રીતે શું કહે? એના નવા માલિકને કઈ રીતે સોંપાય?

આ જુદા જુદા પ્રાણીઓને જ્યારે અરસપરસ વેચવામાં આવે ત્યારે જો ઘરઆંગણેથી વેચવામાં આવે તો શી વિધિ થાય? જો બહાર વેચવા લઈ જવામાં આવે તો શી વિધિ થાય વગેરે બાબતો વિગતવાર નોંધવી.

જો વેચવામાં પણ દોરી આપવા માટે રસ્સી યા લગામ મૂળ માલિક તરફથી જ અપાતી હોય યા એવું કોઈ ખાસ સાધન તેમના તરફથી અપાતું હોય તો તે વિગતવાર નોંધવું.

જો આવાં પશુઓને ખરીદવાની, લેવાની, દોરવાની યા વેચવાની વિધિ અમુક જ દિવસે થતી હોય અને અમુક દિવસે કે તિથિએ જો ન થતી હોય તો તે પણ વિગતવાર નોંધવું. જો આવું અમુક જ પ્રાણી માટે આવશ્યક લેખાતું હોય તો તે નોંધવું. તેને માટે માહિતીદર્શકો શાં કારણો આપે છે તે પણ વિગતવાર નોંધવું. જો જુદાં જદાં પ્રાણીઓની લે-વેચ માટે જુદા જુદા દિવસો શુભ શુકનિયાળ હોય તો તે પણ શક્ય હોય એટલું વિગતવાર નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડેસવારી કે ઘોડાદોડની સાથે સંકળાયેલી રમતો, સ્પર્ધાઓ, મનોરંજન કાર્યક્રમો નોંધવાં. સંરક્ષક કે આક્રમક સાધન તરીકેના તેના યુદ્ધ સંઘર્ષમાંના ઉપયોગની વિગતવાર નોંધ કરવી.

વારસામાં વહેંચણી વખતે ઘોડો અથવા ઘોડી સામાન્ય રીતે કોને મળી શકે? કયા સંજોગોમાં? જેને વિશેષ શોખ હોય તેને અપાય? એને વારસાગત રીતે અપાય? ઘોડી અને ધણનાં અન્ય પશુઓ અંગે અધ્યયન હેઠળના સમાજમાં વિનિમય પ્રથાની રીતે અમુક મૂલ્ય હોઈ શકે. આવાં મૂલ્યને વિગતવાર નોંધવાં. અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ ઘોડાની કુટેવો અને સુટેવોની વિગતે નોંધ કરવી. તેનાં કારણ પણ નોંધવાં.



પ્રાત:કાળમાં ઘોડો સૂઈને ઊઠે ત્યારે પાછલા પગો ફેલાવે? પૂંઠ લાંબી કરે? મોંને ગર્દન પાસે લાવે? ધૂળથી ભરેલી છાતીના વાળ હલાવે? ઘાસ ખાવા વારંવાર મોંને ઘુમાવે? ધીરે ધીરે હણહણે? પગોથી ધરતી ખોદે?

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડાના થતા વિવિધ ઉપયોગને વિગતવાર નોંધવા. ઘોડેસવારીના તેમ જ રમતોના વિવિધ પ્રકારોને વિગતવાર નોંધવા. ઘોડાની ઝડપ સવારીવાળાં અન્ય પશુઓ કે વાહનોની સાથે તુલનાત્મક રીતે અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ નોંધવી. દરેક સવારીની વિશેષતા અંગેના તેમના ખ્યાલો પણ નોંધવા.

અધ્યયન હેઠળના સમાજની ઘોડા/ઘોડી, વછેરા/વછેરી અંગેની અશ્વકથાઓ મેળવવી. લોકગીતો, કહેવતો, ઉખાણાં, ઉક્તિઓ વગેરેમાંના તેમના નિર્દેશો પણ વિવિધ માહિતીદર્શકો પાસેથી વિગતવાર મેળવવા. અધ્યયન હેઠળના સમાજના લોકસાહિત્યમાં અશ્વનો કોઈ કાળે યજ્ઞમાં બલિ અપાતો હતો યા આહારમાં યા ઘોડેસવારીમાં પણ ઉપયોગ થતો હતો તે પ્રકારના પણ નિર્દેશો જો હોય તો તે પણ વિગતવાર મેળવવા. અશ્વદળનાં યા અશ્વનાં ધણનાં, તેને રાખવાના તબેલાનાં, શણગારનાં, તેમને બાંધવાના ખૂંટા કે દોરડાં વગેરેનાં વર્ણન પણ હોઈ શકે. અધ્યયન હેઠળના સમાજની દેવપૂજામાં અત્યારે પકવેલી માટીના ઘોડા સ્વરૂપે, દેવને અર્ઘ્યરૂપે મુકાતા હોય કે ઘોડો પોતે પણ કોઈક સમાજમાં એક દેવ તરીકે મુકાતો હોય એમ પણ બને. ઘોડાની આવા અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત એવી માટીની વિવિધ આકૃતિઓ કોણ બનાવે? ક્યારે બનાવે? કઈ રીતે બનાવે? માટીની કાચી જ પ્રતિમાઓ પૂજાય કે દેવની સમક્ષ અર્ઘ્યરૂપે મુકાય? તેને પકવવામાં આવે? પકવવામાં આવતી હોય તો તેની માટીની પસંદગીથી માંડીને પકવવા સુધીની સમગ્ર પ્રક્રિયાનું વિગતવાર વર્ણન પણ, જો અધ્યયન હેઠળનો સમાજ પોતે જ બનાવતો હોય તો મેળવી શકાય. જો તે ન બનાવતો હોય અને સ્થાનિક કોઈક કુંભાર જ્ઞાતિ જો તે બનાવતી હોય તો તેની પાસેથી પણ આ વિગતવાર વર્ણન મેળવી શકાય. જો અધ્યયન હેઠળનો સમાજ આ અંગેની અમુક જ સામગ્રી પૂરી પાડતો હોય તો તે પણ નોંધાય. જો આ રીતે અર્ઘ્ય સ્વરૂપે ઘોડાની માટીની પ્રતિમાઓ મુકાતી હોય તો મુખ્યત્વે કયા પ્રસંગોએ/ઉત્સવોએ તે મૂકવામાં આવે છે, કઈ રીતે, કયા દેવને, કોના દ્વારા, કઈ વિધિથી ધરવામાં આવે છે તે વિગતવાર નોંધવું.

અધ્યયન હેઠળના સમાજમાં વિવિધ ચિત્રોમાં જો ઘોડાનો નિર્દેશ હોય તો તે પણ સામાન્ય રીતે કયા પ્રસંગોએ કોના દ્વારા દોરાતાં ચિત્રોમાં તેનો નિર્દેશ આવે છે તેનું વિગતવાર વર્ણન કરવું. દેવોનાં કે વ્યક્તિઓનાં વાહનો તરીકે પણ ઘોડા ચિત્રાંકિત કરવામાં આવ્યા હોય યા તો એમ ને એમ જ કોઈક દેવ તરીકે પણ તેમને રજૂ કરવામાં આવેલા હોઈ શકે. કેટલીક વાર માહિતીદર્શક યા ચિત્રકાર પોતે સ્પષ્ટ સમજૂતી આપી ન શકે એમ પણ બને.

કેટલીક વાર કોઈક પૂર્વજ-પૂજાની કાષ્ઠપ્રતિમા યા પથ્થરપ્રતિમામાં, પાળિયાઓમાં પણ ઘોડાને ટાંકવામાં આવ્યો હોય તેવું જોવા મળે છે. તે માત્ર ઘોડાની સ્મૃતિમાં હોઈ શકે યા ઘોડેસવારની સ્મૃતિમાં યા બંનેની સ્મૃતિમાં હોઈ શકે. આવા દરેક પ્રકારના નિર્દેશોને ખૂબ વિગતવાર નોંધવા.

અશ્વવિદ્યાની સાથે સંબંધિત વિવિધ પાસાં અંગે અધ્યયન હેઠળના સમાજમાં કોઈ પણ ખ્યાલો પ્રચલિત હોય તો તે વિગતવાર નોંધવા.

ઘોડાનો વર્તમાન ઢબે સવારીમાં ક્યારથી કઈ રીતે ઉપયોગ થવા માંડ્યો, તેના ઉપર કાઠુ-પેંગડું વગેરે પણ કઈ રીતે મુકાયું તે અંગે પણ અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ કિંવદંતીઓ હોય તો તે નોંધવી. દેવોની સવારીના સાધન તરીકે, તેમ જ યુદ્ધોમાં તેના પર થતી સવારી, તેની બહાદુરી, વફાદારી, ચાલાકી વગેરે ગુણોનો નિર્દેશ કરતાં વર્ણનો પણ તેમના લોકસાહિત્યમાં હોઈ શકે. આવી બધી જ વિગતોને ખૂબ વિગતવાર નોંધવી.

ઘોડા-ઘોડીની વિવિધ ચાલના પ્રકાર અને તેની સાથે સંકળાયેલા ગુણ-દોષ વગેરે અંગે અધ્યયન હેઠળના સમાજની માન્યતાઓ નોંધવી. ભવિષ્યમાં ઘોડા-ઘોડીના કરવામાં આવનારા નિશ્ચિત ઉપયોગના આધાર પર અમુક ચાલને પસંદગી આપવી કે ન આપવી તે જો તેની ખરીદી વખતે ખ્યાલમાં રખાતું હોય તો તે અંગેની વિગતવાર નોંધ કરવી. આ ઉપરાંત અધ્યયન હેઠળના સમાજના લોકસાહિત્યમાં તત્ સંબંધિત માન્યતાઓના નિર્દેશો પણ વિગતવાર નોંધવા. અધ્યયન હેઠળના સમાજમાં, ઘોડાની વિવિધ ચાલો અંગે પ્રચલિત શબ્દાવલિ, તે અંગેના આનુષંગિક સંકેતો, એક ચાલમાંથી બીજી ચાલમાં થતાં રૂપાંતર, તેમ જ અન્ય સંબંધિત બાબતો ખૂબ જ વિગતવાર નોંધવી. દા. ત. ઘોડા ઉછેર કરતા એક સમાજમાં ઘોડાની ચાર સવિશેષ પ્રચલિત ચાલ ગણાય છે. સાદી ચાલ, રવાલ ચાલ, મીઠી ચારતક ચાલ તેમ જ ભરદોડ યા ઠેકડાભર દોડ. મીઠી ચારતક ચાલમાં સામાન્ય રીતે ત્રણ પગ હવામાં હોય અને એક પગ જમીન પર અને ત્યાર બાદ ત્રણ પગ જમીન પર અને એક પગ હવામાં હોય છે. આ ચાલમાં ઘોડાનો પોતાની જાત પર અને સવારનો ઘોડા પર લગભગ પૂરતો કાબૂ હોય છે. કૂદકામાં ઘોડાની છલાંગ સૌથી મોટી હોય છે. અને તે સૌથી વધુ ઝડપી હોય છે. આ ગતિમાં ઘોડાના ચારે પગ જમીનથી અધ્ધર હોય છે અને ઘોડો ક્ષણાર્ધભર માટે ઊડતો જણાય છે. પણ બીજી જ પળે જમીન પર આવે છે. આમાં પહેલા પ્રકારમાં ચાર, બીજામાં બે, ત્રીજામાં ત્રણ અને ચોથામાં ચાર લય હોય છે. આ બધામાં સૌથી વધુ ઝડપ કયા પ્રકારમાં હોય છે? સૌથી છેલ્લા? આ ઉપરાંત સામૂહિક તેમ જ વિસ્તરણયુક્તના જેવા બીજા કોઈ પ્રકાર હોય તો તે વિગતે નોંધવા.

ઘોડાની બધી મળીને કેટલી ચાલો નોંધાઈ છે? ડઝનેક જેટલી? જો તેમનાં પણ અધ્યયન હેઠળના સમાજમાં જો ખાસ કોઈ નામ હોય તો તે પણ વિગતે નોંધવાં. એક ચાલમાંથી બીજી ચાલમાં ફેરવવા માટે ઘોડેસવારીની સ્થિતિમાં શો ફેરફાર થવો જોઈએ? દા. ત. સાદી ચાલમાંથી રવાલ ચાલમાં ફેરવતી વખતે ઘોડેસવારે શું શું કરવું જોઈએ? દા. ત. એણે ઘોડેસવારીની જે સ્થિતિ હોય તે ચાલુ રાખીને પગના નીચલા ભાગથી ઘોડાને વધારે વજન આપવું જોઈએ. જો ઘોડો પોતે જ રવાલ ચાલમાં આવવા વિશેષ ઉત્સુક હોય તો લગામ સંકેતમાં આનુષંગિક ફેરફાર કરી શકાય. રવાલમાં બે રીતે ઘોડેસવારી થઈ શકે : (૧) ઊંચકાતાં (૨) બેસતાં. જ્યારે ઘોડાના ડાબલાના અવાજની સાથે ઘોડેસવાર પલાણ પર એક લયમાં ઉપર-નીચે થાય ત્યારે તે ઊંચકાતી સ્થિતિમાં સવારી કરે છે એમ ગણાય. એક ગતિમાંથી બીજી ગતિમાં ફેરવાતાં આ પરિવર્તિત સ્તર પર હંમેશાં બેઠી રવાલ વધારે ઉપયોગી થઈ પડે છે, કારણ કે તેમાં ઘોડા સાથે નજીકનો જીવંત સંપર્ક રાખવામાં તે ઉપયોગી થઈ શકે છે. એક વખત આ વચલું પરિવર્તિત સ્તર પસાર થઈ ગયા પછી સામાન્ય રીતે ઊંચકાતી રવાલને જ પ્રાધાન્ય આપવામાં આવે છે કારણ કે તે ઘોડા તેમ જ ઘોડેસવાર બંને માટે સૌથી વધુ અનુકૂળ હોય છે. તેમાં ઘોડેસવારની શરીરની



સ્થિતિ સમાન રહે છે પણ તેની પીઠ ટટ્ટાર રહેવી જોઈએ, આગળ ઝૂકવું ન જોઈએ અને પગનો નીચલો ભાગ યથાવત્ રહેવો જોઈએ. ઉપર-નીચે થવા માટે પેંગડાનો ઉપયોગ બહુ ન થવો જોઈએ. ઉપર-નીચે થવા માટે ઘૂંટણ અને સાથળનો પૂરતો ટેકો મળવો જોઈએ. ઘોડાને રવાલમાંથી મીઠી ચારતક ચાલમાં ફેરવવો હોય તો ઘોડેસવારે પલાણમાં બરાબર બેસવું જોઈએ જેથી જાણે કે બેઠાં બેઠાં રવાલ ચાલે ચલાવતા ન હોય! નીચલા પગોનું દબાણ તંગની સહેજ પાછળ વધારવું જોઈએ. પલાણની સાથે નિકટનો સંપર્ક રહે તે માટે મીઠી ચારતક ચાલમાં લાવતી વખતે પલાણ પર બરાબર બેસવું જોઈએ. આગળ ઝૂકવું ન જોઈએ; નહીંતર ખાસ કરીને ઘોડો જો વધુ વેગથી જવા માંડે તો તેના પર ઘોડેસવારનો પોતાનો કાબૂ નથી રહ્યો એમ તેને લાગશે. તેને રવાલ કે સાદી ચાલમાં ફેરવવા માટે અથવા ઊભો રાખવા માટે હળવાશથી અને સૌજન્યભેર લગામને બંને તબક્કે હળવી કરવી જોઈએ. મીઠી ચારતક ચાલમાં ત્રણ તાલની ગતિ હોવાથી જો ઘોડો વર્તુળાકારે આ ગતિમાં ફરતો હોય તો અંદરનો પગ પહેલો ઊપડશે પણ જો સીધી રેખામાં ઘોડો આ ગતિએ ચાલતો હોય તો ગમે તે પગ પહેલો ઉપાડી શકે. ઘોડો સાચી રીતે આ ગતિમાં ચાલતો ત્યારે જ ગણાય કે જ્યારે પહેલો ઊપડતો આગલો પગ, અને પહેલો ઊપડતો પાછલો પગ બંને એક જ બાજુએ ઊપડતા લાગે. જો વિરોધાભાસી રીતે ઊપડતા જણાય તો આ ગતિ બરાબર નથી એમ મનાય. જો રવાલમાંથી મીઠી ચારતક ચાલમાં જવાનું હોય તો ઘોડો લગામના ઈશારાને બરાબર જવાબ આપવા જેટલો સ્વસ્થ થયેલો છે કે કેમ તેનો ખ્યાલ રાખવામાં આવે છે ખરો? ઘોડો કયો પગ પહેલો ઉપાડે છે તેના પરથી તે મીઠી ચારતક ચાલમાં જમણો ફરે છે કે ડાબો તે જાણી શકાય છે. તે જ રીતે જ્યારે વર્તુળાકારમાં તે ફરતો હોય ત્યારે વર્તુળની અંદરનો આગલો પગ પહેલો ઊપડવો જોઈએ. આ વિવિધ પ્રકારમાં એક છલાંગમાં સામાન્ય રીતે કેટલું અંતર કપાય? દા. ત. સાદી ચાલમાં લગભગ ૭ ફૂટ, મીઠી ચારતક ચાલમાં ૧૫ ફૂટ, અને કૂદકામાં ૨૦ ફૂટ. કૂદકામાં વધુમાં વધુ કેટલું અંતર કાપ્યાનો અંદાજ છે? લગભગ ૨૮ ફૂટ જેટલો? માનવસમાજ યા અધ્યયન હેઠળનો સમાજ ઘોડાની ગતિને પૂરેપૂરો સમજી શક્યો છે ખરો? સસલાની માફક જ ઘોડો કોઈ વાર દોડમાં તેના ચારે પગ લાંબા કરી દે છે ખરો? જો તેનો જવાબ 'હા' માં આવે કે આ માન્યતા 'ખોટી' હોવાનો પણ કોઈ ખ્યાલ જો પ્રવર્તતો હોય તો તે વિગતે નોંધવો.

અધ્યયન હેઠળના સમાજમાં ઘોડા/ઊંટ પર ચઢવા તેમ જ ઊતરવા માટેની સમગ્ર પદ્ધતિનું ખૂબ જ વિગતવાર વર્ણન કરવું. તેના વિવિધ તબક્કા, દરેક તબક્કાનાં કોઈક નામ હોય તો તે, તેમ જ દરેકેદરેક તબક્કે લેવી પડતી કાળજીના મુખ્ય મુદ્દાઓ વિગતવાર નોંધવા. સવારીમાં ઘોડાના ઉપયોગની શરૂઆત માનવજાતે લગભગ કેટલાં વરસો પહેલાં કરી હશે? પાંચેક હજાર વર્ષ પહેલાં ખરી? ઘોડા પર સવાર થતાં શું ધ્યાનમાં રાખવાનું હોય? દા. ત. ઘોડાના જીનનો પટ્ટો બરાબર તંગ છે કે કેમ? ચામડાના પટ્ટાની લંબાઈ બરાબર છે કે કેમ? ઘોડો તે વખતે બરાબર શાંત ઊભો રહેવો જોઈએ. ઘોડેસવારે બરાબર પલાણની વચ્ચે તેનો વાંસો બરાબર ટટ્ટાર રાખીને, ઘોડાના કાનની વચ્ચે બરાબર નજર રહે તે રીતે મોં રાખીને, ઘૂંટણ અને સાથળ બરાબર પલાણ સાથે દબાવીને અને પગની નીચેનો ભાગ પલાણથી મુક્ત રાખીને બેસવું જોઈએ. પગની એડી, અંગૂઠા અને અન્ય આંગળીઓ કરતાં નીચે અને કોણીની બરાબર નીચે રહે તે રીતે આવવી જોઈએ. હાથમાં લગામ કેવી રીતે

રાખવી જોઈએ? જ્યારે સવાર ઉપડવાની તૈયારીમાં હોય ત્યારે તેણે ઘોડાની બાજુઓને ઉપર બેઠે દબાવવી જોઈએ અને હાથમાંની લગામથી આનુષંગિક ઈશારો કરવો જોઈએ? ઘોડેસવારે તેના ઘોડાના માથાની હલનચલનની પૂરતી સ્વતંત્રતા આપવી જોઈએ? તે જ રીતે ઘોડાને ઊભો રાખતી વખતે શું કરવું જોઈએ? દા. ત. નીચલા પગને નજીક લેવા જોઈએ અને લગામને હળવી કરવી જોઈએ વગેરે. સામાન્ય રીતે ઘોડા પર ચઢવા-ઊતરવા માટે પરંપરાગત રીતે એક જ બાજુ વપરાય છે કે બન્ને બાજુ? તેનાં કોઈ વિશિષ્ટ નામ હોય છે? જો હોય તો તે વિગતવાર નોંધવાં. સામાન્ય રીતે 'નજીકની બાજુ'થી ઘોડા પર ચઢવા-ઊતરવાનું થતું હોય તો તે પણ વિગતે નોંધવું. ચઢતી અથવા ઊતરતી વખતે ઘોડો બરાબર ઊભો રહેવો જોઈએ તેની તાલીમ તેને કઈ રીતે અપાય છે તે પણ વિગતવાર નોંધવું. દા. ત. જો તે ચઢવા જતાં ચાલવા માંડતો હોય તો ચઢવાનું માંડી વાળવામાં આવે છે. તેની સાથે શાંતિથી વાત કરવામાં આવે છે. તે વખતે લગામ દૃઢતાપૂર્વક હાથમાં પકડી રાખવામાં આવે છે, પણ તે વખતે સામાન્ય રીતે લગામ ખેંચીને તેને જીભમાં ભોંકાય તેમ કરવામાં નથી આવતું. તેને ફરીથી સમજ આપવામાં આવે છે, અને પછી આસ્તેથી તેને ઊભો રાખીને ઉપર ચઢવાનો પ્રયાસ કરવામાં આવે છે.

સામાન્ય રીતે સવાર થવાની સમગ્ર પ્રક્રિયાને ખૂબ વિગતવાર નોંધવી. દા. ત. સામાન્ય રીતે સવાર થતાં પહેલાં બંધ બરાબર છે કે કેમ તે જોઈ લેવામાં આવે છે. ત્યાર બાદ સવારનો ડાબો ખભો ઘોડાના ગળા પછી રહે તે રીતે તે ઊભો રહી, લગામ ડાબા હાથે બરાબર પકડીને જમણા હાથથી પેંગડું બરાબર પકડીને ડાબો પગ એમાં મૂકે છે. ત્યાર બાદ લગામ બરાબર પકડેલી રાખીને, જમણા હાથથી પલાણના પોમેલ પર જમણો હાથ રાખીને શરીરને એવી રીતે ઘુમાવવામાં આવે છે કે જેથી સવાર ઘોડાની બાજુની સામે આવે. સવાર તેનો ડાબા પગનો અંગૂઠો નીચેની બાજુ ઢળતો રાખે છે, અને તરત જ જમીન પરથી ઊંચકાઈને જમણો હાથ, પલાણના જમણી બાજુના આગળના ભાગ પર આવે તે રીતે રાખીને, અને જમણો પગ ઘોડાને ઠોકાય નહીં તે રીતે ઘુમાવીને ઉપર લાવવામાં આવે છે. ત્યાર બાદ પલાણમાં સવાર એવી રીતે બેસે છે કે જેથી તેની સમતુલા બરાબર સચવાઈ રહે. તે પલાણની સાથે નીચે નહીં આવે. જમણો પગ પણ પેંગડામાં ભરાવવામાં આવે છે અને ત્યાર બાદ પેંગડાની લંબાઈ પણ બરાબર અનુકૂળ થાય તે રીતે વધઘટ કરીને બરાબર ગોઠવવામાં આવે છે. ઘોડા પરથી ઊતરવામાં પણ અધ્યયન હેઠળના સમાજમાં વપરાતી પદ્ધતિનું વિગતવાર વર્ણન કરવું. દા. ત. ચઢવાની જેમ ઊતરતી વખતે પણ ઘોડો શાંત ઊભો રહેવો જોઈએ. જો ઘોડો ચાલતો યા દોડતો કે કૂદતો રહે તો સવાર સમતુલા ગુમાવી બેસે અને ભોંય પર પણ પટકાઈ જાય. એટલે જ્યારે ઘોડો શાંત ઊભો રહ્યો છે તેની બરાબર ખાતરી થાય ત્યારે પેંગડાંમાંથી બન્ને પગ બહાર કાઢી, ડાબા હાથે લગામ બરાબર પકડી રાખી, જમણા હાથે પલાણના પાછલા ભાગમાં જમણી બાજુ રાખી, શરીરને ઘોડાની બીજી બાજુ થોડું નમાવી, શરીરનું વજન બન્ને હાથ પર નાખી, જમણો પગ ઘોડાના બદન પરથી ઘુમાવીને ઘોડાને સહેજે લાત ન વાગે તે રીતે લઈને, હળવેથી પોતાના અંગૂઠા પર વજન આવે તે રીતે સવાર નીચે ઊતરી આવે. ત્યાર બાદ પેંગડાંને ચામડાની અંદર મૂકવાનાં રહે, લગામને ઘોડાના માથા પર લેવાની રહે અને ત્યાર બાદ ખેતરમાં કે તબેલામાં તેને દોરી જવાનો રહે. સામાન્ય રીતે ઘોડાને નાનપણથી



જ અમુક સંકેતો આપવાથી એને કઈ રીતે વર્તવું તે શીખવવામાં આવ્યું હોય છે. અધ્યયન હેઠળના સમાજમાં વપરાતા આવા વિવિધ સંકેતોને વિગતવાર નોંધવા. સામાન્ય રીતે આવા સંકેતો આપવાનાં સાધનોને બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. કુદરતી સહાય અને કૃત્રિમ સહાય. કુદરતી સહાયમાં હાથ, પગ, શરીર અને અવાજથી અપાતા સંકેતો અને કૃત્રિમ સહાયમાં પેંગડું, ચાબુક અને ઘોડેસવારીની અન્ય જટિલ પદ્ધતિઓથી અપાતા સંકેતોનો સમાવેશ થાય છે. આવા સંકેતો કેટલીક વાર એકબીજા સાથે સંકળાયેલા હોય છે. કેટલીય વાર માત્ર હાથથી જ સંકેત નથી અપાતો પણ તેની સાથે જ સંલગ્ન સંકેત પગથી, શરીરના વજનથી, તેમ જ અવાજથી પણ અપાય છે. આવા સંકેતો બહુ હળવા હોવા જોઈએ અને તેનો બહારથી બીજાને ભાગ્યે જ ખ્યાલ આવે તેવા હોવા જોઈએ. આવા સંકેતો સાથે અધ્યયન હેઠળના સમાજમાં સંકળાયેલી સર્વ વિગતો ખૂબ વિગતે નોંધવી.

ઘોડા/ઘોડીનાં, વછેરા/વછેરીનાં વિવિધ દર્દો અને તેના વિવિધ ઉપાયો વિગતવાર નોંધવા. આ અંગેની ખાસ કોઈ ધાર્મિક યા જાદુવિષયક વિધિઓ હોય અને તે અમુક ખાસ વ્યક્તિઓ—ભૂવાઓ કે ભગતો જો કરતા હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી. ઘોડા-ઘોડીનાં અમુક દર્દ મટાડવા માટે અમુક ખાસ મંત્રોનો ઉપયોગ થતો હોય તો તે અંગેની વિગતો પણ તેના ખાસ માહિતીદર્શકો પાસેથી મેળવવાનો પ્રયાસ કરવો.

સામાન્ય રીતે તંદુરસ્ત ઘોડો નિયમિત રીતે પૂરતા પ્રમાણમાં ખાય, પીએ અને ઊંઘે છે. પણ જો પગના આરામમાં ફેર પડે, કાન અને હોઠ લબડતા થઈ જાય, આંખમાંથી અને નાકમાંથી પ્રવાહી નીકળવા માંડે, અને ઘોડામાં એક પ્રકારની ઉદાસીનતા વર્તાય તો ઘોડાની તબિયત બરાબર નથી એમ મનાય. કેટલીક વાર કોઈક ટેવનું પરિવર્તન પણ કોઈક દર્દ તેને થયું હોવાનું સૂચક છે. સામાન્ય રીતે ઘોડાના આગલા પગ હંમેશાં જમીન પર સીધા અને સ્થિર મંડાય છે. પાછલા પગમાંના કોઈક એક પગને આરામ અપાય છે. પણ જ્યારે આગલા પગ તે બરાબર ન માંડતો હોય ત્યારે તે પગમાં કંઈક થયું હોવાનું મનાય છે. સામાન્ય રીતે ઘોડામાં ચેપી અને બિનચેપી એવાં અનેક દર્દો જોવા મળે છે. સામાન્ય રીતે ઘોડામાં તેની કામગીરી બજાવતા વિવિધ ભાગોમાં અવારનવાર ખાસ ઈજા થતી જોવા મળે છે. દા. ત. કૂદકો મારતાં યા રેસ કે પોલોમાં ઝડપથી વળાંક લેતાં તેને મચક આવી શકે, જો ખરાબ રીતે દાબડો જડાવવામાં આવ્યો હોય તોપણ તે અસર કરે. ખરાબ પલાણથી તેને કોઈક વાર પીઠ પર પણ ઈજા થઈ શકે; તે જ રીતે ખરાબ ખોરાકથી આંતરડાનાં અને ઠંડી વગેરે લાગવાથી શ્વસનતંત્રનાં દર્દો પણ થઈ શકે.

ઘોડાનું છાણ સામાન્ય રીતે દડાકારે પડે છે? તે નીચે પડતાં વેરાઈ જાય છે? દિવસમાં પેશાબ અનેક વાર થાય છે? પેશાબનો રંગ સામાન્ય રીતે પીળો રહે છે? પેટની અંદરનો ભાગ અવારનવાર ફરતો રહેતો જણાય છે? આવો ફેરફાર સામાન્ય રીતે ચોવીસેક કલાકમાં કેટલો હોય છે? સામાન્ય રીતે આઠેક વાર?

ઘોડા-ઘોડીનું કુદરતી અવસાન થાય ત્યારે તેને કોઈ વાર દફનાવવામાં આવે? ખાસ કયા દર્દમાં? કોઈક ઘોડાને વિશિષ્ટ માન આપવાની દૃષ્ટિએ જો દફનાવવામાં આવતો હોય તો તે નોંધવું. સામાન્ય ઘોડાના અવસાન પછી નિકાલ માટે અપનાવવામાં આવતી વિધિની વિગતો નોંધવી. ઘોડાને પૂર્ણ સ્વાસ્થ્યપ્રદ અને સશક્ત રાખવા માટે પાલક દ્વારા લેવાતા ઉપાયો વિગત-

વાર નોંધવા. દા. ત. તેને માટે એને સાનુકૂળ અને સ્વાસ્થ્યપ્રદ તબેલામાં રાખવામાં આવે છે? તેને નિયમિત અને સાચી રીતે માલિશ કરવામાં આવે છે? તેને પૂરતો સપ્રમાણ ખોરાક અને પાણી અપાય છે? તેના સુપ્રજનનની કાળજી રખાય છે? ઘોડાની ખરી યોગ્ય રીતે મઢાવાય છે? પૂરતી કસરત અને આરામ અપાય છે? દર્દ અટકાવવા તેમ જ દવાદારૂ અને અન્ય સંભાળમાં પૂરતી કાળજી લેવાય છે? સામાન્ય રીતે ઘોડાની સારવાર માટે પશુચિકિત્સકની સહાય લેવામાં આવે છે ખરી? સામાન્ય રીતે કયા સ્તર પર? તે વિગતવાર નોંધવું.

## ઊંટ ઉછેર

ઊંટ વર્ગનાં મહત્ત્વનાં લક્ષણો કયાં? લાંબુ ગળું? (elongated) લાંબું ખેંચાયેલું ધીમે ધીમે પાતળું થતું માથું? ઉપલા વિભાજિત હોઠ? શીંગડાંનો અભાવ? ઊંટને માત્ર એક જ ખૂંધ હોય છે? બે ખૂંધવાળા ઊંટના અસ્તિત્વનો માહિતીદર્શકોને ખ્યાલ છે ખરો? અધ્યયન હેઠળના સમાજમાં કેવા ઊંટને જાતવાન લેખવામાં આવે છે? કયાં શારીરિક લક્ષણોને પ્રાધાન્ય આપવામાં આવે છે? તેમાં જાતિવાર તેમ જ વયવાર કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખવામાં આવે છે તે વિગતવાર નોંધવું. ઊંટને પસંદ કરતી વખતે તેની આસપાસ ફરીને તેનું નિરીક્ષણ કરવામાં આવતું હોય, તેની ચાલને વિવિધ રીતે નીરખવામાં આવતી હોય, તે જ રીતે તેને ઊઠતાં, બેસતાં જોવામાં આવતો હોય, તેના શરીર પર કોઈ ઘા છે કે કેમ તે જોવાનું હોય, તેની વય માટે દાંતનું નિરીક્ષણ કરવામાં આવતું હોય, બોજવહન માટે પણ તેનો અંદાજ કાઢવામાં આવતો હોય તો તે વિગતે નોંધવું.

માલવાહક ઊંટ કરતાં સવારીના ઊંટનાં લક્ષણો કઈ રીતે જુદાં પડે? સવારીવાળા ઊંટનાં કયાં લક્ષણો વધુ આવકાર્ય લેખાય? દા. ત. સવારીવાળો ઊંટ માલવાહક ઊંટ કરતાં પ્રમાણમાં વધારે સક્રિય, વજનમાં હળવો, પ્રમાણમાં પાતળાં અંગવાળો, પગની વધુ લંબાઈવાળો, નાના માથાવાળો, સરસ મોં-ફાડવાળો, નાના અને બંધ હોઠવાળો, નાની ચાલાકીભરી આંખોવાળો, નાના કાનવાળો અને ઊંડી છાતીવાળો હોય તે આવકાર્ય લેખાય છે.

અધ્યયન હેઠળના સમાજમાં ઊંટનું વર્ગીકરણ કઈ રીતે કરવામાં આવે છે? દા. ત. ઊંટના કરવામાં આવતા ઉપયોગના પ્રકાર પરથી સવારી માટેનાં ઊંટ અને માલવહન માટેનાં ઊંટના વર્ગીકરણથી અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકો જો પરિચિત હોય તો તે વર્ગીકરણ, તેનો આધાર, અને તેના જો કોઈ પેટા-પ્રકારો તેઓ પાડતા હોય તો તે તેમ જ તેનાં લક્ષણો નોંધવાં. જો આવાં જુદા જુદા પ્રકારોનાં ઊંટ તૈયાર કરવા માટેની તાલીમ અને તેમના ઉછેરની, નિયંત્રણ, નિયમનની પદ્ધતિમાં પણ જો ખાસ કંઈ ફેરફાર હોય તો તે વિગતવાર નોંધવો.

અધ્યયન હેઠળનો સમાજ પહાડી ઊંટ અને મેદાની ઊંટ જેવા ઊંટની જાતોના કોઈ વર્ગીકરણથી પરિચિત છે ખરો? જો હોય તો તેનાં જે લક્ષણો અધ્યયન હેઠળનો સમાજ તારવતો હોય તે નોંધવાં. તે જ રીતે રણના ઊંટને અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકો કયા વિભાગમાં મૂકે છે તે નોંધવું. ઊંટનો ઉછેર ભારતના કયા કયા વિસ્તારોમાં થાય છે તે તેમ જ અધ્યયન હેઠળનો સમાજ, વિવિધ વિસ્તારોની નીચેના જેવી જાતોમાંથી કોઈથી પરિચિત છે કે કેમ તે તેમ જ તે જાતમાં કયાં લક્ષણો હોવાનું તે માને છે તે વિગતવાર નોંધવું. દા. ત. અલવરી, કચ્છી, જેસલમેરી, ધાલ, પોવીન્ડા, બહાવલપુરી, બાગરી, મોન્ટગોમેરી કે બાર, બિકાનેરી, મિઆનવાલી, મુલતાની, સિંધી વગેરે. આવી જાતોમાંથી અધ્યયન હેઠળના સમાજમાં જે જાતો પળાતી



હોય તેનાં અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ લક્ષણો પણ નોંધવાં. દા. ત. મુખ્યત્વે સવારીમાં વપરાતા બિકાનેરી ઊંટમાં સુંદર વાળનું આવરણ, આંખનો ખાડો, ઊંચું વળેલું નાક, સુંદર મોઢું, ઉમદાપણું, ચાલાકીનો ખ્યાલ આપતો દેખાવ વગેરે જોવા મળે છે.

અધ્યયન હેઠળના સમાજમાં ઊંટનું વિવિધ રીતે વર્ગીકરણ કરવામાં આવતું હોય તો તે પણ વિગતવાર નોંધવું. દા. ત. ઉત્તર ગુજરાતના એક ઊંટપાલક સમાજમાં ઊંટનું વર્ગીકરણ એક માહિતીદર્શકે આ પ્રમાણે કરેલું: કચ્છ, વાગડ, કાંકરેજી, સમાલ (પાટણથી ડીસા), શિરોહી-ધરતી, મારવાડ, દાંતોર, મેવાડ, વાગડ (સાકરીઓ), ધાંધારગાળો, જોડી સાંતલપુર, હમીથાહંચેલું, ચરોતરગાળો, કાનમ, કાઠિયાવાડ, ધનસુરા, રાધનપુર, વારઈ ગઢહઈ, પાટણ, ચાણસ્મા. આવા પરંપરાગત વર્ગીકરણના આધાર નોંધવા. આવા વર્ગીકરણમાં વતનની નજીકના વિભાગો વિશેષ વિગતે આવે અને થોડે દૂર જતાં વર્ગીકરણનો ભૌગોલિક વિસ્તાર-વ્યાપ ઘણો વિશાળ બની જાય તેમ પણ બને. ઊંટની વિવિધ જાતોનાં લક્ષણો અને તેને પારખવાની રીત ઉપરાંત વિવિધ વય, અવસ્થા અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો નોંધવા. દા. ત. નાનું બચ્ચું, બોતડું, પુખ્ત વયનો ઊંટ, પ્રૌઢ ઊંટ, વૃદ્ધ ઊંટ વગેરે લગભગ કેટકેટલી વયે ગણાય તે વિગતે નોંધવું. તે જ રીતે ઊંટના દાંત પરથી તેની વય કહી શકાય ખરી? સામાન્ય રીતે તેમાં નીચલા જડબાના છેદક દાંત અને રાક્ષીઓ વધારે અગત્યનો ભાગ ભજવી શકે? જન્મતાં જ સામાન્ય રીતે મધ્યવર્તી દાંતો ફૂટી ચૂકયા હોય છે. એકાદ મહિને બાજુના દાંત દેખા દે છે. બે મહિને અવાળુમાંથી ત્રીજી જોડી દેખા દે છે. આ બધા દાંત ગીચ અને કેટલીક વાર એકમેકની ઉપર પડતા હોય તે રીતે આવે છે. એકાદ વરસે તે ઠીક ઠીક વિકસી ચૂકયા હોય છે. બેએક વર્ષે તેઓ જીર્ણ થવા આવે છે. હવે અડોશપડોશના દાંતને અડકતા નથી. ચારેક વર્ષે તે ઢીલા પડી ચૂકયા હોય છે. પાંચ વર્ષે મધ્યવર્તી કાયમી દાંત ફૂટે છે. એકાદ વર્ષ પછી બીજી જોડી અને સાતમે વર્ષે તો ત્રણે જોડીઓ દેખાવા માંડે છે. ઉપલા જડબામાં રાક્ષીઓ જેવા કામચલાઉ દાંત હોય છે અને આવા ત્રણ કાયમી દાંત સાત-સાડા સાત વર્ષની વયે દેખાવા માંડે છે. રાક્ષીઓના જેવા બે કાયમી દાંત નીચલા જડબામાં પણ આ વયે દેખાવા માંડે છે. આ રાક્ષીઓ તેમના પૂરા કદમાં સાત વરસે વિકસે છે; જ્યારે તે લાંબા અને તીણા બને છે. જેમ ઊંટ મોટો થાય તેમ આ બધા દાંત જીર્ણ અને બૂઠા થાય છે. કેટલીક વાર તો ઊંટની બારેક વર્ષની વયે જ ઊંટના છેદક અને રાક્ષી દાંતોની આવી સ્થિતિ થાય છે.

ઊંટના પગનાં તળિયાંની પહોળાઈ અને તળિયાંની પગ પરની ગાદી તેને રેતીમાં ગરમીથી કઈ રીતે બચાવે છે અને તેના પગને રેતીમાં ખૂંપી જતાં કઈ કુદરતી રીતે અટકાવે છે તે અંગે અધ્યયન હેઠળના સમાજની જાણકારી વિગતે નોંધવી. ઊંટ/ઘોડા/બળદ વગેરેને વિવિધ પ્રકારના બોજવહન માટે હવે કેટલીક વાર પાકા રસ્તા પર ચાલવાનું હોય છે. આવા પાકા રસ્તા પર તેમના પગને નુકસાન થાય ખરું? આવા નુકસાનથી સંરક્ષણ માટે ખાસ કોઈ ઉપાય યોજવામાં આવ્યા હોય તો તે વિવિધ પ્રાણીવાર વિગતવાર નોંધવા. ઊંટની લાંબી ભ્રમરો તેમ જ પોપચાં આંખમાં જતી ધૂળને કઈ રીતે અટકાવે છે તે નોંધવું. તે જ રીતે તેના નાક-કાનમાં પણ રેતી જતી અટકાવવાનું કાર્ય વાળ કરે છે? ઊંટના વાળના વિવિધ ઉપયોગ નોંધવા. તેનો કપડાં વણવામાં ઉપયોગ થાય છે ખરો? તે કોણ, શું બનાવવામાં, કઈ રીતે કરે છે તે વિગતવાર નોંધવું. ઊંટના વાળનો પેઈન્ટ બ્રશ કરવામાં ઉપયોગ થતો હોય તો તે નોંધવું. તેના માંસનો જે કોઈ ઉપયોગ અધ્યયન હેઠળના સમાજમાં થતો હોવા અંગેની માન્યતાઓ હોય તે વિગતવાર

નોંધવી. તેનાં હાડકાંનો હાથીદાંત તરીકે પણ કોઈ વાર ઉપયોગ કરવામાં આવતો હોવા અંગે અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈને જાણકારી હોય તો તે વિગતવાર નોંધવી.

ઊંટના નામકરણ અંગેની વિગતો મેળવવી. સામાન્ય રીતે મોટું ટોળું હોય અને તેમાં જો દરેકને નામો અપાતાં હોય તો તેવાં નામોની સૂચિ મેળવવી. અને તે નામોનો આધાર શોધવાનો પ્રયાસ કરવો, જો વિશેષ ઊંટ હોય તો જ નામ અપાય અને એકાદ જ હોય તો નામ ન અપાતાં હોય પણ માત્ર ઊંટ તરીકે જ નિર્દેશ થતો હોય તો તે પણ નોંધવું.

અધ્યયન હેઠળના સમાજનો ઊંટ પ્રત્યેનો અભિગમ માનાર્થક છે કે તેથી ઊલટો તે પણ વિવિધ રીતે શોધવાનો પ્રયાસ કરવો. ખાસ કરીને તેની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યમાંના તેના નિર્દેશની ઢબ પરથી તે શોધી શકાય. દા. ત. લોકસાહિત્યમાં સાંઢણી યા ઊંટનાં, તેના દ્વારા કપાયેલી ઝડપી મજલનાં વર્ણન આવતાં હોય તો તેના તરફનો અધ્યયન હેઠળના સમાજનો અભિગમ હકારાત્મક છે એમ કહી શકાય. તેથી ઊલટી પરિસ્થિતિ પણ હોઈ શકે. ઊંટની માલિકી ઓળખવા માટે જો કોઈક વિશિષ્ટ નિશાનીઓ થતી હોય તો તે નિશાનીઓ અંગેની વિગતો વિવિધ માલિક કે માહિતીદર્શકવાર મેળવવાનો પ્રયત્ન કરવો.

અધ્યયન હેઠળના સમાજની પરંપરાગત અને વર્તમાન અર્થવ્યવસ્થામાં ઊંટનું સ્થાન નોંધવું. તેનો સામાજિક આદાનપ્રદાનમાં (દા. ત. વધૂમૂલ્યમાં યા કન્યાને અપાતા કરિયાવરમાં) પણ કવચિત્ સમાવેશ થતો હોય તો તે નિર્દેશ કરવો. ઊંટ માટે પ્રચલિત સર્વ ઉક્તિઓ નોંધવી. ઊંટ અંગે 'તે તેના માલિકને રસોઈ કરી આપવા સિવાય બધું જ કરી શકે' તેવી અથવા 'ઊંટ મૂકે આકડો, બકરી મૂકે કાંકરો' તે મતલબની અથવા ઊંટને 'રેતીનું વહાણ' હોવાનું દર્શાવતી, અથવા ઊંટના વેરભાવનો, ઊંટની ચાલનો, ઊંટનાં વાંકાંચૂકાં અંગો વગેરેનો નિર્દેશ કરતી તેમ જ અન્ય જે કંઈ ઉક્તિઓ હોય તે વિગતવાર નોંધવી.

અધ્યયન હેઠળના સમાજમાં ઊંટ પાસે કેવાં કેવાં કામ લેવામાં આવે છે? તેનો હળ ખેંચવામાં ઉપયોગ થાય છે? ભારે માલના વાહક તરીકે, પાણી સીંચનાર તરીકે, રેંટ, શેરડીનો સંચો ખેંચનાર તરીકે તેમ જ અનાજ છૂટું પાડવા માટે, હાલરૂમાં જોડવા માટે તેમ જ અન્ય જે જે કામમાં ઉપયોગ થતો હોય તે વિગતવાર નોંધવું.

ઊંટનો ઉપયોગ બોજવાહક–બોજ ખેંચનાર પ્રાણી (draught animal) તરીકે કોઈ રીતે પ્રતિકૂળ ખરો? જો પ્રતિકૂળ હોય તો તે કઈ રીતે? જો રણવિસ્તારમાં યા સૂકા વિસ્તારમાં ઊંટ સવિશેષ અનુકૂળ પ્રાણી ગણાતું હોય તો તે કઈ કઈ રીતે તે નોંધવું. ઊંટનો બોજ ખેંચનાર પ્રાણી તરીકે કઈ કઈ રીતે ઉપયોગ થતો હોવાનું અધ્યયન હેઠળના સમાજની જાણમાં છે? દા. ત. ઊંટગાડીમાં, ખેતર ખેડવામાં, રેંટથી યા અન્ય કોઈ રીતે પાણી ખેંચવામાં, સીંચોડે ફેરવવામાં, ઘાણીમાં અને અન્ય જે કોઈ રીતે ઉપયોગ થતો હોવાનું જાણમાં હોય તે વિગતે નોંધવું. ખેતર ખેડવામાં કોઈ સમાજ દ્વારા બળદો કરતાં તેનો વિશેષ ઉપયોગ થતો હોવાનું અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈની જાણમાં હોય તો તે વિગતે નોંધવું. તે જ રીતે જો તે અન્ય પ્રાણીઓ કરતાં વિશેષ ઉપયોગી મનાતું હોય તો તે કઈ રીતે તે નોંધવું. દા. ત. લગભગ અર્ધા ખર્ચે તેમના કરતાં પ્રમાણમાં ઓછી સારસંભાળથી ઊંટ ઉછેર થઈ શકે છે એવો કોઈ ખ્યાલ જોવા મળે છે ખરો? ઊંટના બોજવહનને માટે કોઈ ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં



આવે છે ખરી? ઊંટને બળદ, પાડા, ગધેડા સાથે પણ હળે જોડવામાં આવતા હોય એવી કોઈ જાણકારી પણ જો હોય તો તે નોંધવી.

અધ્યયન હેઠળનો સમાજ ઊંટને પણ પાળે? શેને માટે? એનો ખાસ ઉપયોગ શો હોય? માત્ર ઊંટનો જ ઉછેર કરતા હોય તેવા પણ અધ્યયન હેઠળના સમાજમાં હોય ખરા? જો હોય તો તેઓ ઊંટનો શો ઉપયોગ કરે? ઊંટઉછેર અને મહિયારા પર જ તેમાંના કોઈક જો પોતાની સમગ્ર જિંદગી વિતાવતા હોય તો તે નોંધવું. સામાન્ય રીતે અધ્યયન હેઠળના સમાજમાં મોટા પાયા પર ઊંટઉછેર કરવામાં આવે છે કે નાના પાયા પર? અધ્યયન હેઠળના સમાજમાં કેટલાં ઊંટનું ધણ મોટું ગણાય? મોટા પાયા પરના ઊંટઉછેર માટે સામાન્ય રીતે વિવિધ પ્રકારના વિસ્તારવાર જમીનની આવશ્યકતા અંગેનાં અધ્યયન હેઠળના સમાજમાં જો કોઈ ધોરણ હોય તો તે વિગતે નોંધવાં. જો અમુક ઊંટઉછેર કરનારી જાતિઓ / જ્ઞાતિઓ જ જો મોટા પાયા પર ઊંટઉછેર કરવાના વ્યવસાયમાં પડેલી હોય તો તે, તેમ જ તેમની ઉછેરપદ્ધતિ તેમ જ જીવનપદ્ધતિ પણ, નાના પાયા પરના યા એકલ-દોકલ ઊંટઉછેરથી અનેકવિધ બાબતોમાં જો જુદી પડતી હોય તો તે પણ વિગતવાર નોંધવું.

સામાન્ય રીતે ઊંટઉછેર જો માનવવસ્તી ઓછી હોય યા ખેતી ઓછી હોય તેવા વિસ્તારોમાં થતો હોય તો તે નોંધવું. તેથી ઊલટું જો વિશેષ માનવવસ્તીવાળા વિસ્તારોમાં પણ મોટા પાયા પર ઊંટઉછેરનાં ધણ જો જોવા મળતાં હોય તો તે પણ વિગતે નોંધવું. આ અંગેનાં કારણો પણ વિગતે નોંધવાં. દા. ત. શહેરમાં દૂધવેચાણની સગવડ, અમુક વિસ્તારમાં અમુક પ્રકારના ચારાની સગવડ વગેરે. સામાન્ય રીતે આવાં મોટાં ધણમાં અમુક જ ઊંટ હોય અને બાકીની બધી સાંઢણીઓ જ જો રાખવામાં આવતી હોય તો તે પણ નોંધવું. આવી સાંઢણીઓને અન્ય કોઈ કામમાં જોતરવામાં ન આવતી હોય, અને તેમનો માત્ર ઊંટઉછેરમાં જ જો ઉપયોગ કરવામાં આવતો હોય તો તે નોંધવું. તેનાથી ઊલટું, નાના પાયા પર ઊંટઉછેર કરનાર સાંઢણીઓનો પણ કવચિત્ કોઈ કામમાં જો ઉપયોગ કરતા હોય તો તે પણ નોંધવું. સગર્ભા સાંઢણીને કામમાં ન જોતરવામાં આવતી હોય યા અત્યંત અનિવાર્ય સંજોગોમાં જ જોતરવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવું. તેથી ઊલટું અધ્યયન હેઠળના સમાજમાં સાંઢણીઓને પણ વર્ષના બધા ભાગમાં કામમાં લેવાની પ્રથા જોવા મળતી હોય તો તે પણ નોંધવું. તે બચ્ચાને જન્મ આપે ત્યાં સુધી તેની પાસે કામ લેવાય અને બચ્ચાને જન્મ આપ્યા પછી થોડા સમયે ફરીને કામ લેવાવાની શરૂઆત થઈ જાય તેવું પણ જોવા મળે છે ખરું? જો તેમ થતું હોય તો આ પ્રથા ઈચ્છનીય નથી અને તેની સરવાળે ઊંટઉછેર પર પ્રતિકૂળ અસર પડે છે તે પ્રકારની માન્યતા જો અધ્યયન હેઠળના સમાજમાં પ્રચલિત હોય તો તે નોંધવી. જો સાંઢણીને બચ્ચાને જન્મ આપતાં પહેલાં અને જન્મ આપ્યા પછી અમુક અઠવાડિયાં કામમાંથી મુક્તિ અપાતી હોય તો તે પણ વિગતે કેટકેટલા સમય માટે અપાય છે તે સહિત નોંધવું. દા. ત. જન્મ પહેલાં ચાર અઠવાડિયાં, જન્મ બાદ ત્રણ અઠવાડિયાં વગેરે.

સામાન્ય રીતે ઊંટની સંભાળ અને ઉછેર, તેની પાસેથી લેવાતાં કામ, ઊંટની જાત, સ્થાનિક પ્રણાલિકાઓ, અધ્યયન હેઠળના સમાજનો ઊંટ તરફનો અભિગમ વગેરે પર આધારિત હોય છે, તે છતાં નીચેના જેવી કેટલીક બાબતોનો સામાન્ય રીતે ખ્યાલ રાખવામાં આવે છે કે કેમ તે નોંધવું. ઊંટ પર તેની શક્તિ કરતાં વિશેષ ભાર લાંબા અંતરે લઈ જવા માટે લાદવામાં તો નથી આવતો ને?

ઊંટનાં ખોરાક-પાણી પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે? તેને ચરવા માટે, આરામ માટે, વાગોળવા માટે પૂરતો સમય આપવામાં આવે છે ખરો? તેને આરામથી પાણી પીવા દેવામાં આવે છે ખરું? તેને રહેઠાણ માટે ટાઢ, તડકો, ઠંડી, ભેજ વગેરેથી બચાવવા અનુકૂળ સગવડો કરવામાં આવે છે ખરી?

ઊંટને નિયંત્રણમાં રાખવાનું મુખ્ય સાધન કયું? તેનું અધ્યયન હેઠળના સમાજમાં નામ શું હોય છે? તેને ક્યારે, કઈ રીતે, કોણ નાખે? તેના પણ ખાસ કસબીઓ હોય તો તે વિગતે નોંધવું. તેની લંબાઈ કેટલી? લગભગ બેથી અઢી ઇંચ જેટલી ખરી? અને જાડાઈ? ઇંચથી દોઢેક ઇંચ ખરી? ઊંટને જ્યારે માલવહન માટેની તાલીમ આપવા માટે તૈયાર કરવાનો હોય ત્યારે એકાદ માસ પહેલાં તેના નાકમાં કાણું પાડવામાં આવે ખરું? આવું કાણું અધ્યયન હેઠળના સમાજમાં એક જ નાકમાં પાડવામાં આવે છે કે બન્નેમાં તે વિગતવાર નોંધવું. આવું કાણું પાડતી વખતે ઊંટને આડો પાડવામાં આવે છે? કાણું પડે ત્યારે તે સોયાની સાથે, કાણું પુરાઈ ન જાય તે માટે દોરી પણ નાખવામાં આવે છે ખરી? સામાન્ય રીતે આવું કાણું રુઝાતાં કેટલો સમય લાગે? આવા કાણા માટેનો સોયો ચોખ્ખો, જંતુરહિત હોય તેનો ખ્યાલ રખાય છે ખરો? સામાન્ય રીતે જ્યારે માખો ઓછી હોય યા ન હોય તેવે વખતે અમુક જ ઋતુમાં આવું કાણું પાડવાનો ખ્યાલ રખાય છે ખરો? આવું કાણું પાડ્યા પછી કોઈ જંતુનાશક દવા પણ લગાડવામાં આવે છે ખરી? આવું કાણું પાડ્યા પછી તેના નાકમાં લાકડાનો ખીલો ક્યારે નાખવામાં આવે છે? લાકડાને બદલે જો ધાતુનો ખીલો વાપરવામાં આવતો હોય તો તે નોંધવું. જો આવા ધાતુના ખીલાથી ઊંટને અમુક ઋતુમાં જો ખાસ કોઈ મુશ્કેલી નડતી હોય તો તે વિગતે નોંધવી. ખાસ કરીને આવું કઈ ઋતુમાં બને? ઉનાળામાં? આનાથી કોઈ વાર નાકને ઈજા થાય યા નાક તૂટી જાય તેવું બને ખરું? તેવું અટકાવવા માટે અધ્યયન હેઠળના સમાજમાં લેવાતા ખાસ ઉપાયો વિગતવાર નોંધવા. તેમાં જો કોઈ દોરી-દોરડું વપરાતાં હોય તો તે શેમાંથી બનાવવામાં આવે, કોણ બનાવે, અને તેની લંબાઈ, જાડાઈ વગેરે વિગતે નોંધવી. આવાં દોરી-દોરડાંની અધ્યયન હેઠળના સમાજની દૃષ્ટિએ જો આદર્શ લંબાઈ, જાડાઈ વગેરે હોય તો તે અંગેની વિગતો પણ પૂરતી માહિતી મેળવીને નોંધવી.

સવારીવાળા ઊંટ અને માલવાહક ઊંટને હાંકવા માટેના નાકનો ખીલો, નાકની દોરી, લગામ વગેરેમાં કોઈ ફેરફાર હોય છે? જો હોય તો શું? સવારીવાળા ઊંટનાં કોઈ સાધન પ્રમાણમાં સહેજ નાનાં અને સહેજ પાતળાં યા નાજુક હોય તો તે વિગતે નોંધવું. જ્યારે નાકનો ખીલો દરેક નાકમાં અકેક નાખવામાં આવે ત્યારે લગામની દોરી જડબા નીચે લેવામાં આવે છે કે માથા પરથી લેવામાં આવે છે? સામાન્ય રીતે નાકમાં ભરાવવાનું દોરડું શેમાંથી બનાવવામાં આવે? ઊંટના વાળમાંથી? બકરાના વાળમાંથી? ઊંટ અને બકરા બન્નેના વાળના મિશ્રણમાંથી? અથવા અન્ય કોઈ રીતે બનાવવામાં આવતું હોય તો તે પણ વિગતવાર નોંધવું. આવી દોરીની લંબાઈ, જાડાઈ વગેરે કેટલી હોવી જોઈએ તેમ જ તેમાં જો કોઈ વૈવિધ્ય જોવા મળતાં હોય તો તે અંગે અધ્યયન હેઠળના સમાજનાં મંતવ્ય નોંધવાં.

ઊંટને સવારી, માલવહન કે અન્ય કામ માટે સામાન્ય રીતે તૈયાર કઈ રીતે કરવામાં આવે? તેને પલોટવામાં કઈ રીતે આવે? કઈ કઈ તાલીમ કેવી રીતે અપાય, અને તાલીમ લેતું



ઊંટ જો બખાળા કરે તો તેને અંકુશમાં કઈ રીતે રખાય છે વગેરે વિગતો પણ ખૂબ જ વિગતવાર નોંધવી. એક વખત પલોટાયા પછી ઊંટને વ્યવસાયમાં કઈ રીતે નાખવામાં આવે? સામાન્ય રીતે સવારી માટે ઊંટને પલોટવાની શરૂઆત કેટલી વયે કરવામાં આવે? ત્રણેક વર્ષની વયે? જો આ વયે પલોટવાનો પ્રારંભ ન કરવામાં આવે તો પાછળથી તેને પલોટવાનું મુશ્કેલ પડે ખરું? કઈ વય સુધી ઊંટ પાસેથી નિયમિત સખત કામ ન લેવાવું જોઈએ? છએક વર્ષની વય સુધી? અધ્યયન હેઠળના સમાજમાં સવારી માટેના ઊંટ કરતાં, માલવાહક ઊંટને સામાન્ય રીતે વહેલી તાલીમ આપવામાં આવે તેવું ખરું? જો તેમ હોય તો સામાન્ય રીતે કેટલી વયે? બેએક વર્ષની વયે? શરૂઆતમાં તેને અન્ય માલવાહક ઊંટોની સાથે ખાલી જ ચલાવવામાં આવે તેવું ખરું? શરૂઆતમાં તેના પર કાઠડી કે કાઠડો યા પલાણ મૂકવામાં આવે? માત્ર કાઠડો મૂકીને જ તેને અમુક સમય સુધી અવારનવાર તાલીમના એક ભાગરૂપે ચલાવવામાં આવે? જો હા, તો આવું કેટલી વય સુધી? પાંચેક વર્ષની વય સુધી ખરું? ત્યાર બાદ પણ તેના પર અન્ય પ્રાણીઓ કરતાં પ્રમાણમાં હલકો બોજ લાદવામાં આવે તેવું ખરું? એવું ક્યાં સુધી કરવામાં આવે? વધુ એકાદ વર્ષ ખરું? ઊંટને સામાન્ય રીતે પુખ્ત વયનો થયેલો ક્યારે માનવામાં આવે? આઠેક વર્ષની વયે ખરો? જો ઊંટને બહુ વહેલો કામે લગાડી દેવામાં આવતો હોય તો તે પણ નોંધવું. આવું સામાન્ય રીતે કેટલી વયે કરવામાં આવે અને તેને લીધે ઊંટમાં અમુક ક્ષતિઓ વિકસતી હોય તો તે પણ નોંધવું. સવારી માટેના ઊંટને કઈ રીતે પલોટવામાં આવે છે? શરૂઆતમાં ઊંટને ઘૂંટણે પડતાં શીખવવામાં આવે? કાઠડો સાચવતાં શીખવવામાં આવે? આનાથી ટેવાયા પછીનું પગથિયું કયું? તેના ઉપર સવાર બેસતાં ટેવાડવાની શરૂઆત ક્યારથી થાય? સવાર બેસવા જાય ત્યારે ઊંટ ઊભો ન થઈ જાય તે માટે શું કરવામાં આવે? તેના આગલા પગ પર સવાર તેનો પગ મૂકે? જ્યાં સુધી સવાર અને પલાણ તેની પીઠ પર હોય અને ઊંટ બરાબર શાન્તિથી બેસવા ટેવાય નહીં ત્યાં સુધી તેને આ તાલીમનું પુનરાવર્તન થોડા દિવસો સુધી કરાવવામાં આવતું હોય તો તે વિગતે નોંધવું. આ રીતે બરાબર ટેવાયા પછી લગામને આધારે વિવિધ હુકમોનું પાલન કરતાં જો શીખવવામાં આવતું હોય તો તે વિગતવાર નોંધવું. આ પાઠ પૂરો થયા પછીનું પગથિયું નોંધવું. સવાર ઊતરતાં જ અથવા તો સવાર ઊતરતો હોય તે વખતે જ અધવચ્ચેથી ઊભા થઈ જવાની ટેવ ઊંટ ન પાડે તે માટે શી કાળજી લેવામાં આવે? ત્યાર બાદ માત્ર લગામને આધારે જ ઊંટને હંકારવાની તાલીમ અપાય? તેમાં પહેલાં ચાલતાં અને પછી દોડાવતાં, માત્ર લગામના આધારે હુકમ ઝીલતાં ઊંટને શિખવાડવામાં આવતું હોય તો તે પણ વિગતવાર નોંધવું. ઊંટ પર સવારી માત્ર ઊંટ બેસાડીને જ થાય કે કોઈ વાર ઊંટ ઊભો યા ચાલતો હોય તેવે વખતે પણ થઈ શકે? જો થઈ શકતી હોય તો તે કયા સંજોગોમાં તે વિગતવાર નોંધવું. માલવહન કરતાં ઊંટ માલ લઈને કઈ રીતે ચાલે? એકમેકની પાછળ? આવાં ઊંટોની આગેવાની સામાન્ય રીતે કેવા ઊંટને સોંપવામાં આવે? સામાન્ય રીતે આવી આગેવાની માત્ર ઊંટને જ સોંપવામાં આવે કે સાંઢણીને પણ સોંપાય તે પણ નોંધવું. જો સવારીનાં અને માલવાહક બંને મિશ્ર ઊંટો હોય તો તે સંજોગોમાં સામાન્ય રીતે કોને આગેવાની સોંપાય? સૌથી આગળના ઊંટને પાછળનાં ઊંટો સાથે કઈ રીતે સાંકળવામાં આવે અને પ્રમાણમાં નવશિખાઉ ઊંટોને ક્યાં રાખવામાં આવે, તેમ જ હારની છેડે કેવો ઊંટ રાખવામાં આવે તે પણ વિગતે નોંધવું. જો નવશિખાઉ ઊંટને પ્રમાણમાં શાંત અને અનુભવી ઊંટ સાથે સાંકળવામાં આવતો હોય, છેલ્લે તેમ જ પહેલે પ્રમાણમાં અનુભવી ઊંટ રખાતા હોય તો તે પણ

વિગતે નોંધવું. એક હારમાં ચાલતાં ઊંટને આવાં દોરડાં ક્યાંથી કઈ રીતે બાંધવામાં આવે છે તે વિગતવાર નોંધવું. આવું દોરડું પૂંછડે બાંધવામાં આવે છે કે પલાણને તે પણ વિગતે નોંધવું. સામાન્ય રીતે માલવાહક ઊંટો એક એકની પાછળ જ જાય તેમ બને છે ખરું? આવાં ઊંટોની આગેવાની કોણ લે છે? ઊંટને દોરનાર માણસ કયા ઊંટ પર બેસે છે? આવી આગેવાની કોઈ પણ કરે કે અમુક જ ઊંટ કરી શકે? જો સાંઢણી ન કરી શકે એવું મનાતું હોય તો તે પણ નોંધવું. આવી માન્યતાના આધાર પણ વિગતે નોંધવા.

માલવાહક તેમ જ સવારીના ઊંટ પરના 'પલાણ'ને શું કહેવામાં આવે છે? તેમાં શેનો શેનો સમાવેશ કરવામાં આવે છે? અને તેમાં પણ જો કોઈ ચીજવસ્તુમાં ફેરફાર હોય તો તે વિગતવાર નોંધવો. સામાન્ય રીતે આવું પલાણ એકને બંધબેસતું થાય તે રીતે ગોઠવાયા પછી બીજાને માટે જો તેનો ઉપયોગ ન કરવામાં આવતો હોય તો તેનાં કારણો, માન્યતાઓ વગેરે સહિત વિગતવાર નોંધવું.

સવારીવાળા ઊંટની સામાન્ય રીતે ચાલવાની/દોડવાની ઝડપ કેટલી? આવી ગતિનાં જો જુદાં જુદાં નામ હોય તો તે વિગતે નોંધવાં. દા. ત. જોગ. આવી ચાલ/દોડની ઝડપ કેટલી? તે વિગતે નોંધવું. ઊંટની વધુમાં વધુ ઝડપ કેટલી? આવી ઝડપની જો કોઈ સમયમર્યાદા હોય તો તે વિગતવાર નોંધવી. એક દિવસમાં સમગ્ર રીતે ઊંટ કેટલી મજલ કાપી શકે? આવી સતત કેટલા દિવસ ઊંટ આટલી મજલ કાપી શકે? ઊંટને કેટલા દિવસે વિરામ અપાવો જોઈએ? ઊંટને જો લાંબું અંતર કાપવાનું હોય તો કેટલું અંતર કાપ્યા પછી તેને થોભાવીને વિરામ આપવો જોઈએ? ૧૫થી ૨૦ કિલોમીટર? આવો વિરામ કેટલા ગાળાનો હોવો જોઈએ? દસથી પંદર મિનિટ? જો ઊંટને પહાડી રસ્તાઓ પર ચલાવવાનો હોય તો તેવે વખતે ખાસ શું શું ધ્યાન રાખવામાં આવે છે? દા. ત. તેવે વખતે એકીવખતે ઊંટને થોડું અંતર કાપવાનું થાય તેનો ખ્યાલ રાખવામાં આવે છે ખરો? જો તેમ ન કરવામાં આવે તો શું થાય? સામાન્ય રીતે જે તે દિવસે નિયત અંતરે પહોંચ્યા પછી ઉપરનો બોજ ઉતારી નાખવામાં આવે છે? તેના પરથી પલાણ ક્યારે ઉતારવામાં આવે છે? તરત જ કે કલાકેક પછી? શા માટે? તે વિગતવાર નોંધવું. સામાન્ય રીતે પુખ્ત વયના માલવાહક ઊંટ પર કેટલો બોજ લાદી શકાય? અઢીસોથી ત્રણસો કિલો? વધુમાં વધુ કેટલો બોજ લાદી શકાય? ચારસોથી પાંચસો કિલો જેટલો બોજ પણ તેના પર લાદી શકાય ખરો? આવો બોજ લાદવાનું પ્રમાણ શેના પર આધારિત રહે? દા. ત. ઊંટની જાત, તેની શક્તિ, તેણે કાપવાનું અંતર, ગતિ, સમય, રસ્તાનો પ્રકાર, માલનો પ્રકાર, માલનું કદ વગેરે. સામાન્ય રીતે ઊંટની ચાલવાની ગતિ દર કલાકે કેટલી હોય? ચારથી છ કિલોમીટર? રોજ તે કેટલું અંતર સરળતાથી કાપી શકે? પાંત્રીસથી ચાળીસ કિલોમીટર? રોજ તેની પાસેથી કેટલું કામ સામાન્ય સંજોગોમાં લઈ શકાય? દસથી બાર કલાક? સામાન્ય રીતે ઊંટને કેટલા દિવસે આરામનો દિવસ આપવો જોઈએ? અધ્યયન હેઠળના સમાજમાં આવો આરામ આપવામાં આવે છે ખરો? ઊંટને વર્ષમાં અમુક સમયે કામમાંથી મુક્તિ આપવાની પરંપરા પણ અધ્યયન હેઠળના સમાજમાં જોવા મળે છે ખરી? જો હા, તો સામાન્ય રીતે ક્યારે? વર્ષના કયા ભાગમાં?

ઊંટોની સામાન્ય રીતે સંવનનની ઋતુ કઈ? આ ગાળો સામાન્ય રીતે ડિસેમ્બરથી માર્ચ સુધીનો હોય છે? અધ્યયન હેઠળના સમાજમાં આ ગાળાને શું કહેવામાં આવે છે? ઊંટ આ અવસ્થામાં હોય ત્યારે તેને માટે કોઈ ખાસ શબ્દ વપરાતો હોય તો તે વિગતે નોંધવું. દા. ત.



મસ્થ યા મસ્ત. જ્યારે ઊંટ આ અવસ્થામાં હોય ત્યારે તે થોડો ભયપ્રદ બનતો હોય, તેને સાચવવો મુશ્કેલ પડતો હોય, અને તેની નજીક જતાં કોઈ પણ માણસે કે ઊંટે પણ ખાસ કાળજી રાખવાની હોય તો તે વિગતે નોંધવું. આ અવસ્થામાં ઊંટનાં સામાન્ય લક્ષણો નોંધવાં. દા. ત. તે દાંત કકડાવે, મોઢામાંથી ફીણ કાઢે, મોંમાં ઘોડાની જેમ પવન ભરે, અને પછી માથું પાછું કરીને તે બહાર કાઢે, ઘેરા લાલ રંગનું દુર્ગંધવાળું પ્રવાહી ગળા નીચે વહે, વગેરે. ઊંટ મસ્ત હોય ત્યારે તેની પૂંછડી પટકાતી અટકાવવા માટે તેની દોરીથી ખૂંધને એક બાજુથી બાંધવી પડતી હોય તો તે વિગતે નોંધવું. મસ્ત સ્થિતિમાં ઊંટને નરમ પાડવા માટે બીજા કયા ઉપાયો કરવામાં આવે? દા. ત. તેની પાસેથી સખત કામ લેવામાં આવે, વધારે પડતો બોજ નાખવામાં આવે, જેનો પ્રજનનમાં ઉપયોગ થતો હોય તેવા ઊંટોનું વંધ્યીકરણ કરાવવામાં આવે, વગેરે. ઊંટના પ્રજનનને દિવસના લંબાવાની સાથે જો કોઈ સંબંધ હોવાનું અધ્યયન હેઠળના સમાજનું નિરીક્ષણ હોય તો તે વિગતે નોંધવું. સામાન્ય રીતે 'રટ'ની ઋતુ કઈ હોય છે? જ્યારે ઊંટ રટમાં હોય ત્યારનાં એનાં લક્ષણો વિગતે નોંધવાં. દા. ત. તેવે વખતે તેની માલવાહક કે સવારીના પ્રાણી તરીકેની ઉપયોગિતા ઠીક ઠીક ઘટે, તેની ભૂખ મરી જાય, કેટલીક વાર તેને ડાયેરિયા પણ થઈ જાય, ચીડિયો અસહિષ્ણુ થઈ જાય, શિસ્તમાં ન રહે, થોડોક ગાળો બળવાખોર થઈ જાય. તેના ઉપાય તરીકે શું શું કરવામાં આવે છે તે વિગતે નોંધવું. દા. ત. તેવે વખતે તેની પાસેથી સખત કામ લેવામાં આવે તો તેનામાં આ વૃત્તિ ઓછી થાય છે યા અદૃશ્ય થઈ જાય છે, વગેરે. સંવનનકાળની જે કોઈ ખાસ વિશિષ્ટતાઓ ઊંટ-ઊંટડીમાં જોવા મળતી હોય તે નોંધવી. સંવનનકાળમાં યા ઊંટ કે ઊંટડી જ્યારે સંપૂર્ણપણે ઉદ્દીપ્ત થયાં હોય તેવે વખતે જો એમને કોઈ સતાવે કે છૂટાં પાડે તો વેર રાખે? ગુસ્સે થાય? ઊંટ-પાલકો એમને સતાવવાં કે જુદાં પાડવાં જો યોગ્ય ન માનતા હોય તો તે પણ વિગતે નોંધવું. જો યોગ્ય માનતા હોય તો તે પણ નોંધવું. શિયાળામાં ઊંટડી વિશેષ ગરમીમાં આવે અને ફળે તેવી માન્યતા હોય તો તે નોંધવી. ઊંટડી ગરમીમાં આવેલ છે તેનો ખ્યાલ કઈ રીતે આવે તે નોંધવું. બચ્ચાનો જન્મ ફળ્યા પછી ૧૩ મહિને થતો હોવાથી તેનું જન્મપ્રમાણ પણ શિયાળામાં હોવાનું જો અધ્યયન હેઠળના સમાજનું નિરીક્ષણ હોય તો તે પણ નોંધવું. સંવનનપદ્ધતિ કઈ કઈ? તેમાં પણ ઈર્ષ્યા-હરીફાઈ વગેરે હોય? ઊંટો વચ્ચે હોય કે ઊંટડીઓ વચ્ચે પણ ખરી? તે વિગતે નોંધવું. જો ઊંટડીઓ વચ્ચે પણ આ પ્રકારની સ્પર્ધા જોવા મળતી હોય તો તે કેવા ઊંટ માટે? ઊંટો અંદરોઅંદર પણ વેર રાખે? સાંઢ-સાંઢણી વચ્ચે પણ કોઈ વાર લડાઈ થાય? તેમની લડાઈ સામાન્ય રીતે કઈ રીતે અને ખાસ કરીને કયા કયા મુદ્દાઓ પર થાય તે અંગેનાં માહિતીદર્શકોનાં મંતવ્યો નોંધવાં. ઘાસચારાના? ચોખ્ખા પાણીના? આમાં સૌથી ભયંકર લડાઈ શેની હોય? કોઈ ઊંટડી ઊંટને સંવનન માટે ન ગાંઠે તો લડાઈ થાય? કે ઊંટ ઊંટડીને ગમે તે રીતે રીઝવવા પ્રયાસ કરે? તે છતાં પણ જો ન રીઝે તો? આ બધી જ વિગતો વિગતવાર નોંધવી. પહેલવહેલી તે કેટલી વયે ગરમીમાં આવે? પહેલી વાર તેને કેટલી વયે ફળાવવામાં આવે? ચારેક વર્ષની વયે? સાંઢણી ફળી હોવાનો ખ્યાલ કઈ રીતે આવે? જ્યારે તેનો પાલક તેની પાસે જઈને તેના ગળે પંપાળે અથવા સાંઢ પાસે જાય ત્યારે પૂંછડી ઊંચી કરે? જો ન ફળી હોય તો તેની નિશાની શી? જો સાંઢણીની પૂંછડી લટકતી હલતી રહેતી હોય તો તે ફળી નથી એમ મનાય ખરું? આ અંગેની અન્ય કોઈ નિશાનીઓ હોય તો તે વિગતે નોંધવી. ફળ્યા પછી સાંઢણી કેટલાં અઠવાડિયે બચ્ચાને જન્મ આપે? લગભગ ૫૫ અઠવાડિયે? જન્મ લગભગ કેટલા દિવસે? ૩૭૫થી ૩૯૨

દિવસ સુધીમાં? સગર્ભા સાંઢણીનું પેટ વધવાનો પ્રારંભ લગભગ કેટલી વયે થાય? છએક માસે? પ્રસવની નજીકના ગાળાનાં લક્ષણો પણ વિગતવાર નોંધવાં. દા. ત. આંચળના કદમાં વધારો. જે રીતે ગાયોમાં એક સાંઢ રાખવામાં આવે તે રીતે ઊંટોમાં પણ ફળાવવા માટે કોઈ સાંઢ હોય એવું ખરું? જો આવો સાંઢ રાખવામાં આવતો હોય તો તે બીજા ઊંટોની પાછળ પડે ખરો? ગરમીમાં આવેલી જો એકાદ સાંઢણી હોય તો તેને સાંઢ પાસે લઈ જવામાં આવે? સાંઢણીને ફળાવવા માટે સાંઢનો માલિક કંઈ લે ખરો? કેટલું? કે એ પછી ભવિષ્યમાં સાંઢણીને શું અવતરશે તેના પર છોડી દેવાય? આ બાબતમાં શું પ્રથા છે તે વિગતે નોંધવું.

પશુઓમાં કોની વચ્ચે મેળાપ થાય તો સારું એવી અપેક્ષા સામાન્ય રીતે રાખવામાં આવે? જો ગાય, ભેંસ, ઊંટડી વગેરેમાં તેનાં સંતાન જો વધુ તંદુરસ્ત હોય તો તેની સાથે પણ મેળાપ કરાવાય? અમુક પ્રકારના મેળાપ માટે ઘોડા, બકરા કે ઊંટ યા ગાય, ભેંસમાં જો નાપસંદગી દર્શાવવામાં આવતી હોય તો તે કયા કયા મેળાપ માટે? કઈ કઈ રીતે? મુખ્યત્વે કયા કયા દોષ વગેરેને દૃષ્ટિમાં રાખીને આ નિર્ણય કરવામાં આવે છે તે શકય હોય એટલું વિગતવાર નોંધવું.

સાંઢની સાથે મેળાપ થયા પછી કેટલા સમયમાં સાંઢણી ફળી ગયેલ છે એનો ખ્યાલ આવે? જો ન ફળેલ હોય તો તેનો કેટલા સમયમાં ખ્યાલ આવે? જો ન ફળેલ હોય તો ફરીને ફળાવવા માટે શું કરે? નથી ફળી એવી ખબર પડતાં જ ફરીથી ફળાવવાની તૈયારી થઈ શકે ખરી? સામાન્ય રીતે એક ઋતુમાં સાંઢ કેટલી સાંઢણીઓને ફળાવી શકે? ત્રીસથી પચાસેક જેટલી? અધ્યયન હેઠળના સમાજમાં ફળાવવાની શરૂઆત કરવા માટે સાંઢની કઈ ઉંમર શ્રેષ્ઠ ગણવામાં આવે છે? આઠ વર્ષની? અધ્યયન હેઠળના સમાજમાં શ્રેષ્ઠ સાંઢનાં લક્ષણો કયાં ગણવામાં આવે છે અને સામાન્ય રીતે કઈ બાબતોને લક્ષમાં રાખીને સાંઢની પસંદગી કરવામાં આવે છે તે વિગતવાર નોંધવું. ઊંટના સુપ્રજનન અને સંતતિનિયમન માટે પણ જુદી જુદી જે જે પદ્ધતિઓ અપનાવવામાં આવતી હોય તેની પણ વિગતે નોંધ કરવી. જો તેને માટે સામાન્ય નબળા ઊંટની ખસી કરાવી દેવાતી હોય યા બીજી રીતે મેળાપમાંથી અટકાવવામાં આવતાં હોય તો તેની પણ વિગતવાર નોંધ કરવી. એને માટે કોઈ ખાસ સાધનો અપનાવવામાં આવતાં હોય તો તે પણ નોંધવું.

વંધ્યત્વીકરણ કરેલા ઊંટ વંધ્યત્વીકરણ વિનાના ઊંટ જેટલો બોજ વહન ન કરી શકે? આ અંગે અનુભવી માહિતીદર્શકોનો અભિપ્રાય મેળવવો. ખસી કરેલા ઊંટને 'રટ'ના સમયમાંથી પસાર થવાનું ન હોય, તેમ જ અન્ય સાંઢણીઓ પણ તેનું ધ્યાન ન ખેંચતી હોવાનું જો અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનું મંતવ્ય હોય તો તે વિગતવાર નોંધવું.

ઊંટડીના બચ્ચાને જન્મવાની પદ્ધતિ કેવી હોય? પહેલું માથું આવે ને? પણ જો કોઈ વાર પગ આવે તો? એવે વખતે એને ખેંચી કાઢવામાં આવે ? સામાન્ય રીતે બચ્ચું આગલા પગોની વચ્ચે માથું નાખીને માતાના ઉદરમાંથી બહાર આવે ને?

ઊંટડીને પ્રસવ ઊભાં ઊભાં થાય કે બેઠાં બેઠાં? કે આડા? પ્રસવમાં મદદ કરાવનાર પ્રત્યે તેનું વલણ કેવું હોય? એવે વખતે કોઈ પાસે હોય તો તેને ગમે કે કેમ? જો જંગલમાં એને પ્રસવ થાય અને તેની પાસે કોઈ ન હોય તો? કોઈ વાર માનવસહાયની પણ આવશ્યકતા ઊભી થાય ખરી? સામાન્ય રીતે કયા પ્રકારની અને કયા સંજોગોમાં ? ઊંટના



બચ્ચાના જન્મ વખતે બીજું ખાસ શું શું ધ્યાન રાખવાનું રહે ? પહેલી વખતના બચ્ચાના જન્મ વખતે ઊંટડીની પ્રસવવેદના વિશેષ હોય ખરી? તેવે વખતે તેની વિશેષ દરકાર કઈ રીતે લેવાય છે? બચ્ચાના પ્રસવ પહેલાં ગભરાઈને સાંઢણી દોડવા માંડે ખરી? જો તેમ થાય તો નવજાત બચ્ચાને પણ નુકસાન થાય તેવું ખરું? તેમ થતું અટકાવવા વિશેષ શાં પગલાં લેવામાં આવે? દા. ત. તેને બાંધી રાખવામાં આવતી હોય તો તે નોંધવું.

સામાન્ય રીતે બચ્ચાના જન્મ પછી તેને સાફ કરવાનું રહે? માતાનો આંચળ તેને મોંમાં આપવાનો રહે? જો તે માતાના આંચળ સુધી ન પહોંચતું હોય તો? તેની મેલીનું શું કરવામાં આવે? મેલીની સાથે સંકળાયેલા નિષેધો, માન્યતાઓ નોંધવાં. જો મેલી એ જોઈ જાય કે ખાઈ જાય તો શું થાય એમ માનવામાં આવે? દૂધ ન આપે કે વસૂકી જાય યા બચ્ચું મરી જાય એવું કંઈ માનવામાં આવતું હોય તો તે પણ નોંધવું.

માતા તેના નવજાત બચ્ચાને શરૂઆતમાં કેવી રીતે સાફ કરે? તેને ચાટે? યા ધૂળ ભંભેરે? તરતના જન્મેલા બચ્ચાને કઈ રીતે સાચવે? તરતનું જન્મેલું બચ્ચુ કેવું હોય? તેની ડોક કેટલી લાંબી હોય? તે તરત ધાવી શકે એવું હોય? જો તરત ધાવી શકે એમ હોય તો એને માતા કેવી રીતે ધવડાવે? જો તે માતાના આંચળ સુધી પહોંચી શકે તેમ ન હોય તો? જો તેને તરત દૂધ ન આવતું હોય તો તેની શું વ્યવસ્થા કરવામાં આવે છે તે પણ વિગતવાર નોંધવું. તે જ રીતે જો માતાને શરૂઆતમાં દૂધ ન આવતું હોય તો શરૂઆતના દિવસમાં તેને શું પાવામાં આવે છે તે નોંધવું.

ઊંટના બચ્ચાને કેટલી વયે દૂધ પીતાં અટકાવાય? જો તે ટોળામાં સાથે જ ચરવા જતું હોય તો ત્યાં ધાવી ન જાય તે માટે જો ખાસ કંઈ અટકાયતી ઉપાય અજમાવવામાં આવતા હોય તો તે વિગતવાર નોંધવા.

ઊંટડીના દૂધનો પણ 'બળો' યા 'ખીર' કરવામાં આવે છે કે કેમ તે પણ વિગતવાર નોંધવું અને એને સામાન્ય રીતે કોણ, કઈ રીતે, શેમાં તૈયાર કરીને ખાય તે અંગેની પણ વિગતવાર નોંધ કરવી. શરૂઆતના થોડા દિવસ તે વધુ ધાવી ન જાય તેનો ખ્યાલ રાખવાનો રહે ખરો? જો તેવો ખ્યાલ રખાતો હોય તો તે કેટલા દિવસ? તેનું કારણ શું તે પણ નોંધવું. કેટલા દિવસ સુધી તેને માત્ર એક જ આંચળે ધાવવા દેવામાં આવે? વીસેક દિવસ? આ શરૂઆતના વીસેક દિવસનો ગાળો ઊંટના બચ્ચાને માટે થોડો નાજુક ગણી શકાય ખરો? એ ગાળા દરમિયાન વધારે પડતા દૂધથી ડાયેરિયા થવાની અને તેનાથી બચ્ચું મરી જવાની શકયતા અંગે અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો મેળવવા. આવા વીસેક દિવસના નાજુક ગાળા પછી તેના ધાવવાના આંચળની સંખ્યામાં ઉમેરો કરવામાં આવતો હોય તો તે નોંધવું. આવો ઉમેરો કેટકેટલી વયે કરવામાં આવે છે તે નોંધવું. દા. ત. બે આંચળ બેએક માસ માટે, ત્યાર બાદ ત્રણ આંચળ પછીના ત્રણેક માસ માટે, અને બચ્ચું છ-સાત માસનું થાય ત્યારે તેને બધા જ આંચળે જો ધાવવા દેવામાં આવતું હોય તો તે નોંધવું. તેથી ઊલટું અધ્યયન હેઠળના સમાજમાં બધા જ આંચળ પહેલેથી યા અધવચ્ચેથી ધવડાવવાની અને તેને દૂધ પ્રમાણમાં એક, બે યા ત્રણ આંચળમાં હોય તેટલું જ આપવાની પ્રથા જો હોય તો તે પણ વિગતે નોંધવી.

ઊંટ અને ઊંટડી એ બન્નેમાંથી કોને પાળવાની પ્રથમ પસંદગી અપાય? શા માટે? એ બન્નેમાંથી વેગ કોનો વિશેષ? અધ્યયન હેઠળના સમાજમાં ઊંટમાં જો અનેક પ્રકારની વિશિષ્ટ જાતિઓ જોવા મળતી હોય તો તે દરેક જાતિનું નામ, તેનું મળતું વર્ણન, ગતિ, ચાલ વગેરે અંગે વિગતવાર નોંધ કરવી.

ઊંટ-ઊંટડીનાં વિવિધ વય અને અવસ્થાનાં જો ખાસ કોઈ નામ હોય તો તેને વિગતવાર નોંધવાં. દા. ત. એક અધ્યયન હેઠળના સમાજમાં ઊંટના તદ્દન નાના બચ્ચાને 'કરેડિયું' કહેવાય છે. એકાદ વર્ષનાને 'પાંગર' કહેવાય છે અને તેનાથી મોટાને ઊંટ કહેવાય છે, વગેરે.

ઊંટના બચ્ચાનું ઊંટડી સામાજીકરણ કઈ રીતે કરે? કઈ રીતે સાચવે? કઈ રીતે દૂધ પાય? કઈ રીતે ઉછેરે? ઘાસપાલો વગેરે ઊંટનું બચ્ચું ક્યારથી ખાતું થાય? મા-દીકરી વચ્ચેનાં ગેલ ક્યા પ્રકારનાં હોય? ખોરાક વગેરેની શોધમાં અને તેને લાવી આપવામાં મા કેવી રીતે મદદ કરે? ઊંટડી બચ્ચાને દૂધ આપવાનું કુદરતી રીતે ક્યારે છોડે? ત્યાં સુધીમાં એણે બચ્ચાને ખોરાક વગેરેથી હેવાયું કર્યું હોય? કેટલી વયે સ્વતંત્ર થાય? ઊંટની પણ બચ્ચાના ઉછેરમાં કોઈ ખાસ ફરજ હોય છે કે કેમ? ઊંટડીનું કેટલું દૂધ સામાન્ય રીતે બચ્ચું પી જાય? કેટલું સામાન્ય રીતે દોહી લેવામાં આવે? ઊંટડીને દોહતાં પહેલાં બચ્ચું બતાવવું ને ધવડાવવું જ પડે? બચ્ચું-બોતડું વિના પણ ઊંટડી દોહી શકાય ખરી? જો અમુક ખાસ સંજોગોમાં દોહી શકાતી હોય તો તે ખાસ ક્યા સંજોગો હોય તે પણ વિગતવાર નોંધવું.

જો ઊંટડી યા ગાય કે ભેંસ અમુક હેવાયા થયેલા માણસને જ દોહવા દેતાં હોય, અને જો તે ન દોહે તો વસૂકી જાય, યા ઓછું દૂધ આપતાં થાય યા દૂધ આપવામાં અનિયમિત થઈ જતાં હોય તો તે વિગતે નોંધવું.

ઊંટડીને સામાન્ય રીતે કોણ દોહે? તેને દોહવાની પદ્ધતિ અન્ય પ્રાણીઓ—ખાસ કરીને ગાય-ભેંસ—કરતાં કોઈ રીતે જુદી પડે ખરી? જો જુદી પડતી હોય તો તે કઈ રીતે? ઊંટડીને સામાન્ય રીતે દિવસમાં કેટલી વાર દોહવામાં આવે? બકરીની જેમ અનેક વાર દોહી શકાય? એક વેતરમાં સામાન્ય રીતે કેટલા મહિના તેને દોહી શકાય? સામાન્ય રીતે ગાય-ભેંસમાં અને ઊંટડીમાં તેનાં પાડાં-વાછરડાં કે બોતડાં માટે રખાતા દૂધનું પ્રમાણ પણ નોંધવું. દોહવાનાં વાસણો વગેરેની પણ વિગતવાર નોંધ કરવી. ન દોહવા દેનાર ઊંટડી દોહવા દે તે માટે યોજાતા ઉપાયો પણ વિગતે નોંધવા.

અધ્યયન હેઠળના સમાજમાં સાંઢણીને સામાન્ય રીતે કેટલી વાર દોહવામાં આવે? એક વાર? બે વાર? બેથી વધુ વાર? જો કોઈક સ્થળે તેને એકાદ જ વાર દોહવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવું. તેનું સરેરાશ દૂધ કેટલું હોય? બચ્ચાના ભાગ ઉપરાંત એકથી બે ગૅલન જેટલું ખરું? દૂધના પ્રમાણનો આધાર શેના શેના ઉપર હોય છે? ચરાણના પ્રકાર અને પ્રમાણ પર ખરો? સામાન્ય રીતે સાંઢણી દૂધ કેટલા સમય સુધી આપે? રણવિસ્તારમાં કેટલા સમય સુધી? અન્ય સારા ચરાણવિસ્તારોમાં કેટલા સમય સુધી? રણવિસ્તારોમાં આઠ માસ સુધી? અન્ય ચરાણ વિસ્તારોમાં દોઢેક વર્ષ સુધી પણ દૂધ આપી શકે? જો તેમ હોય તો બચ્ચાને સામાન્ય રીતે ક્યાં સુધી ધવડાવાય તે પણ નોંધવું.

ઊંટડીના દૂધનો ખાવામાં ઉપયોગ કરવામાં આવે છે કે કેમ? ઊંટડીના દૂધનાં વિશિષ્ટ લક્ષણો, ફાયદા-ગેરફાયદાઓ વગેરે નોંધવું. ઊંટડીનું દૂધ ખૂબ જલદી બગડી જાય, એનો તરત જ ઉપ-



યોગ થઈ જવો જોઈએ તે પ્રકારની જો માન્યતા હોય તો તે પણ વિગતે નોંધવી. ઊંટડીના દૂધના સ્વાદ, રંગ, માધુર્ય, ગુણ વગેરે અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો મેળવવા. અન્ય દુધાળ પ્રાણીઓ – ગાય, ભેંસ, બકરી વગેરેની –સાથેના તુલનાત્મક ખ્યાલો પણ માહિતીદર્શકો પાસેથી વિગતે મેળવવા. તે જ રીતે અગાઉ નિર્દેશ કર્યો છે તે રીતે તેની દૂધની બનાવટો વગેરે અંગેના પણ અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો વિગતવાર મેળવવા. દા. ત. ઊંટડીનું દૂધ જલદી પચનારું, ગાય-ભેંસના દૂધ કરતાં પણ વધુ ગુણકારી, ભેંસના દૂધ કરતાં વધારે પાતળું અને ગાયના દૂધ કરતાં જાડું, ઊંચાઈ વધારનારું વગેરે મનાતું હોય તો તે વિગતે નોંધવું.

સાંઢણીના પ્રથમ દૂધ (colostrum) અંગે અધ્યયન હેઠળના સમાજમાં શી માન્યતા છે તે વિગતે નોંધવું. કેટલાક સમાજમાં તે 'ખરાબ' યા 'ભયંકર' હોવાનું અને તેથી તેનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો જોઈએ એ પ્રકારની માન્યતા જોવા મળે છે, તેવી માન્યતા અધ્યયન હેઠળના સમાજમાં પણ છે કે કેમ તે પણ ચકાસવું. હકીકતે આ પ્રથમ દૂધ નવજાત બચ્ચાની સારી તબિયત માટે ખૂબ ઉપયોગી અને કલ્યાણકારી છે અને તે અંગેનો સ્પષ્ટ ખ્યાલ અધ્યયન હેઠળના સમાજને હોય તો તે પણ વિગતે નોંધવું. ઊંટનું બચ્ચું કેટલી વયે બરાબર ચાલતું થાય? ક્યાં સુધી તે ચાલવામાં ખૂબ અસ્થિર હોય? જો સાંઢણીઓ કોઈક સ્થળે જતી હોય તેવે વખતે જો તે જન્મે તો તે સંજોગોમાં તેને કઈ રીતે સાથે લઈ જવામાં આવે? જે તે સાંઢણી પર જ તેના બોજના એક ભાગરૂપે જ તેને બાંધી દેવામાં આવતું હોય યા અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતી હોય તો તે વિગતવાર નોંધવી. સામાન્ય રીતે બચ્ચાં ચરતાં કેટલી વયે થાય? ૪થી ૬ અઠવાડિયાંનાં હોય ત્યારથી? તે બરાબર ચરવાની શરૂઆત ક્યારથી કરે? તેમનું દૂધ છોડાવાય ત્યારથી? સામાન્ય રીતે દૂધ કઈ રીતે છોડાવાય છે તે, તેમ જ કેટકેટલી વયે છોડાવાય છે તે પણ વિગતે નોંધવું. ઊંટના બચ્ચાના શરીરમાં એકાદ મહિનાની અને પાંચેક મહિનાની વયે કોઈ ફેરફાર થાય છે ખરા? જે થતા હોય તે વિગતે નોંધવા.

બચ્ચું જન્મે ત્યારથી થોડું મોટું થાય ત્યાં સુધીના સમયને માટે બચ્ચાના રક્ષણને માટે જો ઊંટડી આક્રમક બનતી હોય તો તે વિગતે નોંધવું. તે જ રીતે સગર્ભાવસ્થામાં અને ખાલી કોઠે પણ ઊંટડીનું જો અમુક વિશિષ્ટ પ્રકારનું વર્તન રહેતું હોય તો તેની વિગતો પણ નોંધવી.

ઊંટનો સામાન્ય રીતે ખોરાક શો? રોજનો ખોરાક જો અનાજ જ હોય તો કેટલું જોઈએ? ભાજીપાલો-ચારો વગેરે કેટલો જોઈએ? ગાય અને ભેંસ કરતાં વધારે ખાય કે ઓછું? ગાય કે ભેંસ કરતાં જો એનું ખાવાનું વિશેષ હોય તો એને લીધે પણ ઊંટ લોકો ઓછા રાખતા હોય તો તે નોંધવું. ઊંટ શું શું ખાય? શું શું વિશેષ પ્રિય હોય, દા. ત. લીમડો. શું ન ખાય એમ મનાય? દા. ત. માણસનો મળ. મળ એ ન ખાતું હોય તેથી તેની સાથે કોઈક વિશેષ ગુણ સાંકળવામાં આવતા હોય તો તે નોંધવું. દા. ત. તેને દૈવી પ્રાણી તરીકે યા એવા કોઈ વિશિષ્ટ ગુણવાળા પ્રાણી તરીકે પણ અમુક વાર નવાજવામાં આવતું હોય તો તે વિગતવાર નોંધવું.

ઊંટ, ગાય-ભેંસ, બકરાં યા ઘેટાં ભેગાં ચરી શકે? એમની ચરવાની કોઈ વિશિષ્ટ પદ્ધતિ છે? તોફાન આવે ત્યારે, વરસાદમાં, નદીના પૂરમાં, ભય વખતે, અંદર અંદર જ લડાઈ વખતે વગેરે પ્રસંગે ઊંટોનું વર્તન સામાન્ય રીતે કેવું હોય? જો ભેગાં ન ચરી શકતાં હોય તો એમના પોતાના ટોળામાં એમનો વર્તાવ કેવો હોય? દરેક ઊંટ પોતપોતાની રીતે સ્વતંત્ર રાહે જાય? કે બધાં ભેગાં જાય? યા એક-બબ્બેની ટોળકીમાં જાય? તેમાં પણ નજીકનાં લોહીનાં સગાં

મા-દીકરો યા જે ઊંટને ઊંટડી પ્રત્યે ખેંચાણ હોય યા એકાદ વખત પણ એની સાથે મેળાપ થઈ ચૂકયો હોય અને મિત્રાચારી હોય એવાની સાથે સાથે જાય તેવું બનતું હોય તો નોંધવું.

ઊંટના બરાડા, ફૂંફાડા યા નસકોરાં બોલાવવાં વગેરે બાબતોને રોજ-બ-રોજના જીવનમાં વાસ્તવમાં પ્રવર્તતી કોઈ પરિસ્થિતિ સાથે જો સંબંધ હોય તો તે પણ વિગતે નોંધવો. તે જ રીતે એના બેસવામાં, ઊઠવામાં, દોડવામાં, ચાલવામાં, ઘાસ વગેરે અને ઊંચા ઝાડની ડાળીઓ-પાંખડીઓ વગેરે ખાવામાં જો અમુક વિશિષ્ટ પ્રકારનું વલણ યા વર્તાવ જોવા મળતો હોય તો તે નોંધવું. દા. ત. અસાધારણ ઊંચાઈને લીધે જમીન પરનું ઘાસ બહુ ઊંડાણથી સારી રીતે ભેંસની જેમ ચરી શકતાં ન હોય પણ ઊંચાં ઝાડોની પાતળી કૂંપળો વચ્ચેથી કાપીને જો અસરકારક રીતે ખાઈ શકતાં હોય તો તે નોંધવું.

બકરાં અને ઊંટ એ બેમાંથી કૂંપળો વગેરે કાપી ખાવામાં કોણ એક્કું? બંનેની કૂંપળો કાપવાની પદ્ધતિમાં જો કોઈ ખાસ ફેરફાર જણાતા હોય તો તે વિગતે નોંધવા. તે જ રીતે ઘેટાં-બકરાં, ગાય-ભેંસ, ઘોડા-ઊંટ વગેરેની ખાવાની અને પાણી પીવાની પદ્ધતિમાં પણ જો ખાસ કોઈ મહત્ત્વના ફેરફાર વગેરે જોવા મળતા હોય તો તે વિગતે નોંધવા. જો કોઈ ઊંટનું બચ્ચું નાનપણથી ગાયો, ભેંસો યા બકરાંની સાથે રહ્યું હોય તો મોટપણે પણ તે તેમની સાથે રહે ખરું? એની ચરવાની પદ્ધતિ પણ લગભગ એના જેવી રહે ખરી? કે બદલાય? જો એકને બદલે બે કે ત્રણ બોતડાં સાથે હોય તો તેમને રખડવા જવાનું મન થાય ખરું? યા તેઓ પોતાની જુદી ટોળકી બનાવી લે ખરાં? તે પણ નોંધવું.

કોઈ હરાયાં ઊંટને ચારવાની સમસ્યાઓ, અને તેને હલ કરવા માટેના ગોવાળ દ્વારા પ્રયોજાતા ઉપાયો નોંધવા. હરાયાં ઊંટને નિયંત્રણમાં રાખવા માટે પગે જો કોઈ 'લોજાણુ" તૈયાર કરવામાં આવતું હોય તો તે કયા પ્રકારનું હોય તે વિગતે નોંધવું. આવું નિયંત્રણ સામાન્ય રીતે ક્યારે રાખવામાં આવે? ક્યારે આવા ઊંટને તેમાંથી મુક્ત કરવામાં આવે? સમગ્ર ટોળામાં આવાં ઊંટ બે-ચાર હોય તો? હરાયાં ન હોય તેવાં ઊંટને પણ સામાન્ય રીતે આવું 'લોજાણુ" લગાવવું પડે ખરું? આવું ઊંટ ટોળાના આગેવાન તરીકે જો સમગ્ર ટોળાને દોરતું હોય તો? ઊંટનું જો ટોળું હોય તો તેની ગોવાળી કાયમ — બારે માસ — કરવાની રહે કે અમુક જ ઋતુઓમાં તે વિગતે નોંધવું. ગોવાળની સાથે સામાન્ય રીતે રાખવામાં આવતી ગોવાળીની સાધનસામગ્રી, ગોવાળની સામાન્ય વય, જો ટોળું સહેજ મોટું હોય તો તે સંજોગોમાં એક કરતાં વધુ ગોવાળ રાખવામાં આવતા હોય તો તે અંગેનાં માહિતીદર્શકોની દૃષ્ટિએ કારણો, તેમ જ ઊંટના ગોવાળને માટે સામાન્ય રીતે આવશ્યક ગણાતી લાયકાતો પણ નોંધવી.

ઊંટો જ્યારે તોફાને ચઢે યા અંદરોઅંદર લડે ત્યારે ગોવાળે કયા પ્રકારની સાવચેતી રાખવી જોઈએ? તે એમને કઈ રીતે જુદાં પાડે? ઊંટને સામાન્ય રીતે જે તે પ્રદેશનાં કયાં જંગલી પશુઓનો ભય હોય? તેનાથી કઈ રીતે મુક્ત રખાય? ગોવાળની ઊંટસંરક્ષક તરીકેની ભૂમિકા વર્ણવવી. તે જ રીતે કેટલાક સંજોગોમાં ઊંટો ગોવાળનાં સંરક્ષક બનતાં હોય તો તેવી પરિસ્થિતિનું પણ વિગતે વર્ણન કરવું. ઊંટ અને તેના માલિક/ગોવાળના સંબંધો વિગતવાર નોંધવા. જો ઊંટને પૂરતો ચારો મળે તે બાબતને ઊંટના માલિક/ગોવાળ સૌથી વધુ મહત્ત્વની બાબત જો માનતા હોય તો તે વિગતવાર નોંધવું. જો ઊંટને ચારવાની પદ્ધતિમાં શિયાળા-ઉનાળામાં જો ખાસ કોઈ ફેરફાર કરવામાં આવતો હોય તો તે વિગતે નોંધવું. દા. ત. ઉનાળામાં રાત્રે ચાલવાનું રાખતા હોય અને દિવસે ચરવાનું અને આરામનો ગાળો રખાતો હાય યા શિયાળામાં ધીમે ધીમે રસ્તે જતાં



જે કંઈ બાજુ પરનાં ઝાડ-ઝાંખરાંમાં ઊંટ કૂંપળો વગેરે તોડી ખાય તે તોડી ખાતાં ધીમે ધીમે આગળ જવા દેતા હોય તો તે, તેમ જ ઊંટની ચરવાની તેમ જ તેના માલિક/ગોવાળની ચારવાની પદ્ધતિ વિગતવાર નોંધવી.

ઊંટ વનસ્પત્યાહારી પ્રાણી છે. એ ચરવા ઉપરાંત ઝાડઝાંખરાં, છોડવાઓ અને મોટા ઘાસની કૂંપળો વગેરે જો સવિશેષ ચરતું હોય અને સામાન્ય સંજોગોમાં આ ચરાણ ઉપર જ, તેનો માલિક તેની પાસેથી જે કામગીરી કરાવતો હોય તે કરતું હોય તો તે પણ વિગતવાર નોંધવું. દરેક સંજોગો-માં ઊંટને ચરવા, આરામ અને વાગોળવા માટે જો પૂરતો સમય આપતો/ન આપતો હોય તો તે વિગતે નોંધવું. ઊંટને સામાન્ય રીતે જ્યારે ચારો બરાબર પ્રાપ્ય હોય ત્યારે કેટલો સમય ચરવા માટે ફાજલ પાડવો યોગ્ય લેખવામાં આવે છે? છએક કલાક? ત્યાર બાદ વાગોળવા માટે કેટલો સમય આપવો જોઈએ એમ મનાય છે? છએક કલાક? આ સમયમાં વિવિધ સંજોગોમાં જે કંઈ વધઘટ થતી હોય તે પણ ખૂબ વિગતે નોંધવી. ગરમીના સમયમાં આવું ચરવાનું જો અન્ય કેટલાંક પ્રાણીઓની જેમ ઊંટ ઓછું પસંદ કરતું હોય તો તે પણ વિગતે નોંધવું. ઊંટ સામાન્ય રીતે અમુક વિસ્તારોમાં જ વિશેષ ઉછેરવામાં આવતાં હોવાનું અધ્યયન હેઠળના સમાજનું નિરીક્ષણ કે માન્યતા હોય તો તે નોંધવી. આવી માન્યતાનો માહિતીદર્શકની દૃષ્ટિએ જે આધાર હોય તે પણ નોંધવો. અમુક રણપ્રદેશ યા વન્ય વિસ્તારોવાળા પ્રદેશોમાં યા અમુક પ્રકારના ચરાણ-વિસ્તારોમાં તેમનો જો સવિશેષ ઉછેર થતો હોય તો તે નોંધવું. જો અમુક ઋતુમાં યા વર્ષના અમુક સમયગાળામાં જો ઊંટને ચરાણની અનુકૂળતા હોવાનું અને અમુક ગાળામાં મુશ્કેલી પડતી હોવાનું માહિતીદર્શકોનું જો નિરીક્ષણ હોય તો તે વિગતે નોંધવું. આવા ચરાણના અછતના ગાળામાં જો ઊંટપાલકો તેને પૂરતું કાર્યક્ષમ રાખવા માટે કોઈક વિશિષ્ટ વ્યવસ્થા કરતા હોય તો તે વિગતવાર નોંધવી. રણવિસ્તારમાં ઊંટડીઓના ધણને ચરાવવાની જો કોઈક વિશિષ્ટ ઢબ હોય તો તે નોંધવું, દા. ત. એકાદ સપ્તાહ માટે ઊંટડીઓના ધણને લઈને, અને માટીની પાણીની બોટલ લઈને જો નીકળી પડતા હોય અને ચાર-છ દિવસ કે અઠવાડિયું — દસ દિવસ રણવિસ્તારમાં અમુક પાણી-ચરાણના વિસ્તારોમાં તેઓ ઊંટડીઓને ચરાવતા હોય અને તેમને થોડા દિવસે પાછાં ઘર તરફ ફરવાનું મન થાય ત્યારે લઈને આવતા હોય તો તે નોંધવું. આવા વખતનો ઊંટડીઓ અને તેમના ગોવાળોનો દૈનિક કાર્યક્રમ, ગોવાળોના ખોરાક, પાણી વગેરેની વ્યવસ્થા, રાતનો વિસામો, ઊંટડીઓના અરસપરસના અને ગોવાળો સાથેના સંપર્કની પદ્ધતિ, ચરાણની ઢબ અને અન્ય સંબંધિત વિગતો ખૂબ વિગતવાર નોંધવી. ઊંટને ચરાવવા ઉપરાંત આહારમાં શું શું આપવામાં આવે છે તે વિગતવાર નોંધવું. તેને ચણા, ગવાર, મોથ, જવ, બાજરો, ઓટ, મકાઈ, કપાસિયા વ. જે કંઈ અપાતું હોય તે વિગતે નોંધવું. આવું અનાજ જો તેને ભીંજવીને કે પાણી છાંટીને આપવામાં આવતું હોય તો તે પણ કારણ સહિત નોંધવું. જો અનાજની સાથે તેને મીઠું પણ આપવામાં આવતું હોય તો તે કેટલું આપવામાં આવે છે તે વિગતે નોંધવું. મીઠું કઈ રીતે ઊંટને તેના પોષણમાં સહાયભૂત થતું હોવાની અધ્યયન હેઠળના સમાજની માન્યતા છે તે પણ વિગતે નોંધવું. મતલબ કે ઊંટના ખોરાકમાં મીઠાના સ્થાન અંગે અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો વિગતે નોંધવા. જો ઊંટને મુક્તપણે ચરવા દેવામાં આવે તો તે સામાન્ય રીતે કેટલો સમય મીઠા-વાળા છોડવાઓ વ. ખાવામાં ગાળે છે તે અંગે પણ અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોનું જો કોઈ ખાસ નિરીક્ષણ હોય તો તે નોંધવું. જો બહારથી જ ઊંટને મીઠું અપાતું હોય તો તેના દૈનિક પ્રમાણ ઉપરાંત તે કામ કરતા ઊંટને તેમ જ સાંઢણી વ.ને પણ અપાય છે કે કેમ તે પણ

વિગતે નોંધવું. સામાન્ય રીતે ઊંટને અપાતા વિવિધ પ્રકારના ખોરાકનું પ્રમાણ વગેરે વિગતે નોંધવું. જો તેને કોઈ ખાણદાણ ન આપવામાં આવે તો દિવસના ઓછામાં ઓછા કેટલા કલાક તેને ચરાવવું જોઈએ તે વિગતે નોંધવું. જો ઊંટને સૂકા ઘાસ પર જ રખાય તો તેની ઊંટની તબિયત પર શી અસર પડે તે વિગતે નોંધવું. દા. ત. અપચો અને ચામડીના રોગો થવાની શકયતા રહે વ. ઊંટ સૂકા ઘાસ પર જ લાંબા સમય સુધી જો રહ્યું હોય તો તે વધું પડતું ખાઈ યા ચરી ન જાય અને શૂળ યા આફરાનો ભોગ ન બને તે માટે લેવામાં આવતી કાળજીને વિગતવાર નોંધવી. ઊંટની કરડવાની ટેવને લક્ષમાં રાખીને જો એક કરતાં વધુ ઊંટને ખાણ/દાણ ભેગું આપવાની પ્રથા ન હોય તો તે નોંધવું. ઊંટને દાણ આપતી વખતે ઊંટના નાકમાંના ખીલા-નથ, તેના મોં પરનું દોરડું વગેરેના સંદર્ભમાં જો કોઈ વિશિષ્ટ કાળજી લેવાતી હોય તો તે વિગતે નોંધવી. ઊંટની ખૂંધ અંગેની અધ્યયન હેઠળના સમાજની માન્યતાઓ વિગતવાર નોંધવી. જો પૂરતો વરસાદ હોય અને ઊંટને પૂરતું ચરવાનું મળી રહેતું હોય તેવા વખતે ઉનાળામાં પ્રમાણમાં તે વિશેષ વધતી હોય અને જ્યારે ખાસ ચરવાનું, કૂંપળો વ. ખાવાનું પૂરતું ન મળતું હોય ત્યારે ખૂંધ ઘટતી હોય તો તે વિગતવાર નોંધવું. ઊંટના પોષણના સંદર્ભમાં ખૂંધ, ઊંટની સંકટ સમયની સાંકળ તરીકે કામ કરે છે તેવો જો અધ્યયન હેઠળના સમાજનો ખ્યાલ હોય તો તે વિગતે નોંધવો. ઊંટ પાણી વિના લાંબો સમય ચલાવી શકતું હોવાથી, તેની ચરવાની પદ્ધતિમાં, માત્ર તેના આ ગુણને લીધે પણ જે ફેરફાર થતો હોય તે વિગતવાર નોંધવો. દા. ત. માત્ર તેના આ ગુણને લીધે જ બીજા કોઈ પણ પ્રાણી કરતાં તે વધારે વિસ્તારમાં ફરીને જો ચરી શકતું હોય તો તે પણ વિગતે નોંધવું. અધ્યયન હેઠળના સમાજમાં અન્ય કોઈ પણ પ્રાણી કરતાં ઊંટ લાંબા સમય સુધી પાણી વિના ચલાવી શકે એવી માન્યતા હોય તો તે નોંધવું. તરસ સહન કરવામાં અને પાણીની આવશ્યકતાના પ્રમાણમાં ઊંટની વિવિધ જાતવાર જો ખાસ કોઈ તફાવતો જોવા મળતા હોય તો તે વિગતવાર નોંધવા. તે જ રીતે જો આરામ લેતા ઊંટને બીજાં કામ કરતાં ઊંટ કરતાં પ્રમાણમાં ઓછા પાણીની આવશ્યકતા હોય અથવા લીલો ચારો ચરતા ઊંટને સૂકું ઘાસ કે દાણ વ. અપાતું હોય એવા ઊંટ કરતાં પ્રમાણમાં ઓછા પાણીની આવશ્યકતા હોય તો તે વિગતે નોંધવું. સામાન્ય સંજોગોમાં ઊંટને દિવસમાં કેટલી વાર પાણી પાવું જોઈએ? બીજાં પ્રાણીઓની માફક જ ઊંટને પણ તાજું સ્વચ્છ પાણી પાવું આવશ્યક ખરું ને? ઊંટને ક્યારે પાણી આપવું આવકાર્ય લેખાય? દા. ત. દાણ વ. આપતાં પહેલાં અને તેના પરનો બોજ ઉતાર્યા પછી? ઊંટ ઝડપથી વહેતું પાણી પીવાનું પસંદ કરે કે ધીમેથી વહેતું યા શાન્ત? માહિતીદર્શકોનાં આ અંગેનાં નિરીક્ષણ નોંધવાં. તે જ રીતે તે બહુ ઠંડું પાણી પીવાનું પસંદ કરે કે કેમ તે પણ નોંધવું. જો ઊંટને રોજ પાણી અપાતું હોય તો તે કેટલું પાણી પીએ? ત્રણથી આઠેક ગૅલન જેટલું? જો ઘણા લાંબા સમય સુધી તેને પાણી ન પીવા મળ્યું હોય તો તે સંજોગોમાં વધુમાં વધુ કેટલું પાણી પી જાય? ખૂબ તરસ્યા થયેલા ઊંટને અથવા ખૂબ કામથી થાકીને લોથપોથ થયેલા ઊંટને તે વધુ પડતું પાણી ન પી જાય તે માટે આપમેળે પાણી પીવા દેવામાં ન આવતું હોય તો તે નોંધવું. તેવે વખતે શરૂઆતમાં તેને થોડું પાણી પાવામાં આવતું હોય અને પાછળથી તેની ઇચ્છા પ્રમાણે વધુ પાણી પીવા દેવામાં આવતું હોય તો તે વિગતવાર નોંધવું. ઊંટ ધીમે ધીમે પાણી પીએ કે ઝડપથી? જો તે ધીમે ધીમે પાણી પીતું હોય અને એકીસાથે તેની આવશ્યકતા અનુસારનું પાણી જો ન પી લીધું હોય તો સામાન્ય સંજોગોમાં તેને તે રીતે પાણી પીવા માટે અધ્યયન હેઠળના સમાજમાં પૂરતો અવકાશ અપાય છે કે કેમ તે વિગતે



નોંધવું. ઊંટ એકીસાથે લગભગ કેટલું પાણી પી શકે? વીસેક ગૅલન જેટલું? અધ્યયન હેઠળના સમાજમાં માહિતીદર્શકોનો આ અંગેનો અંદાજ નોંધવો. આવું પાણી એ શરીરના કયા ભાગમાં કઈ રીતે સંઘરી રાખી શકે અને તેનો કઈ રીતે ઉપયોગ કરી શકે છે તે અંગેની અધ્યયન હેઠળના સમાજની ઊંટ અંગેની માન્યતાઓ – જાણકારી વિગતવાર નોંધવી. એ પાણી ખોરાક સિવાય કેટલો લાંબો સમય વિવિધ ઋતુવાર ચલાવી શકે? અને આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં શરીરના કયા કયા ભાગમાંનો સંચિત જથ્થો કુદરતી રીતે તેના ઉપયોગમાં આવે છે તે અંગેની અધ્યયન હેઠળના સમાજના માહિતીદર્શકોની જાણકારીનો વિગતે ખ્યાલ મેળવવો. દા. ત. ખૂંધમાં સંચિત ખોરાકના જથ્થાનો આણીને સમયે ઉપયોગ થાય છે તે અંગેની જાણકારી છે કે કેમ તે નોંધવું. ઊંટની ગરમી સામે ટકવાની શક્તિ અને પાણીનો ઓછો વ્યય કરવાની શક્તિ અંગે અધ્યયન હેઠળના સમાજની સમજૂતીઓને વિગતે નોંધવી. તેને ઊંટની પાસેના પાણીના સંચયની સાથે પણ કંઈ સંબંધ છે કે કેમ તે પણ વિગતે નોંધવું.

આ અંગે ઊંટના શરીરના ઉષ્ણતામાનમાંની વધઘટ પણ કેટલેક અંશે જવાબદાર હોવાનું મનાય છે. જ્યારે પાણીની અછત હોય ત્યારે દૈનિક વધઘટ ૬° સે. (૧૨° ફે.) સુધી ઊંટના શરીરમાં થાય છે. તેના શરીરની આ લાક્ષણિકતા પાણીનો સંચય કરવામાં અને ગરમી બહાર કાઢવામાં મદદરૂપ થાય છે. દિવસ દરમિયાન જ્યારે શરીરનું ઉષ્ણતામાન વધે ત્યારે તેને નીચું રાખવા માટે વરાળ સ્વરૂપે થતી ઠંડકમાં ઓછો અપવ્યય થાય છે. જ્યારે વધારાની ગરમી શરીરમાં સચવાઈ રહે છે જે વધારે ઠંડી રાત્રીમાં ધીમે ધીમે બહાર આવે છે. તે જ રીતે દિવસ દરમિયાન ઊંચું ગયેલું શરીરનું ઉષ્ણતામાન ઊંટના શરીરમાં આવતા ગરમીના પ્રવાહને ઘટાડે છે અને તેને લીધે પણ પાણીનો વ્યય બચે છે. ઊંટના શરીર ઉપરના વાળ પણ વાતાવરણમાંથી ગરમી ગ્રહણ કરવામાં અવરોધક તરીકે કામ કરે છે. વણકાતર્યા ઊંટમાંથી હમેશાં ઓછા પાણીનો ઉપયોગ થાય છે. ઊંટને પરસેવો થાય ત્યારે પણ વરાળ સામાન્ય રીતે ચામડીમાંથી હોય છે, નહીં કે વાળની સપાટી ઉપરથી. આને લીધે પણ પાણી સંચયમાં થોડી સહાય મળે છે. આમ ઊંટ પાણીના અપવ્યય સામે ઠીક ઠીક ઝીંક ઝીલી શકે છે. તે તેના શરીરના વજનના લગભગ ૨૭ ટકા જેટલું વજન ગુમાવવાનું સહી શકે છે. અને તેના વજનના ૩૦ ટકા જેટલું પાણી પણ તે જ્યારે બરાબર તરસ્યું હોય ત્યારે પી શકતું હોવાનું કહેવાય છે.

ઊંટને પણ વહાલ કે લાડ કરી શકાય કે કેમ તે નોંધવું. ઊંટના ખુશીના, ક્રોધના, લાડના અને દુ:ખના તથા વિશિષ્ટ ચારો કે ખાણ આપતી વખતના ભાવોનું અને હિલચાલનું વિગતવાર વર્ણન કરવું. ઊંટ બહુ લાંબું વેર રાખનારું પ્રાણી છે? અને તેને બહુ હેરાન ન થાય નહીં તો તે વેર લે. આ માન્યતા સાચી છે? આ માન્યતાના સંદર્ભમાં કોઈ દાખલા વગેરે પણ જો મળતા હોય તો તેવા દાખલાઓને શોધીને જરૂર જણાય ત્યાં ઉદાહરણાર્થે મૂકવા. ઊંટ વેર ન લે તે માટે કયા નુસખા અજમાવાય તે પણ નોંધવું.

ઊંટ પર સવારી કેવી રીતે થાય? ઊંટ પરની સવારી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, તે વખતે સવારના શરીરની હિલચાલ અને સ્થિતિ અંગેના નિયમો વિગતે નોંધવા. ઊંટની ઉપર લાદવામાં આવતા કાઠડાનો આકાર, પ્રકાર અને અન્ય વર્ણન વિગતે નોંધવું. શકય હોય તો તેની આકૃતિ પણ દોરી રાખવી. જો જુદા જુદા પ્રકારના કાઠડા હોય તો તે વિગતે નોંધવા. તેમ જ આ કાઠડાના જુદા જુદા ભાગોનાં નામ વગેરે નોંધવાં. એના પરની ગોદડીને પણ સામાન્ય રીતે શું કહેવામાં આવે છે, અને કાઠડામાં દરેકને બેસવા માટેની અલગ અલગ

સગવડ હોય છે કે કેમ અને આવી આગળપાછળની બેઠકો વગેરેને પણ શું કહેવામાં આવે છે તે નોંધવું. તે જ રીતે ઊંટગાડી અને ઊંટના અન્ય ઉપયોગમાં તેના શરીરના ભાગો પર નખાતી આવશ્યક અને શણગારની બધી જ ચીજવસ્તુઓની વિગતવાર નોંધ કરવી. ગળા પર, માથા પર, પીઠ પાછળના ભાગમાં, પેટ પર, પગ પર અને ઘૂંટણ પર પણ આવા શણગાર-વિષયક યા અન્ય ઉપયોગવિષયક ચીજવસ્તુઓ બાંધવામાં આવેલી હોઈ શકે.

ઊંટની સવારીની જુદી જુદી જે જે રીતો હોય તે નોંધવી. ઊંટ ઉપર સામાન્ય રીતે એને બેસાડીને જ બેસાય કે ઊભો હોય ત્યારે પણ બેસી શકાય? એક ઊંટ પરથી બીજા ઊંટ પર સીધેસીધા ફરી શકાય? જઈ શકાય? કઈ રીતે? બન્નેને પાસે પાસે લાવીને? ઊંટને નીચે બેસાડવા માટે, દોરવા માટે અને ઊભો કરવા માટે, અને એ રીતે અર્ધ ઊભો રહેવા માટે યા દોડાવવા માટે કે ધીમો કરવા માટે, ડાબો યા જમણો ચલાવવા માટે, ખૂબ દોડાવવા માટે કે ધીમો પાડવા માટે, ઊંચું ઘાલીને દોડાવવા માટે કે નીચે મોંએ દોડાવવા માટે યા અન્ય કોઈ પણ પદ્ધતિ માટે રસ્સી ખેંચવાની, ઢીલી કરવાની, પગ ઠપકારવાની, એડી મારવાની, મોંથી કંઈ બોલવાની, જે કંઈ નિશાનીઓ હોય તે બધીની ખૂબ જ વિગતે નોંધ કરવી. આવી નિશાનીઓની પાછળ જો કોઈ વિશિષ્ટ અર્થ યા ઇતિહાસ સમાયેલો હોય તો તે નોંધવો. આવી નિશાનીની શરૂઆતની અવસ્થામાં ઊંટને કઈ કઈ રીતે ટેવાડવામાં આવે છે તે પણ વિગતે નોંધવું. કારણ કે આ બધી નિશાનીઓ બહુ સહજ નહીં હોય પણ ઊંટને અમુક ક્રિયા યા નિશાનીથી એણે શું કરવાનું યા સમજવાનું છે તે અંગેની એને અપાતી તાલીમમાંથી જ બધું આવતું હશે. ઊંટના બન્ને નાકમાં પરોવાયેલી બન્ને દોરી ઊંટ સંચાલનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઊંટને બેસાડવાના, ઉઠાડવાના, ઊભો રાખવાના, દોડાવવાના, પાણી પાવાના, એમ વિવિધ પ્રકારના અવાજ કે શબ્દપ્રયોગો વિગતવાર નોંધવા. દા. ત. અધ્યયન હેઠળના એક સમાજમાં ઊંટને બેસાડવા માટે ‘જેહજેહ’, ઉઠાડવા માટે ‘ઊઠઊઠ’, પાણી પાવા માટે ‘ફ્રો ફ્રો’, પાણી પરથી હાંકવા માટે ‘હીઓ, હીઓ’, ઊભો રાખવા માટે ‘એહો, એહો’, વ. ઉચ્ચારણો વપરાય છે. આ ઉચ્ચારણોની યાદી બનાવીને અને તેથી ઊલટું વિવિધ ક્રિયાઓની યાદી બનાવીને અનેકવિધ માહિતીદર્શકો પાસેથી આ વિગતો મેળવવી. આવી યાદીની તૈયારીમાં પણ માહિતીદર્શકોને યાદ કરવા માટે પૂરતો સમય આપવો.

અધ્યયન હેઠળના સમાજમાં ઊંટનાં વિવિધ દર્દો અંગેની અને તેની સારવાર અંગેની જે પરંપરાગત જાણકારી હોય તે વિગતવાર મેળવવી. ઊંટનાં વિવિધ દર્દો અંગે વૈદકીય સારવાર અને જાણકારી, અન્ય પ્રાણીઓની તુલનામાં ઓછી હોય તો તે અંગેનાં કારણો નોંધવાં. દા. ત. પશુચિકિત્સક દવાખાનાનું ઊંટ ઉછેરવાળા વિસ્તારોમાં અલ્પ પ્રમાણ, ચરાણ માટે ઊંટનો તેના ગોવાળો સાથે રણ, જંગલ યા વસ્તીથી દૂરના વિસ્તારોમાં મોટા ભાગના સમયનો વસવાટ વ.

ઊંટમાં જોવા મળતાં વિવિધ દર્દો નોંધવાં. દા. ત. સુરા, માંગ, શીતળા, ઝૂલિગ, કપોલી, કફ્રો, હડકવા, ક્ષય. આવાં દર્દોમાંથી ઊંટનો સૌથી વધારે ભોગ લેનાર દર્દ કયું ગણાય છે? સુરા? રોગી ઊંટ કરડવાથી, અથવા લોહી ચૂસતી માખો કરડવાથી અન્ય ઊંટોને જો આ રોગ ફેલાતો હોય તો તે વિગતવાર નોંધવું. આ રોગને લીધે સાંઢણીઓમાં જો ગર્ભપાત પણ થઈ જતો હોય તો તે પણ નોંધવું. વિવિધ દર્દોનાં ઊંટમાં વર્તાતાં લક્ષણોને પણ વિગતે નોંધવાં. દા. ત. કેટલીકવાર તેને ધ્રૂજારી આવીને તાવ આવે, ચરવાનું છોડી દે યા ખાસ



રસ ન બતાવે, વાગોળવાનું બંધ કરે, આંખોમાંથી પાણી ઝરતું હોય, સામાન્ય રીતે સુસ્ત જણાતું હોય, હોઠ લબડવા માંડે, વ.

જ્યારે એને કંઈ દુખતું હોય ત્યારે બીજાં પ્રાણીઓ કરતાં ઊંટ પ્રમાણમાં સહનશીલ વધારે હોવાથી પ્રમાણમાં ઓછો ખ્યાલ આવે, પણ સામાન્ય રીતે આવું ઊંટ પ્રમાણમાં સુસ્ત લાગે, તેની નજર ચિંતાભરી હોય, ડોક ટટ્ટાર હોય, કાન પાછલી બાજુ ટટ્ટાર હોય, જગ્યા અવારનવાર બદલતું રહેતું હોય, આંખમાંથી દડદડ આંસુ પડતાં હોય જે છેક જમીન પર પણ પડે, દાંત કકડાવતું હોય અને રીંકતું હોય, ભૂખ મરી ગઈ હોય વ.

કેટલીક વાર ઊંટના મોંમાંથી ઘણી વધારે પડતી લાળ પડતી જોવા મળે છે. બન્ને નાકમાંથી દુર્ગંધ મારતું પ્રવાહી નીકળે છે. ઊંટ ઉધરસ ખાય છે અને છીંકોટા પણ મારે છે. તેના શ્વાસ લેવાના દરમાં પણ ફેરફાર થઈ જાય છે. સામાન્ય રીતે ઠંડી ઋતુમાં ઊંટ દર મિનિટે ૫થી ૮ શ્વાસ લે છે જે ગરમીના દિવસોમાં ૧૨ સુધી પહોંચે છે. આગળ નિર્દેશ કર્યો છે તે રીતે સુરા તેમ જ તાવમાં આંખમાંથી પાણી પડવાનું સામાન્ય હોય છે. કપૌલીમાં આંખના ડોળા બહાર ઊપસી આવે છે તેમ જ આંખમાંથી પાણી પડે છે. જ્યારે એક જ આંખે પાણી પડતું હોય ત્યારે કોઈક આંખની તકલીફને લીધે જ તેમ થાય છે એમ સમજવું. સામાન્ય રીતે ઊંટનું છાણ અખરોટના કદની એક બાજુ અંતર્ગોળાકાર લીંડીઓનું બનેલું હોય છે. સતત ચરવાને લીધે યા ખોરાકમાં ઓચિંતા પરિવર્તનને લીધે ઊંટને ડાયેરિયા થઈ શકે. વણપચેલા આખા દાણા, કેટલાંક પરોપજીવીઓ, તેમ જ લોહી પણ ઝાડા વાટે નીકળી શકે. કબજિયાત પણ ઊંટમાં ગંભીર માંદગી લેખી શકાય. મૂત્રમાં પણ વધઘટ થઈ શકે. એ રંગીન, ફીકું યા લોહીવાળું યા દુર્ગંધ મારતું હોઈ શકે. સામાન્ય રીતે તંદુરસ્ત ઊંટને વિકસેલી ખૂંધ અને ભરાવદાર ગળું હોઈ શકે. પણ વધારે પડતા કામના બોજને લીધે, વય વધવાને લીધે, સાંઢ ‘મસ્ત’માં લાંબો સમય રહેવાને લીધે તેમ જ સાંઢણી લાંબો સમય દૂધ આપતી રહેતી હોવાને લીધે યા ખોરાકમાં મીઠાના અભાવને લીધે, સુરા તેમ જ અન્ય કેટલાંક દર્દોને લીધે, પરોપજીવી જંતુઓના વધી જવાના પરિણામે ખૂંધ ઓછી નક્કર થાય, ઘટે યા કેટલાક સંજોગોમાં અદૃશ્ય પણ થઈ જાય. મોઢું, નાક, ગળું ઇ.ની આંતરત્વચામાં પણ કેટલીક વાર પરિવર્તન આવતાં જણાય છે. સુરામાં રક્તસ્રાવ થતો જણાય છે. એનીમિયામાં ફીકાશ જણાય છે. મોંમાં ચાંદાં અને ઘા પડેલા જણાય છે. તે જ રીતે ચામડી સૂકી અને ખરબચડી યા ઠંડી કે પરસેવે ભીની જણાય છે. ઊંટનાં વિવિધ દર્દોમાં અધ્યયન હેઠળના સમાજમાં અપનાવવામાં આવતા ઉપચારોની વિગત-વાર નોંધ કરવી. દા. ત. અધ્યયન હેઠળના એક સમાજમાં ઊંટડીના થાનના સોજામાં તળાવની માટી કે ગરમ પાણીનો છંટકાવ કરવામાં આવે છે. ઊંટડી પાનો ન મૂકે તો છીંકણી કે કેસૂડો આંખમાં નાખવાથી દોહવા દે તેવી માન્યતા છે. ઓર ન પડે તો તેવે વખતે બાજરીનો પૂળો કે તેની રાખ યા તલના પૂળાને બાળીને તેની રાખ પાવામાં આવે છે. જો તરોવાઈ ગઈ હોય અને તેને દોહવી હોય તો વા બાંધવાનો વિધિ કરવામાં આવે છે. જો દૂંટાનો સોજો આવે તો એક વિશિષ્ટ ઢબે દોરડું બાંધવામાં આવે છે જેથી ધીરે ધીરે તે ખરી પડે છે. અંદરના ભાગમાં કીડા પડે તો ગરમ પાણી નાખવામાં આવે છે. આફરામાં હિંગ કે કેરોસીન પવાય છે. સોડા પણ પાવામાં આવે છે. ડૂચો આવે તો ચોળવામાં આવે છે. કમળામાં ઘી પવાય છે. ફેફરુમાં ગવાર, ગોળ કે બાજરીનો ભૂકો/લોટ પાવામાં આવે છે. પેશાબ બંધ પડે તો ગોળ પાવામાં આવે છે યા અશેળિયો પાવામાં આવે છે. આંખ આવે તો તેમાં સિંદૂર

નાખવામાં આવે છે યા ઊંટના મૂતરથી, ગોળના કે મીઠાના પાણીથી ધોવામાં આવે છે. કાન પાકે તોપણ ઊંટના મૂતરને કાનમાં નાખવામાં આવે છે યા ડમરાના પાનવાળું પાણી કાનમાં નાખવામાં આવે છે. વા આવે તો મેથી પાવામાં આવે છે. કોઈક દર્દોમાં જો ડામ દેવામાં આવતા હોય તો તે વિગતે નોંધવા. દા. ત. ઊંટને લોહીવાળો પેશાબ પડે ત્યારે, કાન પાકે ત્યારે, મચકોડ આવે યા સાંધામાંથી ખસી જાય ત્યારે યા વા આવે ત્યારે ડામ દેવામાં આવે છે. ઊંટમાં અમુક દર્દમાં કોઈ ઉપાય ન હોવાનું મનાતું હોય તો તે પણ નોંધવું દા. ત. ઊંટનો પગ ભાંગે તો તે સંધાય નહીં તે પ્રકારની માન્યતા છે. તે જ રીતે ઊંટને અમુક દર્દ થાય નહીં તેવી માન્યતા હોય તો તે પણ નોંધવી. દા. ત. અધ્યયન હેઠળના સમાજમાં ઊંટને તણશ ન આવે અને લૂ ન લાગે એમ મનાય છે. તે જ રીતે માણસનાં અમુક દર્દોમાં ઊંટ ઉપયોગી થતું હોવાની માન્યતા હોય તો તે પણ નોંધવી. દા.ત. ઉટાંટિયામાં ઊંટનું પૂંછડું સૂંઘાડવામાં આવે. કાનમાં સણકા આવતા હોય તો ઊંટનું મૂતર કાનમાં નાખવામાં આવે. ઊંચા થવામાં તેમ જ પાચનશક્તિ સતેજ બનાવવામાં ઊંટનું દૂધ ઉપયોગી મનાય છે. ઊંટના છાણનો પણ કોઈ દવામાં ઉપયોગ થતો હોવાની માન્યતા છે વગેરે.

ઘોડાના મોઢામાં જે લગામ પહેરાવવામાં આવે છે તેને મોંમાં નાખવામાં આવે છે. તેમાં અમુક રીતે ખેંચતાં મોંમાં ચચરે એવા દાંતા હોય છે. અને તે જ્યારે ઘોડાને અમુક રીતે દોડાવવાનો હોય ત્યારે ખેંચવામાં આવે છે. અને તેથી તે એની જીભ પર લાગતાં ઘોડો તેજ ગતિથી દોડે છે. ઊંટની બાબતમાં આવે વખતે શું બને છે તે પણ વિગતે નોંધવું. ઊંટની અને ઘોડાની એક જ સરખી લગામ કેમ નહીં કરવામાં આવી હોય તે અંગેનો માહિતીદર્શકનો અભિપ્રાય નોંધવો. મતલબ કે ઘોડાને નાકમાં કોરીને પહેરાવવાનું અને ઊંટને ઘોડાના જેવી લગામ આપવાનું શા માટે વિચારાયું નહીં હોય? તે અંગે તેમનો અભિપ્રાય જાણવો. તે જ રીતે ઘોડા અને ઊંટને શા માટે સવારી માટે પસંદ કરવામાં આવ્યા અને કોનો ઉપયોગ સવારીમાં પહેલો થયો હશે તે અંગેના તેમના અભિપ્રાયો જાણવા. સાથે સાથે ઘોડા અને ઊંટના આ પ્રકારના ઉપયોગ અંગે જો કોઈ દંતકથાઓ હોય તો તે પણ વિગતે જાણવી. ઊંટ પર અને ઘોડા પર સવારી કરતી વખતની સામ્યતાઓ અને વિભિન્નતાઓ એ બંનેને વિગતે નોંધવી. કોના ઉપરની સવારી વધારે સરળ અને કોના ઉપરની વધારે કંટાળાજનક કે થાકપ્રેરક હોય છે તે અંગે પણ માહિતીદર્શકના અભિપ્રાય જાણવા. એ અલબત્ત ટેવ પર આધારિત હોય છે એમ જો એ લોકો માનતા હોય તો તે પણ નોંધવું. કોઈને ઊંટ કરતાં ઘોડાની સવારીમાં વધુ થાક લાગે છે ખરો? તે પણ પૂછવું અને વિગતે નોંધવું. ઘોડા અને ઊંટની સવારીમાં અને બીજા કોઈ પ્રાણીની સવારીમાં ખાસ જે કંઈ તફાવત પડતા હોય તે વિગતે નોંધવા.

ઘોડેસવારી/ઊંટસવારીમાં વપરાતા ઘોડા/ઊંટ, ઘોડાગાડી/ ઊંટગાડીમાં પણ વાપરી શકાય કે ન શકાય તે અંગેના અધ્યયન હેઠળના સમાજના ખ્યાલો અને આચાર વિગતે નોંધવા. આ બંને પ્રકારના ઘોડા/ઊંટની ચાલ, ગતિ, તેના શરીર પરનાં શણગારવિષયક અને ઉપયોગ સાથે સંબંધિત સાધનો, બોજવહનપ્રમાણ, એક ઉપયોગમાંથી બીજા ઉપયોગમાં લેવાની શક્યતા વગેરે અંગે વિગતવાર તુલનાત્મક રીતે માહિતી એકત્રિત કરવી. અત્યારે એક યા બીજા પ્રકારના ઉપયોગનું પ્રમાણ અધ્યયન હેઠળના સમાજમાં યા ઇતર સંબંધિત સમાજોમાં વધતું/ઘટતું જતું હોય તો તે વિગતવાર નોંધવું.



ઘોડા/ઊંટ પાસેથી સામાન્ય રીતે કેટલું કામ લેવામાં આવે? જો કોઈક વખત બહુ લાંબી ખેપ કરવાની અને ઝડપી દોડ કરવાની હોય તો તેની પૂર્વ તૈયારીમાં શું શું કરવામાં આવે? તેને બરાબર ખવડાવવામાં આવે, થોડું ઓછું ખવડાવવામાં આવે યા બહુ પૌષ્ટિક પણ થોડું ખવડાવવામાં આવે? શું શું ખવડાવાય કે પવાય તે પણ નોંધવું. તે જ રીતે જો બહુ લાંબી અને/યા ઝડપી દોડ કરવામાં આવી હોય તો તે પછી આરામ આપવા માટે શું કરવામાં આવે? એને ખાસ કોઈ સારવાર પણ એવે વખતે અપાતી હોય તો તે પણ નોંધવું. દા. ત. એને ખાસ ખરેરો–માલિશ કરવામાં આવતી હોય, ગરમ કે ઠંડા પાણીએ નવડાવવામાં આવતો હોય યા અન્ય જે કોઈ સારવાર જ્યારે પણ કરવામાં આવતી હોય તે વિગતે નોંધવી

ઘોડા/ઊંટને તંદુરસ્ત અને થનગનતો રાખવા માટે રોજ-બ-રોજના જીવનમાં પણ એની શું શું કાળજી લેવાય? એ કઈ રીતે જોવાય? વગેરે બાબતો પણ વિગતવાર નોંધવી. એમને પંપાળવામાં આવે? પ્રશંસા કરવામાં આવે? નવડાવવામાં આવે? જો નવડાવતા હોય તો લગભગ કેટલા વખતે? કેવા પાણીએ? તેના પર જૂઆ, ગલૂડિયાં, માકણ યા લોહી ચૂસનાર અન્ય જંતુઓ વગેરે પડયાં હોય તો તેને સાફ કરવામાં આવે? ખાસ અમુક જ પ્રકારનો ઘાસચારો નાખવામાં આવે? યા અન્ય શું શું કરવામાં આવે તે વિગતે નોંધવું. તેને વિવિધ ઋતુમાં કઈ રીતે રખાય? તેના ખૂંટા, દોરડાં, બેસવાની જગ્યા તેમ જ અન્ય સર્વ સંબંધિત બાબતોનું વિગતવાર વર્ણન કરવું.

ઘોડી/સાંઢણી સગર્ભા હોય ત્યારે ખાસ શી શી કાળજી રાખવામાં આવે? તેમના ખોરાકમાં, સવારીમાં અને અન્ય તબક્કે જે જે કાળજી લેવાતી હોય તે બધી ખૂબ જ વિગતવાર તુલનાત્મક રીતે નોંધવી. સગર્ભા હોય ત્યારે અમુક સમય પછી તેમનો સવારીમાં ઉપયોગ જ ન થતો હોય તો તે પણ નોંધવું. કેટલા સમય પછી ન થાય? તે જ રીતે પ્રસવ થયા પછી કેટલા સમય સુધી ઘોડી/સાંઢણી પાસેથી કામ ન લેવાય યા માત્ર ધીમે ધીમે યા હળવાશથી જવાનું હોય તેવે વખતે જ લેવાય? જો એવે વખતે ઝડપથી કામ લેવામાં આવે તો તે પાપ લેખાય ખરું? નૈતિક દૃષ્ટિએ અનુચિત લેખાય ખરું? તેની ટીકા થાય ખરી? તે છતાં અનિવાર્ય સંજોગોમાં લેવું પડે ત્યારે ખાસ જે કંઈ પૂર્વકાળજી લેવાતી હોય તેને વિગતવાર નોંધવી યા આવો કોઈ ભેદ ન પળાતો હોય તો તે પણ નોંધવું. જો અધ્યયન હેઠળના સમાજમાં સાંઢણીનો સવારીમાં ઉપયોગ ન થતો હોય અને સવારીમાં માત્ર ઊંટનો જ ઉપયોગ થતો હોય તો તે પણ કારણ સહિત નોંધવું. આવી માન્યતા પરંપરાગત જ છે કે તાજેતરમાં પ્રવેશી છે તે પણ કારણ સહિત નોંધવું. તે જ રીતે આવાં પ્રાણીઓ પલોટાતાં હોય ત્યારે તેમની પાસે વિશેષ કામ લેવામાં આવે છે કે ઓછું? ઘોડા, ઊંટ, નાના હોય ત્યારે, જુવાન થાય ત્યારે, પ્રૌઢ હોય ત્યારે અને ઘરડા થાય ત્યારે તેમની પાસેથી લેવાતા કામ અંગેની પણ વિગતવાર નોંધ કરવી. આવે સમયે તેમની પાસેથી કામ લેવામાં જે તબક્કાવાર ફેરફાર કરવા પડતા હોય તે બધાને ખૂબ વિગતે નોંધવા. આવા ફેરફાર કયાં ધોરણોને ખ્યાલમાં રાખીને કરવામાં આવે છે તે પણ નોંધવું. વધુમાં વધુ કામ કયારે લેવામાં આવે? પુખ્ત વયના અને સારી સ્થિતિમાંના ઘોડા/ઊંટ પાસેથી જે કામ લેવાતું હોય તે નોંધવું. કોઈ પણ ઘોડા/ઊંટ પાસેથી વધુમાં વધુ કેટલું કામ લઈ શકાય?

એક સવારીએ એક દિવસમાં કેટલું અંતર કાપી શકે? તે રીતે બે સવારીમાં કેટલું કાપી શકે? ઘોડા/ઊંટ એ બંનેનાં આ અંગેનાં માહિતીદર્શકોની દૃષ્ટિએ જે માપ હોય તે નોંધવાં.

બંનેની વધુમાં વધુ ગતિ કેટલી? બંને લાંબામાં લાંબો કેટલો પંથ કાપી શકે? બંને વધુમાં વધુ કેટલું વજન ઉપાડી શકે? બંને વધુમાં વધુ કેટલી સવારી ઉપાડી શકે? માલવાહક અને સવારીના ઘોડા/ઊંટ વચ્ચે, તેમની વહન કરવાની શક્તિમાં, ગતિમાં અને ચાલ વગેરેમાં જે કંઈ તફાવતો પડતા હોય તે ખૂબ જ વિગતે નોંધવા. તે જ રીતે એક ઘોડા/ઊંટને એક પ્રકારના કામમાંથી બીજા પ્રકારના કામમાં નાખતાં તેને જે ખાસ તાલીમ આપવી પડતી હોય તે નોંધવી. દા. ત. માલવાહક ઊંટને સવારીનો ઊંટ બનાવવો યા ઘોડાગાડીના ઘોડાને સવારીમાં લેવો યા તેથી ઊલટું. આમાં કોઈનું કામનું સ્વરૂપ એવું હોય કે તેમાં એકમાંથી બીજામાં ન પલોટી શકાય એમ હોય તો તે પણ વિગતે નોંધવું યા ખૂબ અઘરું પડતું હોય યા પહેલેથી જ અમુક રીતે તાલીમ આપેલ ઘોડા/ઊંટના જેવું કામ તો તે ન જ આપી શકતો હોય તો તે પણ નોંધવું. ઘોડા/ઊંટનાં દર્દો અને તેની અંદર થતી સારવાર યા ઈલાજના નિયમ નોંધવા. ઘોડા/ઊંટના કેટલાક ઈલાજ સમાન હોય અને અમુક ભિન્ન હોય તો તે પણ નોંધવું. આવા ઈલાજોમાંથી, કોઈ મંત્રતંત્રથી, દોરાધાગાથી યા ભૂવાની પાસે દાણા જોવડાવીને થતા હોય તો તેની વિગતો પણ શક્ય હોય એટલી વિગતે મેળવવી. તે જ રીતે આવી સારવારમાં, દોરા-ધાગાની અને ખાસ દવાની આ બંને રીતોનો પણ જો ઉપયોગ થતો હોય તો તે પણ વિગતવાર નોંધવો. ઘોડી/સાંઢણીનો પ્રજનનકાળ કેટલો? એની વચ્ચે સામાન્ય રીતે ગાળો કેટલો રહે? એક જન્મારામાં ઘોડી/સાંઢણીનાં વેતર કેટલાં? દર વખતે સામાન્ય રીતે એક એક જ બચ્ચું હોય? કોઈ વાર જોડિયાં બચ્ચાં હોય? જો બચ્ચું નાનપણથી મરી જાય યા મરેલું જ જન્મે તો વેતર જલદી આવે. આ બધી વિગતો બંને જાતિઓની તુલનાત્મક રીતે નોંધવી.

બચ્ચાં મરેલાં જન્મે યા મરી જાય, તે વખતની લાગણીઓ અને વર્તનઢબ (અવાજ, ખાવામાં અને અન્ય વર્તનમાં વ્યક્ત થતી)ને વિગતવાર નોંધવી. તે રડે? તો કેવી રીતે? એ અંગેનું પણ માહિતીદર્શકોનું વર્ણન નોંધવું. માત્ર આંસુ જ સારે કે અવાજમાં પણ તે વ્યક્ત થાય તે અંગેની અધ્યયન હેઠળના સમાજની ભાષાકીય અભિવ્યક્તિઓને પણ વિગતે નોંધવી.

આ બધાં જ પ્રાણીઓને કોઈ રોગમાં જો ચેપ લાગતો હોય તો તેવામાં કુદરતી રીતે શાં શાં પગલાં લેવાતાં હોય છે? અધ્યયન હેઠળનો સમાજ પોતે શાં શાં પગલાં લે છે એ બધી વિગતો પણ વિગતવાર નોંધવી.

અમુક પ્રકારની ધરતી પર (દા. ત. રણમાં) યા અમુક પ્રકારની ઋતુમાં અમુક પ્રાણી વધારે સારી રીતે કામ આપી શકે એ પ્રકારની જો માન્યતા હોય તો તે નોંધવું. ઘોડા/ઊંટને ઘરમાં રાખવા માટેની વ્યવસ્થા વગેરેમાં પણ જે જે વિશિષ્ટતાઓ દૃષ્ટિગોચર થતી હોય તે વિગતે નોંધવી.

ઘોડા/ઊંટના નિવાસમાં ખાસ ધ્યાન રાખવા જેવી અને નોંધપાત્ર બાબતો શી હોય છે તે પણ નોંધવું. ઘોડા/ઊંટના ખૂંટા પરના ખોરાકમાં સામાન્ય રીતે શું અપાય? ખાણમાં શું અપાય? કયા ખ્યાલથી અપાય? તેમના ઘાસચારા, ખોરાક, ખાણ વગેરે અંગેની બધી જ વિગતો – તેનાં સ્વરૂપ, પ્રકાર, જથ્થો, આપવાનો સમય વગેરે સહિત–તુલનાત્મક દૃષ્ટિએ નોંધવી.

ઘોડા અને ઊંટનાં છાણ-લાદ વગેરેના કોઈ વિશિષ્ટ ઉપયોગ હોય તો તે નોંધવા. આ લાદનો અન્ય કોઈ પ્રાણીઓ જો આહારમાં ઓછે યા વત્તે અંશે ઉપયોગ કરતાં હોય તો તે નોંધવું. તેનો પણ બળદ, ગાય, ભેંસ વગેરેની સાથે જો છાણ તરીકે ઉપયોગ થતો હોય તો તે નોંધવું.



જો છાણ તરીકે જ ઉપયોગ થતો હોય તે છતાં તેને અલગ તારવીને કરવામાં આવતો હોય તો તે નોંધવું. તેના ભાવ વગેરેમાં અને ખાતર તરીકેના ગુણધર્મોમાં કોઈ ખાસ તફાવતનો માહિતીદર્શકને જો ખ્યાલ હોય તો તે નોંધવો. તે જ રીતે ઘોડા/ઊંટના મૃતદેહનો નિકાલ કરવાની સમગ્ર વ્યવસ્થાને પણ વિગતવાર નોંધવી. તેના ચામડાના અને હાડકાંના વિશિષ્ટ ઉપયોગો પણ નોંધવા. ચીરવા માટે કોણ આવે? ચીરનારને તે પેટે શું અપાય? ચામડું કોને મળે? તેના પેટે શું અપાય? અને ચામડાનો કઈ કઈ રીતે, ક્યાં ઉપયોગ કરવામાં આવે તેની પણ વિગતવાર નોંધ કરવી. ઘોડા/ઊંટનું ચામડું, ગાય/ભેંસના ચામડાની તુલનામાં અમુક અંશે પવિત્ર, અપવિત્ર, ટકાઉ યા અટકાઉ ગણાતું હોય તો તે વિગતવાર નોંધવું. જુદા જુદા તબક્કે યા જુદી જુદી અવસ્થાના ઘોડા/ઊંટના ચામડાના અમુક વિશિષ્ટ ઉપયોગો હોય તો તે અંગે પણ વિગતે નોંધવું.

ઘોડા/ઊંટની પાણી પાવાની વ્યવસ્થા સામાન્ય રીતે કયા પ્રકારની હોય? પાણી વગેરે પીવામાં ઘોડો/ઊંટ શો આગ્રહ રાખે? સામાન્ય રીતે ઘોડો/ઊંટ દિવસના કેટલું પાણી પીએ? તે તુલનાત્મક રીતે નોંધવું. જુદી જુદી અવસ્થાએ પડતા ફેરને પણ વિગતે નોંધવો. પાણી પીવામાં તેની કોઈ વિશિષ્ટ ટેવો હોય તો તે નોંધવી. જો તે જાતિની એટલે કે સામાન્ય ઘોડા/ઊંટની અને કેટલાંક વ્યક્તિગત ઘોડા/ઊંટની પણ ખાસ કોઈ ટેવો હોય તો તે નોંધવું. જો એક આખા ટોળામાં ઘોડા/ઊંટ હોય તો તે વહેતા ઝરણામાં બકરાં/ઘેટાં કે ઢોરની સાથે જ પાણી પીશે યા તેમની ઉપલી બાજુ જઈને પાણી પીવાનો આગ્રહ રાખશે તે નોંધવું. તે જ રીતે અમુક ચોખલિયા ઘોડા કે ઊંટ હોય જે બીજાની સાથે સામાન્ય સંજોગોમાં પાણી ન પીએ, અને તેમને માટે સ્વચ્છ પાણી લાવીને પાવાનું હોય તો તે પણ વિગતવાર નોંધવું. તે જ રીતે આવાં પ્રાણીઓ સામાન્ય રીતે જુદી જુદી ઋતુમાં અને જુદા જુદા કામમાં કેટકેટલો ખોરાક અને પાણી લે અને તેની વ્યવસ્થા સામાન્ય રીતે કઈ કઈ રીતે કરવામાં આવે છે તે નોંધવું.

જુદાં જુદાં પ્રાણીઓની સાથે સગાઈસંબંધ કઈ રીતે કામ કરે છે તે પણ વિગતે નોંધવું. દા. ત. આવાં ઘોડા/ઊંટ કુટુંબની મિલકત ગણાય છે કે વ્યક્તિગત? અને આવી મિલકત જેની ગણાતી હોય તેણે તેના અંગે ખાસ કાળજી લેવાની હોય? બીજા પણ લે? જો બીજા લે એમ હોય તો તે કોણ લે? જો એના પર વ્યક્તિની પોતાની અંગત માલિકી હોય તો તે એની ખાસ કાળજી લે, તેને માટે ખાસ પક્ષપાત કેળવે એવું પણ બનવાની સંભાવના ખરી? જો એવું કંઈ જણાતું હોય તો તે પણ વિગતે નોંધવું. જો આવા પક્ષપાતને લીધે જ પ્રાણીમાં અમુક પ્રકારની અપેક્ષાઓ ઊભી થતી હોય અને તેને લીધે જો તેને અમુક પ્રકારની ખાસ ટેવો પડતી હોય તો તે નોંધવું. તે જ રીતે આવા પક્ષપાતને લીધે ઘોડો/ઊંટ અન્ય વ્યક્તિની સાથે યોગ્ય રીતે ન વર્તતો હોય તો તે પણ નોંધવું. ઘોડો/ઊંટ જો માણસ પારખીને ચાલે એટલે કે તેને માટે પક્ષપાત દાખવનાર વ્યક્તિને માટે એનો જુદો વર્તાવ હોય અને અન્ય વ્યક્તિ માટે જુદો – આવો ભેદ પ્રાણીઓના વર્તાવની અંદર સામાન્ય રીતે જો જોવા મળતો હોય તો તેને વિગતે નોંધવો. કેટલીક વખત અમુક વ્યક્તિને એ દાદ ન દે એમ પણ બને તેથી એવે વખતે એની વર્તન-ઢબ શી છે તે અંગેની પણ વિગતવાર નોંધ કરવી. આવાં પ્રાણીઓની સવારી માટેના અને તેમને ચરાવવા માટેના, પાણી પાવા માટેના, અમુક દૂરના સ્થળેથી બોલાવવા માટેના યા ઘાસ નીરવાના અથવા બીજી કેટલીક બાબતો અંગેના કેટલાક ખાસ ઈશારા હોવાની શક્યતા છે; અને એ બધા જ ઈશારાઓને, શબ્દોને વિગતવાર નોંધવા. એ જ રીતે આવાં પ્રાણીઓ

એકીસાથે ચરી શકે ખરાં? ઘોડા, ઊંટ એ બંનેની ચરવાની પદ્ધતિ તુલનાત્મક રીતે નોંધવી. દા. ત. ઘોડો, નીચેનું ઘાસ ચરે? અને ઊંટ સામાન્ય રીતે ઊંચે ઝાડોમાં જે કંઈ હોય તે ચરે? કે ઊંટ પણ નીચે હોય તે ઘાસ ચરી શકે? તેના શરીરની વિશિષ્ટ રચનાને લીધે જો તે લાંબો સમય નીચેનું ઘાસ ન ચરી શકતું હોય અને તેની નજર લાંબા પાક પર, યા મોટાં ઝાડોનાં ડાળાં-ડાંખળાંઓ પર સવિશેષ રહેતી હોય તો તે નોંધવું. તે જ રીતે કોઈ પણ ઝાડની કૂંપળ પર ઘોડા/ઊંટે મૂકેલા કાપ પરથી આ ઘોડો/ઊંટ ચરી ગયો હશે યા અન્ય કોઈ પ્રાણી, એ અંગેનો પણ વિગતવાર ખ્યાલ આવી શકે કે કેમ એ અંગે પણ ખૂબ વિગતે નોંધવું. તે જ રીતે એ બન્નેની તોફાનની, પાણીના પૂરની વગેરે પરિસ્થિતિમાંની વર્તન-ઢબમાં જે કોઈ તફાવતો પડતા હોય તેને પણ વિગતવાર નોંધવા. પાણી, તડકો, ઘોર તાપ, ઠંડી, તીવ્ર ઠંડી, ઝરમર અને ભારે વરસાદ વગેરે માટેના ઘોડા યા ઊંટના ગમા-અણગમા યા ઉદાસીનતા અંગે પણ વિગતે નોંધ કરવી. જો તેને ગમતું વાતાવરણ હોય તો તેની વર્તન-ઢબમાં સામાન્ય પરિસ્થિતિ કરતાં શો ફેર પડે છે? જો તેને ન ગમતું વાતાવરણ હોય તો એવી પરિસ્થિતિમાંથી બચવા માટે આ પ્રાણીઓ શું કરે છે? તે પણ વિગતે નોંધવું. જો અમુક બાબતને માટે તે બેપરવા હોય તો તેનો ખ્યાલ કઈ રીતે આવે છે? તે વખતની વર્તન-ઢબ કેવી હોય છે? જો આવી પરિસ્થિતિમાં બન્નેની વર્તન-ઢબ જુદી પડતી હોય તો બન્નેને સાથે રાખવાનું મુશ્કેલ બને ખરું? અને જ્યારે આવું બને ત્યારે એ બન્નેને સાથે સરળતાથી સાચવવા માટે સામાન્ય રીતે કયા કયા પ્રકારના નિયમો વગેરે પળાતા હોય છે તે અંગે વિગતવાર નોંધ કરવી. આવા નિયમો યા ખાસ ધ્યાન રાખવાની બાબતો, આવાં ટોળાં સાથે હોય ત્યારે અને અલગ અલગ હોય ત્યારે, બન્ને રીતે તદ્દન અલગ અલગ હોઈ શકે. જો અલગ અલગ હોય તો તે રીતે પણ બન્નેની વિગતે નોંધ કરવી. જો પરસ્પર હેવાયેલાં હોય તો, એકની ચારવા વગેરેની પદ્ધતિમાંની ટેવો બીજા પ્રકારનાં પ્રાણીઓમાં આવે એવું બને ખરું? દા. ત. જો ઊંટનું ટોળું હોય અને તેના ભેગો જો એકાદ ઘોડો હોય તો ઘોડો પણ ઊંટોની માફક ચરે? યા તેને અનુકૂળ થઈને રહે એમ બને ખરું? યા તેનાથી અલગ વર્તન-ઢબ પર ચરે અને તેની અસર બીજા આખા ટોળા પર થાય એમ બને?

જ્યારે આવાં સંયુક્ત જૂથો ચરતાં હોય ત્યારે જે અંદર અંદર લઢવાડ થાય એમાં તેઓ અરસપરસ કઈ રીતે વર્તે? એક ઊંટ જો બીજા ઘોડા યા બકરાં યા ગાયને કનડતો હોય તો બીજાં ગાય, બળદ કે બકરું પણ ઊંટની સામે આવશે કે એના તરફ બીજાં જે તે જાતિનાં પ્રાણીઓ બેપરવા રહેશે તે પણ વિગતવાર નોંધવું. તે જ રીતે જુદાં જુદાં પ્રાણીઓ લડે ત્યારે કઈ કઈ રીતે લડે તે પણ ઘોડા/ઊંટની બાબતમાં વિગતવાર નોંધવું.


ઊંટ રણનું વહાણ ગણાય છે તેથી રેતાળ વિસ્તારમાં સ્વાભાવિક રીતે જ તેનો ઉપયોગ રહેવાનો એટલે એ દૃષ્ટિએ રેતાળ વિસ્તાર અંગે યા ઊંટના ઉપયોગ અંગે કોઈ ને કોઈ કહેવતો હોવાની શકયતા, સંભવિતતા છે એટલે એવી કહેવતો વગેરેને પણ વિગતવાર નોંધવી.

ઊંટના અને ઘોડાના જો કોઈ ખાસ શબ્દપ્રયોગો યા રૂઢિપ્રયોગો, રૂપકો, કોઈક માણસ માટે વપરાતાં હોય તો તે પણ નોંધવાં. દા. ત. કોઈ માણસ બહુ ઊંચો હોય તો તે 'ઊંટ જેવો છે' એમ જો કહેવાતું હોય યા જો બહુ અલમસ્ત હોય તો 'ઘોડા જેવો છે'નો શબ્દપ્રયોગ જો વપરાતો હોય તો તે અને આવા બીજા પ્રયોગો વિગતવાર માહિતીદર્શકોને બરાબર યાદ કરાવીને સવિસ્તર તુલનાત્મક રીતે નોંધવા.



વ્યક્તિગત તેમ જ તુલનાત્મક ઘોડા/ઊંટના લોકસાહિત્યમાંના ઉલ્લેખોને વિગતવાર નોંધવા. અધ્યયન હેઠળનો સમાજ પોતે અત્યારે ઘોડા-ઊંટઉછેર ન કરતો હોય તે છતાં પણ તેના લોકસાહિત્યમાં આ બન્ને પ્રાણીઓ આવી શકે. આ પ્રાણીઓ અને તેમનાં વર્તન, ઉપયોગ વગેરે અંગે અધ્યયન હેઠળના સમાજની સાચીખોટી કોઈક છાપ હોઈ શકે. આવી છાપ પણ નોંધી શકાય. દા. ત. ઊંટની ખૂંધમાં પુષ્કળ પાણીનો સંચય હોવાની અને રણમાં અણીને વખતે સવારો દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવતો હોવાની માન્યતા કેટલાક સમાજોમાં પ્રચલિત છે. ઊંટના હોઠ, ચાલ, આકાર, પગલાં, દૃષ્ટિ વગેરેની સાથે સંબંધિત અનેક ઉક્તિઓ પણ પ્રચલિત હોઈ શકે.

આ ઉપરાંત ઘોડાઉછેર/ઊંટઉછેરની સાથે સંબંધિત માહિતીદર્શકોની દૃષ્ટિએ મહત્ત્વની લાગતી એવી બાકી રહેતી અન્ય સંબંધિત સર્વ વિગતો મેળવવી.



પશુપાલનના સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ —ડૉ. સિદ્ધરાજ સોલંકી